શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ચતુર્થ અધિવેશન સોવેનિયર

ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર





For Reference See Pages: 45, 54.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર
ચતુર્થ અધિવેશન સોવેનિયર





આપના સહયોગની અપેક્ષાએ...પ્રગતિનું સોપાન..

ટાઈલ્સ ઉદ્યોગમાં ખ્યાતનામ મોરબી શહેરમાં

અતિ આધુનિક મશીનરી પ્લાન્ટ દ્વારા વિદેશી ટેકનોલોજીના સહયોગથી

ગ્લેઝડ વોલ ટાઈલ્સના ઉત્પાદક

સૂર્યા સિરેમિક્સ

– ફેક્ટરી –

નેશનલ હાઈવે નંબર ૮ એ, મોટેલ ચોકડી,

મુ.પો. ઢુવા, તા. વાંકાનેર, જિ. રાજકોટ - ૩૬૩૬૨૨

પૂછપરછ અને સંપર્ક માટે સહયોગી પેઢીઓ

ઢુવા - ફેક્ટરી સાઈટ...	ફોન : (02828) 87721, 87731 ગોવિંદ દેવજી પદમાણી, દેવરામ શીવજી પદમાણી, છગનલાલ વી. નાકરાણી, જગદીશ ગોવિંદ પદમાણી, અરવિંદ વસ્તારામ નાકરાણી, C/o. સૂર્યા સિરેમિક્સ
જોરાવરનગર........	ફોન : (02752) O - 30116, 24011, R - 30168 વાલજી કેશરા નાકરાણી, અરવિંદ પટેલ ટીમ્બર માર્ટ આદર્શ ટીમ્બર માર્ટ
વાંકાનેર..........	ફોન (02828) 20373, 21131 R (02822) - 20452 વસ્તારામ કેશરા નાકરાણી, પરમેશ્વર પોટરી વર્ક્સ તારકેશ્વર ટાઈલ્સ કું.
મોરબી..........	ફોન (02822) O-21466, R - 22035 શીવજી કરશન પદમાણી, ગીતા ટીમ્બર કું. લાતી પ્લોટ
માનકૂવા.........	ફોન (02832) 75320, 75361, Fax : 02832 - 50474 અંબાલાલ (શંકરભાઈ) દેવજી પદમાણી, માનકૂવા ટીમ્બર માર્ટ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ચતુર્થ અધિવેશન

સ્મરણિકા



કદિ થાકું, હારું તુજ બળ દઈ પ્રાણ પુરજે.
દયા પ્રિતિ માનું હુંફ દઈ સદા અંક ધરજે
નમુ સાષ્ટાંગે હું જગત જનની સહાય કરજે.

પ્રકાશક

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ચતુર્થ અધિવેશન સ્મરણિકા પ્રકાશન સમિતિ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ છેલ્લાં કેટલાંક વર્ષોથી પોતાનાં સમાજનાં ભાઈ બહેનોની ઉન્નતિ માટે તનમન ધનથી ભરપૂર પ્રયત્ન કરી રહ્યો છે. જ્યારે પણ કોઈ આખો સમાજ ઉન્નત થવાનો હોય ત્યારે તેનાં નિશ્ચિત લક્ષણો પ્રગટવાં લાગે છે સૌથી પહેલાં એવા સમાજને બાહોશ, પ્રામાણિક, કુશળ અને સેવાભાવી નેતૃત્વ મળે છે. આ સમાજમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઘણાં સારા નેતાઓ સમાજને ઉંચા માર્ગદર્શન પૂરું પાડવાનું કામ કરી રહ્યા છે. ઉત્તમ નેતૃત્વ હોય પણ જો ઉત્તમ અનુયાયીઓ ના હોય તો નેતૃત્વ સફળ રહી શકતું નથી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની પાસે સારો સંપીલો નિરભેમાની અને ઉદાર ભાવના વાળો અનુયાયી વર્ગ છે. જ્યારે જ્યારે પણ સમાજને પૈસાની કે કાર્યકર્તાની જરૂર પડી ત્યારે ત્યારે તુર્તજ સમાજે બહુસારો પ્રતિભાવ આપ્યો છે. આ સમાજ કચ્છનો હોવાં છતાં એનો વ્યાપ પુરો ભારત દેશ છે. જુદા જુદા ધંધાઓ માટે ખાસ કરીને લાકડાંના પીઠા, માટે આ સમાજ ભારત વર્ષના લગભગ મોટા શહેરોમાં પોતાનો ધંધો લઈને બેઠેલો જોઈ શકાય છે. આટલો દુર દુર રહેતો હોવા છતાં સૌને પોતાના વતન પ્રત્યે તિવ્ર લાગણીઓ રહી છે. વર્ષમાં એકાદ બેવાર તો નાનો મોટાં નિમિત બનાવીને પોતાનાં ગામ લોકો આવતા હોય છે છતાં ધાર્મિક અથવા સામાજિક ઉત્સવો ઉજવતા હોય છે કેટલાંક પરિવારો જો પોતાનાં પરિવારની એકતા તથા કલ્યાણ માટે સારા સારાં આયોજનો પણ કરતાં હોય છે. હવે નવી પેઢી પણ એમાં પણ પહેલી નવી પેઢીનું વલણ થોડું બદલાતું દેખાય તો નવાઈ નહીં જો કે બીજા સમાજની નવી પેઢીની તુલનામાં આ સમાજની નવી પેઢી વડીલો તથા પિતૃઓની મર્યાદા રાખનારી તથા સમાજમાં ઓતપ્રોત થઈ જનારી જોઈ શકાય છે, સમાજને ઉન્નત કરવા માટે એક તરફ આર્થિક સ્થિતિ સુધારવી જરૂરી છે. તો બીજી તરફ સાંસ્કૃતિક સંસ્કારોનું રક્ષણ પણ જરૂરી છે. વિશ્વનાં આજ સુધીના ઇતિહાસમાં માત્ર ગરીબાઈનાં કારણે કોઈ પ્રજા નષ્ટ થઈ હોય એવું સાંભળ્યું નથી પણ ઘણી પ્રજાઓ અઢળક સંપતિ મેળવીને અને ન પચાવી શકવાથી નષ્ટ થઈ ગઈ હોય તેવાં ઘણાં દાખલાઓ છે. એટલે આ સમાજ પોતાનાં માણસો માટે બંને તરફનો ખ્યાલ રાખીને પોતાની પ્રગતિ કરતો રહે તે જરૂરી છે. પરમ કૃપાળું પરમાત્માના આ સમાજ ઉપર શુભ આશીર્વાદ ઉતરે અને સમાજ વિશ્વનો એક આદર્શ અને મહાન સમાજ બને તેવી હાર્દિક શુભેચ્છા

■ સ્વામી સચ્ચિદાનંદ.
ભક્તિ નિકેતન આશ્રમ -
પેટલાદ - દંતાલી - ૩૮૮૪૫૦.

તા ૧૪-૯-૯૫.



॥ श्री स्वामिनारायणो विजयतेतराम ॥

શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૩૩૯૯૬૫
તારીખ ૨૬-૧-૯૪

જગતમાં માનવીના જીવન વ્યવહારમાં મદદ રૂપ થવા માટે સમાજની રચના કરવામાં આવે છે. માનવી - માનવી વચ્ચેનો સંબંધ માત્ર સ્વાર્થનો છે. પરંતુ સમાજ નિઃસ્વાર્થ ભાવથી જન સમાજને મદદ રૂપ થાય છે. વાસ્તવમાં સમાજ પરમેશ્વરની વિભૂતી છે. અને સંસાર સાગરને તરવા માટે નૌકા છે. તેથી તો નાનામાં નાના માણસ સુધી પહોંચીને દુઃખમાં ભાગીદાર થાય છે.

તેમાં વિશેષ રૂપે અખિલ ભારતીય કચ્છ કડવા માટીદાર સમાજે દુનિયમાં શ્રેષ્ઠ સેવા બજાવી છે અને બજાવે છે. પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળમાં પ્રાર્થના કે, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનોને સમાજ સેવા કરવાનું બળ આપે અને ઉત્તરોતર વૃદ્ધિ થાય અનેકાનેક શુભ કામનાઓ સહ શુભાર્શીવાદ....અસ્તુ

જયશ્રી સ્વામિનારાયણ

■ સદ્‌ગુરુ મહંત સ્વામી શાસ્ત્રી પુરૂષોત્તમ પ્રકાશદાસજી

संत माहात्म्य



મનુષ્યમાંથી પવિત્રતમ અને મહાન થવા નીકળેલા લોકો હરહંમેશ શાસ્ત્રજ્ઞ અને કોઈ મહાન વ્યક્તિને શોધે છે. આવી વ્યક્તિને ભારતીય સંસ્કૃતિએ ઋષિ અને સંત તરીકે બિરદાવ્યા છે.

સંતના વિચારોથી માણસમાં જીવન જીવવાની શક્તિ નિર્માણ થાય છે, જીવનમાં સ્વાદ નિર્માણ થાય છે, માણસની ભક્તિ તેજસ્વી અને ભવ્ય બને છે અને તેમાં માધુર્ય નિર્માણ થાય છે.

સંતના મસ્તિષ્કમાં પરિપૂર્ણ જ્ઞાન ભરેલું હોય, હૃદયમાં અપાર ભાવ હોય અને તેના હાથથી અવિચ્છિન્ન કર્મયોગ ચાલતો હોય જ્ઞાન આવે તો ભાવ સુકાઈ જાય છે, પરંતુ સંતની બુદ્ધિમાં જ્ઞાન ભરેલું હોય અને તેના હૃદયમાં સૃષ્ટિકર્તા માટે, સૃષ્ટિ માટે અને લોકો માટે ભાવ હોય. તેના લીધે જ તેના હાથે સતત કર્મયોગ થાય છે. પરિણામે તેમની આજુબાજુમાં ભગવાન ફરે છે અને તેમને સહાય કરે છે. મહારાષ્ટ્રમાં કહેવાય છે : **साधुसंत येती घरा तोचि दिवाली दसरा** - સંત ઘરે આવે તે જ દિવાળી - દસેરાનું પર્વ, એનું કારણ સંતની સાથે ભગવાન પણ આવે છે.

ભગવાન પિતા જેવા છે ગીતામાં ભગવાને અર્જુનને કહ્યું કે મેં તને જે ગીતા કહી, તેનો અધિકારી કોણ ? જે અતપસ્ક હોય, જે અભક્ત હોય તેને તું ગીતા કહેતો નહિ તે ગીતાના અધિકારી નથી. જે તપસ્વી અને ભક્ત છે તે ગીતાનો અધિકારી છે. સંત જ્ઞાનેશ્વર 'મા' જેવા છે તેમણે સામાન્ય માણસોને કહ્યું: 'તમે મારી પાસે આવો, હું તમને ગીતા કહું' કોઈએ કહ્યું : 'તમે અમારા જેવાને ગીતા કહેશો તો તમારા ઉપર ભગવાન ગુસ્સે થશે.' સંત જ્ઞાનેશ્વરે કહ્યું :' તે હું ભગવાન સાથે સમજી લઈશ.'

સંતને 'મા'ની ઉપમાં આપીએ તો પણ અધૂરી કહેવાય, એનું કારણ જન્મદાત્રી મા બાળકને જન્મ આપીને પોતાનાથી આઘો કરે છે, પરંતુ સંત તો પ્રભુવિન્મુખ થયેલાને પોતાની પાસે લઈને પોતાના ખોળામાં બેસાડીને તેમનું જીવન ઉટકી નાખે છે.

આપણા દેશમાં પ્રજાએ કોઈ દિવસ ધનિકોની કે રાજાની પાલખી ઉપાડી નથી, સંતોની પાલખી ઉપાડી છે. ભગવાન કરતાં પણ સંતોને વધારે હિંમત અપાય છે. સંતો પૃથ્વી ઉપરના દેવ છે તેથી તેમને ભૂદેવ કહેવાય છે.

તમે પંઢરપુરમાં જાઓ તો પાંડુરંગ ભગવાનના મંદિરમાં જ્ઞાનબા-તુકારામની ધૂન ચાલે છે, ભગવાનના નામની ધૂન નથી ચાલતી; એનું કારણ સંતો ભગવાનના બની ગયા છે. ઉત્તરપ્રદેશમાં પણ કહેવાય છે. **गुरु गोविंद दोनो खडे किनको लागुं पांव बलिहारी गुरुदेव की जिन्हे गोविंद दीयो दिखाय** અર્થાત્, જે ભગવાનના થયા, જે ભગવાનને ગમ્યા, તેમની કિંમત વધારે છે.

ભગવાન બધાના હૃદયમાં છે, પરંતુ તે સંતના હૃદયમાં ખીલે છે, નાચે છે. સંતો પવિત્ર છે. તેમના વિચારો પવિત્ર છે એનું કારણ તેમના વિચારોની પાછળ તપશ્ચર્યા છે, અનુભવ છે. જે વિચારધારા હજારો વર્ષથી ચાલે છે, જેણે ભગવાન સુધી પહોંચાડવાની વ્યવસ્થિત પગથિઓ બાંધી છે, જેને કંઈ પરંપરા છે, જેને તપશ્ચર્યાનું પીઠબળ છે અને જે અનુભવ ઉપર ઊભી છે, તે વિચારધારા તેમણે પોતાના જીવનમાં સાકાર કરી છે, તેથી સંતો પવિત્ર છે.

ભારતમાં ગંગા, હિમાલય અને કાશીને પવિત્ર માનવામાં આવે છે. ગંગામાં સ્નાન કરીને પવિત્ર થવાય, પરંતુ ગંગાસ્નાન અદ્રષ્ટ ફલસૂચક છે. બીજા જન્મમાં તેનું ફળ મળે છે. હિમાલયમાં પાવિત્ર્ય છે તેથી જીવનમાં અંતિમ દહાડા ગાળવા માટે ભારતીયો હિમાલયમાં જાય છે. કાશી પણ પવિત્ર છે. **काशी मरणान्मुक्ति** કાશીમાં મરણ આવે તો મુક્તિ મળે.

ગંગા પવિત્ર છે પણ પવિત્ર થવા માટે ગંગા પાસે જઈને તેમાં સ્નાન કરવું પડે. હિમાલયની તીર્થયાત્રા કરીને પવિત્ર થવાય પણ હિમાલયની તીર્થયાત્રા કેટલી કઠણ છે ? કાશી પવિત્ર છે પણ કાશીમાં જવું પડે અને ત્યાં જ મરવું પડે.

ગંગા, હિમાલય અને કાશી પવિત્ર છે પણ પવિત્ર થવા તેમની પાસે જવું પડે, પરંતુ સંત ગમે તેટલા લાંબે હોય, તેમની પાસે જવાની જરૂર નહિ. તેમના વિચારો જીવદાયી છે. સંતના વિચારોનું સાન્નિધ્ય ગમે ત્યાં બેસીને પણ મળે. સંતના વિચારોથી જીવનમાંથી માલિન્ય અને નૈરાશ્ય ચાલી જાય છે. જીવનમાં ઉત્સાહ ચૈતન્ય અને સ્ફૂર્તિ આવે છે. સંતના વિચારોથી આ જ જન્મમાં ફળ મળે છે તેથી સંત પવિત્રતમ છે.

જીવન વિકાસ સાધવાનો પ્રયત્ન કરવાવાળા લોકોને આવા સંતનું સાન્નિધ્ય સાંપડે એવી પ્રભુ પાસે પ્રાર્થના.

■ પાંડુરંગ શાસ્ત્રી આઠવલે

॥ ૐ ॥

શ્રી વાંઢાયતીર્થધામ
તા. ૨-૧૦-૯૫

આત્મ સ્વરૂપ

શ્રી કચ્છ કડવા પાટિદાર સમાજ જોગ

સાદર હરિૐ સહ જણાવવાનું કે અખિલ ભારતિય કચ્છ કડવા પાટિદાર સમાજે ઈ.સ. ૧૯૯૩માં નખત્રાણા મધ્યે મહાઅધિવેશન આયોજીત કરેલ તેની સ્મરણિકા પ્રકાશિત કરવામાં આવી રહી છે તે જાણી અત્યંત આનંદ થયો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના સૌ જ્ઞાતિજનો ભૌતિક, દૈવિક અને અધ્યાત્મિક એમ દરેક ક્ષેત્રે ખૂબજ, વિકાસ કરે એવી ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, મા ઉમિયાજી તથા પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં હાર્દિક પ્રાર્થના.

આપસૌનો

■ સાધુ હરિદાસ ગુરૂશ્રી વાલદાસજી
મહારાજનાં હરિ ૐ

ઉમિયા માતાજી ટ્રસ્ટ વાંઢાય



નારાણ રામજી પોકાર
પ્રમુખ



છગનલાલ રામજી અમૃતીયા
મંત્રી

ઉમિયા માતાજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ



શિવદાસ ગોવિંદ પટેલ
પ્રમુખ



નારાણ વિશ્રામ પટેલ
મંત્રી

ન્યાય સમિતિ



રામજી શિવદાસ કેશરાણી
મંત્રી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના હોદ્દેદારો

૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬



ખીમજી નાગજી લીંબાણી
ટ્રસ્ટી




લાલજી ભાણજી પોકાર
ટ્રસ્ટી



પ્રેમજી પુંજા વાસાણી
ટ્રસ્ટી



શિવદાસ ગોવિંદ છાભૈયા
ટ્રસ્ટી



મણીલાલ પુંજા રામાણી
પ્રમુખ



ખીમજી લખમશી લીંબાણી
ઉપપ્રમુખ



ડો. વી. એચ. પટેલ
ઉપપ્રમુખ



વાલજી શીવજી વાડીયા
ઉપપ્રમુખ



વાલજી નારાણ ભગત
મહામંત્રી



માવજી કેશરા ભગત
સહમંત્રી



મોહનલાલ શીવજી ધોળુ
સહમંત્રી



ઈશ્વરલાલ માવજી પટેલ
સહમંત્રી



નારાણ ભાણજી લીંબાણી
ખજાનચી



અખઈ પ્રેમજી માનાણી
સહખજાનચી

મધ્યસ્થ સામાજિક ન્યાય સમિતિ



શામજી કાનજી ધોળુ
પ્રમુખ



દેવજી માવજી લીંબાણી
મંત્રી



નારાણ હીરજી ધોળુ
ખજાનચી

ઓડિટર્સ



માવજી મેઘજી ભગત
ભુજ



અબજી વિશ્રામ કાનાણી
ભુજ



તેજાભાઈ દેવજી સાંખલા
ગાંધીધામ

યુવક સંઘ



ડો. પ્રેમજી રામજી ગોગારી
પ્રમુખ



દેવશંકર સોમજી ધનાણી
મંત્રી



દેવજી હરજી ધનાણી
સમજ તેમની સેવાની કદર કરે છે

મહિલાસંઘ



ભાનુબેન વાલજી સાંખલા
પ્રમુખ



મંજૂલાબેન નાનાલાલ ઉકાણી
મંત્રી



શીવગણ નાગજી લીંબાણી
સમજ તેમની સેવાની કદર કરે છે

અધિવેશન સમયના સમાજના હોદ્દેદારો



ખીમજી નાગજી લીંબાણી
ટ્રસ્ટી



વીરજી કરશન ધોળુ
ટ્રસ્ટી



શિવદાસ ગોવિંદ પટેલ
ટ્રસ્ટી



પ્રેમજી પુંજા વાસાણી
પ્રમુખ



લાલજી ભાણજી પોકાર
ઉપપ્રમુખ



મણીલાલ પુંજા રામાણી
ઉપપ્રમુખ



વાલજી નારાણ ભગત
મંત્રી



ઈશ્વરલાલ માવજી ભગત
સહમંત્રી



માવજી કેશરા ભગત
સહમંત્રી

યુવક સંઘ



ગંગારામ હીરાલાલ સાંખલા
પ્રમુખ



દેવશંકર સોમજી ધનાણી
મંત્રી



નારણ ભાણજી લીંબાણી
ખજાનચી

સમાજના વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપનાર મહાનુભાવો

ક્રમ	નામ	જન્મતારીખ	સ્વ. તારીખ
૧.	સ્વ. શ્રી નારાયણભાઈ રામજી લીંબાણી વિરાણી મોટી	સંવત. ૧૯૩૯ વૈશાખ - પૂર્ણિમા.	સંવત ૧૯૯૭ આસો.વદ-૧૪
૨.	સ્વ. શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી વિરાણી - મોટી		
૩.	સ્વ. શ્રી પરબતભાઈ લખુ પટેલ મથલ	—	
૪.	સ્વ. શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી કોટડા (જડોદર)	સંવત ૧૯૫૦	સંવત ૨૦૩૩ ૬-૧-૭૭
૫.	સ્વ. શ્રી નારાયણભાઈ શીવજી નાકરાણી વિરાણી મોટી	સંવત-૧૯૪૩ કારતક સુદ - ૧૫	સંવત-૨૦૨૦ ભાદરવા સુદ-૧૫
૬.	સ્વ. શ્રી અરજણભાઈ રામજી ભગત વડવા		
૭.	સ્વ. શ્રી શીવજીભાઈ જેઠા. નાકરાણી કોટડા (જડોદર)		૩૦-૭-૭૦
૮.	સ્વ. શ્રી ખીમજીભાઈ ક્ચરા મૈયાત	૧૧-૮-૧૯૦૮	મે '૧૯૮૦
૯.	સ્વ. શ્રી કરમશીભાઈ શીવદાસ પોકાર રવાપર		
૧૦.	સ્વ. શ્રી કેશરાભાઈ તેજા સાંખલા નેત્રા ચૈત્ર-સુદ-૧૫	સંવત ૧૮૨૪ આસો વદ-૧૪.	સંવત-૧૯૯૭,

સોવેનિયર સમિતિ



કરમશી નાગજી પારસીયા
ભુજ



રતિલાલ મનજી પટેલ
વાલ્કા



અબજી વિશ્રામ પટેલ
ભુજ



દેવશંકર સોમજી ધનાણી
નખત્રાણા



સી. કે. પટેલ
નખત્રાણા



ઈશ્વરલાલ માવજી પટેલ
કોટડા (જ)



માવજી કેશરા ભગત
ભુજ



સી. કે. વેલાણી
ભુજ



મોહનલાલ શીવજી ધોળુ
નાગલપર

યુવક સંઘ સંચાલિત વલ્લભવિદ્યાનગર હોસ્ટેલ





પાટીદાર સ્ટુડન્ટસ હોસ્ટેલ - ભુજ

પાટીદાર
વિદ્યાર્થી
ભવન
નખત્રાણા





કન્યા
છાત્રાલય
ભુજ

પાટીદાર સમાજવાડી - ભુજ





કન્યા છાત્રાલય - નખત્રાણા

પાટીદાર
સમાજવાડી
ગાંધીધામ





શ્રી નાનજી
વીરજી ધોળુ
વિદ્યાર્થી
છાત્રાલય
માંડવી

કન્યા છાત્રાલયના ઉદઘાટન પ્રસંગે યોજાયેલ હવનમાં નાળીયેર હોમી રહેલ મુખ્ય યજમાન દંપતિ





પૂ. નારાયણજી બાપાની પ્રતિમાનું અનાવરણ કરી રહેલા સમાજના પ્રમુખ શ્રી પ્રેમજી પુંજા પટેલ



કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન મહોત્સવનું દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરી રહેલા સંત શ્રી વાલદાસજી મહારાજ



કન્યા છાત્રાલયનું ઉદ્‌ઘાટન કરી રહેલા શ્રી એલ. વી. પટેલ



અધિવેશનમાં
ભાગ લેવા
માટે કચ્છ અને
બહારથી
ઉમટી પડેલા
જ્ઞાતિજનો



અધિવેશનને
સંબોધી રહેલા
સમાજના પ્રમુખ
શ્રી પ્રેમજી પુંજા પટેલ



અધિવેશન
દરમ્યાન
ઉપસ્થિત
મહિલાઓની
વિશાળ
હાજરીએ
મહિલા
જાગૃતિના
દર્શન કરાવ્યા
હતા



કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહેલ મહાનુભાવો

જ્ઞાતિરત્ન પ.પૂ.નારાયણજી રામજી લીંબાણી





સમાજના તેજસ્વી તારલાઓનું પણ સન્માન

મહિલા પરિષદમાં થયેલ ચર્ચાઓએ અધિવેશનને જીવંત બનાવ્યું હતું





યુવક સંઘના અધિવેશનમાં ઉપસ્થિત યુવા અગ્રણીઓ

ખુલ્લું અધિવેશન





અધિવેશન દરમ્યાન ભરાયેલ માજી વિદ્યાર્થીઓની પરિષદ

પાટીદાર યુવા ક્રાન્તિદળની પરિષદનું દ્રશ્ય



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
ટ્રસ્ટી મંડળ તેમજ હોદ્દેદારોની યાદી ૧૯૯૩-૯૪ થી ૧૯૯૫-૯૬

ટ્રસ્ટી મંડળ

૧	શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી	મથલ
૨	શ્રી લાલજીભાઈ ભાણજીભાઈ પોકાર	પુના
૩	શ્રી મનજીભાઈ વાલજીભાઈ સાંખલા	ઉખેડા
૪	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	શ્રી શિવદાસભાઈ ગોવિંદભાઈ છાભૈયા	ભુજ

હોદ્દેદારો

૧	શ્રી મણીલાલ પુંજાભાઈ રામાણી	મુંબઈ	પ્રમુખ
૨	શ્રી ખીમજીભાઈ લખમશી લીંબાણી	કલકત્તા	ઉપપ્રમુખ
૩	શ્રી ડો. વાલજીભાઈ હંસરાજ પટેલ	ભુજ	ઉપપ્રમુખ
૪	શ્રી વાલજીભાઈ શીવજીભાઈ વાડીયા	જામનગર	ઉપપ્રમુખ
૫	શ્રી વાલજીભાઈ નારાયણ ભગત	નખત્રાણા	મહામંત્રી
૬	શ્રી માવજીભાઈ કેશરાભાઈ ભગત	ભુજ	સહમંત્રી
૭	શ્રી મોહનભાઈ શીવજીભાઈ ધોળુ	નાગલપર	સહમંત્રી
૮	શ્રી ઈશ્વરભાઈ માવજીભાઈ પટેલ	કોટડા (જ)	સહમંત્રી
૯	શ્રી નારાયણભાઈ ભાણજી લીંબાણી	નખત્રાણા	ખજાનચી
૧૦	શ્રી અખઈભાઈ પ્રેમજીભાઈ માનાણી	નાગપુર	સહખજાનચી

મધ્યસ્થ સામાજીક ન્યાય સમિતિ

૧	શ્રી શામજીભાઈ કાનજીભાઈ ધોળુ	નાગલપર	પ્રમુખ
૨	શ્રી દેવજીભાઈ માવજી લીંબાણી	પાલનપુર	મંત્રી
૩	શ્રી નારાયણભાઈ હીરજી ધોળુ	નાગલપર	ખજાનચી

ઓડીટર્સ

(૧)	શ્રી માવજીભાઈ મેઘજીભાઈ ભગત	ભુજ
(૨)	શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી	ભુજ
(૩)	શ્રી તેજાભાઈ દેવજીભાઈ સાંખલા	ગાંધીધામ

સમાજની કારોબારીના આમંત્રિત સભ્યો

યુવક સંઘ

(૧)	ડો. પ્રેમજીભાઈ રામજીભાઈ ગોગારી	ગાંધીધામ	પ્રમુખ
(૨)	શ્રી દેવશંકરભાઈ સોમજીભાઈ ધનાણી	નખત્રાણા	મહામંત્રી

મહિલા સંઘ

(૧)	શ્રીમતી ભાનુબેન વાલજીભાઈ સાંખલા	ભુજ	પ્રમુખ
(૨)	શ્રીમતી મંજુલાબેન નાનાલાલ ઊકાણી	ભુજ	મંત્રી

કારોબારી સભ્યો

ક્રમ	સભ્યનું નામ	કચ્છમાં ગામ	પરદેશમાં ગામ
૧	શ્રી વિરજીભાઈ કરસનભાઈ ધોળુ	જીંજાય	મુંબઈ
૨	શ્રી લધાભાઈ વિશ્રામભાઈ પોકાર	લુડવા	મુંબઈ
૩	શ્રી દેવજીભાઈ હરજીભાઈ ધનાણી	નખત્રાણા	-
૪	શ્રી શીવગણભાઈ નાગજી લીંબાણી	નખત્રાણા	-
૫	શ્રી કાનજીભાઈ રામજી ભીમાણી	કલ્યાણપુર	-
૬	શ્રી નારાણભાઈ રામજીભાઈ પોકાર	ભુજ	-
૭	શ્રી જીવરાજભાઈ ધનજી નાકરાણી	નેત્રા	વડાલી
૮	શ્રી લાલજીભાઈ મેઘજી સાંખલા	—	અમદાવાદ
૯	શ્રી ગોવિંદભાઈ અબજી સેંઘાણી	દુર્ગાપુર	-
૧૦	શ્રી વાલજીભાઈ મનજી જાદવાણી	માતાના મઢ	-
૧૧	શ્રી નારાયણભાઈ રતનશી છાભૈયા	રાજપર	મુંબઈ
૧૨	શ્રી ધનજીભાઈ મેઘજી જાદવાણી	નેત્રા	-
૧૩	શ્રી દેવજીભાઈ વાલજી રૂડાણી	દેવપર (યક્ષ)	હાવરા
૧૪	શ્રી છગનભાઈ પ્રેમજી રંગાણી	ભુજ	-
૧૫	શ્રી માવજીભાઈ વસ્તાભાઈ છાભૈયા	મોટીવિરાણી	-
૧૬	શ્રી લખમશીભાઈ નાયાભાઈ દિવાણી	કોટડા (જ)	કલકત્તા
૧૭	શ્રી ગંગારામભાઈ હિરાલાલ સાંખલા	રસલીયા	ન્યુ દિલ્હી
૧૮	શ્રી દામજીભાઈ પ્રેમજી ધોળુ	ભુજ	-
૧૯	શ્રી કરસનભાઈ પચાણભાઈ ચૌહાણ	ભુજ	-
૨૦	શ્રી વાલજીભાઈ કેશરાભાઈ નાકરાણી	સાંયરા (યક્ષ)	જોરાવરનગર
૨૧	શ્રી રવજીભાઈ વાલજી પદમાણી	વિથોણ	-
૨૨	શ્રી રામજીભાઈ કરમશી માવાણી	વિરાણી મોટી	રાયપુર
૨૩	શ્રી કેશરાભાઈ રામજી ભીમાણી	કલ્યાણપુર	-
૨૪	શ્રી જશવંતભાઈ દેવજી પટેલ	ઘડુલી	

કો.ઓપ્ટ સભ્યોના નામો

ક્રમ	સભ્યનું નામ	કચ્છમાં ગામ	પરદેશમાં ગામ
૧	શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી	હરિપુરા	-
૨	શ્રી દેવજીભાઈ રામજી પટેલ	—	સુરત
૩	શ્રી પુંજાભાઈ ખેતશી પટેલ	ઉખેડા	મુંબઈ
૪	શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ	ભુજ	-
૫	શ્રી ચંદુલાલ મુળજી પોકાર	—	નાગપુર
૬	શ્રી હરિભાઈ અરજણ દિવાણી	થરાવડા	ભુજ
૭	શ્રી લક્ષ્મણભાઈ નાનજી પટેલ	રસલીયા	ન્યુ દિલ્હી
૮	શ્રી માવજીભાઈ રાજા પાંચાણી	નખત્રાણા	-
૯	શ્રી રવજીભાઈ વિશ્રામ લીંબાણી	—	હૌસુર
૧૦	શ્રીમતી શાન્તાબેન પરસોત્તમ પટેલ	નખત્રાણા	-
૧૧	શ્રી ડાયાલાલ વિરજી સાંખલા	કાદીયા	અન્નકાપલી
૧૨	શ્રી મેઘજીભાઈ માઘાભાઈ લીંબાણી	મથલ	બેંગલોર
૧૩	શ્રી ભાણજીભાઈ રામજી પારસીયા	નાના અંગીઆ	-
૧૪	શ્રી નાનજીભાઈ પુંજાભાઈ દીવાણી	દેશલપુર (ગું)	સિકન્દ્રાબાદ
૧૫	શ્રી રવીલાલ કેશરા રામજીયાણી	દેશલપુર	મુંબઈ
૧૬	શ્રી પ્રેમજીભાઈ ખીમજી કેશરાણી	નાના અંગીઆ	બોરીવલી
૧૭	શ્રી ખીમજીભાઈ વીરજી પટેલ	ઘડાણી	-

મહાસમિતિના સભ્યો ની યાદી

ક્રમ	નામ	ગામ	ક્રમ	નામ	ગામ
૧.	શ્રી વાલજીભાઈ શિવજીભાઈ વાડીયા	જામનગર	૪૨.	શ્રી ધનજીભાઈ પુંજાભાઈ માવાણી	ઇંટારસી
૨.	શ્રી વાલજીભાઈ કેશરાભાઈ પટેલ	જોરાવરનગર	૪૩.	શ્રી રવજીભાઈ અરજણભાઈ પટેલ	ખેડબ્રહ્મા
૩.	શ્રી ડાયાભાઈ કરશનભાઈ પટેલ	હિંમતનગર	૪૪.	શ્રી પુંજાભાઈ પ્રેમજીભાઈ સાંખલા	કુંબાધરોલકંપા
૪.	શ્રી તુલશીદાસ સામજીભાઈ પટેલ	ધનસુરા	૪૫.	શ્રી નરસીભાઈ ધનજીભાઈ પટેલ	ચોટાસણકંપા
૫.	શ્રી નાનજીભાઈ કરસનભાઈ સાંખલા	મૈસુર	૪૬.	શ્રી મનજીભાઈ નારાણભાઈ રંગાણી	મદ્રાસ
૬.	શ્રી હરિલાલ મુળજીભાઈ રંગાણી	મૈસુર	૪૭.	શ્રી યોગેશભાઈ કરમશીભાઈ પોકાર	મદ્રાસ
૭.	શ્રી ડાયાભાઈ શીવગણભાઈ લીંબાણી	જબલપુર	૪૮.	શ્રી ભવાનજીભાઈ લખમશીભાઈ મૈયાત	રાજપાલ્યમ
૮.	શ્રી દાનાભાઈ રામજીભાઈ રવાણી	સાગર	૪૯.	શ્રી હિરાલાલ જીવરાજભાઈ ભગત	ત્રિવેન્દ્રમ
૯.	શ્રી જીવરાજભાઈ શીવગણભાઈ ભગત	વિશાખાપટનમ	૫૦.	શ્રી મોહનલાલ કાનજીભાઈ મૈયાત	પાલગાટ
૧૦.	શ્રી લાલજીભાઈ વેલજીભાઈ પારસીયા	વિશાખાપટનમ	૫૧.	શ્રી નથુભાઈ ખેતાભાઈ વાસાણી	ત્રીચી
૧૧.	શ્રી પ્રહલાદભાઈ શીવજીભાઈ નાકરાણી	ઔરંગાબાદ	૫૨.	શ્રી લખમશીભાઈ લધાભાઈ વાસાણી	મુંબઈ
૧૨.	શ્રી ગોપાલભાઈ કાનજીભાઈ ચીકાણી	નાંદેડ	૫૩.	શ્રી ધનજીભાઈ શીવગણભાઈ રૂડાણી	"
૧૩.	શ્રી પન્નાલાલ કરશનભાઈ નાયાણી	રાયપુર	૫૪.	શ્રી મેઘજીભાઈ રતનશીભાઈ દડગા	"
૧૪.	શ્રી અરજણભાઈ દેવશીભાઈ છાભૈયા	રાજનાંદગાવ	૫૫.	શ્રી છગનભાઈ નાનજીભાઈ રામજીયાણી	"
૧૫.	શ્રી કાન્તીલાલ શિવગણભાઈ બાથાણી	જગદલપુર	૫૬.	શ્રી કરસનભાઈ મનજીભાઈ પોકાર	"
૧૬.	શ્રી પરબતભાઈ જીવરાજભાઈ ધોળુ	બિલ્લાસપુર	૫૭.	શ્રી હરિભાઈ રામજીભાઈ લીંબાણી	"
૧૭.	શ્રી મનજીભાઈ લાલજીભાઈ સાંખલા	નિઝામાબાદ	૫૮.	શ્રી રતનશીભાઈ મુળજીભાઈ વાસાણી	"
૧૮.	શ્રી હિરાલાલ દેવશીભાઈ દિવાણી	સેતેનપલ્લી	૫૯.	શ્રી શીવજીભાઈ ગોવિંદભાઈ પટેલ	આસનસોલ
૧૯.	શ્રી રતનશીભાઈ દેવજીભાઈ રંગાણી	બેલગાંવ	૬૦.	શ્રી રણછોડભાઈ મનજીભાઈ પટેલ	"
૨૦.	શ્રી શિવજીભાઈ ભીમજીભાઈ પોકાર	બેલગાંવ	૬૧.	શ્રી અખઈભાઈ વાલજીભાઈ પારસીયા	કલકત્તા
૨૧.	શ્રી લખુભાઈ લધાભાઈ પટેલ	અમદાવાદ	૬૨.	શ્રી જેઠાભાઈ વેલજીભાઈ ભોજાણી	"
૨૨.	શ્રી વસરામભાઈ ખીમજીભાઈ પટેલ	અમદાવાદ	૬૩.	શ્રી કરમશીભાઈ વાલજીભાઈ રામાણી	"
૨૩.	શ્રી શિવગણભાઈ શિવજીભાઈ છાભૈયા	સીકન્દ્રાબાદ	૬૪.	શ્રી વિશ્રામભાઈ હંશરાજભાઈ ધોળુ	"
૨૪.	શ્રી રવજીભાઈ મુળજીભાઈ ચૌધરી	સીકન્દ્રબાદ	૬૫.	શ્રી વિરજીભાઈ લધાભાઈ ભાદાણી	કોલ્હાપુર
૨૫.	શ્રી અરજણભાઈ પ્રેમજીભાઈ પટેલ	અમદાવાદ	૬૬.	શ્રી ડાયાલાલભાઈ માધવજીભાઈ વાગડીયા	"
૨૬.	શ્રી મણીભાઈ વિશ્રામભાઈ પટેલ	અમદાવાદ	૬૭.	શ્રી રતનશીભાઈ દેવશીભાઈ પોકાર	બેંગલોર
૨૭.	શ્રી ભાણજીભાઈ મુળજીભાઈ પારસીયા	જલગાંવ	૬૮.	શ્રી કેશવલાલ વિરજીભાઈ પોકાર	"
૨૮.	શ્રી શંકરલાલ રાજારામ લીંબાણી	જલગાંવ	૬૯.	શ્રી બાબુલાલ મુળજીભાઈ ગોરાણી	ઉડપી
૨૯.	શ્રી રવજીભાઈ કચરાભાઈ ધોળુ	ધુલીયા	૭૦.	શ્રી વાલજીભાઈ દેવશીભાઈ દિવાણી	સીરસી
૩૦.	શ્રી દેવજીભાઈ પ્રેમજીભાઈ જાદવાણી	ચાલીસગાંવ	૭૧.	શ્રી હિરજીભાઈ શીવદાસભાઈ દિવાણી	પુના
૩૧.	શ્રી ધનજીભાઈ સામજીભાઈ પટેલ	વડોદરા	૭૨.	શ્રી કરસનભાઈ ડાયાભાઈ છાભૈયા	પુના
૩૨.	શ્રી રવજીભાઈ ડાયાભાઈ પટેલ	વડોદરા	૭૩.	શ્રી હીરાલાલ કરમશીભાઈ દિવાણી	કોપરગાંવ
૩૩.	શ્રી નાનજીભાઈ રાજારામ લીંબાણી	ભુવનેશ્વર	૭૪.	શ્રી મણીલાલ કાનજીભાઈ નાકરાણી	ફલટન
૩૪.	શ્રી માધવજીભાઈ કેશરાભાઈ કેશરાણી	બાલાસોર	૭૫.	શ્રી અબજીભાઈ નારાયણભાઈ દિવાણી	હુબલી
૩૫.	શ્રી હરિભાઈ કાનજીભાઈ છાભૈયા	જારસુગડા	૭૬.	શ્રી સામજીભાઈ નારાયણભાઈ ધોળુ	ગોવા
૩૬.	શ્રી કરસનભાઈ માવજીભાઈ વાઘાણી	બલાંગીર	૭૭.	શ્રી કાનજીભાઈ રતનશીભાઈ ચૌધરી	હોસ્પેટ
૩૭.	શ્રી કરસનભાઈ વિશ્રામભાઈ પોકાર	ન્યુ દિલ્હી	૭૮.	શ્રી લધારામભાઈ પ્રેમજીભાઈ ભાવાણી	ધારવાડ
૩૮.	શ્રી ભીમજીભાઈ નાનજીભાઈ રવાણી	ન્યુ દિલ્હી	૭૯.	શ્રી લાલજીભાઈ પેથાભાઈ રૂડાણી	ખેડ
૩૯.	શ્રી ગંગારામ કાનજીભાઈ રવાણી	જયપુર	૮૦.	શ્રી ચીમનલાલ ખેતશીભાઈ ભગત	કન્કાવલી
૪૦.	શ્રી ધરમશીભાઈ ખેતાભાઈ રવાણી	વારાણસી	૮૧.	શ્રી રવિલાલભાઈ રામજીભાઈ ભગત	લાંન્જા
૪૧.	શ્રી વેલજીભાઈ દેવજીભાઈ સોમજીયાણી	હરદા	૮૨.	શ્રી કાંતીલાલભાઈ ગોપાલભાઈ છાભૈયા	રત્નાગીરી

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શરૂથી અત્યાર સુધીના ટ્રસ્ટીશ્રીઓની યાદી

ક્રમ	વર્ષ	હોદ્દો	હોદ્દેદારોનાં નામ	ગામ
૧	૧૯૫૭ થી ૬૮	ટ્રસ્ટી	શ્રી નારાયણભાઈ શીવજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	,,	શ્રી શીવજી જેઠાભાઈ નાકરાણી	કોટડા (જ.)
૩	,,	,,	શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી	કોટડા (જ.)
૪	,,	,,	શ્રી પરબતભાઈ લખુભાઈ પટેલ	મથલ
૫	,,	,,	શ્રી અરજણભાઈ રામજી પટેલ	ભુજ
૧	૧૯૬૯ થી ૭૪	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા (પુના)
૨	,,	,,	શ્રી કાનજીભાઈ ભીમજી પટેલ	ખોંભડી
૩	,,	,,	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૪	,,	,,	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૫	,,	,,	શ્રી હંસરાજ દાનાભાઈ પટેલ	નખત્રાણા
૧	૧૯૭૫ થી ૮૦	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા(પુના)
૨	,,	,,	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૩	,,	,,	શ્રી ખીમજીભાઈ કચરા પટેલ	રવાપર
૪	,,	,,	શ્રી કાનજીભાઈ ભીમજી પટેલ	ખોંભડી
૫	,,	,,	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૧	૧૯૮૧ થી ૮૬	,,	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા (પુના)
૩	,,	,,	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૪	,,	,,	શ્રી વિરજીભાઈ કરશન ધોળુ	જીંજાય
૫	,,	,,	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૧	૧૯૮૭ થી ૯૨	,,	શ્રી શીવદાસ કાનજી નાકરાણી	વિથોણ
૨	,,	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા
૩	,,	,,	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૪	,,	,,	શ્રી ખીમજી નાગજી લીંબાણી	મથલ
૫	,,	,,	શ્રી શીવદાસ ગોવિંદ પટેલ	દરસડી
૧	૧૯૯૩ થી ૯૮	,,	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા (પુના)
૩	,,	,,	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા (મુંબઈ)
૪	,,	,,	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	,,	શ્રી શીવદાસભાઈ ગોવિંદ છાભૈયા	દરશડી (ભુજ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

શરૂથી અત્યાર સુધીના હોદ્દેદારોની યાદી

ક્રમ	વર્ષ	હોદ્દો	હોદ્દેદારોનાં નામ	ગામ
૧	૧૯૫૭ થી ૫૯	પ્રમુખ	શ્રી પરબતભાઈ લખુભાઈ પટેલ	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૩	,,	મંત્રી	શ્રી કરશનભાઈ શીવદાસ દિવાણી	વિરાણીમોટી
૪	,,	સહ-મંત્રી	શ્રી વિશ્રામભાઈ કાનજી પટેલ	દેશલપર (ગુ.)
૫	,,	ખજાનચી	શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી	કોટડા (જ.)
૧	૧૯૬૦ થી ૬૨	પ્રમુખ	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી પરબતભાઈ લખુભાઈ પટેલ	મથલ
૩	,,	,,	શ્રી અરજણભાઈ રામજી પટેલ	વડવા
૪	,,	મંત્રી	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૫	,,	સહ-મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૬	,,	,,	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૭	,,	ખજાનચી	શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી	કોટડા (જ.)
૧	૧૯૬૩ થી ૬૫	પ્રમુખ	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી પરબતભાઈ લખુભાઈ પટેલ	મથલ
૩	,,	,,	શ્રી કરમશી શીવદાસ પટેલ	રવાપર
૪	,,	મંત્રી	શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી	મથલ
૫	,,	સહ-મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૬	,,	,,	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૭	,,	ખજાનચી	શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી	કોટડા (જ.)
૧	૧૯૬૬ થી ૬૮	પ્રમુખ	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી વિશ્રામભાઈ કાનજી પટેલ	દેશલપર
૩	,,	,,	શ્રી વાલજીભાઈ લધાભાઈ પટેલ	વિથોણ
૪	,,	મંત્રી	શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ લીંબાણી	મથલ
૫	,,	સહ-મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૬	,,	,,	શ્રી લધાભાઈ હરજીભાઈ પટેલ	વિગોડી
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજીભાઈ પટેલ	ઉખેડા
૧	૧૯૬૯ થી ૭૧	પ્રમુખ	શ્રી શીવદાસભાઈ કાનજી નાકરાણી	વિરાણીમોટી
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી વાલજીભાઈ લધાભાઈ પટેલ	વિથોણ
૩	,,	,,	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૪	,,	મંત્રી	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૫	,,	સહ-મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૬	,,	,,	શ્રી લધાભાઈ હરજીભાઈ પટેલ	વિગોડી
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૧	૧૯૭૨ થી ૭૪	પ્રમુખ	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી વાલજીભાઈ લધા પટેલ	વિથોણ

ક્રમ	વર્ષ	હોદ્દો	હોદ્દેદારોનાં નામ	ગામ
૩	૧૯૭૨ થી ૭૪	ઉપપ્રમુખ	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૪	,,	મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	સહ-મંત્રી	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૬	,,	,,	શ્રી નાનાલાલ વી. ઉકાણી	ભુજ
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૧	૧૯૭૫ થી ૭૭	પ્રમુખ	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી વાલજીભાઈ લધાભાઈ પટેલ	વિથોણ
૩	,,	,,	શ્રી કરમશીભાઈ શીવદાસ પટેલ	રવાપર
૪	,,	મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	સહ-મંત્રી	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૬	,,	,,	શ્રી નાનાલાલ વી. ઉકાણી	ભુજ
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૧	૧૯૭૮ થી ૮૦	પ્રમુખ	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી લધાભાઈ મેઘજીભાઈ ધોળુ	વિથોણ
૩	,,	,,	શ્રી મનજીભાઈ વાલજી પટેલ	ઉખેડા
૪	,,	મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	સહ-મંત્રી	શ્રી રામજીભાઈ વાલજી પટેલ	વિથોણ
૬	,,	,,	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૧	૧૯૮૧ થી ૮૩	પ્રમુખ	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી લધાભાઈ મેગજી ધોળુ	વિથોણ
૩	,,	,,	શ્રી લાલજીભાઈ ભાણજી પટેલ	ટોડીયા
૪	,,	મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	સહ-મંત્રી	શ્રી લધાભાઈ હરજી પટેલ	વિગોડી
૬	,,	,,	શ્રી રામજીભાઈ વાલજી પટેલ	વિથોણ
૭	,,	ખજાનચી	શ્રી મનજીભાઈ વાલજી શાંખલા	ઉખેડા
૧	૧૯૮૪ થી ૮૬	પ્રમુખ	શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી	મથલ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી લધાભાઈ મેગજી ધોળુ	વિથોણ
૩	,,	,,	શ્રી મનજીભાઈ વાલજી સાંખલા	ઉખેડા
૪	,,	મંત્રી	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૫	,,	સહ-મંત્રી	શ્રી નારાયણભાઈ ભાણજી લીંબાણી	નખત્રાણા
૬	,,	,,	શ્રી ઈશ્વરલાલ માવજી ભગત	કોટડા (જ.)
૭	,,	ખજાનચી	શ્રી વાલજીભાઈ નારાયણ ભગત	નખત્રાણા
૧	૧૯૮૭ થી ૮૯	પ્રમુખ	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા
૩	,,	,,	શ્રી મણીલાલ પુંજાભાઈ રામાણી	નખત્રાણા
૪	,,	મંત્રી	શ્રી વાલજીભાઈ નારાયણ ભગત	નખત્રાણા
૫	,,	સહ-મંત્રી	શ્રી ઈશ્વરલાલ માવજી ભગત	કોટડા (જ.)
૬	,,	,,	શ્રી માવજીભાઈ કેસરા ભગત	વિથોણ
૭	,,	ખજાનચી	શ્રી નારાયણભાઈ ભાણજી લીંબાણી	નખત્રાણા

ક્રમ	વર્ષ	હોદ્દો	હોદ્દેદારોનાં નામ	ગામ
૧	૧૯૯૦ થી ૯૨	પ્રમુખ	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી લાલજીભાઈ ભાણજી પોકાર	ટોડીયા
૩	,,	,,	શ્રી મણીલાલ પુંજાભાઈ રામાણી	નખત્રાણા
૪	,,	મંત્રી	શ્રી વાલજીભાઈ નારાયણ ભગત	નખત્રાણા
૫	,,	સહ-મંત્રી	શ્રી ઈશ્વરલાલ માવજી ભગત	કોટડા (જ.)
૬	,,	,,	શ્રી માવજીભાઈ કેસરા ભગત	વિથોણ
૭	,,	ખજાનચી	શ્રી નારણભાઈ ભાણજી લીંબાણી	નખત્રાણા
૧	૧૯૯૩ થી ૯૫	પ્રમુખ	શ્રી મણીલાલ પુંજાભાઈ રામાણી	મુંબઈ
૨	,,	ઉપ-પ્રમુખ	શ્રી ખીમજીભાઈ લખમશી લીંબાણી	કલકત્તા
૩	,,	,,	શ્રી ડૉ. વાલજીભાઈ હંસરાજ સાંખલા	ભુજ
૪	,,	,,	શ્રી વાલજી શીવજી વાડીયા	જામનગર
૫	,,	મહામંત્રી	શ્રી વાલજીભાઈ નારાયણ ભગત	નખત્રાણા
૬	,,	મંત્રી	શ્રી માવજીભાઈ કેશરા ભગત	ભુજ
૭	,,	,,	શ્રી મોહનલાલ શીવજીભાઈ ધોળુ	નાગલપર
૮	,,	,,	શ્રી ઈશ્વરલાલ માવજી ભગત	કોટડા (જ.)
૯	,,	ખજાનચી	શ્રી નારાયણભાઈ ભાણજી લીંબાણી	નખત્રાણા
૧૦	,,	સહ-ખજાનચી	શ્રી અખેરાજ પ્રેમજી માનાણી	નાગપુર

સમાજના ઓડીટરો વર્ષ ૧૯૬૯ થી ૧૯૯૩

વર્ષ : ૧૯૬૯

(૧) મનજીભાઈ હરજીભાઈ પટેલ - મથલ
(૨) નાનજીભાઈ ગંગદાસભાઈ પટેલ ખોંભડી

વર્ષ : ૧૯૭૨

(૧) મનજીભાઈ હરજીભાઈ પટેલ મથલ
(૨) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ વિથોણ
(૩) નારાણભાઈ વિશ્રામભાઈ પટેલ ખેડોઈ

વર્ષ : ૧૯૭૫

(૧) મનજીભાઈ હરજીભાઈ પટેલ મથલ
(૨) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ વિથોણ
(૩) નારાણભાઈ વિશ્રામભાઈ પટેલ ખેડોઈ

વર્ષ : ૧૯૭૮

(૧) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ વિથોણ
(૨) નારાણભાઈ વિશ્રામભાઈ પટેલ ખેડોઈ
(૩) અબજીભાઈ વિશ્રામભાઈ પટેલ વિરાણીમોટી (ભુજ)

વર્ષ : ૧૯૮૧

(૧) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ ભુજ
(૨) નારાણભાઈ વિશ્રામભાઈ પટેલ ભુજ
(૩) અબજીભાઈ વિશ્રામભાઈ પટેલ ભુજ

વર્ષ : ૧૯૮૪

(૧) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ ભુજ
(૨) નારાણભાઈ વિશ્રામભાઈ પટેલ ભુજ
(૩) અબજીભાઈ વિશ્રામભાઈ પટેલ ભુજ

વર્ષ : ૧૯૮૭

(૧) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ ભુજ
(૨) અબજીભાઈ વિશ્રામભાઈ પટેલ ભુજ
(૩) મોહનલાલ શિવજીભાઈ ધોળુ નાગલપર

વર્ષ : ૧૯૯૦

(૧) માવજીભાઈ મેઘજીભાઈ પટેલ ભુજ
(૨) અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી ભુજ
(૩) મોહનલાલ શિવજીભાઈ ધોળુ નાગલપર

વર્ષ : ૧૯૯૩

(૧) માવજીભાઈ મેઘજીભાઈ ભગત ભુજ
(૨) અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી ભુજ
(૩) તેજાભાઈ દેવજીભાઈ સાંખલા ગાંધીધામ

સમાજના ઘડવૈયાઓ

સમાજના પ્રથમ ટ્રસ્ટીઓ

(૧)	શ્રી પરબતભાઈ લખુભાઈ	મથલ
(૨)	શ્રી અરજણભાઈ રામજીભાઈ	ભુજ
(૩)	શ્રી ભીમજીભાઈ કેશરાભાઈ	કોટડા. (જ.)
(૪)	શ્રી નારાયણભાઈ શીવજીભાઈ	વીરાણી
(૫)	શ્રી શીવજીભાઈ જેઠાભાઈ	કોટડા .(જ.)

સમાજની પ્રથમ કાર્યવાહક સમિતિ

(૧)	શ્રી શિવદાસભાઈ કાનજીભાઈ	મુંબઈ	પ્રમુખ
(૨)	શ્રી પરબતભાઈ લખુભાઈ	મથલ	ઉપપ્રમુખ
(૩)	શ્રી અરજણભાઈ રામજીભાઈ	ભુજ	ઉપપ્રમુખ
(૪)	શ્રી ભીમજીભાઈ કેશરાભાઈ	કોટડા (જ.)	ખજાનચી
(૫)	શ્રી ખીમજીભાઈ નાગજીભાઈ	મથલ	મંત્રી
(૬)	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ	વિથોણ	સહમંત્રી
(૭)	શ્રી લધાભાઈ હરજીભાઈ	વિગોડી	સહમંત્રી
(૮)	શ્રી નારણભાઈ શિવજીભાઈ	વિરાણી	સભ્ય
(૯)	શ્રી શિવજીભાઈ જેઠાભાઈ	કોટડા	સભ્ય
(૧૦)	શ્રી વિશ્રામભાઈ કાનજીભાઈ	દેશલપર-ગુંતલી	સભ્ય
(૧૧)	શ્રી ખીમજીભાઈ કચરાભાઈ	રવાપર	સભ્ય
(૧૨)	શ્રી રામજીભાઈ નારાયણભાઈ	નાગપુર	સભ્ય
(૧૩)	શ્રી નારાણભાઈ કાનજીભાઈ	અંગીઆ	સભ્ય
(૧૪)	શ્રી શિવદાસભાઈ કચરાભાઈ	નેત્રા	સભ્ય
(૧૫)	શ્રી હિરાલાલભાઈ ગોપાલભાઈ	રસલીયા	સભ્ય
(૧૬)	શ્રી હંસરાજભાઈ દાનાભાઈ	કલકત્તા	સભ્ય
(૧૭)	શ્રી ધનજીભાઈ હરજીભાઈ	ભડલી	સભ્ય
(૧૮)	શ્રી કરસનભાઈ ધનજીભાઈ	લક્ષ્મીપર	સભ્ય
(૧૯)	શ્રી ડાયાભાઈ તેજાભાઈ	ટોડીયા	સભ્ય
(૨૦)	શ્રી લાલજીભાઈ કરસનભાઈ	દુર્ગાપુર	સભ્ય
(૨૧)	શ્રી માવજીભાઈ ધનજીભાઈ	મુંબઈ	સભ્ય
(૨૨)	શ્રી કરસનભાઈ લાલજીભાઈ	દયાપુર	સભ્ય
(૨૩)	શ્રી વેલજીભાઈ કાનજીભાઈ	ટોડીયા	સભ્ય
(૨૪)	શ્રી કાનજીભાઈ ભીમજીભાઈ	મદ્રાસ	સભ્ય
(૨૫)	શ્રી હીરજીભાઈ કેશરાભાઈ	કોટડા	સભ્ય
(૨૬)	શ્રી કરસનભાઈ ભીમજીભાઈ	કોટડા	સભ્ય
(૨૭)	શ્રી કરસનભાઈ શિવદાસભાઈ	વિરાણી	સભ્ય
(૨૮)	શ્રી નથુભાઈ નાનજીભાઈ	નખત્રાણા	સભ્ય
(૨૯)	શ્રી પ્રેમજીભાઈ કરમશીભાઈ	કરબોઈ	સભ્ય
(૩૦)	શ્રી પચાણભાઈ શિવજીભાઈ	નાગપુર	સભ્ય
(૩૧)	શ્રી ભાણજીભાઈ પચાણભાઈ	નખત્રાણા	સભ્ય
(૩૨)	શ્રી માવજીભાઈ હીરજીભાઈ	જબલપુર	સભ્ય
(૩૩)	શ્રી કરસનભાઈ ખીમજીભાઈ	અમદાવાદ	સભ્ય
(૩૪)	શ્રી અરજણભાઈ કાનજીભાઈ	ખેડોઈ	સભ્ય
(૩૫)	શ્રી ભીમજીભાઈ વસ્તાભાઈ	દેશલપુર (વાંઢાય)	સભ્ય

સમાજની પ્રથમ બંધારણ સમિતિ

(૧) શ્રી વિરેન્દ્ર સીવદાસ
(૨) શ્રી માવજી જેઠાભાઈ
(૩) શ્રી ખીમજી નાગજી
(૪) શ્રી મણીલાલ પુંજાભાઈ
(૫) શ્રી ખીમજીભાઈ કચરાભાઈ
(૬) શ્રી પચાણભાઈ શીવજીભાઈ
(૭) શ્રી માવજીભાઈ ધનજી
(૮) શ્રી દેવશીભાઈ રામજી
(૯) શ્રી વીરજી કરશન
(૧૦) શ્રી કરમશી શીવદાસ
(૧૧) શ્રી પુંજાભાઈ ખેતશી
(૧૨) શ્રી હરીભાઈ રામજી
(૧૩) શ્રી કરશન ભીમજી
(૧૪) શ્રી રામજી નારાયણ
(૧૫) શ્રી નારાયણ પેથાભાઈ
(૧૬) શ્રી લાલજી ભાણજી
(૧૭) શ્રી વિશ્રામ કાનજી

સમાજનો પ્રથમ અહેવાલ તૈયાર કરનાર સમિતિ

(૧)	શ્રી વિરેન્દ્ર શીવદાસ	મુંબઈ
(૨)	શ્રી કરસન ભીમજી	કલકત્તા
(૩)	શ્રી ખીમજી કચરા	મુંબઈ
(૪)	શ્રી પચાણ શીવજી	નાગપુર
(૫)	શ્રી માવજી ધનજી	મુંબઈ

realpatidar.com

સમાજ સંચાલિત છાત્રાલયોની બાંધકામ સમિતિઓ

પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા

(૧)	શ્રી નારાયણભાઈ શીવજીભાઈ	વિરાણી
(૨)	શ્રી શીવદાસભાઈ કાનજીભાઈ	વિરાણી
(૩)	શ્રી કરશનભાઈ શીવદાસભાઈ	વીરાણી
(૪)	શ્રી હીરજીભાઈ કેશરાભાઈ	કોટડા. (જ)
(૫)	શ્રી લાલજીભાઈ દાનાભાઈ	નખત્રાણા
(૬)	શ્રી લાલજીભાઈ સામજીભાઈ	રવાપર
(૭)	શ્રી અરજણભાઈ રામજીભાઈ	ભુજ
સલાહકાર :	શ્રી ભીમજીભાઈ કેશરાભાઈ	કોટડા .(જ)

માંડવી હોસ્ટેલ બાંધકામ સમિતિ

(૧) જેઠાલાલ લાલજી પટેલ
(૨) ધનજીભાઈ પુંજાભાઈ પટેલ
(૩) ગોવિંદભાઈ અબજી પટેલ
(૪) શાન્તીલાલ પ્રેમજી પટેલ
(૫) નારાણભાઈ ભાણજી પટેલ
(૬) કરશનભાઈ દેવજી પટેલ
(૭) દેવજીભાઈ વાલજી પટેલ
(૮) વેલજીભાઈ પ્રેમજી પટેલ

ભૂજ હૉસ્ટેલ બાંધકામ સમિતિ

(૧)	શ્રી નારાયણભાઈ વિશ્રામ પટેલ	ભુજ
(૨)	શ્રી માધવજીભાઈ પ્રેમજીભાઈ પટેલ	ભુજ
(૩)	શ્રી ચંદુભાઈ હંસરાજભાઈ પોકાર	ભુજ
(૪)	શ્રી માવજીભાઈ મેઘજીભાઈ ભગત	ભુજ
(૫)	શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ પટેલ	ભુજ

માંડવી હૉસ્ટેલ બાંધકામ કારોબારી સમિતી

(૧)	લધાભાઈ વિશ્રામ પટેલ	પ્રમુખ
(૨)	જેઠાલાલ લાલજી પટેલ	ઉપપ્રમુખ
(૩)	નારાણ રામજી પટેલ	ઉપપ્રમુખ
(૪)	દામજી દેવશી વેલાણી	ઉપપ્રમુખ
(૫)	ભવાનજી ભાણજી પટેલ	મંત્રી
(૬)	નારાણ રતનશી છાભૈયા	સહમંત્રી
(૭)	ધનજી પુંજા પટેલ	સહમંત્રી
(૮)	કરસન વાલજી વેલાણી	ખજાનચી
(૯)	નારાણ મનજી વેલાણી	સહ ખજાનચી
(૧૦)	નારાણ ભાણજી પટેલ	સહ ખજાનચી

(૧૧)	મેઘજી રતનશી પટેલ	સભ્ય
(૧૨)	સામજી હરજી પટેલ	સભ્ય
(૧૩)	લખમશી લધાભાઈ પટેલ	સભ્ય
(૧૪)	માધવજી ભાણજી પટેલ	સભ્ય
(૧૫)	દેવજી વિશ્રામ પટેલ	સભ્ય
(૧૬)	પરસોત્તમ મનજી પટેલ	સભ્ય
(૧૭)	કરસન દેવજી પટેલ	સભ્ય
(૧૮)	રવજી લાલજી પટેલ	સભ્ય
(૧૯)	અરજણ લાલજી "	સભ્ય
(૨૦)	રવજી રામજી "	સભ્ય
(૨૧)	મેઘજી જેઠા "	સભ્ય
(૨૨)	મંગલ ગોવિંદ "	સભ્ય
(૨૩)	સોમજી નાનજી "	સભ્ય
(૨૪)	હંસરાજ દેવજી "	સભ્ય
(૨૫)	રતનશી લાલજી "	સભ્ય
(૨૬)	ભીમજી વિશ્રામ "	સભ્ય
(૨૭)	ગોવિંદ અબજી "	સભ્ય
(૨૮)	દેવજી વાલજી "	સભ્ય

સલાહકાર

(૧) શિવદાસ ગોવિંદ છાભૈયા
(૨) ડૉ. વાલજીભાઈ હંસરાજ પટેલ
(૩) દામજીભાઈ પ્રેમજીભાઈ પટેલ

કન્યા છાત્રાલય નખત્રાણા બાંધકામ સમિતિ

(૧)	શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી	વિથોણ.
(૨)	શ્રી દેવજીભાઈ હરજીભાઈ ધનાણી	નખત્રાણા
(૩)	શ્રી સીવગણભાઈ નાગજીભાઈ લીંબાણી	નખત્રાણા
(૪)	શ્રી વાલજીભાઈ નારાયણભાઈ ભગત	નખત્રાણા
(૫)	શ્રી નારાયણભાઈ ભાણજીભાઈ લીંબાણી	નખત્રાણા
(૬)	શ્રી સામજીભાઈ કાનજીભાઈ ધોળુ	નાગલપર
(૭)	શ્રી માવજીભાઈ વસ્તાભાઈ રૂડાણી	વિરાણીમોટી
(૮)	શ્રી ખીમજીભાઈ અરજણભાઈ કેશરાણી	નખત્રાણા
(૯)	શ્રી લખમશીભાઈ કાનજીભાઈ કેશરાણી	નખત્રાણા
(૧૦)	શ્રી નારાણભાઈ હીરજીભાઈ ધોળુ	નાગલપર
(૧૧)	શ્રી રવજીભાઈ મેઘજીભાઈ બાથાણી	વિરાણીમોટી
(૧૨)	શ્રી માવજીભાઈ કેશરાભાઈ રામાણી	નખત્રાણા
(૧૩)	શ્રી નારાણભાઈ પુંજાભાઈ માનાણી	વિરાણીમોટી
(૧૪)	શ્રી રવજીભાઈ વાલજીભાઈ પદમાંણી	વિથોણ

સમાજના છાત્રાલયોની સંચાલન સમિતિઓ

પાટીદાર વિદ્યાર્થી ભવન નખત્રાણા

૧.	શ્રી શિવગણ નાગજી લીંબાણી	પ્રમુખ
૨.	શ્રી માવજી વસ્તા રૂડાણી	સભ્ય
૩.	શ્રી ડાયાભાઈ જેઠા રામાણી	સભ્ય
૪.	શ્રી વાલજી નાનજી રામાણી	સભ્ય
૫.	શ્રી મોહનલાલ કાનજી લીંબાણી	સભ્ય
૬.	શ્રી સામજીભાઈ કચરા છાભૈયા	સભ્ય
૭.	શ્રી મોહનલાલ ખીમજી લીંબાણી	સભ્ય
૮.	શ્રી અરવિંદ કરસન લીંબાણી	સભ્ય
૯.	શ્રી નારાણ હીરજી ધોળુ	સભ્ય
૧૦.	શ્રી વિશ્રામ દેવજી રૂડાણી	સભ્ય
૧૧.	શ્રી સોમજી મનજી ધનાણી	સભ્ય

કન્યા છાત્રાલય નખત્રાણા

૧.	શ્રી દેવજી હરજી ધનાણી	પ્રમુખ
૨.	શ્રી રાજાભાઈ સામજી રૂડાણી	સભ્ય
૩.	શ્રી દેવશંકર સોમજી ધનાણી	સભ્ય
૪.	શ્રી લાલજી હંસરાજ રૈયાણી	સભ્ય
૫.	શ્રી સોમજી દેવજી વાલાણી	સભ્ય
૬.	શ્રી રવજી મેઘજી બાથાણી	સભ્ય
૭.	શ્રી નારણ પુંજા માનાણી	સભ્ય
૮.	શ્રી માવજી કેશરા રામાણી	સભ્ય
૯.	ડૉ. પી. જી. પટેલ	સભ્ય
૧૦.	ડો. શાંતિલાલ સેંઘાણી	સભ્ય
૧૧.	શ્રી લખુ કાનજી કેશરાણી	સભ્ય

પાટીદાર સ્ટુડન્ટસ હોસ્ટેલ - ભુજ

૧.	શ્રી દામજી ખેતશી માકાણી	પ્રમુખ
૨.	પ્રો. કાંતિલાલ વી. પાટીદાર	સભ્ય
૩.	શ્રી નાનજી રાજા ઠાકરાણી	સભ્ય
૪.	શ્રી શીવલાલ જેઠાભાઈ ચૌધરી	સભ્ય
૫.	શ્રી સામજી પ્રેમજી પટેલ	સભ્ય
૬.	શ્રી ગોવિંદ વાલજી પાટીદાર	સભ્ય
૭.	શ્રી રમેશચંદ્ર મુળજી પટેલ	સભ્ય
૮.	શ્રી જયંતિલાલ કેશરા પટેલ	સભ્ય
૯.	શ્રી જયંતિલાલ નારણ પટેલ	સભ્ય
૧૦.	શ્રી લક્ષ્મણભાઈ પ્રેમજી પટેલ	સભ્ય
૧૧.	શ્રી રામજી નથુ પટેલ	સભ્ય

ભુજ કન્યા છાત્રાલય

૧.	શ્રી નથુભાઈ કરસન રંગાણી	પ્રમુખ
૨.	શ્રી રતીલાલ વિસનજી ચૌહાણ	મંત્રી
૩.	શ્રી નારણભાઈ લાલજી લીંમાણી	સભ્ય
૪.	શ્રી કરમસીભાઈ નાગજી પારસિયા	સભ્ય
૫.	શ્રી હીરાલાલ હંશરાજ પોકાર	સભ્ય
૬.	શ્રી માધવજીભાઈ પ્રેમજી અમૃતિયા	સભ્ય
૭.	શ્રી હરિભાઈ ધનજી ભાવાણી	સભ્ય
૮.	શ્રીમતિ દેવીલાબેન માવજીભાઈ ભગત	સભ્ય
૯.	શ્રીમતિ હીરાબેન નથુભાઈ રંગાણી	સભ્ય
૧૦.	શ્રીમતિ પ્રભાબેન દામજીભાઈ માકાણી	સભ્ય
૧૧.	શ્રીમતિ સુશીલાબેન કાંતીલાલ પાટીદાર	સભ્ય

માંડવી છાત્રાલય સંચાલન સમિતિ

(૧)	શ્રી ગોવિંદભાઈ અબજીભાઈ સેંઘાણી	દુર્ગાપુર	પ્રમુખ
(૨)	શ્રી શામજીભાઈ હરજીભાઈ સેંઘાણી	મુંબઈ	ઉપપ્રમુખ
(૩)	શ્રી શાન્તિલાલ પેથાભાઈ ચૌધરી	માંડવી	મંત્રી
(૪)	શ્રી ધનજીભાઈ રામજીભાઈ ધોળુ	દુર્ગાપુર	સહમંત્રી
(૫)	શ્રી જેઠાભાઈ લાલજીભાઈ ચોપડા	મુંબઈ	સભ્ય
(૬)	શ્રી ભવાનજીભાઈ ભાણજીભાઈ રામાણી	બીદડા	સભ્ય
(૭)	શ્રી નારણભાઈ મનજીભાઈ વેલાણી	મુંબઈ	સભ્ય
(૮)	શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી	રાજપર	સભ્ય
(૯)	શ્રી રતનશીભાઈ લાલજીભાઈ વેલાણી	દુર્ગાપુર	સભ્ય
(૧૦)	શ્રી નારણભાઈ ભાણજીભાઈ દડગા	મમાઈમોરા	સભ્ય
(૧૧)	શ્રી સુરેશભાઈ મનજીભાઈ ચૌહાણ	લુડવા	સભ્ય

ચતુર્થ અધિવેશનની ફલશ્રુતિ પ્રમુખશ્રીના શબ્દોમાં....

મા ઉમિયાની પરમકૃપા એ અને સૌના સહિયારા પુરુષાર્થના પરિણામ સ્વરૂપે અલ્પ સમયમાં આપણી જ્ઞાતિ એ પ્રશંસનીય પ્રગતિ સાધી છે. આપણાં આ સર્વાંગીણ વિકાસ માટે અપ્રતીમ સંઘબળ, સમાજ માટેની અપૂર્વ નિષ્ઠા અને સૌને સાથે લઈને ચાલવાની શુભ ભાવના કારણભૂત છે. જ્ઞાતિના અધિવેશનો સામૂહિક વિકાસની આવી ભાવનાને બળ પૂરું પાડે છે. એવો જ્ઞાતિએ યોજેલ ચાર અધિવેશનનો આપણો અનુભવ છે.

સામાન્ય સંજોગોમાં તો દશ વર્ષ બાદ જ્ઞાતિનું બૃહદ અધિવેશન યોજાય એવું ઠરાવાયેલ, પરંતુ નખત્રાણા ખાતે નિર્મિતી પામેલ જ્ઞાતિના કન્યા છાત્રાલય ને ખુલ્લું મુકવાના પ્રસંગ ને ભવ્ય અને દેદીપ્યમાન બનાવવો હોય તો બે વર્ષ વહેલું જ્ઞાતિનું ચતુર્થ અધિવેશન આ પ્રસંગે યોજવું જોઇએ એવો સમાજના સૌ આગેવાનો અને વડીલોનો મત હતો. સમાજની કારોબારી એ મંજૂરીની મહોર મારતાં અને યુવકસંઘે અધિવેશન આયોજનની જવાબદારી ઉઠાવવાની તત્પરતા બતાવતા અમારી આ ઇચ્છા સાકાર થઇ શકી ચતુર્થ અધિવેશન યોજાયું અને સૌને જ્ઞાતિ ગંગાનાં દર્શનનો અનેરો અવસર સાંપડયો. મારી દ્રષ્ટિએ ચતુર્થ અધિવેશને આપણને ઘણું ઘણું આપ્યું છે. સમગ્ર પ્રસંગની ફલશ્રુતિ વિષે વિચારું છું ત્યારે મારું હૃદય આનંદ વિભોર થઇ જાય છે.

જ્ઞાતિના ચતુર્થ અધિવેશનની સાથે સાથે કન્યા કેળવણીના વિકાસની નૂતન કેડી સમા નખત્રાણા ખાતેના કન્યાછાત્રાલયના વિશાળ ભવનને સમાજે સમાજની કન્યાઓને સમર્પિત કર્યું. ખરું કહું તો સમાજે માત્ર કન્યા છાત્રાલય ભવન જ ખુલ્લું નથી મૂક્યું પણ ગ્રામ્ય વિસ્તારમાં રહેતી શિક્ષણ પિપાસું કન્યાઓ માટે શિક્ષણના દ્વાર ખોલી નાખ્યાં છે. આ નિમિત્તે કન્યાછાત્રાલયના ત્રણ મુખ્યખંડ (પ્રાર્થનાખંડ, ભોજનખંડ અને લાઇબ્રેરી હોલ) માટે દાતાઓ દ્વારા માતબર રકમનું ગુપ્તદાન મળ્યું. છાત્રાલયમાં બાકી રહેલા રૂમ અને પલંગના દાતા નોંધાઇ ગયા અને વિશેષ તો કન્યા છાત્રાલયની કાયમી ભોજન તિથિઓમાં અગાઉ નોંધાયેલ ભોજનતિથિઓમાં આ અધિવેશન દરમિયાન દોઢસો જેટલી નવી ભોજનતિથિઓનો ઉમેરો થયો આ બધી નાની સુની પ્રાપ્તિ ન ગણાય.

આ અધિવેશનમાં સમાજના પથદર્શક પૂજ્ય નારણજી બાપાની પ્રતિમાનું અનાવરણ કરીને તેમની સ્મૃતિની જ્યોતિની વાટને સંકોરી વધુ પ્રજ્જવલિત કરવામાં આવી.

સમાજની મહિલાઓએ આ અધિવેશનમાં સક્રિય ભાગ લીધો મહિલા પરિષદમાં તો મોટી સંખ્યામાં મહિલાઓએ મહિલાઓની જાગૃતિ કન્યાઓના શિક્ષણ, સમાજમાં વ્યાપ કુરિવાજો, સમાજના રીતી-રીવાજોના પાલનમાં મહિલાઓનું પ્રદાન વગેરે વિવિધ વિષય ઉપર પોતાના વિચારો મુક્ત રીતે વ્યક્ત કર્યા. મારા મતે આ અધિવેશનની નોંધપાત્ર બાબત લેખાય.

સમાજનાં તેજસ્વી વિદ્યાર્થીઓને અધિવેશનમાં જ્ઞાતિના બહોળા સમુદાય વચ્ચે સન્માન પ્રાપ્ત કરવાની જે અમૂલ્ય તક મળી તે તો વિદ્યાર્થીઓ માટે આનંદ અને ગૌરવની બીના ગણાય અને આ અધિવેશનમાં સમાજના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું તે નવો ચીલો ગણી શકાય.

આ અધિવેશનનું બીજું જમા પાસું એ છે કે યુવા પરિષદમાં સમાજના ભાવિ કર્ણધાર સમા યુવાનોએ ચીલાચાલુ અને લાંબાલાંબા તેમજ ઉપદેશાત્મક ભાષણો કરવાને બદલે નક્કર અને સમાજઉપયોગી સંકલ્પો કરીને સમાજના ઉત્કર્ષમાં કાર્યરત થવાની ઇચ્છાશક્તિનો પરિચય કરાવ્યો છે. વલ્લભ વિદ્યાનગર ખાતેની વિદ્યાર્થી હોસ્ટેલને કાયમીધોરણે ચલાવવાનો શુભસંકલ્પ અને સમાજના વિશેષ યોગ્યતા ધરાવતા તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેમની આર્થિક સ્થિતિ નબળી હોય, ઉચ્ચ શિક્ષણ મેળવવાના ઇચ્છુક હોય, તેમને દત્તક લઇને અભ્યાસ માટેનો જરૂરી તમામ ખર્ચ આપવાની જાહેરાત એ વિદ્યાર્થી જગતને યુવકસંઘ તરફથી મળેલી બે મધુરફળોની બક્ષિસ છે.

સમાજ દ્વારા સંચાલિત વિવિધ છાત્રાવાસોમાં રહીને અભ્યાસ કરી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ પોતાની આગવી સભામાં પોતાના પર ચડેલું સમાજનું ઋણ ઊતરવા શું કરી શકાય તેના વિચારો આપ્યા.

પાટીદાર યુવા ક્રાન્તિદળ ને અધિવેશન દરમિયાન ફાળવાયેલાં સમયનો તેમણે સદઉપયોગ કરી આજે અસામાજિક તત્ત્વો દ્વારા સમાજના સભ્યોને થતા રંજાડ તરફ અંગુલી નિર્દેશ કરી આવા સમાજ વિરોધી તત્ત્વોને બોધપાઠ આપવા અને સમાજના સભ્યોને નડતી કાનૂની તેમજ સામાજિક સમસ્યાઓના નિરાકરણ માટે આવા સંગઠ્ઠનોની કેટલી તાતી જરૂરી છે તે સવિસ્તર સમજાવી સમાજને ઢંઢોળવામાં સફળ રહ્યા હતા.

અધિવેશન દરમિયાન વિષય વિચારણીય સમિતિના બે દિવસના વિચાર મંથનને અંતે તૈયાર કરાયેલ જ્ઞાતિના ધારાધોરણ ને લગતા ૧૯ ઠરાવો અંતિમદિવસે ખુલ્લા અધિવેશનમાં સર્વાનું મતે પસાર કરાયા એટલું જ નહિ પણ સમાજના ટોચના આગેવાનોએ સમાજને ઉપયોગી એવા રચનાત્મક સૂચનો અને વિચારો પણ વ્યક્ત કર્યાં.

જ્ઞાતિના આ સીમાચિન્હ રૂપ ભવ્ય પ્રસંગને સફળતાનો યશ સમાજના તમામ સભ્યોના સહિયારા પુરુષાર્થને જાય છે. કચ્છના ગામેગામથી આવેલા અને કચ્છ બહાર ભારતના ખૂણેખૂણેથી આ અધિવેશનમાં ભાગલેવા આવેલ સમાજના આગેવાનો, કાર્યકરો, યુવાનો, મહિલાઓ અને સ્વયંસેવકોએ અદમ્યઉત્સાહથી અથાગ પરિશ્રમ કરી આ સમગ્ર પ્રસંગને સફળ બનાવ્યો એ માટે સૌને સમાજવતી જેટલા અભિનંદન અપાય તેટલા ઓછા છે.

આ નિમિત્તે મારે સૌ જ્ઞાતિજનોને એકજ નમ્ર અપીલ કરવાની છે કે સમાજ એ જનેતાનું સ્વરૂપ છે સૌ માટે તે પ્રેરક અને પોષક છે. જો આપણે સૌએ સુખી થવું હશે તો સમાજનો આદેશ માથે ચડાવવો પડશે એટલે આ અધિવેશનમાં અને આ અગાઉના અધિવેશનોમાં સમાજે પ્રસાર કરેલા તમામ ઠરાવોનું આપણે સૌ પ્રમાણિકતાથી અને નિષ્ઠાથી પાલન કરીએ. પરમકૃપાળુ પરમાત્મા આપણા સમસ્ત સમાજને સુખ સમૃદ્ધિ અને શાંતિ બક્ષે એજ પ્રાર્થના.

પ્રેમજીભાઈ પુંજાભાઈ પટેલ
પ્રમુખ
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
ચતુર્થ અધિવેશન

પ્રકાશન સમિતિની ડાયરીએથી...

કોઈપણ સંસ્થા કે સમૂહ માટે કેટલાક અપૂર્વ અદ્વિતીય અને યાદગાર પ્રસંગો ઊભા થતા હોય છે. કે જે વારંવાર આવતા નથી, તે એક ઇતિહાસ બની જાય છે. એપ્રિલ-૧૯૯૩માં યોજાયેલ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનું ચતુર્થ અધિવેશન પણ એવો જ એક સીમા ચિહ્નરૂપ પ્રસંગ હતો.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું ચતુર્થ અધિવેશન અને નખત્રાણા ખાતેના નવ નિર્મિત કન્યા છાત્રાલય-ભવનને ખુલ્લું મૂકવાના ભવ્ય પ્રસંગોની સ્મૃતિને શબ્દબધ્ધ કરી પુસ્તકરૂપે સાચવી એક સ્મરણિકા પ્રકાશિત કરવાનું તો અ.ભા.ક.ક.પા. સમાજે ચતુર્થ અધિવેશન યોજાયું તે અગાઉ જ નક્કી કરી લીધું હતું. ચતુર્થ અધિવેશનના પ્રચાર અને પ્રકાશનના કાર્ય માટે નિયુક્ત થયેલ સમિતિને જ સ્મરણિકાનાં સંકલન અને પ્રકાશનનો ભાર વહન કરવાનું સોંપવામાં આવ્યું. એટલે અમારી સમિતિએ અધિવેશન દરમિયાન જ સ્મરણિકા માટે આવશ્યક અને ઉપયુક્ત હોય એવી સાહિત્ય સામગ્રી જેવી કે, અધિવેશન દરમિયાન યોજાયેલ જુદા જુદા સમારંભો અને પરિષદોના અહેવાલો, વક્તાના વક્તવ્યો, જરૂરી ફોટોગ્રાફસ વગેરે એકત્ર કરવાનો આરંભ કરી દીધો હતો.

અધિવેશન પછીની પ્રકાશન સમિતિની પ્રથમ મિટિંગમાં અમે સૌ મિત્રો સ્મરણિકામાં સમાવેશ કરાનાર મુદ્દાની ચર્ચા કરવા બેઠા ત્યારે એવો વિચાર વહેતો મૂકાયો કે સ્મરણિકામાં ચતુર્થ અધિવેશનનો અહેવાલ માત્ર જ નહિ પણ અ.ભા.ક.ક.પા. સમાજે આજ પર્યંત કરેલ વિવિધ વિકાસ લક્ષી પ્રવૃત્તિઓ અને કાર્યોનો ચિતાર અને તેની સંલગ્ન સંસ્થાઓનો અહેવાલ, સમાજના આધારસ્તંભ સમા વિશિષ્ટ યોગદાન આપનાર વડીલો અને સુધારકોનો આછો જીવન પરિચય, કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનો સંક્ષિપ્ત ઇતિહાસ તેમજ કડવા પાટીદાર જ્ઞાતિને ઉપયોગી માહિતી અને લેખોનું સંકલન કરી સ્મરણિકાના પાના પર ઊતારવામાં આવે તો તૈયાર થનાર આ પુસ્તિકા ચતુર્થ અધિવેશનના ઐતિહાસિક પ્રસંગના મધુર સંસ્મરણોને સંગોપી રાખનાર સ્મરણિકા બનવાની સાથે સાથે ભાવિ પેઢી માટે સમાજનો ઐતિહાસિક દસ્તાવેજ બની રહે. આ શુભાશયથી અમે સ્મરણિકાની વિષયસૂચિનું ફલક વિસ્તાર્યું. સ્મરણિકા સુગ્રથિત અને સુસંકલિત બને એ હેતુથી સમિતિના સભ્યોને પોતાની સૂઝ અને શક્તિ અનુસાર સ્મરણિકામાં સમાવવા ધારેલ જુદા જુદા વિષયોની માહિતી અને લેખન સામગ્રી મેળવી તેનું સંકલન કરી લેખો તૈયાર કરવાનું સોંપવામાં આવ્યું. સમયાન્તરે સમિતિની મિટીંગ બોલાવી પ્રત્યેક સભ્ય કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવતી. આજે અમે આપના હાથમાં આ સ્મરણિકા મૂકતાં આનંદ અનુભવીએ છીએ.

પ્રસ્તુત સ્મરણિકામાં અ.ભા.ક.ક.પા. સમાજના ચતુર્થ અધિવેશન અને તેના અનુસંગે યોજાયેલ નવનિર્મિત કન્યા છાત્રાલયનું ઉદ્દ્ઘાટન, પૂ. નારણજીબાપાની પ્રતિમાની અનાવરણ વિધિ, યુવાપરિષદ, મહિલા પરિષદ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન, સરસ્વતી સન્માન કાર્યક્રમ, પાટીદાર યુવા ક્રાન્તિદળ પરિષદ આ બધા પ્રસંગોનો વિસ્તૃત અને સચિત્ર અહેવાલ તો છે જ પણ સાથે સાથે ચતુર્થ અધિવેશનમાં પસાર કરાયેલ વિવિધ ઠરાવોની અલાયદી નોંધ પણ છે, તે ઉપરાંત અગાઉ યોજાઇ ગયેલ પાટીદાર જ્ઞાતિના પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણે અધિવેશનનો સંક્ષિપ્ત અહેવાલ પણ છે.

આ પુસ્તિકામાં સમાજે સ્થાપનાથી આજ લગી કરેલ વિકાસ યાત્રાનો ચિતાર પણ છે અને આ વિકાસમાં બહુમૂલ્ય યોગદાન આપનાર મહાનુભાવો કે જેના તૈલ ચિત્રો સમાજના મુખ્ય કાર્યાલય ખાતે રાખવામાં આવ્યાં છે તેમનો ટૂંકો પરિચય પણ છે. તો વળી સમાજના આદ્યસુધારકો ગણાતા પૂ. શ્રી નારણબાપા અને કેશરાબાપાની જીવન ઝરમર પણ આપવામાં આવી છે. આ સ્મરણિકામાં આપને અ.ભા.ક.ક.પા. સમાજ દ્વારા ચલાવાતા શૈક્ષણિક છાત્રાલયોની માહિતી મળશે તો સમાજ દ્વારા ચાલતી સમાજવાડીનો ઉલ્લેખ પણ મળશે.

સમાજની બે પાંખો સમા અ.ભા.ક.ક.પા. યુવક સંઘ અને મહિલાપાંખના અહેવાલો પણ પુસ્તિકાના પાના પર છે અને અ.ભા.ક.ક.પા. સમાજની ભગિની સંસ્થા સમી બે સંસ્થાઓ ઉમિયામાતાજી સંસ્થાન અને અન્નક્ષેત્ર ટ્રસ્ટ, વાંઢાયનો હેવાલ પણ છે. આ ઉપરાંત અ.ભા.ક.ક.પા. સમાજનો ઇતિહાસ તેમજ સમાજ અને જ્ઞાતિજનોને ઉપયોગી લેખો અને માહિતીને આ સ્મરણિકામાં સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રકાશન સમિતિએ પૂરી ખંત અને ધગશથી એક ઉપયુક્ત માહિતિસભર પુસ્તક તૈયાર કરવાનો યતકિંચિત પ્રયત્ન કર્યો છે. અમારા આ કાર્યમાં અમે કેટલા ખરા ઊતર્યા છીએ એ નિર્ણયતો આપ સૌએ કરવાનો રહ્યો. આટલા વિશાળ કામમાં ક્યાંક દોષ કે ક્ષતિ રહી જવા પામે એ સ્વાભાવિક જ છે. એ માટે સમિતિ સમાજ પાસે અને સૌ જ્ઞાતિજનો પાસે ક્ષમા યાચના કરે છે. સ્મરણિકાના સંપાદનથી માંડીને પ્રકાશન સુધીના કાર્યમાં અમને સહયોગ આપનાર નામી અનામી સૌનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. અમારી શક્તિને સમાજના ચરણે ધરવાની અમને જે બહુમૂલ્ય તક સાંપડી છે એ માટે અમે સૌ આનંદ અને આભાર વ્યક્ત કરીએ છીએ.

કરમશી નાગજી પારસીયા
રતિલાલ મનજી પોકાર
કન્વિનર,
સ્મરણિકા પ્રકાશન સમિતિ

- ■ -

પ્રમુખશ્રીનું નિવેદન

આપણે સૌએ આનંદ અને ગૌરવ સાથે નોંધવું રહ્યું કે કચ્છ કડવા પાટીદાર સમાજે થોડા જ દાયકામાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક એમ તમામ ક્ષેત્રોમાં મોટી હરણફાળ ભરી છે. પણ એટલાથી સંતોષ માનીને બેસી રહેવાય નહીં. હજુ ઘણું બધું કરવાનું શેષ રહે છે. આપણે જે ગતિએ આર્થિક ક્ષેત્રે વિકાસ સાધ્યો છે તેના પ્રમાણમાં શૈક્ષણિક વિકાસની ગતિ ધીમી રહી છે. કોઈપણ સમાજ કેટલો પ્રગતિશીલ છે, તે માપવાની પારાશીશી તે સમાજનું શિક્ષણ અને સંસ્કારનું સ્તર છે. જો સમાજ સુસંસ્કૃત હશે તો જ સંપત્તિ ટકશે અને કુમાર્ગે નહિ જાય. આ બાબતે આપણા સમાજના આગેવાનો અને વડીલો જાગૃત હતા અને આજે પણ છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ નખત્રાણા, ભુજ, માંડવી અને વિદ્યાનગરમાં ચાલતાં વિદ્યાર્થીભવનો અને નખત્રાણા તથા ભુજ ખાતે ચાલવાં કન્યા છાત્રાલયો છે આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં એમ લાગે છે કે લોકોમાં શિક્ષણની ભૂખ ઊઘડી છે, અને એવું પણ જણાય છે કે આવતા થોડાં વર્ષોમાં આ સગવડ ઓછી પડશે અને નવી સુવિધા ઊભી કરવી પડશે. એટલે આપણે સૌએ આ દિશામાં અત્યારથી જ વિચારવું પડશે.

આપણી જ્ઞાતિને આજે ઇશ્વરકૃપાએ ઠીકઠીક સંપત્તિ મળી છે તે સદમાર્ગે વપરાય તે જરૂરી છે. જો સંપત્તિનો થોડો હિસ્સો સમાજના ઉત્કર્ષના કાર્યમાં અને શિક્ષણ માટે વપરાય તો લેખે લાગે અને આવનાર પેઢીને તેના સુફળ ચાખવા મળે તેમાં સંદેહ નથી. આપણી જ્ઞાતિના લગ્ન પ્રસંગે દેખાદેખીથી કે પછી સંપત્તિનું પ્રદર્શન કરવા લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. આવા ખર્ચાળ લગ્નોને બદલે જો સમુહ લગ્નનો વિકલ્પ અપનાવવામાં આવે તો માત્ર સંપત્તિનો જ નહિ પણ સમય અને શક્તિનો પણ વ્યય થતો અટકાવી શકાય તેમ છે. આપણા માટે આનંદની વાત છે કે આ બાબતે આપણા સમાજમાં ધીરે ધીરે જાગૃતિ આવવા લાગી છે. સમજદાર વર્ગ સમૂહ લગ્નો તરફ વળ્યો છે અને કચ્છ અને કચ્છ બહાર પણ આજે સમૂહલગ્નોનાં આયોજનો થવા લાગ્યાં છે. પણ જો બધા જ લોકો સમજે અને આ માર્ગને અનુસરે તો આપણી જ્ઞાતિની અકારણ વેડફાતી સંપત્તિને આપણે બચાવી શકીએ અને તે સંપત્તિનો સદુપયોગ આપણે સમાજ વિકાસનાં કાર્યોમાં અને ખાસ કરીને શિક્ષણના ઉત્કર્ષ માટે કરી શકીએ. સમાજના શિક્ષણનું સ્તર ઊંચું લાવવા આપણે સૌએ સાથે મળીને પ્રયત્નો કરવા પડશે અને કન્યા કેળવણી માટે જાગૃતિ લાવવા કટીબદ્ધ બનવું પડશે. સમાજના બાળકો માત્ર ભણે એટલું પૂરતું નથી પણ તેજસ્વી અને બહુમુખી પ્રતિભાવાન યુવાધન બહાર પડે એ આજના સમયની માંગ છે. એ માટે આપણે જરૂરી સુવિધાઓ અને પ્રોત્સાહનો પૂરાં પાડવાં પડશે.

કોઈપણ સમાજ કે જ્ઞાતિને જો સર્વતોમુખી પ્રગતિ કરવી હશે તો આજના સમયમાં સંઘબળની તાતી જરૂર રહેશે. આપણી જ્ઞાતિના ચાર ચાર મહાઅધિવેશન દર્શાવે છે કે આપણી જ્ઞાતિના સદસ્યો કચ્છમાંથી નીકળી સમગ્ર ભારતમાં અને વિશ્વમાં ફેલાયેલા હોવા છતાં સંઘબળ ઘટયું નથી અને માદરે વતન માટેની ભાવનામાં પણ ઓટ આવી નથી અને એ શુભ ભાવના ટકી રહે એ અત્યંત આવશ્યક છે. જો આપણી સંઘભાવના ઓછી થઇ તો આપણે વેર-વિખેર થઇ જઇશું અને વિકાસનું એક પણ ડગ ભરી શકીશું નહીં એ માટે નાનાથી મોટા તમામ સભ્યોએ જાગૃત રહેવાની જરૂર છે.

મા ઉમિયા પાસે મારે એજ પ્રાર્થના કરવાની છે કે આપણી જ્ઞાતિ જ્યાં પણ રહે, શાંતિથી રહે. સુખી અને સમૃદ્ધ બને. મા ઉમિયાની કૃપા દ્રષ્ટિ હંમેશાં સૌના પર રહે અને એવી શુભ મતિ પ્રદાન કરે કે આપણે સૌ આપણા વડીલોએ વારસામાં આપેલા શુભ મૂલ્યોને જીવનમાં ઉતારીએ અને આપણી પરસ્પરને સહયોગ આપવાની પરંપરાને અનુસરીને આપણે સૌ સંપ અને સુમેળથી સંગઠિત બનીને રહીએ. આપણે સુખી થઇએ અને સમસ્ત વિશ્વનું કલ્યાણ ઇચ્છીએ.

પ્રમુખશ્રી
અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા - કચ્છ

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

ચતુર્થ અધિવેશન અહેવાલ

ઈ.સ. ૧૯૬૦માં મળેલ અ.ભા.ક.ક.પા. સમાજના પ્રથમ અધિવેશનમાં દર દસ વર્ષે જ્ઞાતિનું અધિવેશન યોજવું એવું નક્કી થયું અને ૩૩ વર્ષના ગાળામાં જ્ઞાતિના ત્રણ અધિવેશન યોજાયાં (જોકે દસ વર્ષના સમય ગાળાની પાબંધી જાળવી શકાઈ નથી) પ્રથમ અધિવેશન બાદ ૧૭ વર્ષે ૧૯૭૭માં દ્વિતીય અધિવેશન મળ્યું અને તૃતીય અધિવેશન આઠ વર્ષ પછી ૧૯૮૫માં યોજાયું જ્યારે ઈ.સ. ૧૯૯૩માં જ્ઞાતિનું ચતુર્થ અધિવેશન યોજવા માટે વિશિષ્ટ સંજોગો ઊભા થયા હતા. અ.ભા.ક.ક.પા. સમાજ દ્વારા બાંધવામાં આવેલ જ્ઞાતિની કન્યાઓ માટેના વિશાળ કન્યાછાત્રાલય ભવનને ખુલ્લું મૂકવાનું આ વર્ષે નક્કી થયું. આ ભવ્ય પ્રસંગની સાથે સાથે જો જ્ઞાતિનું મહા અધિવેશન પણ યોજાય તો નૂતન કન્યા છાત્રાલયને ખુલ્લું મૂકવાના પ્રસંગ વધુ દેદીપ્યમાન બને અને જ્ઞાતિજનો વિશાળ સમુદાયમાં હાજરી આપી શકે એ શુભ આશયથી સમાજના કર્ણધરોએ ચતુર્થ અધિવેશનને સફળ બનાવવા કમર કસી. સમાજનું કાર્યાલય ધમધમતું થયું. ચુનંદા કાર્યકરોની અધિવેશન આયોજન સમિતિની રચના કરવામાં આવી અને એ સમિતિની સીધી દેખરેખ હેઠળ આયોજનની કામગીરી શરૂ કરવામાં આવી. કચ્છમાં કડવા પાટીદારની વસ્તી ધરાવતાં ગામોના પ્રતિનિધિઓની તબક્કાવાર મિટિંગો યોજવામાં આવી અને તેમાંથી અધિવેશનને લગતી વિવિધ કામગીરી માટે જુદી જુદી સમિતિઓ અને તેના સૂત્રધારોની વરણી કરવામાં આવી અને જવાબદારીઓની ફાળવણી કરવામાં આવી. પ્રત્યેક સમિતિએ ખંત અને ઉત્સાહથી પોતાને સોંપાયેલ કામગીરી આરંભી દીધી અને સમયાન્તરે યોજાતી મિટિંગોમાં વિવિધ સમિતિઓ દ્વારા અધિવેશન પૂર્વે કરવાની જરૂરી કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવતી.

બીજી તરફ કચ્છ અને કચ્છ બહાર ચતુર્થ અધિવેશનના પ્રચારનું કાર્ય જોરશોરથી આરંભી દેવામાં આવ્યું. સમાજના અને યુવક સંઘના કાર્યકરો જૂથોમાં કચ્છને ગામડે ગામડે ફરી વળ્યા અને વધુમાં વધુ સંખ્યામાં ભાઈ-બહેનો અધિવેશનમાં ભાગ લે એ માટે ગાર્માગામ મિટિંગો ભરી અને આગ્રહભરી અપીલ કરી. આ ઉપરાંત, અખબારો, જાહેરાતો, પત્રો, પોસ્ટરો અને બેનરોથી પણ પ્રચારકાર્ય વેગીલું બનાવવામાં આવ્યું પ્રત્યેક ગામડે જ્ઞાતિના ધારાધોરણોની, સમીક્ષા માટેની મિટિંગો યોજાવા લાગી. દરેક ગામના સમાજ તરફતી મળતાં સૂચનો પર વિષય વિચારણી સમિતિએ ચર્ચા કરીને ધારા-ધોરણોમાં જરૂરી સુધારા કરવાના હતા.

ચતુર્થ અધિવેશન નિમિત્તે માથાદીઠ રૂ. ૧૦ લેખે દરેક ગામના પાટીદાર સમાજો પાસેથી ઉઘરાવવામાં આવ્યા હતા. જે નાના મોટા સૌનું પ્રતીક યોગદાન ગણી શકાય. જેમ જેમ અધિવેશનના દિવસો નજીક આવતા ગયા તેમ તેમ ઉત્સાહમાં ભરતી આવતી ગઈ. સૌને એક જ સંકલ્પ હતો આ આપણો સૌનો સહિયારો પ્રસંગ છે એ તો ભવ્યાતિભવ્ય બનવો જોઈએ સૌએ પોતાની શક્તિને કામે લગાડી પ્રત્યેક જે સમિતિમાં હતા અને તેમને જે કામગીરી સોંપાઈ હતી તેને નિષ્ઠાથી પાર પાડવા લાગી ગયા.

તા. ૨૮, ૨૯, અને ૩૦ એપ્રિલ ૧૯૯૩ના અ.ભા.ક.ક.પા. સમાજના હૃદય (મુખ્ય કાર્યાલય) સમા નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી ભવનના પટ્ટાંગણની શોભા કંઈક અનેરી જ હતી. આખાય પ્રાંગણને વિશાળ મંડપથી આચ્છાદિત કરવામાં આવ્યું હતું. અને મધ્યમાં વિશાળ મંચ ઊભો કરવામાં આવ્યો હતો. સભા મંડપ અને ભોજન મંડપ એક જ આંગણામાં હોવા છતાં અલગ રખાયા હતા. આ ઉપરાંત દૂરસુદૂરના ગામડાઓમાંથી જ્ઞાતિજનોને લાવવા મૂકવાની વાહનોની વ્યવસ્થા હતી. એટલે જ નખત્રાણાની સડકો પર માનવ મહેરામણ ઊમટયો હતો, ભોજન માટે બુફે અને પંગતમાં બેસવાની સુંદર વ્યવસ્થા હતી. બહારથી આવનાર મહેમાનો માટે ઉતારાની ઉત્તમ વ્યવસ્થા હતી. સ્વયંસેવકોની શિસ્તબદ્ધ ટૂકડીઓ પાડી કાર્ય વહેંચણી કરવામાં આવી હતી. અને ગામે ગામથી આવેલા સ્વયંસેવકો લગનથી કામ કરી રહ્યા હતા.

સ્મરણિકાના અલગ વિભાગમાં અધિવેશનમાં કાર્યરત તમામ સમિતિઓનો ઉલ્લેખ કરાયો છે એટલે અહિં વિસ્તાર કર્યો નથી પણ એક બાબતની નોંધ લેવી રહી કે અધિવેશન માટે નિયુક્ત તમામ સમિતિઓએ પરસ્પર સુમેળ અને સંકલન કરી સુગ્રથિત રીતે ખંત, ઉત્સાહ અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરી છે એટલે ચતુર્થ અધિવેશનની સફળતાના યશના અધિકારી સમાજના કર્ણધારો અને કાર્યકરો છે, એટલા જ સમિતિના કન્વિનરો અને સભ્યો પણ છે એ નિર્વિવાદ હકીકત છે.

પૂ. શ્રી નારાણજી બાપાની પ્રતિમાના અનાવરણનો અને કન્યા છાત્રાલયનો ઉદ્દ્ઘાટન સમારંભ

તા. ૨૮-૪-૯૩ના શુભદિનનું એ મંગલ પ્રભાત હતું. જ્યારે કચ્છના ગામડે ગામડેથી અને કચ્છ બહારના ગામો અને નગરો તરફથી જ્ઞાતિગંગાનો પાવન પ્રવાહ નખત્રાણા તરફ વહી રહ્યો હતો. જેમ નાનાં નાનાં ઝરણાં એકત્ર થઈને મહાનદ્યનું સ્વરૂપ ધારણ કરે છે એમ વિભિન્ન ગામોમાં વસતો પાટીદાર જ્ઞાતિનો સમુદાય એક જ સ્થળે એકત્ર થઈ મહાઅધિવેશનના રૂપમાં મળવાનો હતો; જ્ઞાતિજનોનો અનેરો સંગમ થવાનો હતો. એ રીતે તો આજનો દિવસ મહત્ત્વનો હતો જ, પણ બીજા બે શુભ પ્રસંગને કારણે પણ આજની તારીખ સમાજ માટે ઐતિહાસિક બની રહેવાની હતી. આજના શુભ દિને નખત્રાણા મધ્યે સમાજના સૂત્રધારોના અથાગ પુરુષાર્થ અને જ્ઞાતિજનોના બહુમૂલ્ય દાનના પરિપાક રૂપ નિર્મિતી પામેલ કન્યા છાત્રાલયના ભવ્ય અને વિશાળ ભવનના દ્વાર ખોલવાની સાથે સાથે સમાજની કન્યાઓના જીવનમાં પ્રકાશ પાથરનાર જ્ઞાનના દ્વાર પણ ખુલી જવાના હતા. સાથે સાથે સમાજના કેન્દ્રીય કાર્યાલય સમા પાટીદાર વિદ્યાર્થીભવનના પાંગણમાં પાટીદાર સમાજનું પથ પ્રદર્શન કરનાર, સમાજના આદ્ય સુધારક મહાપુરુષ શ્રી નારણજી રામજી લીંબાણીની પ્રતિમાનું અનાવરણ પણ કરવાનો સમારંભ હતો.

નવલા પ્રભાતની ઉદિત થતા રવિ કિરણોની સાથે સાથે સમાજના આગેવાનો, કાર્યકરો અને ગામે ગામથી પધારેલા જ્ઞાતિના ભાઈ બહેનો પાટીદાર વિદ્યાર્થીભવનના પટ્ટાંગણમાં એકઠાં થવા લાગ્યાં હતા. પાટીદાર સમાજમાં ચેતનાની જ્યોતિ પ્રગટાવનાર પ. પૂ. સંત શ્રી ઓધવરામજી મહારાજના પટ્ટશિષ્ય અને મહાન સંત પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજના પુનિત પગલાંએ પ્રાંગણને પાવન કર્યું અને બરાબર સવારે સાડા સાત વાગ્યે પ. પૂ. શ્રી વાલદાસજી મહારાજના શુભ કર કમળથી દીપજ્યોતિ પ્રગટાવી અખિલ ભારતીય કચ્છ કડવા, પાટીદાર સમાજના ચતુર્થ અધિવેશનને ખુલ્લું મુકવામાં આવ્યું અને સાથે સાથે પૂ. શ્રી નારણજી રામજી લીંબાણીની સ્મૃતિને કાયમ રાખવા (વિરાણી મોટી) પાટીદાર સમાજ દ્વારા અર્પણ કરાયેલ અને પાટીદાર વિદ્યાર્થીભવનના અગ્ર ભાગમાં પ્રસ્થાપિત કરાયેલ પૂ. નારણજી બાપાની પ્રતિમાનું અનાવરણ અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ

પૂંજાભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ રીતે પૂ. શ્રી નારણજી બાપાએ સમાજ સુધારણામાં આપેલ અવિસ્મરણીય યોગદાનને સ્મરણાંજલિ અર્પવામાં આવી હતી. અને આખુંય વાતાવરણ ઉમિયા માતાજીના અને નારણજીબાપાના જયઘોષથી ગાજી ઊઠયું હતું, ત્યારબાદ પ્રાત: સ્મરણીય પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજ ચતુર્થ અધિવેશનના ભંડારામાં પવિત્ર પગલા પાડયા અને ભંડારો ખુલ્લો મૂક્યો.

આ સમારંભ પૂરો થયા બાદ પાટીદાર વિદ્યાર્થી ભવનના આંગણમાં એકત્રિત થયેલ સૌએ શોભાયાત્રાના રૂપમાં ગોઠવાઈ કન્યા છાત્રાલયના નવનિર્મિત ભવન તરફ પ્રસ્થાન કર્યું. હર્ષોલ્લાસના વાતાવરણ વચ્ચે નીકળેલી આ શોભાયાત્રામાં પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજ પણ જોડાયા હતા. સમાજના આગેવાનો, કાર્યકર્તાઓ અને વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહીને આ શોભાયાત્રા સફળ બનાવી હતી. અને સાથે સાથે ધાવડાની બેન્ડ પાર્ટી અને કળશધારી બહેનોએ શોભાયાત્રાને જીવંત અને ધબકતી બનાવી દીધી હતી. તા. ૨૭-૩-૯૩ થી શરૂ થયેલ કન્યા છાત્રાલયના નવા ભવનની વાસ્તુપૂજન વિધિ તેમજ હવનના કાર્યની પૂર્ણાહુતિ પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજના શુભ હસ્તે નાળિયેર હોમીને કરવામાં આવી. આ હવનના મુખ્યયજમાન પદે નખત્રાણાના શ્રી મણીલાલ પૂંજાભાઈ પટેલ રહ્યા હતા. અને તેમની સાથે ૧૧ જેટલી સહાયક યજમાનો એ પણ આ યજ્ઞીય કાર્યમાં ભાગ લીધો. કન્યા છાત્રાલયના વિશાળ ભવનના દ્વારનું પૂજન પ. પૂ. સંતશ્રી વાલદાસજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું ને ત્યારબાદ કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટક લુડવાવાળા શ્રી લધાભાઈ વિશ્રામભાઈ પટેલના શુભ હસ્તે રીબીનની ગાંઠ ખોલીને કન્યા છાત્રાલયની નવા ભવનને વિધિસર રીતે ખુલ્લું મુકવામાં આવ્યું.

કન્યા છાત્રાલયના પ્રાંગણમાં ઊભા કરાયેલ શમિયાણામાં કન્યા છાત્રાલયનો ઉદ્‌ઘાટન સમારંભ ગોઠવાયો હતો જેમાં પાટીદાર સમાજના આગેવાનો ઉપરાંત નખત્રાણાના વેપારી આગેવાનો, સરકારી અધિકારીઓ તેમજ, બહારથી પધારેલા વિશેષ મહેમાનો પણ ઉપસ્થિત હતા. પ્રારંભમાં કચ્છ કડવા પાટીદાર સમાજના મહામંત્રી શ્રી વાલજીભાઈ નારણભાઈ ભગતે સૌને આવકાર્યા હતા. અને ત્યારબાદ પ. પૂ. સંત શ્રી વાલદાસજી મહારાજે સમાજને આશીર્વચન પાઠવ્યાં અને કામના કરી કે કચ્છમાં વેળાસર નર્મદાનાં નીર આવે, કચ્છમાં પુષ્કળ વરસાદ થાય અને કચ્છ કડવા પાટીદાર સમાજ વધુને વધુ સુખી અને સમૃદ્ધ બને.

કન્યા છાત્રાલયના ભવન નિર્માણમાં રૂ. ૫૦,૦૦૦ કે તેથી વધુ દાન આપનાર દાતાશ્રીઓનું જાહેર બહુમાન પણ આ સમારંભમાં કરવામાં આવ્યું હતું તેમાં પ્રાર્થના હોલના રૂ. ૩,૫૦,૦૦૦ સરસ્વતીની મૂર્તિ રૂ, ૩૩,૩૩૩ ભોજનાલય રૂ. ૩,૫૧,૦૦૦, લાયબ્રેરી રૂ. ૨,૫૧,૦૦૦ આવી રીતે લગભગ રૂ. દશ લાખ જેવી માતબર રકમ આપનાર ભાઈઓ પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી દ્વારા મેળવેલ સ્વાધ્યાય વિચારોથી પ્રેરાઈ કોઈ પણ જાતની કાયમી તકતી, નામ, સન્માન કે જાહેરાતની અપેક્ષા વગર ભગવાનના ભાગ તરીકે આપેલ છે જેથી સન્માન પોતાનું ન થાય તે માટે ભગવાનને હાર પહેરાવી તેમનું પૂજન કરવું તેવી ભાવના વ્યક્ત કરતું સૂચન દાતાઓ તરફથી થયેલ તે મુજબ ભગવાન યોગેશ્વર, ભગવાન શંકર અને મા ઉમિયાજીના રાખવામાં આવેલ ફોટાઓને અનુક્રમે પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને ખજાનચીશ્રીએ પુષ્પમાળા અર્પણ કરેલ.

આ ગુપ્તદાનના ઉમદા વિચારો સમાજમાં પ્રવર્તે છે. તેને સમાજના પ્રમુખશ્રી અને ઉપસ્થિત અન્ય આગેવાનોએ બીરદાવેલ અને વર્તમાનપત્રોએ પણ તેની વિશેષ નોંધ લીધેલ.

આ ત્રણ વિભાગના ખંડોમાં તકતીઓ, દાતાઓની ઈચ્છાનુસાર નીચે પ્રમાણે રાખવાનું નક્કી થયેલ.

ભોજનાલય - અન્નપૂર્ણા હોલ •
પ્રાર્થના ખંડ - ઉમા મહેશ્વરમ
વાંચનાલય ખંડ - વાલ્મીકિ જીવન

ત્યારબાદ કન્યા છાત્રાલયના વાસ્તુપૂજનના હવનકાર્યના મુખ્ય યજમાન શ્રી અને છાત્રાલયના મુખ્યદાતા કે જેમણે રૂ. ૩,૩૩,૩૩૩ નું બહુમૂલ્યદાન સમાજને આપ્યું. એવા દાતા શ્રી મણિલાલ પૂંજાભાઈ રામાણીનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ કન્યા છાત્રાલયના અન્ય દાતાશ્રીઓ શ્રી શામજી જીવરાજ લીંબાણી કોટડા (જ) થાણા રૂ. ૫૧,૧૧૧, શ્રી કરમશી જીવરાજ દિવાણી (શિલપરનું કોપર) રૂ. ૫૫,૫૫૫, શ્રી અરજણ લાલજી દિવાણીએ (શ્રી ઓટો, ભૂજ) રૂ. ૫૫,૫૫૫ નું પણ સમારંભમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં મોરબીથી ખાસ પધારેલા મહેમાન અને ત્યાંના સમાજના આગેવાન શ્રી જયરાજભાઈ પટેલે સમાજના ઉત્થાન માટે કેળવણીના મહત્ત્વ ઉપર ખૂબ જ ભાર મૂક્યો હતો. નખત્રાણા વિસ્તારના નાયબ કલેક્ટર શ્રી આઈ. કે. પટેલે કેળવણી ક્ષેત્રે વિકાસ કરવાની ઘણી જરૂર છે. તેમ જણાવ્યું હતું. કન્યાછાત્રાલયના ઉદ્‌ઘાટા શ્રી એલ. વી. પટેલે (મુંબઈ) પૂજ્ય નારણજી બાપાની પ્રતિમાં મૂકી તે બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. નખત્રાણા વેપારી મંડળના પ્રમુખશ્રી ઓધવજીભાઈ ઠક્કરે શુભેચ્છાઓ પાઠવી હતી. સમારંભના અધ્યક્ષ અને સમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ પટેલે કન્યા છાત્રાલય માટે દાન આપનાર વિવિધ દાતાઓનો સમાજ વતી આભાર માન્યો હતો. સમાજના મહામંત્રીશ્રી વાલજીભાઈ નારણભાઈ પટેલે સંચાલનનો દોર સંભાળ્યો હતો.

સરસ્વતી સન્માન સમારંભ

તા. ૨૮/૪/૯૩ બપોરે ૨ કલાકે

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ દ્વારા પ્રતિવર્ષે યોજાતા સરસ્વતી સન્માન સમારંભમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે સમાજના ચતુર્થ અધિવેશનમાં આ સમારંભ માટે અલાયદો સમય ફાળવવામાં આવ્યો હતો. અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ પટેલ, આ સમારંભના અધ્યક્ષ પદે રહ્યા; બાળાઓના સ્વાગતગીત અને સરસ્વતી વંદનાની મધુર સુરાવલીથી આ સમારંભનો પ્રારંભ થયો.

આરંભમાં અ.ભા.ક.ક.પા. યુવક સંઘના મહામંત્રીશ્રી અબજીભાઈ વિશ્રામભાઈ પટેલે સૌનું સ્વાગત કર્યું હતું અને તેઓશ્રીએ પ્રસંગ પરિચય આપતાં જણાવ્યું હતું, ''સમાજના પ્રતિભાવાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા યુવકસંઘ દર વર્ષે આવો સમારંભ યોજે છે. જેમાં કોઈપણ ફેકલ્ટીમાં ડીગ્રી મેળવનાર અને તેમાં પ્રથમવર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને સન્માનવામાં આવે છે. વ્યાવસાયિક અભ્યાસ ક્રમના વિદ્યાર્થીઓ અને કન્યાઓ માટે વર્ગનો બાધ નથી તેમ છતાં કન્યાઓનું પરિણામ ઊંચું જોવા મળ્યું છે. તે સમાજ માટે આશાસ્પદ બાબત છે.'' આ વર્ષે આવા ૩૮ જેટલા વિદ્યાર્થીઓના સન્માનની યાદીમાં નામો નોંધાયાં છે.

યુવક સંઘના મંત્રીશ્રી લાલજીભાઈ નાગજીભાઈ પારસીયા એ આ વર્ષના સન્માન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનાં નામોની ઉદ્‌ઘોષણા કરી હતી, તેમાંના હાજર વિદ્યાર્થીઓએ સમાજના આગેવાનો અને વડીલોના શુભ હસ્તે સન્માન ગ્રહણ કર્યું હતું અને સન્માન પ્રાપ્ત પ્રતિભાઓ પૈકી જેન્તીલાલ એમ. પટેલ, વસંતભાઈ ડી. રામાણી, પ્રવીણભાઈ પટેલ, દમયંતી પી. લીંબાણી અને જેન્તીલાલ બી. ધોળુ એ સન્માનના પ્રત્યુત્તરમાં આભાર પ્રદર્શિત કર્યો હતો.

યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ખીમજીભાઇ લખમશીભાઇ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં તે વિદ્યાર્થીઓને ભાગ્યશાળી ગણાવ્યા હતા કે, જેમને અધિવેશનમાં જ્ઞાતિના વિશાળ સમુદાય વચ્ચે સન્માન પ્રાપ્ત કરવાનો લાભ મળ્યો. વધુમાં તેમણે નવચેતન યુવક મંડળ, કલકત્તા દ્વારા પૂ. નારાયણજી બાપાની સ્મૃતિમાં તેમના નામ પરથી શરૂ કરવામાં આવેલ શિષ્યવૃત્તિનો ઉલ્લેખ કર્યો હતો. પ્રિન્સિપાલ રતિભાઇ પટેલે પોતાના પ્રવચનમાં વિદ્યાર્થીઓને ટકોર કરી કે તેમણે ભણવા ખાતર ભણીને સામાન્ય ડીગ્રી મેળવવાનું લક્ષ ન રાખતાં વિશિષ્ટ ક્ષેત્રોમાં જોડાવું જોઇએ અને સિદ્ધિ મેળવી સમાજને ગૌરવ અપાવવું જોઇએ. તેઓશ્રીએ નબળી આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓ માટે સમાજે ફ્રીશીપ અથવા લોનસ્કોલરશીપ શરૂ કરવા સૂચન પણ કર્યું હતું. યુવકસંઘના ઉપપ્રમુખ શ્રી નારાણભાઇ પટેલે પોતાના પ્રવચનમાં સાબરકાંઠાના પાટીદારભાઇઓએ સાધેલી શૈક્ષણિક પ્રગતિનો ઉલ્લેખ કરીને કચ્છના વિદ્યાર્થીઓને તેમાંથી પ્રેરણા મેળવવા જણાવ્યું હતું. મંજુલાબહેન ઉકાણીએ જણાવ્યું કે, ''કન્યાઓને ઉચ્ચ શિક્ષણ લેતી કરવી હોય તો જ્યાં અભ્યાસના જુદા જુદા ક્ષેત્રોની વિશાળ તકો ઉપલબ્ધ હોય તેવા કેન્દ્રોમાં કન્યા છાત્રાલયો ઉભાં કરવાં જોઇએ.'' યુવકસંઘના પ્રમુખશ્રી ગંગારામભાઇ હીરજીભાઇ પટેલે સન્માન મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં અને સાથે સાથે ગેરહાજર રહેલ વિદ્યાર્થીઓને મીઠી ટકોર પણ કરી હતી અને સમાજના વધુને વધુ વિદ્યાર્થીઓ આગળ આવે અને સન્માન પ્રાપ્ત કરે એવી આશાપણ દર્શાવી હતી. અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ પટેલે પ્રમુખ સ્થાનેથી પોતાના પ્રવચનમાં ૩૨ વર્ષ પૂર્વના અને હાલના શૈક્ષણિક સ્તરની તુલના કરતાં સમાજના ઊંચા શૈક્ષણિક વિકાસ માટે સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો હતો; પણ સાથે સાથે સમાજના સભ્યોનું જીવન ધોરણ પણ ઊંચું જવાથી શૈક્ષણિક છાત્રાવાસોની સુવિધાઓની માંગ પણ વધી છે. અને એ અપેક્ષા સંતોષવા સમાજે પહેલાંની અપેક્ષાએ વધુ સગવડોવાળા છાત્રાલયો બનાવ્યાં છે; પણ સમાજના પ્રત્યેક સભ્યની એ ફરજ બની રહે છે કે તેમણે લગ્નપ્રસંગે કે બીજા પ્રસંગે થતા બિનજરૂરી ખોટા ખર્ચ પર કાપ મૂકી, તે ધન તેઓ સમાજે આદરેલી આવી શૈક્ષણિક સંસ્થાઓ તરફ વાળે તેવી અપીલ કરી હતી. યુવક સંઘના મંત્રીશ્રી દેવશંકરભાઇ પટેલના આભારદર્શન સાથે સરસ્વતી સન્માન સમારંભ પૂર્ણ થયો હતો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન

તા. ૨૮/૪/૯૩ બપોરે ૩-૩૦ કલાકે

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા નિર્મિત અને સંચાલિત છાત્રાલયો જે હાલે નખત્રાણા, ભૂજ અને માંડવી ખાતે વિદ્યમાન છે. તેમાં રહીને પોતાની શૈક્ષણિક કારકિર્દી બનાવીને સમાજમાં ગોઠવાઇ ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક મિલન યોજવા અને પોતાના પરના સમાજના ઋણનો જાહેરમાં સ્વીકાર કરવા આ અધિવેશનમાં થોડો સમય માજી વિદ્યાર્થીઓની સભા માટે અનામત રાખવામાં આવેલ હતો. સમાજના વડીલોની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સભાનું પ્રમુખ પદ મેઘજીભાઇ દિવાણી એ સંભાળ્યું હતું અને સભાનું સંચાલન માજી વિદ્યાર્થી સમિતિના કન્વીનર શ્રી માવજીભાઇ કેશરાભાઇ ભગતે કર્યું હતું.

આરંભમાં દક્ષેશ નાકરાણીએ એ સૌને આવકાર્યા અને ત્યારબાદ માજી વિદ્યાર્થી મિત્રોએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં. આમારાનાં શ્રી શિવજીભાઇ બી. પટેલે પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું કે છાત્રાવાસોમાં રહીને ભણવાથી વિદ્યાર્થીમાં ઘણા બધા જીવન ઉપયોગી ગુણો અને શક્તિઓનો વિકાસ થાય છે. ભૂજના શ્રી જી. વી. પાટીદારે મંતવ્ય વ્યક્ત કર્યું; ''અમારા સમયમા ઓછી સગવડ વચ્ચે પણ ભણવાની વિદ્યાર્થીઓમાં જે ધગશ દેખાતી હતી તે આજે સમાજે આટલી બધી સુવિધાઓ આપ્યા પછી પણ રહી નથી તે નિરાશાજનક સ્થિતિ છે.'' રવાપરના એડવોકેટ શ્રી દક્ષેશ નાકરાણીએ જણાવ્યું કે સમાજમાં થતું શોષણ અટકાવવા કાયદાનું જ્ઞાન હોવું જરૂરી છે. વાલ્કા (મોટા) ના રતિલાલ એમ. પટેલના વક્તવ્યનો સૂર એવો હતો કે ગ્રામ વિસ્તારમાં શિક્ષણની અપૂર્તિ વ્યવસ્થા હતી તેવા સંજોગોમાં સમાજના દૂરંદેશી વડીલોએ છાત્રાલયો આપીને સમાજના શૈક્ષણિક વિકાસમાં બહુમૂલ્ય પ્રદાન કર્યું છે. શ્રી શંભુભાઇ સી. પટેલે પોતાના વિચારો આપતાં જણાવ્યું કે હોસ્ટેલમાં રહેવાથી પરસ્પર સ્નેહ, સમભાવ અને સહિષ્ણુતા જેવા ગુણો કેળવાય છે અને તંદુરસ્ત હરીફાઇ થતી હોવાથી વિવિધ શક્તિઓને બહાર લાવવાની તક મળે છે. શ્રી પ્રેમજીભાઇ બી. કેશરાણીએ શિક્ષણનો વ્યાપ વધારવા છાત્રાલયોની શી ભૂમિકા હોઇ શકે તે વિગતે સમજાવ્યું. કનકપુરના શ્રી ગોવર્ધનભાઇ એસ. પટેલે સમાજ અને વડીલો તરફથી આપણને જે પ્રેરણા અને માર્ગદર્શન મળ્યું છે તેવું માર્ગદર્શન આપણે પાછળની પેઢીને આપીને સમાજપરનું ઋણ અદા કરી શકીએ એવો મત વ્યક્ત કર્યો હતો. શ્રી મનજીભાઇ પટેલ પોતે અપંગ હોવાછતાં આજે સમાજમાં સ્વમાનભેર જીવી શકે છે તેનો યશ તેમણે સમાજને આપ્યો હતો અને પોતાના પરનું ઋણ ઊતારવા પોતાની આવકમાંથી પ્રતિવર્ષ રૂ. ૧૦૦૦/- સમાજને દિવાળી બોનસરૂપે ભેટ મોકલે છે. અને મોકલાવતા રહેશે એવી જાહેરાત કરી હતી.

શ્રી ગંગારામ હીરજી પટેલે માજી વિદ્યાર્થીઓની પરિષદનું ઔચિત્ય સમજાવતાં જણાવ્યું કે, ''સમાજની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા સમાજના વડીલોને સહાયરૂપ નીવડે તેવા નિષ્ઠાવાન કાર્યકર્તાઓ બહાર આવે એ આવા મિલનો પાછળનો ઉદ્દેશ છે.'' વધુમાં તેમણે માજી વિદ્યાર્થીઓને અપીલ કરતાં ઉમેર્યું કે સમાજને આર્થિક સહાયની સાથે સાથે તેમનામાં રહેલી બુદ્ધિ શક્તિની વિશેષ જરૂર છે. અને સમાજદ્વારા ચલાવતાં વિવિધ છાત્રાલયોના સંચાલનમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સ્વાનુભવોનું દાન આપે તો તેમણે સાચા અર્થમાં સમાજનું ઋણ ચૂકવ્યું ગણાશે. રસીલાબેન પટેલના વક્તવ્યનું તારણ એ હતું કે; કન્યાછાત્રાલયો શરૂથવાથી કન્યા કેળવણીનું સ્તર ઊંચું ગયું છે.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ પટેલે આર્શિવચન પાઠવતાં જણાવ્યું કે; માજી વિદ્યાર્થીઓએ તેમના પરના સમાજના ઋણની અદાયગી માટે પોતાની યતકિન્ચિત શક્તિ સમાજને ચરણે ધરવાની જે તત્પરતા દર્શાવી છે. તેને સમાજ સહર્ષ આવકારે છે.

સભાને અંતે શ્રી હરિભાઇ પટેલે માજીવિદ્યાર્થી સભાએ તૈયાર કરેલ ઠરાવોનું વાચન કર્યું હતું અને પરિષદે તાળીઓ પાડીને તેનું સમર્થન કર્યું હતું, અંતે અમૃતલાલ પી. પટેલના આભાર દર્શન સાથે માજી વિદ્યાર્થી પરિષદ પૂર્ણ થઇ હતી.

પાટીદાર યુવા ક્રાન્તિદળ પરિષદ

તા. ૨૮/૪/૯૩ સાંજે ૫ કલાકે

અધિવેશનના આયોજકોએ પ્રથમ દિવસનો અંતિમ કલાક પાટીદાર યુવા ક્રાંતિદળની સભા માટે ફાળવેલ હતો. પાટીદાર યુવાક્રાંતિદળના પ્રમુખ શ્રી રતિલાલ પ્રેમજી ખેતાણી એજ સભાનું પ્રમુખસ્થાન લીધું હતું અને અતિથિ વિશેષ તરીકે પશ્ચિમ કચ્છના નાયબ કલેક્ટર શ્રી આઇ. કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સભાના સંચાલક શ્રી ચંદુભાઇ પટેલે સ્વાગતની ઔપચારિકતા પૂરી કર્યા બાદ પાટીદાર યુવા ક્રાંતિદળના પ્રેરક અને માર્ગદર્શક શ્રી ડૉ. શાંતિલાલ એમ. સેંઘાણી એ દળની રચના પાછળની પૂર્વભૂમિકા અને દળના ઉદ્દેશોને સભા સમક્ષ મૂક્યા હતા. ગામડાંમાં રહેતા અજ્ઞાન અભણ અને નબળા લોકો અને ખાસ કરીને ખેડૂત વર્ગના લોકોનું અસામાજિક તત્ત્વો; નિહિત સ્વાર્થી રાજકારણીઓ અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા થતી કનડગત, શોષણ અને પૈસા પડાવવાની પ્રવૃત્તિને નાથવા અને અન્યાય સામેના પ્રતિકાર કરવાની આવશ્યકતામાંથી આ

મંડળનો જન્મ થયો. સમાજ વિરોધી તત્ત્વોને ખૂલ્લાં પાડવા, તેમના દ્વારા થતી રંજાડ સામે પ્રતિકાર કરવા; સ્થાનિક યુવાનોને બળ આપવા. અને જરૂર પડે મદદ આપવાના ઉદ્દેશથી આ મંડળની રચના થઇ છે. તેમણે યુવાનોને સંગઠિત બની અસામાજિક તત્ત્વોને નીડરતાથી પડકારવાની હાકલ કરી હતી. ક્રાંતિદળના બીજા સલાહકાર કોટડા (જ.) ના શ્રી ઇશ્વરભાઇ માવજીભાઇ પટેલે આજ લગી દળે કરેલ પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. માથાભારે તત્ત્વો દ્વારા ખોટા દસ્તાવેજ ઊભા કરી પાટીદાર ખેડૂતોની જમીન હડપ કરી જવાના પ્રશ્નો હોય કે પછી પોલીસ દ્વારા ખેડૂતોને થતી કડનગત ના પ્રશ્નો હોય, ગામડાના યુવાનોને નેતૃત્વ માટે આગળ લાવવાની બાબત હોય કે આપણી બહેન દીકરીઓ સાથે અસભ્ય વર્તન કરતાં તત્ત્વોને પાઠ ભણાવવાની બાબત હોય, ક્રાંતિદળે તેને હાથમાં લઇ સફળતાથી પાર પાડી છે. એવું જ્યારે ઇશ્વરભાઇએ જણાવ્યું ત્યારે તેમની સફળતાને સભાએ તાળીઓ પાડીને દાદ આપી હતી. તેમણે સમાજને સુરક્ષા કવચ પૂરું પાડનાર આ યુવા પ્રવૃત્તિને સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

પાટીદાર યુવા ક્રાંતિદળના માજી મહામંત્રી શ્રી વસંતકુમાર કાનજીયાણીએ; યુવાનોને સંગઠિત બની કાર્ય કરવા પર ભાર મૂક્યો હતો અને મુશ્કેલીમાં આવી પડેલા કોઇપણ ભાઇને સ્થાનિક યુવાનો અને સમાજ તરફથી પૂરતું પીઠબળ પૂરું પાડવા અપીલ કરી હતી. પાલનપુરના શ્રી દેવજીભાઇ માવજીભાઇ પટેલે પોતાની જોશીલી વાણીમાં જે વક્તવ્ય આપ્યું તેનો સાર એ હતો કે પ્રત્યેક યુવાન સિંહ જેવો બહાદુર બને અને કોઇપણ યુવાન પ્રલોભનમાં ફસાઇ સમાજદ્રોહી તત્ત્વોને સહકાર ન આપે તે જરૂરી છે.

કોટડા (જ.)ના શ્રી અરવિંદભાઇ કરશનભાઇ લિંબાણીએ વડીલોને અપીલ કરીકે તેઓ આવી પડેલી પરિસ્થિતિથી ડરીને તેને શરણે જઇ પતાવટ કરવાની ચાલી આવતી પ્રથાને છોડી અને પરિસ્તિતિનો સામનો કરવા સજ્જ થવું જોઇએ. અમરગઢના શ્રી કેશવલાલ શિવદાસ પટેલે પોતાના ટૂંકા વક્તવ્યમાં એક સચોટવાત સમાજ સમક્ષ મૂકી કે સ્વમાનને ભોગે પૈસો કમાવાનો અર્થ નથી. આપણી સમાજ પાસે અઢળક પૈસો છે. સ્વમાનભેર જીવવાની અને સ્વમાન હણાય તો પ્રતિકાર કરવાની ક્ષમતા કેળવવાની આજે જરૂર છે.

કપડવંજથી આવેલા શ્રી નારણભાઇ પટેલે જુસ્સાદાર શૈલીમાં પ્રવચન કર્યું હતું અને સભાની તાળીઓ મેળવી હતી તેમણે ક્રાંતિદળના હોદ્દેદારોએ યુવાનોમાં જોમ જગાડનાર અને પ્રાણપુરનાર યુવા ક્રાંતિદળની રચના કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. સાથે સાથે યુવાનોને શીખ આપતાં જણાવ્યું કે ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવાની નેમ સાથે નીકળેલો ક્રાંતિદળનો પ્રત્યેક યુવાન અણીશુદ્ધ ચારિત્ર્યવાળો હોવો જોઇએ તોજ પોતાનો પ્રભાવ સમાજપર પાડી શકશે.

સમારંભના મુખ્ય મહેમાન ડેપ્યુટી કલેક્ટર શ્રી આઇ. કે. પટેલે અસ્ખલિત વાકપ્રવાહ વહેવડાવીને આખી સભાને મંત્રમુગ્ધ કરી દીધી હતી. મુકરર કરેલ સમય પૂરો થઇ ગયો હોવા છતાં સભા શાંતિથી બેસી રહી હતી. તેજ તેની પ્રભાવશાળી વાણીની પક્કડ દર્શાવતી હતી. તેઓશ્રીએ પાટીદાર સમાજના સહવાસ અને અત્યાર સુધીના અભ્યાસ તેમજ અનુભવના આધારે જે નિષ્કર્ષ તારવ્યો અને સમાજની જે વાસ્તવિક સ્થિતિ સભા સમક્ષ મૂકી તેમાં સચ્ચાઇનો રણકો હતો. તેમના જણાવ્યા અનુસાર પાટીદાર સમાજ હજુ પણ ભયના ઓથાર નીચે જીવે છે. તેમાં ખાસ કરીને સરકારી તંત્રની ભીતિ સવિશેષ જોવા મળે છે. તે દૂર કરવાની અનિવાર્ય પણે જરૂર છે અને બીજીવાત તેમણે કરી તે એ હતી કે પાટીદાર સમાજમાં નૈતિક મનોબળ ઘણું ઓછું છે. તેમણે વડીલોને અનુરોધ કર્યો હતો કે તમે સંતાનોને વારસામાં ગમે તેટલું ધન આપો પણ જો તેમને પરિસ્થિતિ સામે બાથ ભીડવાની નૈતિક તાકાત નહિ આપો તો તે આપેલું ધનપણ નિરર્થક છે. તેમણે યુવાનોને પણ ભલામણ સ્વરૂપે મૂલ્યવાન સૂચનો આપતાં જણાવ્યં; તમે કોઇ પ્રશ્ન હાથમાં લેતાં પહેલાં તેનો તલસ્પર્શી અભ્યાસ કરી સાચો પ્રશ્ન હોયતોજ હાથમાં લો અને જ્યાં લગી સુમેળ અને સમજાવટથી પતતું હોય ત્યાં લગી સંઘર્ષમાં ન ઊતરો.'' કાંતિદળનો સંઘર્ષ અસામાજિક તત્ત્વોની સામે હોવો જોઇએ; ચોક્કસ કોમની સામે નહિ. છેલ્લે તેમણે નિર્દેશ આપ્યો કે કાંતિદળે અન્યાયની સામે લડવાની સાથે સાથે સમાજને ઉપયોગી રચનાત્મક કાર્યો પણ હાથ ધરવાં જોઇએ તો દળમાત્ર લડાયક હોવાની એક તરફી છાપ ભૂંસી શકાશે.

નખત્રાણાના શ્રી ખીમજીભાઇ લખમશીભાઇ લીંબાણીએ પોતાના ટૂંકા છતાં માર્મિક પ્રવચનમાં જણાવ્યું કે પોતાનું રક્ષણ કરવાનો પ્રત્યેક ને અધિકાર છે. એ રીતે બળવો કરવા માટે નહિ પણ સામનો કરવા માટે ક્રાંતિદળની રચના થઇ તે ઉચિત જ છે. સમાજના દરેક નાગરિકને તેજસ્વીતાથી અને સ્વમાન પૂર્વક જીવવાનો હક્ક છે. અને તેનો એ હક્ક છીનવાતો હોય ત્યાં અન્યાય સામે પ્રતિકાર કરવો પણ, એમ કરતાં કોઇને અન્યાય ન થાય એ પણ ખ્યાલમાં રાખવું પડશે. અંતમાં તેમણે પાટીદાર સમાજને રચનાત્મક સહયોગ આપવાની વિનંતી કરી. સંચાલકશ્રીના આભાર સાથે આ સભા સાંજના સાડા છ કલાકે પૂર્ણ થઇ.

મહિલા પરિષદ

તા. ૨૯/૪/૯૩ સવારે ૮ કલાકે

તા. ૨૯ અપ્રિલ'૯૩ના મંગલ પ્રભાતે ભગવાન સૂર્યનારાયણે પોતાનાં સોનેરી કિરણોને અવનિપર ફેલાવીને જેમ એક નવલ દિનનો પ્રારંભ કર્યો તેમ પાટીદાર વિદ્યાર્થીભવનના પટ્ટાંગણમાં પાટીદાર સમાજની નૂતન આશા ના કિરણો સમી સમાજની મહિલાઓએ પોતાની આગવી પરિષદનો મંગલ પ્રારંભ કર્યો. વિદ્યાર્થીભવનના પ્રાગણમાં દૂર દૂરનાં ગામડાઓમાંથી ઊમટેલા વિશાળ મહિલા સમુદાયે વિશાળ મંડપને છલકાવી દીધો. રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરેલી મહિલાઓથી ભવનનું આંગણ એવું શોભતું હતું કે જાણે કોઇ કુશળ ગૃહિણીએ પોતાના આંગણમાં અવનવા રંગોની રંગોળી પૂરી હોય !

કુ. ચંદ્રિકા દેવશંકર પટેલના ગાયત્રી વંદનાના મધુર સૂરોથી પરિષદનો શુભારંભ થયો. મહિલાઓની વિકાસ કેડીને પ્રકાશિત કરવા દીપક જલાવાયો હોય તેમ શ્રીમતી ભાનુબહેન વી. પટેલે માતાજી પાસે દીપ પ્રગટાવી મહિલા પરિષદને ખુલ્લી મૂકી અને સમૂહમાં ગવાયેલા પ્રેરણાગીતના શબ્દો વાતાવરણમાં ગુંજી ઊઠયા.

"સબ દુનિયા સે વીર બહાદુર નારી હિન્દુસ્તાનકી,
દેશ ધરમ પર મિટને વાલી મૂર્તિ હૈ બલિદાનકી."

ચતુર્થ અધિવેશન પ્રસંગે યોજાયેલી સમાજની મહિલાઓની આ તૃતીય પરિષદ હતી જેનું પ્રમુખસ્થાન શ્રીમતી ભાનુબેન વી. પટેલે સંભાળ્યું અને શ્રીમતી મંજુલાબહેન ઉકાણીએ સભાના સંચાલનનો દોર હાથમાં લેતાં સૌનું હાર્દિક સ્વાગત કર્યું અને પ્રસંગ પરિચય આપતાં જણાવ્યું કે હમેશા ભાઇઓ નેજ મંચ પર જોવા ટેવાયેલી આંખોને આટલી બધી મહિલાઓને મંચ પર એકત્ર થયેલી જોઇને કૌતુક થતું હશે એથી વધું આશ્ચર્યની વાતતો એ છે કે, પરિષદનો સમય પણ ઓછો પડે એટલી મોટી નામાવલિ બોલનાર મહિલાઓની છે; એ મહિલાઓમાં આવેલી જાગૃતિ સૂચવે છે. અને ખરેખર મંડપમાં પણ ભાઇઓની સરખામણીમાં બહેનો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મંજુલાબહેનની વાતને જાણે સમર્થન આપી રહી હતી !

સભાના પ્રથમ વક્તા શ્રીમતી શાન્તાબહેન પરસોત્તમભાઇ પટેલે સૌને સમાજને એક તાંતણે બાંધી રાખનાર સમાજના નિયમો અને રિવાજો પવિત્ર ફરજ સમજીને પાળવાની અપીલ કરી હતી અને સાથે સાથે સમયને અનુરૂપ સૌ પાળી શકે એવાજ રીતરિવાજો ઘડવાની પણ તેમને વિનંતી કરી હતી. ત્યારપછીના વક્તા દેવપરના શ્રીમતી પાનુબેન શંકરલાલ પટેલે; ઘૂંઘટપ્રથાને

તિલાંજલિ આપવાની વાત કરી. હરિપુરાના સાવિત્રીબહેન કાનજીભાઈ પટેલે બહેનોને જાગૃતિ માટે હાકલ કરી. અમદાવાદના ગંગાબેન વિઠ્ઠલભાઈ પટેલે મહિલાઓને ટકોર કરતાં જણાવ્યું કે; સમાજે ઘડેલા રિવાજોનું ઉલ્લંઘન કરવામાં ભાઈઓ કરતાં બહેનો વધુ જવાબદાર છે. જ્યારે શ્રીમતી લીલાબેન નરશીભાઈ પટેલે ખૂબજ સરસરીતે અને મુદ્દાસર પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે સમૂહલગ્નના ફાયદા જણાવીને મોટા લગ્ન સમારંભોમાં થતા સંપત્તિ પ્રદર્શન કરવાના નાદમાં ન પડતાં, સાદાઈથી સમૂહલગ્નમાં જોડાવું જોઈએ; એવી ભલામણ કરી અને અંધશ્રદ્ધાથી દૂર રહેવા અને ખોટા રિવાજો પાછલા બારણેથી પ્રવેશી ન જાય તે જોવા બહેનોને વિનંતી કરી હતી. દિલ્હીના પ્રતિનિધિ બહેન શ્રીમતી ઝવેરબહેન ગંગારામ સાંખલાએ લીલાબહેનની વાતનું સમર્થન કર્યું અને વધુમાં ઉમેર્યું કે સમાજની પુસ્તિકામાં દર્શાવેલ રિવાજો સિવાયના પાછળથી ઘર કરી ગયેલ રિવાજોનું પ્રમાણ કચ્છમાં વિશેષ જોવા મળે છે. પાલનપુરના ગંગાબહેન દેવજીભાઈ પટેલે, સમાજમાં અપવાદરૂપ કિસ્સાઓમાં કન્યાઓ આંતર જ્ઞાતીય લગ્ન કરે છે; તે બાબતે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. વિરાણી મોટીની મહિલાઓ વતી શ્રીમતી બચુબહેન જયંતીલાલ પટેલે આણા પ્રસંગે ભોજનની પ્રથાને ચાલુ રાખવાની તરફેણ કરી હતી. નાગપુરના શ્રીમતી હીનાબહેન ગુણવંતભાઈ રામાણી એ આઠ-દશ વર્ષના અંતરે યોજાતાં મહિલા સંમેલનોને મહિલાઓની જાગૃતિ માટે ઉપકારક ગણાવ્યાં હતાં. ભૂજના કુ. જિજ્ઞાસા વાલજીભાઈ પટેલે; સરળ છતાં વેધક અને ચિંતનીય વક્તવ્ય આપ્યું હતું સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાનો ફાયદો ઉઠાવીને ભૂવા, બાવા અને તાંત્રિકો દ્વારા હથેળીમાં ચાંદ બતાવીને લોકોને છેતરવાની પ્રવૃત્તિ તરફ લાલબત્તી ધરી હતી. સૌને અંધશ્રદ્ધાના અંધકારમાંથી બહાર આવવા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિ કેળવવા અપીલ કરી હતી. જિજ્ઞાસાએ મરણબાદ બારમા તેરમામાં થતા બિન જરૂરી ખર્ચ અને ઘૂંઘટ પ્રથા પર પણ આકરા પ્રહારો કર્યા હતા. નખત્રાણાના નર્મદાબહેન વેલજીભાઈ પટેલ અને કોટડાના શાંતાબહેન લખમશી પોકારે સમાજ દ્વરા ઘડાતા નિયમોનું પાલન કરવા મહિલાઓને અપીલ કરી હતી.

પ્રવચનોનો એક દોર પૂરો કર્યા બાદ મહિલા પાંખ દ્વારા તૈયાર કરવામાં આવેલા ઠરાવો રજૂ કરાયા, મહિલાઓના પ્રતિનિધિ તરીકે શ્રીમતી મંજુલાબહેન ઉકાણીએ સમાજની મહિલાપાંખને માન્યતા માટેનો અને બંધારણીય સત્તાઓ માટેનો ઠરાવ રજૂ કર્યો જેને, મુંબઈના નર્મદાબેન નારણભાઈ પટેલે અનુમોદન આપ્યું અને પરિષદમાં ઉપસ્થિત મહિલાઓએ હાથ ઊંચા કરીને આ ઠરાવને સર્વાનુમતે પારિત કર્યો. બીજો ઠરાવ કન્યાઓના શિક્ષણ અંગેનો હતો જે અમદાવાદના રેખાબહેન વિનોદભાઈ પટેલે મૂક્યો અને નખત્રાણાના જયાબહેન વાલજીભાઈ પટેલે તેને ટેકો આપ્યો. ઘૂંઘટપ્રથા અંગેનો ઠરાવ રતનબહેન માવજીભાઈ પટેલે રજૂ કર્યો અને પાર્વતીબહેન માધવજીભાઈ અમરતીયા (ભૂજ) એ સમર્થન આપ્યું હતું. ભુજના શ્રીમતી સુશીલાબહેન કાન્તિભાઈ પાટીદારે મહિલાઓ પર થતા અત્યાચારો રોકવા અંગેનો ઠરાવ રજૂ કર્યો અને નખત્રાણાના દેવકીબહેન શિવદાસભાઈ ધનાણીએ તેને ટેકો આપ્યો હતો. આમ આ પરિષદમાં ચાર ઠરાવ રજૂ કરાયા અને ઉપસ્થિત મહિલાઓનું બહોળું સમર્થન પણ મળ્યું. આ ઠરાવોની શબ્દસહ નોંધ સ્મરણિકાના અલગ વિભાગમાં કરેલ છે.

પ્રવચનનો બીજો દોર અંગીયાના શ્રીમતી હંસાબહેન લાલજીભાઈ પટેલના સંબોધનથી શરૂ થયો. હંસાબહેન લાલજીભાઈ પટેલે નારીને નૈસર્ગિક રીતે મળેલા વાત્સલ્ય, સમર્પણ, નમ્રતા કરુણા, ક્ષમા જેવા ગુણોને ખિલવવા કૃતનિશ્ચયી બનવા સદ્રષ્ટાંત ચર્ચા કરી. નાગપુરના ચંપાબહેન જેન્તીલાલ પટેલે ઘૂંઘટ પ્રથાના નાદમાં સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા ઘૂસી ન જાય અને મર્યાદા ચૂકી ન જવાય તે જોવા બહેનોને ભલામણ કરી.

સુરતના શ્રીમતી રતનબહેન કરસન પટેલે બોલામણાની બાબતે પોતાનો મત દર્શાવ્યો. લુડવાના અમૃતાબહેન નરશીભાઈ છાભૈયાએ આજના સમયમાં શિક્ષણનું કેટલું મહત્ત્વ છે તે સમજાવતા બાળકના ઘડતરમાં માતાની શી ભૂમિકા હોય છે તે પણ સમજાવ્યું અને મિતલબહેન નાનાલાલ ઉકાણી અને શીલાબહેન લાલજીભાઈ પારસીયાએ કન્યા કેળવણી પર ભાર મૂક્યો. મથલના શ્રીમતી મેઘબાઈ મનજીએ લંબાણથી પોતાની આપવીતી કહી જે આવી જાહેર સભામાં અપ્રસ્તુત ગણાય. વડાલીના શ્રીમતી પાર્વતીબહેન જીવરાજભાઈ પટેલે ઘૂંઘટ પ્રથાની તરફેણ કરી. પાટીદાર સૌરભના સંપાદિકા નીતાબહેન પ્રસંગોપાત કપડાંની જે લેવડ દેવડ થાય છે, તેને બદલે કવરપ્રથા એટલે કે રોકડમાં આપવાની પ્રથા દાખલ કરવા સૂચન કર્યું હતું. હીરાબહેન નારણભાઈ પોકારે અત્રેથી જેટલું બોલાય છે એટલું પળાવું જરૂરી છે એવી ટકોર કરી અને ભૂજના નીતાબહેન સુરેશભાઈ અમૃતિયાએ કન્યાઓ વધુને વધુ શિક્ષણ મેળવી બન્ને કુળોને ઉજાળે એવો અનુરોધ કર્યો.

બહેનો માટે માત્ર શિક્ષણ મેળવવું એટલું જ પર્યાપ્ત નથી સાથે સાથે જીવનઉપયોગી સંસ્કારો અને સદગુણોની પણ આવશ્યકતા છે. અને ખાસ કરીને સ્ત્રીમાં રહેલા સહજગુણોને ખિલવવા ભારતના નારી રત્નોના દાખલાઓ આપી સૌને હૃદયસોંસરી ઊતરી જાય એવી છટાદાર શૈલીમાં જયશ્રીબહેન પરસોત્તમભાઈ નાથાણીએ વાકધારા વહેવડાવી સભાની દાદ મેળવી. તલોદના વીણાબહેન ભગવાનભાઈ પટેલે મહિલાજાગૃતિ માટે કચ્છનું ઉદાહરણ લઈ ગુજરાતમાં કંપા વિસ્તારમાં વસતા પાટીદાર ભાઈઓ આવી મહિલા સભાઓ યોજે એવો અનુરોધ કર્યો હતો. સાંયરાના ભારતીબહેન ડાહ્યાલાલનું સૂચન હતું કે, કન્યાઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં વાલીઓ અવરોધ રૂપ ન બને. દેશલપર ગુંતલીના શ્રીમતી દમયંતીબેન હરિલાલ સમાજના રિવાજો તોડવાની બાબતે બહાર વસતી મહિલાઓ કચ્છની મહિલાઓ પર દોષારોપણ કરે છે તે યોગ્ય નથી. એવું જણાવ્યું. દેવીસરના કાન્તાબેન નાનજીભાઈ પટેલે સંતાનોનાં ઘડતરમાં માતાપિતાની સમાન ફરજ છે. તે અદા કરવામાં ચૂક થવી ન જોઈએ. એમ જણાવ્યું. કલકત્તાના રામબાઈ વિશ્રામ પટેલે ગરીબ કે શ્રીમંત ઘરમાંથી આવેલી પુત્રવધૂઓ માટે પક્ષપાત ભર્યું વલણ ન રાખવા ભલામણ કરી. ભુજના નીલમબહેન ભૂપેન્દ્રભાઈ પટેલે અલંકારિક ભાષામાં પોતાનું વક્તવ્ય આપ્યું. જેનો સાર એ હતો કે સમતોલ અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરવું હશે તો એ જરૂર છે કે પ્રત્યેક મા-બાપ પુત્ર-પુત્રીને સમાન ગણે અને પુત્ર હોય કે પુત્રી, બન્નેનાં ઉછેર અને શિક્ષણમાં લગીર પણ પક્ષપાત ન રાખે. શાન્તાબહેન ભગવાનભાઈ પટેલે પરિષદ યોજવા બદલ આયોજકોનો આભાર માન્યો. દયાપરના શ્રીમતી રેખાબહેન બી. પટેલે પોતાના હૃદય સ્પર્શી વક્તવ્યમાં ભારતીય સંસ્કૃતિમાંથી મળેલા ભારતીય નારીને શોભે તેવા ઉજ્જ્વલ સંસ્કારો ધારણ કરી પોતાની અને કુળની શાન વધારે એવી અપીલ કરી.

મંચ પર ઉપસ્થિત સમાજના વડીલો પૈકી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ પટેલે મહિલા પરિષદને સંબોધી હતી. તેઓશ્રીએ સર્વ પ્રથમ તો મહિલાઓની વિશાળ ઉપસ્થિતિને પરિષદની સફળતા ગણાવી. પરિષદની આયોજક બહેનોને અભિનંદન આપ્યાં હતાં અને મંચ પરથી મુક્તપણે વિચાર વ્યક્ત કરતી મહિલાઓને જોઈ પ્રસન્નતા વ્યક્ત કરી. વધુમાં પ્રમુખશ્રીએ પોતાના ભાવવાહી પ્રવચનમાં જણાવ્યું કે સમાજના દીકરાઓની સાથે સાથે દીકરીઓ પણ વધુને વધુ શિક્ષણ મેળવી આગળ આવે એવું સમાજના વડીલોનું સ્વપ્ન સાકાર થતું જણાય છે એ અમારા માટે આનંદની વાત છે. તેમણે વધુમાં ઉમેર્યું કે; ભૂતકાળમાં મહિલાઓએ ઘણું સહન કર્યું છે. હવે તેમને સહન કરવું ન પડે અને તેમનો વિકાસ અવરોધાય નહિ તે જોવાની જવાબદારી સમાજની છે. પણ સામે પક્ષે સમાજ દ્વારા તૈયાર કરાયેલા ધારાધોરણોને પાળવાની મહિલાઓની જવાબદારીપણ યાદ દેવડાવી હતી. મુરબ્બી શ્રી પ્રેમજીબાપાએ ઘૂંઘટ પ્રથાને દૂર કરવાના પરિષદે પસાર કરેલા

ઠરાવો આવકાર્યા હતા. અને પરિષદના બાકીના સૂચનો પર પણ સહાનુભૂતિપૂર્વક વિચારવા સમાજવતી ખાત્રી આપી હતી. તેમણે માંડવી ખાતે ભવિષ્યમાં આકાર લેનાર કન્યાઓ માટેનાં શૈક્ષણિક સંકુલ વિશે પણ સૌને માહિતગાર કર્યાં હતાં.

સમાજના પ્રમુખશ્રીના પ્રવચન બાદ પણ મહિલા પ્રતિનિધિઓનો પ્રવચનનો સિલસિલો જારી રહ્યો. ભૂજના રેખાબહેન યોગેશભાઇ વેલાણીએ પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે આપણા ગૃહકલેશનું મૂળ મહિલાઓના પરસ્પરના વ્યવહારમાં છે. જો સાસુ, વહૂ, દેરાણી-જેઠાણી વચ્ચેના વ્યવહારમાં સ્નેહની ભીનાશ અને મમતાની મહેક હોય તો કદાપિ ઘર કંકાસ થાય નહિ. દેશલપર (વાંઢાય)ના જમનાબહેન કરસન અને ભૂજના કાન્તાબહેન હીરાભાઇએ પરિષદના આયોજન બદલ આનંદ અને આભાર વ્યક્ત કર્યો.

પૂર્ણાહુતિ તરફ જઇ રહેલી મહિલા પરિષદને મંચ પર બેઠેલ વડીલોમાંથી અગ્રગણ્ય વડીલોએ પ્રોત્સાહક વિચારો અને સૂચનો આપ્યાં. વડાલીના શ્રી જીવરાજભાઇએ કુટુંબના વૃદ્ધાવસ્થાને ઉંબરે ઊભેલા વડીલોની સેવા કરવાની પવિત્ર ફરજ પ્રત્યે સભાન બનવા શીખ આપી હતી. અમદાવાદ મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબહેન પ્રેમજીભાઇ પટેલે સમાજે મહિલાઓને મુક્ત વિચાર વ્યક્ત કરવા માટે સમય ફાળવવા બદલ સમાજનો આભાર માન્યો હતો. બિદડાના ધનબાઇ ડાયાભાઇ પટેલે પ્રસંગો મોટા કરીને ખોટા ખર્ચ ન કરતાં ટૂંકા કરવા જોઇએ; જેથી નબળા કુટુંબને પણ પરવડી શકે. એવી વાત કરી.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજની મહિલા પાંખના અને આ પરિષદના પ્રમુખ શ્રીમતી ભાનુબહેન વાલજીભાઇ પટેલે પ્રમુખસ્થાનેથી સભાને સંબોધતા સમાજને વિનંતી કરી કે સમાજની મહિલા પાંખને સમાજે બંધારણીય માન્યતા અને અધિકારો આપવા જોઇએ જેથી મહિલાઓ પણ સક્રિયપણે અને અસરકારક રીતે જવાબદારીનું વહન કરી સમાજને ઉપયોગી બની શકે. તેમણે સમાજના રિવાજો ઘડતી વખતે વિષય વિચારણી સમિતિમાં મહિલાઓના સૂચનો અને મંતવ્યોને ધ્યાનમાં લેવા અનુરોધ કર્યો હતો. પ્રમુખશ્રીએ પોતાના ઉદબોધનમાં મહિલાઓ પરના અત્યાચારો અટકે અને મહિલાઓને ન્યાય મળી રહે તે માટે મહિલા પાંખ પ્રયત્નશીલ રહેશે એવી ખાતરી પણ ઉચ્ચારી હતી. કન્યા કેળવણીના મુદ્દે તેમણે તેમનો પોતાનો મત આપતાં જણાવ્યું કે જીવનમાં જેટલું મહત્ત્વ શિક્ષણનું છે તેટલું જ મહત્ત્વ સંસ્કારોનું પણ છે અને સારા સંસ્કારોનું સીંચન ધર્મદ્વારા થઇ શકે. વિધવા બહેનોનો પક્ષ લેતાં તેમણે જણાવ્યું કે વિધવા બહેનને શણગાર ધારણ કરવાની છૂટ હોવી જોઇએ એટલું જ નહિ પણ તેમને શુભ કાર્યો કરવાથી વંચિત રાખવી ન જોઇએ. અને તેમણે સમાજની મહિલાઓને સમાજે ઘડેલા ધારાધોરણોને જવાબદારીપૂર્વક પાળવાની નમ્ર અપીલ કરી હતી. અને મહિલા પરિષદને સફળ બનાવવા બદલ ઉપસ્થિત સૌ મહિલાઓને ધન્યવાદ આપ્યા હતા.

સભાનો સર્વસામાન્ય નિયમ એવો છે કે સભાના પ્રમુખશ્રીના ઉદબોધન બાદ કોઇ વક્તાએ બોલવાનું રહેતું નથી પણ કચ્છ અને કચ્છ બહારના જુદા જુદા નામની પ્રતિનિધિ મહિલાઓના ઉત્સાહને જોઇને આ નિયમને અતિક્રમી વક્તાઓને વિચારો વ્યક્ત કરવાની છૂટ આપવામાં આવી હતી. પછીના મહિલા વક્તાઓમાં મમાપમોરાના ડાઇબહેન ખીમજીએ અહીં જે રિવાજો ઘડાય છે તેના પાલન પર ભાર મૂક્યો, તો વિરાણીના શારદાબહેન હીરાલાલે રિવાજોના પાલનમાં મહિલામંડળો અસરકારક ભૂમિકા ભજવી શકે અને દરેક ગામમાં મહિલા મંડળો રચાવાં જોઇએ એવું સૂચન કર્યું.

ધાવડાના માયાબહેન અરજણભાઇએ સામાજિક પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચમાં કાપમૂકવાની બહેનોને ભલામણ કરી તો સુખપરના કૈલાસબહેન રમણભાઇએ મહિલાઓની એકતા પર ભાર મૂક્યો. તો વળી કાદીયા નાના ના મણીબહેન ગંગદાસ ભાઇએ બહેનોને સહનશીલતાનો ગુણ કેળવવા શીખ આપી.

અરલના લક્ષ્મીબહેન હરિલાલ, લક્ષ્મીપરના વર્ષાબહેન મનસુખલાલ તથા જિંજાયના દમયંતીબહેન મણિલાલની અભિવ્યક્તિની રીત અલગ અલગ હતી. પણ વાત એક જ હતી કે સમાજે જે રિવાજો ઘડયા છે એ સમાજના અને આપણા સૌના હીતમાં છે અને તેનું ચૂસ્તપણે પાલન થવું જોઇએ નખત્રાણા ના ચંદાબહેન ઇસ્વરલાલે પોતાની છટાદાર શૈલીમાં જણાવ્યું કે જીવનરૂપી ઇમારતને મજબૂત અને સુંદર બનાવવી હશે તો તેનો પાયો મજબૂત હોવો જરૂરી છે. અને તે શિક્ષણથી જ શક્ય છે. તેમણે કન્યાઓને ઓછામાં ઓછું એસ.એસ.સી. સુધીનું શિક્ષણ અપાવવા વાલીઓને વિનંતી કરી અને તેમણે જાતે તૈયાર કરેલ હસ્તલિખિત અંક સમાજને અર્પણ કર્યો.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘના પ્રમુખશ્રી ગંગારામભાઇ હીરાલાલ સાંખલા એ ભારતીય સંસ્કૃતિના પરંપરાગત ઉમદા મૂલ્યોને સાચવીને આગળ વધવા અને પાશ્ચાત્ય વિચારોનું આંધળું અનુકરણ ન કરવા સમાજની મહિલાઓને અપીલ કરી હતી અને મહિલાઓની જાગૃતિ માટે અને મહિલા પાંખની પ્રવૃત્તિને વેગ આપવા યુવક સંઘ તરફથી પૂરતો સહયોગ આપવાની ખાત્રી આપી હતી. સમાજના અગ્રણી અને ઓલ ઇન્ડિયા પાટીદાર યુથ સોસાયટીના પ્રમુખ ડૉ. વી. એચ. પટેલે મહિલા પરિષદની સફળતાને બિરદાવી હતી. અને મહિલા પાંખને પ્રભાવશાળી બનાવવા બંધારણીય હકો આપવાનો સમાજને અનુરોધ કર્યો હતો.

સવારથી શરૂ થયેલા એકધારા ભાષણોની એક વિધતાથી લોકો કંટાળી ન જાય અને સભા નીરસ અને શુષ્ક બની ન જાય તે માટે સંચાલક શ્રી એ પરિવર્તન અને વૈવિધ્ય લાવી લાંબી સભાને જીવંત બનાવવા કરેલો પ્રયત્ન પ્રશંસનીય હતો. આવા પરિવર્તનના ભાગરૂપે કન્યા છાત્રાલયના ઉદ્ઘાટન સમયે સામૈયામાં જોડાયેલ કળશધારી બાળાઓને કન્યા છાત્રાલયના ઉદ્ઘાટાશ્રી એલ. વી. પટેલને હાથે ઇનામો આપીને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમ પણ ગોઠવી દીધો.

આટલા વિસામા બાદ ફરી પાછી પ્રવચનના રૂપમાં વિચારયાત્રા આગળ ચાલી. કલ્યાણપરના શ્રીમતી ઝવેરબહેન છગનભાઇ પટેલે પોતાના વક્તવ્યમાં સ્ત્રીઓ પર જુલ્મ અને અત્યાચાર ગુજારતા ગુનેગારોને છાવરવાને બદલે ખુલ્લા પાડીને કડક નસીયત કરવી જોઇએ. એવો મત વ્યક્ત કર્યો. સ્ત્રીએ શક્તિનો પૂંજ છે. જરૂર છે એ સુષુપ્ત શક્તિને બહાર લાવવાની એ કન્યાઓને શિક્ષણ આપીને તથા મહિલા જાગૃતિ આણીને સંભવ બની શકે. એવી વાત નેત્રાના સ્નેહાબહેન નાકરાણીએ કરી અને કોટડાના મોંઘીબહેન રવિલાલ એ પટેલે પૂર્વ-વક્તા બહેનને સમર્થન આપતા ટકોર કરી કે માવિત્રો કામના લોભમાં કન્યાઓને શિક્ષણથી વંચિત રાખવી જોઇએ નહિ વિરાણી મોટીના વેલુબહેન રામજીએ અગાઉ રજૂ થયેલા વિચારોને પોતાનું સમર્થન જાહેર કર્યું પણ મોંઘીબહેન વસ્તાએ સમાજે ઘડેલા કાયદાઓનો ભંગ કરનારાઓને કડક દંડ આપવાની હિમાયત કરી હતી. અંગીયાની કુ. વનિતા લાલજી ભાઇએ પોતાના સુંદર વક્તવ્યમાં સમાજ અને વ્યક્તિ વચ્ચેના સબંધોની ચર્ચા કરી.

સભાનો અંત ભાગ સમાજના કર્ણધારો અને વડીલોના પરિષદને પ્રેરણાદાયી અને ઉપયુક્ત વિચારો માટે મુકરર થયો હતો. યુવકસંઘના માજી પ્રમુખ શ્રી ખીમજી લખમશી પટેલે યુવક સંઘે સમાજની મહિલા જાગૃતિ માટે કરેલા પ્રયાસોની વાત કરી અને મહિલા પરિષદે સમાજ સમક્ષ મૂકેલ મહિલા સંસ્થાને બંધારણીય માન્યતાની માગણીને આવકારી હતી અને આનંદ વ્યક્ત કર્યો હતો. સમાજના અગ્રણી વડીલ શ્રી મણિલાલ પૂંજાભાઇ પટેલે નખત્રાણા ખાતેની નવનિર્મિત કન્યા છાત્રાલયનો જ્ઞાતિજનો વધુમાં વધુ સંખ્યામાં કન્યાઓ દાખલ કરીને લાભ લે એવી અપીલ કરી અને સમાજના ઉપપ્રમુખશ્રી લાલજીભાઇ ભાણજી પટેલે માત્ર કચ્છના જ નહિં પણ કચ્છ બહાર વસતા કુટુંબોને પણ આ કન્યા છાત્રાલયનો લાભ લેવા વિનંતી કરી સમાજની

ન્યાયસમિતિના પ્રમુખશ્રી સામજીબાપાએ સમાજની બહેનોને ફેશનના પ્રવાહમાં તણાઈ જઈને આપણી સંસ્કૃતિને ન ભૂલવાની ભલામણ કરી. વધુમાં તેમણે સૌ જ્ઞાતિજનોને અનુરોધ કર્યો હતો કે સગપણ તથા લગ્ન કરતાં પહેલાં ગંભીરતાથી સમજી વિચારીને નિર્ણય લેવો જોઈએ. જેથી કરીને પાછળથી ઊભા થતા છૂટા છેડાના પ્રશ્નોને નિવારી શકાય. તેમણે સમાજનો અનાદર કરનાર વ્યક્તિ સાથે સમાજે કડક વલણ લેવું જોઈએ એવી રજૂઆત પણ કરી હતી. કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટ શ્રી એલ. વી. પટેલે મહિલા ઉત્કર્ષના કાર્યમાં મહિલાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભકામના પાઠવી હતી.

મહિલા પાંખના મંત્રી તેમજ મહિલા પરિષદના સંચાલક શ્રીમતી મંજુલાબહેન ઉકાણીના આભાર દર્શન સાથે બપોરે ૧૨-૩૦ કલાકે એટલે કે નિયત સમય કરતાં દોઢકલાક મોડી મહિલા પરિષદ પૂર્ણ કરવામાં આવી પરંતુ મહિલાઓના અદમ્ય ઉત્સાહ તથા અપ્રતિમ ધૈર્ય અને શાંતિના કારણે પરિષદ લાંબી છતાં અંતલગી રસપ્રદ બની રહી. પરિષદને જીવંત રાખવામાં સભાના સંચાલક શ્રીમતી મંજુલાબહેને તેમની આગવી શૈલીમાં કરેલું સફળ સંચાલન ઉલ્લેખનીય અને અભિનંદનીય હતું. વડીલોના કથન અનુસાર આજ સુધીની મહિલા પરિષદોમાં આ સૌથી વધુ સાર્થક અને સફળ મહિલા પરિષદ હતી.

યુવા પરિષદ

તા. ૨૯-૪-૯૩ બપોરના ૩ કલાકે

"ઘટમાં ઘોડા થનગને ને આતમ વીંજે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ"

જેમના હૈયામાં કંઈક નવું કંઈક વિશેષ કરી બતાવવાનો થનગનાટ છે, જેમની આંખોમાં નવનવાં ક્ષેત્રો ખેડવાનો તરવરાટ છે, જેમના તરફ આખો સમાજ આશાની મીટ માંડીને બેઠો છે અને જે પોતાના સશક્ત ખભા પર સમાજ તરફથી સોંપાનારી જવાબદારીનું વહન કરવા સજ્જ થઈને ઊભો છે એવા યુવાનને પોતાનું વૈચારિક કૌવત બતાવવાની તક સમાજે તા. ૨૯, એપ્રિલના ભોજન ના વિરામબાદ શરૂ થયેલ યુવા પરિષદના રૂપમાં આપી.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પ્રમુખશ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાના અધ્યક્ષ પદે યોજાયેલ આ પરિષદના અતિથિ-વિશેષ તરીકે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી તેમજ હોદ્દેદારો તેમજ ઉમિયા માતાજી સંસ્થાનના અગ્રણી વડીલો મંચ પર ઉપસ્થિત હતા.

યુવા પરિષદનો પ્રારંભ યુવકસંઘના મંત્રી શ્રી દેવશંકર સોમજી ઘનાણીના સ્વાગત પ્રવચનથી થયો. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના મહામંત્રી શ્રી અબજીભાઈ વી. પટેલે યુવક સંઘની સ્થાપના (૧૯૭૨) થી આજ લગી કરેલ પ્રગતિ અને પ્રવૃત્તિનો ચિતાર સભા સમક્ષ રજૂ કર્યો. તેઓ શ્રી એ સંસ્થા પરિચય આપતાં જણાવ્યું કે યુવકસંઘ એ કચ્છ કડવા પાટીદાર સમાજનું અભિન્ન અંગ છે. સમાજના પ્રત્યેક કાર્યમાં સહયોગ આપવાનું એ પોતાનું કર્તવ્ય સમજે છે. એટલે સમાજે હાથ ધરેલ તમામ આયોજનોમાં સમાજના કદમ સાથે કદમ મિલાવીને યુવકસંઘ કાર્ય કરતું રહ્યું છે. સમાજના દ્વિતીય અને તૃતીય અધિવેશનમાં સક્રિયપણે ભાગ લીધો અને સમાજના આદેશને માથે ચડાવીને ચતુર્થ અધિવેશનના આયોજનની તમામ જવાબદારી યુવક સંઘે ઉઠાવી અને સફળતાપૂર્વક નિભાવવાનો પ્રયત્ન કર્યો છે. પાટીદારોની વસ્તીવાળાં તમામ ગામડાઓમાં પાટીદાર યુવક મંડળની રચના કરી તેને એક સૂત્રે બાંધવાનું કાર્ય યુવકસંઘે ઉપાડેલું. તેના આ પાયાના ઉદ્દેશમાં સંઘને મહદઅંશે સફળતા સાંપડી છે એવો દાવો સંઘના મંત્રી શ્રીએ પોતાના પ્રવચનમાં કર્યો. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું કે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજોને નાથવામાં પણ સંઘને નોંધપાત્ર સફળતા મળી છે. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા યુવકસંઘ સમાજની સાથે રહીને પ્રતિ વર્ષ સરસ્વતી સન્માન સમારંભનું આયોજન પણ કરે છે. વલ્લભ વિદ્યાનગર ખાતે સમાજના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ શરૂ કરીને યુવક સંઘે કેળવણી ક્ષેત્રે યતકિંચિત પ્રદાન કરવાની દિશામાં પદાર્પણ કર્યું છે. આ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓનું પચાસ ટકા ખર્ચ યુવકસંઘ ભોગવે છે અને નબળી આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓનું સો ટકા ખર્ચ યુવક સંઘ ઉઠાવે છે. એવી માહિતી પણ શ્રી અબજીભાઈએ આપી અને અંતે તેઓશ્રીએ યુવકસંઘ વતીથી સમાજને એવી ખાત્રી આપી હતી કે સમાજના તમામ કાર્યક્રમોમાં સંઘના યુવાનો એક અદના સૈનિકની શિસ્તમાં રહી સેવા આપસે. આ પરિષદમાં વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવીને સમાજનું ગૌરવ વધારનાર મહાનુભાવો ને સન્માનવાનો એક કાર્યક્રમ પણ યોજેલ હતો. આવી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત વ્યક્તિઓની યાદી સંઘ પાસે હતી. પણ તેમાંના મોટાભાગના મહાનુભાવો કચ્છ બહાર વસતા હોઈ સમારંભમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા આ પૈકી જે ત્રણ મહાનુભાવો હાજર હતા તેમને આ જાહેર બહુમાન પ્રાપ્ત કરવાની સોનેરી તક મળી. આ કાર્યક્રમમાં સૌ પ્રથમ પૂના સ્થિત પુરુષોત્તમભાઈ ખીમજીભાઈ પટેલને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘના પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલાએ રૌપ્ય ચંદ્રક પહેરાવીને સન્માન્યા. સંઘના મંત્રી અને કાર્યક્રમના સંચાલક શ્રી દેવશંકરભાઈ ઘનાણીએ તેમની સિદ્ધિઓને બિરદાવતાં જણાવ્યું કે ભાઈ શ્રી પુરુષોત્તમભાઈ પૂના યુનિવર્સિટીમાં કાર્યરત છે. તેઓ શ્રી એક રમતવીર છે. એટલું જ નહિ પણ રમતગમતના તજજ્ઞ પણ છે. તેઓશ્રીએ વૉલીબોલ, ક્રિકેટ અને બેડમિન્ટનમાં માત્ર ભારતમાં જ નહીં પણ ભારત બહાર એશિયા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના દેશોમાં પણ ઉપર્યુક્ત રમતોની ટીમમાં મહત્ત્વના સ્થાને રહી ભારતનું પ્રતિનિધિત્વ કરેલ છે. સરકાર આજે પણ જુદા જુદા કાર્યોમાં તેમની વિશેષજ્ઞ તરીકેની સેવાઓ લે છે. રમતગમત ક્ષેત્રે તેમણે રાષ્ટ્રની સેવા કરવાની સાથે સાથે પાટીદાર સમાજને ગૌરવાન્વિત કર્યો છે.

સન્માનના પ્રત્યુત્તરમાં પુરુષોત્તમભાઈએ વિદ્યાર્થી કાળમાં અભ્યાસ ઉપરાંત રમતગમત જેવી અભ્યાસત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના લાભો સમજાવ્યા. અને આપણાં સમાજના યુવાનોનું ખમીર બહાર લાવવા યુવકસંઘને રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવા અપીલ કરી અને આવા આયોજનમાં તેમણે સક્રિય સહકાર આપવાની ખાત્રી પણ આપી.

બીજા સન્માનના અધિકારી વાલ્કામોટાના શ્રી રતિલાલ મનજીભાઈ પોકાર હતા તેમની વિશિષ્ટ કારકિર્દીનો પરિચય કરાવતાં સભાના સંચાલક શ્રીએ જણાવ્યું કે રતિલાલભાઈ પ્રજ્ઞાચક્ષુ છે. તેમણે આંખોના નૂર ગુમાવ્યાં છે. પણ જિંદગીને નિસ્તેજ બનાવી નથી. દ્રષ્ટિ વિના શિક્ષણ મેળવવું મુશ્કેલ પડે છતાં તે તેમણે લેખન - વાંચનમાં બીજાની મદદ લઈને સતત પ્રથમ વર્ગ મેળવીને એમ. એ; બી.એડ. સુધીનો અભ્યાસ પૂરો કર્યો એટલું જ નહિ પણ તેમણે સંગીત વિશારદ અને સંગીત શિક્ષા વિશારદ ની ડીગ્રી મેળવી છે. તેઓશ્રી શિક્ષકનો વ્યવસાય કરવા ઉપરાંત નેત્રહીનોનાં કલ્યાણ માટે કાર્ય કરતી અંધકલ્યાણ સમિતિના માનદમંત્રી છે અને વિવિધ સામાજિક પ્રવૃત્તિ કરતી સંસ્થાઓમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે. સાહિત્ય સર્જન અને લેખન તેમના રસના વિષયો છે. રતિલાલ મનજીભાઈ પોકારની આ વિશિષ્ટ સફળતાને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પૂંજાભાઈ પટેલે બહુમાન કરીને અભિનંદી હતી.

સન્માનનો પ્રતિભાવ આપતા શ્રી રતિલાલભાઈએ જણાવ્યું કે તેમની સિદ્ધિ પાછળ પાટીદાર સમાજનું ઉલ્લેખનીય યોગદાન છે કારણ કે તેમણે એમના અભ્યાસના મોટાભાગના વર્ષોનું શિક્ષણ સમાજની છાત્રાલયની છત્રછાયા નીચે રહીને મેળવ્યું છે. તેઓએ અંધ, અપંગ વ્યક્તિઓને નિરાશ થઈ ઘેર બેસી ન રહેતાં શિક્ષણ મેળવી આત્મ નિર્ભર બનવા અપીલ કરી હતી. અને સમાજની

આવી વ્યક્તિઓને માર્ગદર્શન અને મદદ પૂરી પાડવાની ખાત્રી આપી હતી.

યુવકસંઘ તરફથી સન્માન પ્રાપ્ત કરનાર ત્રીજા તેજસ્વીભાઇ હતા શ્રી સંજોગ કે. નાકરાણી (રવાપર) જેમણે એથલેટિક્સમાં વાંસકૂદમાં યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ આવીને આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવાનું માન પ્રાપ્ત કર્યું હતું. તેમનું સન્માન સમાજના માજી પ્રમુખ ખીમજીભાઇ નાગજીભાઇ પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું. સન્માન બદલ આભાર પ્રદર્શિત કરતાં સંજોગ નાકરાણીએ જણાવ્યું : ''હું મારી આ નાનકડી સફળતાથી સંતોષમાનીને બેસી ન રહેતાં ઉત્તરોત્તર ઉપર જવાની મહેચ્છા રાખું છું.''

વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત ઉપરોક્ત મહાનુભાવોના સન્માન બાદ શરૂ થયો. ઠરાવો અને પ્રવચનોનો લાંબો દોર, સૌ પ્રથમ યુવકસંઘની કારોબારીએ વિચારી રાખેલા ઠરાવો અને સૂચનો સભા સમક્ષ મૂકાયાં. યુવક સંઘના મંત્રી શ્રી દેવશંકર સોમજી ધનાણી એ પોતાના સર્વ પ્રથમ ઠરાવમાં સમાજનો એ માટે જાહેર આભાર માન્યો કે યુવકસંઘે ૧૯૮૫ના અધિવેશનમાં પૂ. નારણજી બાપાની પ્રતિમાને સમાજના કેન્દ્રીય કાર્યાલય ખાતે મૂકવાના કરેલ સૂચન ને સમાજે ચતુર્થ અધિવેશનમાં પૂ. નારણજી બાપાની પ્રતિમાનું અનાવરણ કરીને સાકાર કર્યું છે. આ આભાર દરખાસ્તની સાથે સાથે તેમણે યુવક સંઘ વતી એવી પણ વિનંતી કરી કે અ.ભા.ક.ક.પા. સમાજ પૂ. નારણજી રામજી લીંબાણીના વિરાણી ખાતેના નિવાસસ્થાનને સામાજિક સ્મારક તરીકે જાળવણી કરી સમાજના આદ્યસુધારકને સાચી સ્મરણાંજલિ અર્પે તેમના આ સુઝાવને રતનશીભાઇ ઘોળુ (વડોદરા) એ સમર્થન આપ્યું.

યુવકસંઘના ખજાનચી શ્રી મોહનલાલ એસ. ઘોળુ એ પોતાના વક્તવ્યમાં યુવકસંઘ સાથે સંલગ્ન યુવક મંડળોની વિગતો આપી હતી. અને સંઘ સાથે જોડાવાના નિયમો તેમજ આજીવન સભ્ય ફી અંગે માહિતી આપ્યા બાદ પ્રત્યેક વિસ્તારના યુવાનોને પોતાના ગામમાં યુવકમંડળ ન હોય તો તેની રચના કરવી અને યુવકસંઘ સાથે તેનું જોડાણ કરવાની આગ્રહ ભરી અપીલ કરી હતી. યુવકસંઘના કારોબારી સભ્ય શ્રી વીરજીભાઇ ઘોળુ (તલોદ) તરફથી મોહનભાઇની અપીલને અનુમોદન આપવામાં આવ્યું હતું યુવકસંઘના ઉપપ્રમુખ શ્રી નારણભાઇ અરજણભાઇ માકાણી (કપડવંજ) એ પોતાના વક્તવ્યમાં પાટીદાર જ્ઞાતિના ઇતિહાસનો હવાલો આપીને કેળવણી ક્ષેત્રે સમાજે ઘણું બધું કર્યું હોવા છતાં ઘણું બધું કરવાનું હજુ શેષ રહે છે. યુવકસંઘ દ્વારા ચલાવાતી વિદ્યાર્થી હોસ્ટેલનું પોતાનું મકાન નજીકના ભવિષ્યમાં ઊભું કરવામાં આવશે. અને વડોદરા તથા અમદાવાદમાં પણ યુવકસંઘ દ્વારા છાત્રાલય શરૂ કરવામાં આવશે. એવો સંકલ્પ જાહેર કર્યો હતો. સંઘના ઉપપ્રમુખશ્રીના આ સંકલ્પને સંઘના સહખજાનચીશ્રીએ અનુમોદન આપ્યું સાથે સાથે યુવકસંઘના મહામંત્રી શ્રી અબજીભાઇએ સ્પષ્ટતા પણ કરી કે વલ્લભ વિદ્યાનગર ખાતે તૈયાર થનાર વિદ્યાર્થી હોસ્ટેલનું મકાન અને તેના અનુસંગે ઊભી થનાર તમામ સ્થાવર મિલકતો અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર માલિકીની રહેશે ને હોસ્ટેલનું સંચાલન યુવકસંઘ દ્વારા થશે તો આવી શૈક્ષણિક પરબ સમી હોસ્ટેલો ઊભી કરવા સૌને સહકાર આપવાની વિનંતી કરી હતી.

છગનભાઇ કે. વેલાણીએ પોતાના અનુભવોનો નીચોડ રજૂ કરતાં જણાવ્યું કે ચેરિટી બીગીન્સ એટ હોમ કોઇપણ શુભ કાર્યનો શુભારંભ પોતાના ઘરથી જ થવો જોઇએ તે જ રીતે જો સમાજે ઘડેલા નીતિ નિયમોને પ્રત્યેક વ્યક્તિ નિષ્ઠા અને પ્રમાણિકતાથી પાળે તો જ તે સાર્થક બને. દરેક ગામમાં સમાજના નીતિ નિયમોનું પાલન થાય તે માટે યુવાનો એ પ્રહરીની ભૂમિકા અદા કરવાની જરૂર છે. આ વિચારને પ્રતિપાદિત કરતો ઠરાવ પણ શ્રી સી. કે. વેલાણીએ મુકેલ જે ઠરાવને શ્રી રતિલાલ શિવગણ ગોરાણીનું સબળ સમર્થન પણ સાંપડયું.

શ્રી દામજીભાઇ ખેતશી માકાણીએ રજૂ કરેલ ઠરાવના ત્રણ મુદ્દા હતા. (૧) પરિવાર મિલનો આપણા કેન્દ્રીય સમાજના વિકાસને પૂરક બનવા જોઇએ. (૨) પરિવારો દ્વારા એકત્ર કરાતું નાણા ભંડોળ માત્ર પરિવાર પૂરતું સીમિત ન રાખતાં તેનો સમાજના નબળી આર્થિક સ્થિતિવાળા પરિવારોને સહાય માટે અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે ઉપયોગ થવો જોઇએ. (૩) ખોટા વહેમો અને અંધશ્રદ્ધાને પોષે તેવી પિતૃનિમિત્તે થતી પોઠીયા પ્રથા બંધ કરવી જોઇએ. તખતગઢવાળા શ્રી મોહનલાલ રામજી પટેલે આ ઠરાવનું અનુમોદન કર્યું હતું.

યુવક સંઘના મંત્રી શ્રી દેવશંકર સોમજી ધનાણીએ ધો. ૧૨ માં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ કે જેના કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોય તેને અભ્યાસ માટેનું તમામખર્ચ શિષ્યવૃત્તિ રૂપે આપવાનું સૂચન કરેલ અને આવા એક વિદ્યાર્થીને દત્તક લેવાની જાહેરાત પણ તેઓશ્રીએ કરી, તેને પગલે પગલે સંઘના મહામંત્રી શ્રી અબજીભાઇએ પણ આવા એક વિદ્યાર્થીનો તમામ શૈક્ષણિક ખર્ચ આપવાની જાહેરાત કરી ત્યારબાદ શ્રી ડો. પ્રેમજીભાઈ પટેલ અને મોહનલાલ શીવજી ઘોળુ એ પણ એક એક વિદ્યાર્થીના ખર્ચની રકમ યુવકસંઘને દાનમાં આપવાની જાહેરાત કરી અને સભામાં બેઠેલા સૌએ તેમની આ જાહેરાતને તાળી પાડીને અભિનંદી હતી.

યુવક સંઘના ઉપપ્રમુખશ્રી પ્રેમજીભાઇ રામજીભાઇ પટેલે યુવાનોને કુળનું ગૌરવ અને સમાજના પરંપરાગત મૂલ્યોનું હનન થાય એવા આચરણો અને વ્યસનોથી પર રહેવા ધારદાર શબ્દોમાં અપીલ કરી હતી. સંઘના મંત્રી શ્રી રમણભાઇ શિવદાસભાઇ પટેલે તેમની અપીલને પોતાનું સમર્થન આપ્યું હતું. સંઘના મહિલા સભ્ય શ્રીમતી હંસાબહેન લાલજીભાઇ પારસીયાએ મહિલાઓના અવાજને વાચા આપતાં જણાવ્યું કે કુળની લાજ રાખવી એ સૌનું પરમ કર્તવ્ય છે. પણ લાજને નામે ચાલી આવતી મહિલાઓના વિકાસને આડસરૂપ ઘૂંઘટ પ્રથાને તિલાંજલિ આપવી એ આજના સમયની માંગ છે એને એ માટે પ્રયત્નો કરવા યુવાનોને વિનંતી કરી હતી.

યુવકસંઘ અ.ભા.ક.ક.પા. સમાજનું જ એક અવિભાજ્ય અંગ છે. આ બન્ને સંસ્થાઓ વચ્ચે યોગ્ય સંકલન રહે અને યુવકો સમાજે હાથ ધરેલા તમામ કાર્યોમાં સક્રિય ભૂમિકા અદા કરી શકે એ માટે સમાજની કારોબારીમાં યુવક સંઘનું યોગ્ય પ્રતિનિધિત્વ અપાવું જોઇએ. આ વિચારો યુવક સંઘના મંત્રીશ્રી રતનસીભાઇ લધાભાઇના હતા. જેને સંઘના બીજા મંત્રી શ્રી લાલજીભાઇ નાગજીભાઇ પારસીયાએ અનુમોદિત કર્યા. પાટીદાર સંદેશના તંત્રી અને ભુજ પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી કરમશીભાઇ નાગજીભાઇ પટેલ સ્થાનિક યુવક મંડળોને તેમની ફરજ પ્રત્યે સભાન કરતાં જણાવ્યું કે પ્રત્યેક ગામ અને નગરમાં સક્રિય પાટીદાર યુવકમંડળ હોવા જ જોઇએ અને તે અ.ભા.ક.ક.પા. યુવકસંઘ સાથે સભ્યના નાતે જોડાયેલા હોવા જોઇએ અને સાથે સાથે યુવક સંઘે હાથ ધરેલ તમામ સમાજોપયોગી પ્રવૃત્તિઓને સભ્ય યુવક મંડળોએ બળ પૂરું પાડવાની નૈતિક ફરજ છે તેમ જ તેમણે કરેલી કામગીરીથી સંઘને માહિતગાર કરવાની પણ તેમની ફરજ છે.

કલકત્તા ખાતેના પાટીદાર નવચેતન યુવકમંડળના પ્રમુખ શ્રી નારણભાઇ ખેતશી રૂડાણીએ મંડળની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં જણાવ્યું કે નવચેતન યુવકમંડળ પ્રતિવર્ષ સવાસો જેટલા નબળી આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપે છે. પોતાના વક્તવ્યમાં કાવ્યપંક્તિઓ અને અવતરણો ટાંકીને શ્રી દક્ષેશ નાકરાણીએ યુવાનોને સંગઠિત બની પોતાનું કૌવત પ્રગટાવવા ઢંઢોળ્યા હતા. જબલપુર પાટીદાર યુવક મંડળના પ્રમુખ શ્રી દેવશીભાઇ નાનજી પોકારે જબલપુર અને નાગપુર સમાજ દ્વારા યોજાતા સમૂહલગ્નનો હવાલો આપીને મંચ પર બેઠેલા તમામ સમૂહ લગ્નમાં જોડાવાનું ઋણ લે અને અન્ય માટે ઉદાહરણ પૂરું પાડે એવો આગ્રહ રાખ્યો હતો. હિંમતનગર પાટીદાર યુવક મંડળના ઉપપ્રમુખ શ્રી ડૉ. ભીમજીભાઇ આર. પટેલે સમતોલ અને મુદ્દાસર વક્તવ્ય આપતાં જણાવ્યું કે સમાજના કાર્યભારનું વહન કરવામાં નવા ચહેરાઓને આગળ આવવાની તક સમાજના વડીલોએ સમજીને આપવી

જોઇએ. તેઓશ્રીએ યુવક સંઘને માત્ર પત્રો અને પરિપત્રોથી જ નક્કર અને પરિણામલક્ષી કાર્ય થવું શક્ય નથી એવી મીઠી ટકોર પણ કરી. ડૉ. ભીમજીભાઇએ નબળી આર્થિક સ્થિતિના વિદ્યાર્થીને સહાયે આપવાની યુવક સંઘની જાહેરાતની પ્રશંસા કરી અને પોતે પણ યોગદાન આપવાની જાહેરાત કરી હતી. કડોદરા પાટીદાર યુવક મંડળના પ્રમુખ ભાણજીભાઇ પટેલે યુવાનોનું હીર ચૂસી લે એવા વ્યસનોથી મુક્ત રહેવા સમાજના યુવકોને અનુરોધ કર્યો હતો. ઈન્દોરના પ્રતિનિધિશ્રી હરિલાલ કરસન બાથાણીએ તેમની વાતને દાખલાઓ આપીને સમર્થન આપ્યું હતું. નવી દિલ્હીના યુવા પ્રતિનિધિ શ્રી નરશીભાઇ અને પાલનપુર નિરોણાના પ્રતિનિધિ શ્રી અમૃતલાલ પી. પટેલે યુવક સંઘના આદેશોને અનુસરવાની પોતાના યુવક મંડળોવતી ખાતરી ઉચ્ચારી હતી. રામાપીર કંપાના પ્રતિનિધિભાઇ કનુભાઇ એન ચૌધરીએ પોતાના ગામમાં કપરા સંજોગોમાં શરૂકરાયેલ શૈક્ષણિક સુવિધાની વાત કરી. દહાણું રોડ પાટીદાર સત્સંગ યુવા સંઘના મમંત્રી શ્રી વાલજીભાઇ હીરજીએ પોતાના વક્તવ્યમાં પાટીદાર જ્ઞાતિની બહારના સમાજમાં જે પ્રામાણિકતાની સાખ છે તે જાળવી રાખવા પર ભાર મૂક્યો.

નાગપુર યુવક મંડળના મંત્રીશ્રી દયારામભાઇ શિવજીએ સમૂહલગ્નને ઉત્તેજન આપવાની વાત કરી જ્યારે રાંચીના પ્રતિનિધિ શ્રી હરિલાલ શિવદાસે સમૂહલગ્નમાં જોડાયા બાદ ઘરે યોજાતા ભોજન સમારંભની જાટકણી કાઢી હતી. નાગલપરના પ્રતિનિધિ શ્રી રમેશચંદ્ર ધોળુએ છાત્રાલયોમાં પુસ્તકાલયની જરૂરિયાત પર ભાર મૂક્યો જ્યારે મોમાયમોરાના શ્રી રતિલાલ પ્રેમજીએ પ્રાથમિક શિક્ષણ એ બાળકના ઘડતરનો પાયો છે તે સુદ્રઢ કરવા અનુરોધ કર્યો. મુંબઇના શ્રી નીતીનકુમારે યુવાનોને ધ્યેય નિષ્ઠ જીવન જીવવા શીખ આપી અને શ્રી કેશવલાલ ભીમજીભાઇએ યુવક સંઘને શૈક્ષણિક સુવિધાઓનો વિસ્તાર કરવા અપીલ કરી હતી.

અ.ભા.ક.ક.પા. યુવક સંઘના પ્રસ્થાપક પ્રમુખ શ્રી ખીમજીભાઇ લખમશીએ પોતાના પ્રવચનમાં યુવક સંઘને વધુ સુગ્રથિત કરવા યુવાનોને વધુને વધુ સંગઠિત કરવાના પ્રયત્નોમાં વેગ લાવવા સંઘને અનુરોધ કર્યો.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ મુ. શ્રી પ્રેમજીભાઇ પૂંજાભાઇ પટેલે આપેલા સદ્રષ્ટાંત વક્તવ્યનો સાર એ હતો કે યુવાનોમાં રહેલી અફાટ શક્તિને યોગ્ય દિશા આપવાનું અને રચનાત્મક માર્ગે વાળવાનું કામ યુવકસંઘ અને સમાજ સાથે મળીને કરે એ જરૂરી છે તેમણે શિક્ષણની સાથે સાથે સંસ્કાર સિંચન પર પણ ભાર મૂક્યો અને યુવાનોને વ્યસનની ગુલામીમાંથી બહાર આવવા અપીલ પણ કરી.

આ સમારંભમાં વિશેષ મહેમાન તરીકે પધારેલા પશ્ચિમ કચ્છના પ્રાંત ઓફિસર શ્રી આઇ. કે. પટેલે પોતાના ધારદાર વક્તવ્યમાં સંઘને ખૂબજ ઉપયોગી સૂચનો કર્યાં જેમાં તેમણે યુવાનોમાં પડેલી શક્તિ પારખવા અને તેમના તરફ વિધેયાત્મક દ્રષ્ટિ કેળવવા જણાવ્યું. સમૂહ લગ્નોની સફળતા માટે ધનિક વર્ગ તેમાં જોડાય તો બાકીનાને ક્ષોભ ન થાય એવી વાત પણ કરી અને સમાજને સૌએ સર્વો પરી ગણવો જોઇએ. યુવાનોએ સમાજકાર્ય પ્રણાલી જાણવા સક્રિય રસ લેવો જોઇએ. અને કોઇ પણ કુરિવાજ અટકાવવા, તેનું આચરણ થાય તે પહેલાં તેને અટકાવવું જોઇએ એવું સૂચન પણ તેઓશ્રીએ કર્યું લખપત તાલુકા સમાજના આગેવાન શ્રી ખીમજીભાઇ નારણભાઇ પોકાર (ઈંદોરવાળા)એ પોતાની જોશીલી વાણીમાં લખપત તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષથી સો ટકા સમૂહલગ્નો થાય છે. તેના સફળ આયોજનનો ચિતાર આપ્યો હતો અને આયોજનોને સફળ બનાવવા સૂત્રધારોએ ભેખ લેવો પડે એવી ટકોર પણ કરી હતી. પ્રો. કે. વી. પાટીદારે યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં સિધ્ધિ હાંસલ કરવા શિક્ષણની સાથે સાથે વ્યક્તિત્વ વિકાસના કોર્ષમાં જોડાવું જોઇએ એવો અનુરોધ કર્યો. અ.ભા.ક.ક.પા. યુવકસંઘના પ્રમુખશ્રી ગંગારામભાઇ પટેલે સમાજે ઘડેલા નિયમોનું પાલન કરાવવા યુવાનો કટ્ટીબધ્ધ બને, સમાજની મહિલાઓ સહયોગ આપે અને સૌ નિયમોના પાલનની શરૂઆત પોતાના ઘરથી કરે તો જરૂરથી સફળતા મળી શકે સમાજના છાત્રાલયોના સંચાલનમાં યુવાનો સક્રિય ભૂમિકા અદા કરે એવી અપીલ તેઓશ્રીએ કરી હતી.

ખુલ્લું અધિવેશન

૩૦મી એપ્રિલના સૂર્યોદયની સાથે અ.ભા.ક.ક. પાટીદાર સમાજના ઈતિહાસના સીમાચિન્હરૂપ દિનનો પણ ઉદય થયો. આજનો શુભ દિન સમાજના ચતુર્થ અધિવેશનના હાર્દરૂપ અને ખૂબ જ મહત્વપૂર્ણ સમારંભ એટલે કે જ્ઞાતિના ખુલ્લા અધિવેશનનો હતો આ અધિવેશનના મંચ પરથી સમાજના સૂત્રધારો સમાજે આજ લગી કરેલ વિકાસયાત્રાના લેખાં-જોખાં કરવાનાં હતાં. સમાજે કરેલ પ્રગતિનો ચિતાર આપવાનો હતો. સમાજના સુકાનીઓ સમાજના ભાવિ આયોજનની રૂપરેખા રજૂ કરવાના હતા. સમાજના શુભચિંતકો સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગી વિચારસ્ત્રોત વહેવડાવવાના હતા. એથી વિશેષ તો આ ખુલ્લા અધિવેશનમાં મંચ પર બેઠેલા અને મંચ સામે બેઠેલા સમગ્ર કચ્છ અને કચ્છ બહારથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના જ્ઞાતિજનો સમસ્ત જ્ઞાતિના હિતમાં ઘડાયેલા જ્ઞાતિના ધારાધોરણો અને ઠરાવો પર ચર્ચા કરી મંજૂરીની મહોર મારવાના હતા. એ દ્રષ્ટિએ આ સમારંભ જ્ઞાતિ માટે ઐતિહાસિક બની રહેવાનો હતો.

પ્રારંભમાં અ.ભા.ક.ક.પા. સમાજના અને સમારંભના પ્રમુખશ્રીને સ્વાગત પ્રમુખમંચ સુધી દોરી ગયા. અને સાથે સમાજના કારોબારીના સદસ્યો, આયોજન સમિતિના સભ્યો અને અ.ભા.ક.ક.પા. યુવક સંઘના હોદ્દેદારોએ પણ મંચ પર સ્થાન લીધું. ત્યારબાદ મંત્રીશ્રીના આદેશથી કચ્છ અને કચ્છ બહારથી પાટીદાર સમાજના અને ટ્રસ્ટના પ્રતિનિધિઓ તેમજ મહિલા પ્રતિનિધિઓ અને અતિથિ વિશેષ આગેવાનોએ મંચ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું ત્યારે દૂર દૂરથી ઉમટેલા જ્ઞાતિજનોથી વિશાળ મંડપ છલકાતો હતો. સૌના મુખાર્વિન્દ પર જ્ઞાતિગંગામાં સ્નાન કરી પાવન બન્યાનો આનંદ અને સંતોષ વિલસતો હતો. આવા ઉલ્લાસભર્યા વાતાવરણમાં સમારંભનો શુભારંભ થયો.

અ.ભા.ક.ક.પા. સમાજના અને સમારોહના પ્રમુખ માનનીય મુ. શ્રી પ્રેમજીભાઇ પૂંજાભાઇ પટેલે અધિવેશનને ખુલ્લું મૂકવાનો વિધિ કર્યો. અને સ્વાગત પ્રમુખ મુ. શ્રી ખીમજીભાઇ નાગજીભાઇ પટેલે સમાજના પ્રમુખ, ઉપ પ્રમુખ તથા યુવકસંઘના પ્રમુખનું હારતોરાથી સ્વાગત કર્યા બાદ પોતાના સ્વાગત પ્રવચનમાં સૌને આવકાર્યા અને સમાજના પ્રમુખ મુ. શ્રી પ્રેમજીબાપા અને સમાજના પ્રવર્તમાન આગેવાનોએ સમાજની ઉન્નતિમાં આપેલા બહુમૂલ્ય યોગદાનને બિરદાવ્યું તેઓશ્રીએ કન્યાછાત્રાલયમાં લાખો રૂપિયાનું અનામી દાન કરનાર દાતાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું કે યશની અપેક્ષા વિના નિષ્કામ સેવા આપનાર ઋષિતુલ્ય લોકો આપણી જ્ઞાતિમાં છે. તેનું આપણને ગૌરવ હોવું જોઇએ. સમારંભના પ્રમુખ અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખ મુરબ્બી શ્રી પ્રેમજીબાપાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સમાજનો વિકાસ સૌના સહિયારા પુરુષાર્થને આભારી છે. તેમણે કચ્છ કડવા પાટીદાર સમાજનો મજબૂત પાયો નાખનાર કચ્છભરના સદગત વડીલોનું સ્મરણ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પી.

સમાજના ચતુર્થ અધિવેશનની સફળતા માટે શુભેચ્છા પાઠવતાં કેટલાંક ઉપયોગી સૂચનો સાથેના, જુદી જુદી સંસ્થાઓ અને વ્યક્તિઓના પત્રોનું વાંચન યુવક સંઘના માજી મંત્રી શ્રી અખૈભાઇ પ્રેમજી પટેલે કર્યું. અ.ભા.ક.ક.પા. સમાજના ઉપપ્રમુખ મુ. શ્રી લાલજીભાઇ ભાણજી પોકારે પોતાના ટૂંકા છતાં માર્મિક પ્રવચનમાં જૈન સમાજનું ઉદાહરણ આપીને જણાવ્યું કે આપણી જ્ઞાતિએ આગામી દસ વર્ષમાં સો ટકા શિક્ષિત બનવાનો લક્ષ્યાંક રાખવો જોઇએ. વધુમાં તેમણે બાળકોના સંસ્કાર સિંચન માટે પ્રત્યેક ગામમાં બાલસંસ્કાર કેન્દ્રો શરૂ

કરવાનો આગ્રહ પણ પોતાના વક્તવ્યમાં રાખ્યો. શ્રી જેઠાભાઇ મનજી પટેલ (મુંબઇ)ના વક્તંવ્યનો સાર એ હતો કે જે સમાજમાં આર્થિક વિકાસની સાથે સંસ્કારોનું સિંચન નથી થતું તે સમાજનું પતન થાય છે. એટલે સંસ્કાર ઘડતરની તાતી જરૂરિયાત પ્રત્યે સમાજે અને આપણે આ બાબતે સજાગ રહેવાની આવશ્યકતા છે. ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અને કચ્છ જિલ્લા પંચાયતના માજી પ્રમુખ શ્રી શિવદાસભાઇ ગોવિંદ પટેલે પોતાના જોશીલા વક્તવ્યમાં જ્ઞાતિજનોએ ઓછા સમયમાં જે આર્થિક વિકાસ સાધ્યો છે તેની પ્રશંસા કરવાની સાથે તેને સાચવી રાખવા સંગઠનાત્મક, રક્ષણાત્મક ભૂમિકા અદા કરવા યુવાનોને પાટીદાર યુવા ક્રાન્તિદળ જેવા સંગઠનોનો દાખલો લઇ શક્તિ ઊભી કરવા હાકલ કરી અને સાથે સાથે સમાજની કન્યાઓની તુલનામાં છોકરાઓ ઓછો અભ્યાસ કરે છે. એ બાબતે પણ ચિંતા વ્યક્ત કરી.

અ.ભા.ક.ક.પા. યુવક સંઘના માજી પ્રમુખ શ્રી દેવજીભાઇ વાલજી પટેલે કન્યાઓને નિશુલ્ક ભોજન વ્યવસ્થા આપવા માટે ભોજનનિધિના દાતાઓ આગળ આવે એવી અપીલ કરી અને વધુમાં કચ્છબહાર વસતા યુવાનોમાં શરાબ જેવા વ્યસનોની બદી ઘૂસી છે. એ તરફ લાલ બત્તી ધરી. કન્યા છાત્રાલયના ઉદ્દ્ઘાટા મુ. શ્રી એલ. વી. પટેલે પોતાના ઉદબોધનમાં માંડવી ખાતે આકાર લઇ રહેલ વિદ્યાર્થીભવનની જરૂરિયાતો અને મળેલ દાન વિશે આંકડાકીય માહિતી આપી. કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખ વડા ગામના શ્રી તુલસીભાઇ સામજી પટેલે યુવક સંઘની પ્રવૃત્તિને બિરદાવી અને પોતાનો સહકાર આપવાની ખાતરી આપી.

કન્યા છાત્રાલયના દાતા અને તેના નિર્માણમાં વિશેષ યોગદાન આપનાર શ્રી દેવજીભાઇ હરજી ધનાણી (નખત્રાણા)નું સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીબાપાના શુભ હસ્તે અને વિદ્યાર્થીભવન નખત્રાણાને પોતાનું મૂલ્યવાન યોગદાન આપનાર વયોવૃધ્ધ મુ. શ્રી શિવગણ નાગજી લીંબાણીનું બહુમાન સમાજના ઉપપ્રમુખશ્રી લાલજીબાપાના વરદ હસ્તે શાલ અને શ્રીફળ અર્પણ કરીને કરવામાં આવ્યું ઉમિયામાતાજી અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખ નારણભાઇ રામજીભાઇ પોકારે માંડવી વિદ્યાર્થી ભવનને આ સત્રથી શરૂ કરવાની જાહેરાત કરી.

આયોજન સમિતિના સભ્યશ્રી કરશનભાઇ માવજીએ સમાજના વિકાસ માટે યથાશક્તિ યોગદાન આપવા અપીલ કરી. સમાજના ઉપપ્રમુખ શ્રી મણિભાઇ પુંજાભાઇ પટેલે કન્યાછાત્રાલયમાં ભોજન તિથિ પુરી કરવા સૌને અપીલ કરી અને નખત્રાણા ખાતે વધુ શૈક્ષણિક સુવિધાનો વિસ્તાર કરવાની ખાતરી આપી. શ્રી જીવરાજભાઇ ધનજી વડાલીવાળાએ કન્યાકેળવણીની સાથે કિશોરો પણ કેળવણીમાં પાછળ ન રહે તે જોવા પણ વડીલોને વિનંતી કરી.

મુંબઇ સ્થિત જિયાપરવાસી હરજીભાઇ શિવગણ ભાઇએ જ્ઞાતિજનોને અનુરોધ કર્યો હતો કે આ અધિવેશનના આયોજન પાછળ ખર્ચાયેલા સમયશક્તિ અને સંપત્તિ ત્યારે જ સાર્થક થશે જ્યારે આપણે અધિવેશનમાં કરાયેલા ઠરાવો પ્રમાણિક પણે પાળવાનો પ્રયત્ન કરીશું. આયોજન મંડળના સભ્ય કલકત્તા નિવાસી વિશ્રામભાઇ હંસરાજ ધોળુએ સમાજના તમામ સામાજિક તેમજ ધાર્મિક વિવાદોના ઉકેલ માટે અદાલતમાં ન જતાં સમાજ દ્વારા રચાયેલ ન્યાય પંચ પાસે જવું જોઇએ એમ જણાવ્યું. સમારંભના પ્રમુખે વિશ્રામભાઇના વિચારને અનુમોદન આપ્યું. તલોદના પ્રિન્સિપાલશ્રી રતિભાઇ પટેલે પોતાના માર્મિક વક્તવ્યમાં નખત્રાણા ખાતે કોલેજ શરૂ થાય તેના પર ભાર મૂક્યો હતો. અ.ભા.ક.ક.પા. યુવકસંઘના મહામંત્રી શ્રી અબજીભાઇ વી. પટેલે સમાજના યુવકોને સમાજના વિકાસમાં તન, મન અને ધનથી યોગદાન આપવાની વિનંતી કરી અને દિવાળી બોણી અને લગ્ન ભેટ મોકલવા અપીલ કરી. જોરાવરનગરવાળા વાલજીભાઇ કેસરાએ સમાજે ઘડેલા ધારાધોરણને પાળવા પર ભાર મુક્યો હતો.

અ.ભા.ક.ક.પા. સમાજના ખજાનચી શ્રી નારણભાઇ ભાણજીએ દૂરદૂરના વિસ્તારની કન્યાઓ વધુને વધુ સંખ્યામાં નવનિર્મિત કન્યા છાત્રાલયમાં દાખલ થઇ વધુને વધુ લાભ ઉઠાવે એવો અનુરોધ કર્યો. અ.ભા.ક.ક.પા. યુવક સંઘના સંસ્થાપક પ્રમુખ ખીમજીભાઇ લખમશી એ પોતાના ધારદાર પ્રવચનમાં જણાવ્યું કે આપણે એક થવાની સાથે નેક પણ થવું પડશે. સમાજના સંગઠન માટે ભાવ અને વિચાર ઘેર ઘેર લઇ જવા પડશે. સંસ્કાર વગર લક્ષ્મી ટકશે નહિ. તેઓશ્રીએ વધુમાં પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી દાદાના અવતરણ ટાંકતાં જણાવ્યું કે જે સમાજમાં આપણે જન્મ લીધો તે સમાજનું કામ નહીં કરીએ તો પાપ લાગશે. પણ જો આપણે સમાજોપયોગી કાર્ય કરીશું તો પુણ્ય નહિ મળે કારણ કે એ આપણી ફરજ છે. અંગીયાના શ્રી ભાણજીભાઇ રામજીએ પોતાના વક્તવ્યમાં ૧૮ થી ૧૯મી સદીમાં આપણી જ્ઞાતિમાં જ્ઞાનનો પ્રકાશ મંદ પડયો ત્યારે જ્ઞાન જ્યોત પ્રગટાવનાર પૂ. નારણબાપાનું સ્મરણ કર્યું હતું. અને સમાજની મહિલાઓને ઘૂંઘટ પ્રથા દૂર કરવાની સાથે કુળની લાજ જાય નહિ તેનું ધ્યાન રાખવા ઇશારો કર્યો હતો.

અ.ભા.ક.ક.પા. યુવક સંઘના પ્રવર્તમાન પ્રમુખ શ્રી ગંગારામભાઇ પટેલે પોતાનું અવલોકન રજૂ કરતાં જણાવ્યું કે જ્ઞાતિના ધારાધોરણો ૮૦ થી ૯૦ ટકા પળાય જ છે. પણ સો એ સો ટકા પળાય તે માટે કટીબધ્ધ થવા યુવાનોને હાકલ કરી હતી. કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વી. કે. પટેલે પોતાના ઉદબોધનમાં કડવાપાટીદાર સમાજના પ્રગતિશીલ વિચારોની નોંધ લેતાં જણાવ્યું કે લેઉવા પટેલ સમાજ આ સમાજના કન્યા છાત્રાલયો બનાવવાનું ઉદાહરણ લઇ ભુજ ખાતે કન્યા છાત્રાલય શરૂ કરી અને સમૂહલગ્નના વિચારને અનુસરવા પ્રયાસો જારી છે. સમારંભના પ્રમુખશ્રીએ કચ્છ લેવા પટેલ સમાજના પ્રમુખના વક્તવ્યનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે લેવા પટેલ સમાજની કાર્યશૈલી અને સમાજવિકાસ માટે અપાતા આર્થિક યોગદાન બાબતે પ્રેરણા લેવા જેવી છે. ગુજરાત સરકારના મહેસુલ વિભાગના નાયબ સચિવ અને પાટીદાર સંદેશના તંત્રી શ્રી સામજીભાઇ પટેલે પણ લાંબુ વક્તવ્ય આપવાને બદલે પાટીદાર સંદેશમાં અધિવેશન વિશે લખાયું છે તેનો હવાલો આપવાનું ઉચિત માન્યું. દુર્ગાપુરના શ્રી રતનશીભાઇ લાલજીએ સમાજના વિકાસની જેટલી જવાબદારી મંચથી નીચે બેઠેલાની છે. તેથી વિશેષ જવાબદારી મંચ પર બેઠેલાની છે. એવું જણાવ્યું. મુંબઇ સ્થિત ડૉ. નવીનભાઇ પટેલે સમાજના ઉત્કર્ષમાં બુધ્ધિધનનો વધુમાં વધુ ઉપયોગ કરવાની વિનંતી કરી.

અધિવેશનની બીજી બેઠક બપોર બાદ શરૂ થઇ. અ.ભા.ક.ક.પા. સમાજના મહામંત્રી શ્રી વાલજીભાઇ નારણે સભાના સંચાલનનો દોર હાથમાં લીધો. પ્રારંભમાં કડોદરાવાળા ભાણજીભાઇ પટેલે સમાજની આર્થિક પ્રગતિની સાથે સાથે શૈક્ષણિક વિકાસમાં પણ ગતિ લાવવા પર ભાર મૂક્યો. નવાવાસ (રવાપર)ના અને હાલે તિરૂચિનાપલ્લી રહેતા શ્રી નથુભાઇ પટેલે સમાજના ભવિષ્ય સમા બાળકોમાં બચપણથી સંસ્કારોનું સિંચન કરવા બાલ સંસ્કાર કેન્દ્રો શરૂ કરવાની વાત કરી. છાભૈયા પરિવારના પ્રમુખ શ્રી ભીમજીભાઇ છાભૈયાએ પોતાનું મંતવ્ય આપતાં જણાવ્યું કે નર્મદાના જળ કચ્છને મળે એ માટે આપણે પ્રયત્નશીલ રહેવું જોઇએ. કેશવલાલભાઇ હંસરાજભાઇ પટેલે સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ લઇ પોતાની દિશા નક્કી કરવા ભલામણ કરી - રવાપરના અને હાલે મદ્રાસ સ્થિત શ્રી યોગેશભાઇ કરમશીભાઇ પટેલે દક્ષિણભારત કચ્છ કડવા પાટીદાર સમાજનું ઉદાહરણ આપીને ભારત ભરમાં વસતા સમાજના તમામ સભ્યોને પણ કેન્દ્રીય સંસ્થાના વિકાસમાં પોતાનું યોગદાન આપવાની વિનંતી કરી. મોડાસા સમાજના પ્રમુખશ્રી ગંગારામભાઇએ મોડાસા ખાતે સ્થાનિક સમાજ દ્વારા ચલાવાતી કન્યા છાત્રાલય અને કન્યા કેળવણીની પ્રવૃત્તિઓનો ચિત્તાર આપ્યો હતો.

નાગપુર સમાજના પ્રમુખ ચંદુભાઇ મૂળજી પોકારે નાગપુર સમાજ દ્વારા

ચલાવાતા શૈક્ષણિક સંકુલની વિગતો આપી. સાથે સાથે તેમણે અ.ભા.ક.ક.પા. સમાજને પાવરહાઉસ સાથે તુલના કરી જેમાંથી પેટા સમાજને ઉર્જા મળે છે. કડવા પાટીદાર સતસંઘ સમાજ નડિયાદના મંત્રી શ્રી નારણભાઇ લાલજી પટેલનો મત હતો કે પૂ. નારણ બાપાની સાથે સાથે કેસરાબાપા (નેત્રાવાળા)ને પણ સમાજે ભૂલવા જોઇએ નહિ. મુંબઇના શ્રી નારણભાઇ મનજી વેલાણીએ જણાવ્યું કે છાત્રાલયના આલીશાન મકાન સારા ગૃહપતિ અને ગૃહમાતા વિના અધૂરા ગણાય.

અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ડી.વાય.એસ.પી. શ્રી ડાહ્યાભાઇ પટેલે સભાને સંબોધતાં એ વાતનો સ્વીકાર કર્યો કે મહેસાણાના કડવા પટેલ સમાજ કરતાં કચ્છ કડવા પાટીદાર સમાજ વધુ પ્રગતિશીલ છે, પણ સાથે સાથે એવી ટકોર પણ કરી કે ઉત્તર ગુજરાત કરતાં અહિના સમાજમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેમનું સૂચન હતું કે શિક્ષણ માત્ર નોકરી માટે જ નથી. શિક્ષણ જીવનના તમામ ક્ષેત્રોમાં ઉપયોગી નીવડે છે. ખાસ કરીને ધંધાકીય ક્ષેત્રે સરકારી તંત્ર પાસેથી કામ લેવામાં શિક્ષણ ખૂબજ ઉપયોગી બની રહે છે. જિલ્લાના નાયબ પોલીસ વડાએ વધુમાં સમાજની મહિલાઓ પર થતા અત્યાચારોની વાત કરી અને અત્યાચારોનો એકમાત્ર વિકલ્પ આત્મહત્યા નથી. મહિલાઓએ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે સમાજના અગ્રણીઓ કે મહિલા સંગઠનો પાસે ઘાં નાખવી જોઇએ. અને જરૂર પડે પોલીસતંત્રની મદદ લેવી જોઇએ. તેઓશ્રીએ સમાજસેવાના અતિઉત્સાહમાં આવી કાયદો હાથમાં લેનાર યુવાનો અને યુવા સંગઠનો સામે પણ લાલ બત્તી ધરી.

સમાજમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વ્યક્તિઓ પૈકી એક મહાનુભવ ગુજરાત રાજ્ય મહેસુલ વિભાગમાં નાયબ સચિવ એકમાત્ર કડવા પાટીદાર ભાઇશ્રી શામજીભાઇ રામજીભાઇ બાથાણી કે જેઓ પાટીદાર સંદેશના માનદતંત્રી છે. તેમનું બહુમાન અ.ભા.ક.ક.પા. યુવક સંઘ દ્વારા કરવામાં આવ્યું જે બહુમાન અ.ભા.ક.ક.પા. સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઇ પુંજાભાઇ પટેલે શ્રી શામજીભાઇ પટેલને રૌપ્યચંદ્રક એનાયત કરીને કર્યું. સન્માનનો પ્રતિભાવ આપતાં શ્રી શામજીભાઇએ જણાવ્યું કે મારા જીવનની ધન્યક્ષણ હું એને માનું છું કે જે સમાજમાં મેં જન્મ લીધો છે એજ સમાજ મારું સન્માન કરે છે. તેઓશ્રીએ પોતાના વક્તવ્યમાં બીજી પણ એક સરસ વાત કરી કે કોઇ પણ સમાજમાં વૈચારિક મતભેદો હોવા એ તંદુરસ્ત સમાજનું લક્ષણ છે. પણ સમાજમાં મનભેદ ઊભા ન થાય તે જોવું પડશે. વધુમાં તેમણે પોતાના હોદ્દાનીરૂએ જ્ઞાતિજનોને ઉપયોગી થવાની ખાતરી ઉચ્ચારી. સન્માનનીય ભાઇશ્રી શામજીભાઇ આર. પટેલ મૂળે નખત્રાણા તાલુકાના વીરાણીમોટીના છે. અને અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે રહે છે. અને ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવે છે.

સભાના સંચાલક મંત્રી શ્રી વાલજીભાઇએ પ્રવચનનો દોર આગળ ચલાવતાં ઉખેડાના અને હાલે અમદાવાદ રહેતા શ્રી નાનજીભાઇ મેઘજીને સભાને સંબોધવા નિમંત્ર્યા. શ્રી નાનજીભાઇએ પોતાના વેધક વક્તવ્યમાં જણાવ્યું કે સુદ્રઢ અને તંદુરસ્ત સમાજના નિર્માણ માટે સનાતન ધર્મના વેદમાન્ય તેજસ્વી ઉત્સાહ પ્રેરક અને કૃતિવર્ધક વિચારો ઘરઘરમાં લઇ જવા પડશે. હૈદરાબાદ સમાજના ઉપપ્રમુખ પુંજાલાલ રામજીએ બોલવા કરતાં કામ કરવાનું વિશેષ મહત્વ છે. એવું જણાવ્યું. ત્યાર બાદ સમયના અભાવે પ્રાસંગિક પ્રવચનો ટૂંકાવીને અધિવેશનનો અગત્યનો ભાગ શરૂ થયો જેમાં જ્ઞાતિના ધારા ધોરણો માટેના ઠરાવો રજૂ થયા. પ્રારંભમાં સમાજના સહમંત્રી શ્રી ઇશ્વરભાઇ માવજી પટેલે મહિલા મંડળે રજૂ કરેલા સૂચનો અને પસાર કરેલા ઠરાવોનું વાચન કર્યું અને ત્યારબાદ ઓગણીસ સામાજિક ઠરાવો સમાજના અગ્રણીઓ દ્વારા રજૂ કરાયા, સમર્થન પણ અપાયું અને સર્વાનુમતે પારિત કરવામાં આવ્યા જેની વિગતે નોંધ સોવિનીયરના અલગ પાના પર કરેલ છે.

ન્યાય સમિતિ સમક્ષ પડેલા નખત્રાણાના એક યુવાનના કિસ્સાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

ઓગણીસમાં ઠરાવને અગાઉની યાદીમાં ઉમેરવામાં આવ્યો જેના પર મંચ પરના વિવિધ વક્તાઓએ પોતપોતાનાં મંતવ્ય આપ્યાં આણે સભાનો સારો એવો સમય લીધો જેમાં શ્રી ખીમજીભાઇ લખમશીએ પોતે તૈયાર કરેલા આ ઓગણીસમો ઠરાવ અનુમોદિત કરવા આપેલા વક્તવ્યમાં એવું પ્રતિપાદિત કર્યું કે સમાજમાં પ્રવર્તમાન સામાજિક અને ધાર્મિક વિવાદોને અદાલત સુધી ન લઇ જતાં જો સમાજે રચેલા ન્યાયપંચ સમક્ષ મૂકવામાં આવે તો ત્વરિત અને સાચો ન્યાય મળી શકે તેમ છે. અને સમાજનો અનાદર કરીને સીધો અદાલતનો આસરો લેનારને સમાજનો ગુનેગાર ગણવો જોઇએ એવો તેમનો મત હતો, જેમને એલ. વી. પટેલનું સમર્થન સાંપડયું.

જ્ઞાતિના રીત રિવાજને લગતા ઠરાવો પસાર થયા બાદ શ્રી શિવદાસભાઇ ગોવિંદભાઇ પટેલે (ભૂતપૂર્વ કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી) કચ્છને નર્મદાના નીરની કેટલી તાતી જરૂર છે તેની સમજ આપ્યા બાદ નર્મદાના નીર અંગેનો ઠરાવ રજૂ કર્યો જેને ડૉ. વી. એચ. પટેલ અને ખીમજીભાઇ નાગજીભાઇ પટેલ (માજી ધારાસભ્ય)એ સમર્થન આપ્યું. શ્રી ઇશ્વરલાલ માવજી ભગતે બ્રોડગેજ રેલવે લાઇન ગાંધીધામથી ભુજ સુધી લંબાવવા અંગેનો ઠરાવ રજૂ કર્યો જેને માવજીભાઇ કેસરાભાઇ પટેલે અનુમોદન આપ્યું ઉપયુક્ત બન્ને ઠરાવોની શબ્દસહ નોંધ સોવિનીયરના અલગ વિભાગમાં મૂકેલ છે.

અ.ભા.ક.ક.પા. યુવક સંઘે પોતાની યુવા પરિષદમાં પસાર કરેલા ઠરાવોનું વાંચન પણ આ સભામાં કરવામાં આવ્યું. અમે સભાના અંતે નિયમાનુસાર અ.ભા.ક.ક.પા. સમાજના અને સમારંભના પ્રમુખ મુ. શ્રી પ્રેમજીભાઇ પૂંજાભાઇ પટેલે પ્રમુખ સ્થાનેથી પોતાના ભાવવાહી ઉદબોધનમાં સમાજના તમામ ભાઇ-બહેનોને પરિષદે પસાર કરેલા ઠરાવોનું જવાબદારી પૂર્વક પાલન કરવાની અપીલ કરી અને તેઓશ્રીએ પોતાનું તારણ રજૂ કરતાં જણાવ્યું કે સમાજે આ અગાઉ ઘડેલા ધારાધોરણોનું એંસી ટકા પાલન થાય છે જ તેમણે જ્ઞાતિજનોને વધુને વધુ સમૂહલગ્ન યોજવા અને તેમાં જોડાવા અનુરોધ કર્યો. તેઓશ્રીએ બીજી જ્ઞાતિઓની અપેક્ષાએ આપણી જ્ઞાતિમાં વ્યસનોનું પ્રમાણ ઘણું ઓછું છે, એ માટે સંતોષ વ્યક્ત કર્યો. પણ સાથે સાથે વ્યસનો અને દૂષણો ઘૂસી ન જાય તે માટે યુવાનોને સાવધ રહેવા જણાવ્યું હતું. અને બાળકોમાં નાનપણથી જ પાયાના સંસ્કારોનું સિંચન થાય એ માટે પ્રત્યેક ગામમાં બાલસંસ્કાર કેન્દ્રો શરૂ કરવા ભલામણ કરી.

કોઇપણ ધર્મ કે સંપ્રદાયમાં માનનારા તમામ સમાજને ખોળે સમાન છે. સમાજ આ મંચ પરથી કોઇ ધર્મની ટીકા કરતો નથી એવી સ્પષ્ટતા પ્રમુખશ્રીના સ્વમુખે કરવામાં આવી. અને તેઓએ સામાજિક જાગૃતિમાં કેસરાબાપાએ આપેલા યોગદાનને યાદ કરી તેમને ભાવાંજલિ અર્પી હતી. તેમણે સમાજની અલ્પ સમયમાં થયેલ કાયા પલટ અને ઉન્નતિ બદલ આનંદ વ્યક્ત કર્યો અને આશીર્વચનો સાથે તેમનું પ્રવચન પૂર્ણ થયું. અને સમાજના મંત્રીશ્રી વાલજીભાઇ નારણના આભાર દર્શન સાથે ઢળતી સાંજે સમારંભ પૂર્ણ થયો અને સાથે ચતુર્થ અધિવેશન પણ પૂર્ણ થયું.



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘે ચતુર્થ અધિવેશનમાં પસાર કરેલ ઠરાવો

ઠરાવ નં. ૧

સમાજની વર્તમાન પરિસ્થિતિ ને અનુલક્ષીને સમાજની બહેનો મુંઝવતા રોજ બરોજના કૌટુંબિક પ્રશ્નો આત્મહત્યા, હત્યા, તેમજ છુટાછેડા જેવા પ્રશ્નોના નિરાકરણ માટે તેમજ સમાજના બંધારણના પાલન કરાવવા માટે તેમજ બહેનોના શૈક્ષણીક અને સામાજીક ક્ષેત્રે સર્વાંગી વિકાસ માટે સમાજની મહિલા પાંખ શક્તિ શાળી હોવી જરૂરી છે આજની આ પરિષદ મહિલા પાંખને જરૂરી સત્તાઓ અને બંધારણ સાથે વિધીસર માન્યતા આપવા સમાજને અનુરોધ કરે છે.

ઠરાવ મુકનાર :- શ્રીમતી મંજુ લાબેન નાનાલાલ ઉકાણી - ભુજ
ટેકો આપનાર :- શ્રીમતી નર્મદાબેન નારાણભાઈ પટેલ - મુંબઈ

ઠરાવ નં. ૨ શિક્ષણ અંગે

આજે એકવીસમી સદીમાં આગેકૂચ કરતી વખતે શિક્ષણનું મહત્ત્વ આપણા સમાજમાં સમજાયું છે. તે સાથે અભિગમ બદલાયો છે. દિકરીના શિક્ષણ વિના સમાજની પ્રગતિ શક્ય નથી, ખાસ કરીને કન્યા કેળવણીમાં બહેનોને પ્રાથમિક શિક્ષણ આપવાનું વલણ ચાલુ છે. પણ માધ્યમિક શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ તરફ માં-બાપનો અભિગમ સંતોષકારક નથી. આજની આ બહેનોની સભા સમાજના દરેક મા-બાપને કન્યાઓને ઓછામાં ઓછું એસ.એસ.સી. (S.S.C.) સુધીનું શિક્ષણ આપવાનો અનુરોધ કરે છે.

ઠરાવ મુકનાર : હંસાબેન લાલજીભાઈ પારસીયા (અંગીઆનાના)
ટેકો આપનાર : જયાબેન વાલજીભાઈ ભગત (નખત્રાણા)

ઠરાવ નં. ૩

આપણા સમાજમાં ઘુંઘટ પ્રથા ઘણા લાંબા સમયથી ચાલી આવે છે. આજે સમાજમાં જ્યારે આર્થિક, નૈતિક, શૈક્ષણિક પરિવર્તન આવી રહ્યું છે. ત્યારે આ પ્રથાને વહેલી તકે તિલાંજલી આપવી જરૂરી છે. આજની આ મહિલા સભા યુવાન પેઢીને આ પ્રથા દુર કરવા તથા વડીલોને તેમાં સહકાર આપવા અનુરોધ કરે છે.

ઠરાવ મુકનાર : રતનબેન માવજીભાઈ ભગત - ભુજ
ટેકો આપનાર : પાર્વતીબેન માધવજીભાઈ (ભુજ)

ઠરાવ નં. ૪, બહેનો પરના અત્યાચારો રોકવા અંગે....

આપણા સમાજમાં હાલના સંજોગોમાં બહેનો પરના અત્યાચારો વધતા જાય છે. કેટલીક બહેનો પર કુટુંબના સભ્યો દ્વારા જુલમ ગુજારવામાં આવે છે. ઘણીવાર સાસુ, જેઠાણી કે નણંદ દ્વારા પણ આવા જુલમો થતા હોય છે. આપણે બહેનો જ એક બીજાના દુશ્મન બની જઈએ છીએ. આજની આ મહિલા સભા બહેનો પરના થતા અત્યાચારો રોકવા તથા અત્યાચાર ગુજારનારને યોગ્ય શિક્ષા આપવા સમાજને અનુરોધ કરે છે.

ઠરાવ મુકનાર : શુશીલાબેન કાંતિલાલ પાટીદાર (ભુજ)
ટેકો આપનાર : દેવકાંબેન શિવદાસભાઈ ધનાણી (નખત્રાણા)

મહિલા પરિષાદમાં કરવામાં આવેલ સુચનો

(૧) અગાઉ આપણા સમાજમાં લગ્ન પ્રસંગે કન્યા પક્ષવાળા લગ્ન થઈ ગયા પછી કન્યાના સાસરાને ઘરે આણાં નિમીતે સૌ સગાંવહાલાં સાથે જમવા જવાનું ગોઠવતા જેને આણું જમવા ગયા તેમ સુચવવામાં આવતું ગત અધિવેશન સમયે આ આણાં પ્રથામાં જમવાને બદલે કન્યાના ઘરે માત્ર નાસ્તો કરવાનું સુચન કરવામાં આવેલ પરંતુ આજની પરિસ્થિતિને અનુલક્ષી ને હાલ એવું સુચવવામાં આવે છે કે આ આણાં પ્રથા સદંતર બંધ કરી દેવી જોઈએ.

(૨) આપણા સામાજીક રીત રીવાજો મુજબ હવે મહિલાઓ દ્વારા એવું સુચન કરવામાં આવે છે કે દિકરીને ત્યાં પહેલું બાળક આવતાં બોલામણું કે પછેડા જેવો પ્રસંગ દિકરીના સાસરાને ઘરે જ કરવામાં આવે જેથી કન્યા પક્ષના સૌ સગાં વહાલાં આ પ્રસંગે દીકરીના સાસરના ઘરે જઈ શકે.

(૩) દીકરીને સારા દિવસો જતા હોય ત્યારે સાતમા મહિને દીકરીના મા બાપ ને ઘરેથી લાડુ બનાવી ને દીકરીને પહોંચાડવાનો રીવાજ છે. વર્તમાન સમયે સૌ દેશ પરદેશ દુર રહેતાં હોય ત્યારે પ્રથા બંધ કરી દેવાનો મહિલા સભા અનુરોધ કરે છે.

(૪) સમાજમાં જ્યારે બહેન વિધવા બને છે ત્યારે આ અસહાય બહેનનો સંપુર્ણ શણગાર ઉતારી લેવામાં આવે છે અને તેને આ દુરાચારી દુનિયામાં વધુ અસહાય અને અસલામત બનાવી દેવાય છે આ અમંગળ પ્રસંગ બહુ નાની બહેનો સાથે બનતા હોય છે ત્યારે આવી બહેનોનો શણગાર ઉતારી નિસહાય બનાવવાને બદલે હિંમતવાન બહેનની રીતે શણગાર સાથે પગભર જીવન જીવવાનો મોકો આપવા આ મહિલા સભા સુચન કરે છે.

ચતુર્થ અધિવેશનમાં યુવક સંઘે પસાર કરેલા ઠરાવો

ઠરાવ નં : ૧ યુવક સંઘના સંગઠન બાબત :

આથી યુવક સંઘ તમામ યુવાનોને આગ્રહભરી અપીલ કરે છે કે પ્રત્યેક પાટીદાર ગામમાં પાટીદાર યુવક મંડળની રચના અવશ્ય કરવી જોઈએ જેથી કરીને સમાજના યુવાનો સંઘભાવ કેળવીને સમાજનું રચનાત્મક કામ કરી શકે.

હાલે જે યુવક મંડળો નિષ્ક્રિય હોય તેને સક્રિય કરવા જોઈએ અને તેને યુવકોની કેન્દ્રીય સંસ્થા સમા શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ સાથે જોડી દેવા જોઈએ. જેથી કરીને સમાજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓથી જે તે મંડળો વાકેફ રહી શકે અને પોતાનુ બહુમૂલ્ય યોગદાન આપી શકે.

યુવક સંઘ સાથે જોડાવા માટે આજીવન લવાજમ આ મુજબ છે.
૧ થી ૫૦ સભ્ય માટે રૂ. ૧૫૧-૦૦

૫૧ થી ૧૦૦ '' '' રૂ. ૨૫૧-૦૦
૧૦૧ થી વધુ '' '' રૂ. ૫૦૧-૦૦

ગામડાઓના યુવક મંડળોની પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરવા તેમજ તેમને માર્ગદર્શન આપવાના હેતુથી દશ થી પંદર ગામોના યુવક મંડળના સભ્યો સાથે વિભાગીય મિલનો અવાર-નવાર યોજશું.

ઠરાવ મુકનાર: મોહનલાલ શીવજીભાઈ ધોળુ
ટેકો : વીરજીભાઈ લધાભાઈ ધોળુ

ઠરાવનં :૨ સમાજના નીતિ નિયમો પાળવા અંગે

સમાજ દ્વારા બનાવવામાં આવતા નીતિ નિયમો પાળવા અંગે યુવક સંઘે વિશેષ જાગૃતિ દાખવવી જરૂરી છે.

આ સ્થળેથી યુવક સંઘ દરેક યુવકોને ખાસ અનુરોધ કરે છે કે સમાજના નીતિ નિયમોનું પાલન કરે અને દરેક યુવક મંડળોએ પ્રહરીની ફરજ બજાવવાની રહે છે. સાથે સાથે મહિલા મંડળોએ પણ આ નિયમોના પાલનમાં વિશેષ જાગૃતિ બતાવવાની છે.

(બારમાં ને બદલે તેરમું કરી નિતીનિયમો તોડે તે પણ યોગ્ય નથી)

ઠરાવનં. : ૩ પરિવાર મિલનો અંગે

કડવા પાટીદાર સમાજના પ્રવર્તમાન વિવિધ અટકોવાળા પરિવારો પોતાનાં પરિવાર મિલનો યોજે છે. પરિવારના સભ્યો પરસ્પર નિકટ આવવાની ભાવનાથી યોજાતા આવા મીલનો આવકારદાયક છે.

પરંતુ સાથે સાથે આપણે એ બાબતે પણ જાગૃત રહેવું પડશે કે પરિવારના ઉત્કર્ષના ભોગે આપણી કેન્દ્રીય સંસ્થા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનો વિકાસ મંદ ન પડે.

પોતાના પિતૃ (પૂર્વજો)ને યાદ કરે તે કદાચ ઉચિત ગણાય પરંતુ પિતૃઓની નડતર તથા પોઠીયાની સ્થાપના એ આજના વૈજ્ઞાનિક યુગમાં કોઈ રીતે યોગ્ય નથી તેને કારણે ખોટા વહેમો અને અંધશ્રદ્ધાને પ્રોત્સાહન મળે છે. એવું અમોને લાગે છે તેથી આવી પ્રથા બંધ થાય એવું યુવક સંઘ સૌ જ્ઞાતિજનોને અનુરોધ કરે છે.

આવા પરિવાર મિલનોમાં જે ભંડોળ એકત્ર થાય છે તે ભંડોળનો ઉપયોગ સમાજ વિકાસના કાર્યોમાં તથા સમાજના શૈક્ષણિક ઉત્કર્ષમાં તેમજ સમાજના આર્થિક રીતે નબળી સ્થિતિ વાળા કુટુંબોને સહાય કરવામાં થાય એ ઈચ્છનીય છે. અને યુવક સંઘ આવા પરિવારોને આ દિશામાં વિચારવાની નમ્ર અપીલ કરે છે.

ઠરાવ મુકનાર : દામજીભાઈ ખેતશીભાઈ માંકાણી (ભુજ)
મોહનભાઈ રામજી પટેલ તખતગઢ

ભુજ - માંડવી અને ગાંધીધામ સમાજવાડીઓ

કચ્છની રાજધાની ભુજ કે બંદરી શહેર માંડવીમાં ખરીદી, દવાખાનું કે પરદેશ પ્રવાસ માટે જતાં આવતાં જ્ઞાતિજનોનેં પોતાની સમાજવાડી હોવાની જરૂરીયાત જણાયેલ.

જ્ઞાતિમાં શિક્ષણના વિકાસ માટે નખત્રાણા ખાતેની બોર્ડીંગ અને સમાજવાડીઓ માટે તા. ૨૨-૫-૫૭ના કોટડા (જડોદર) ખાતે સ્વ. ભીમજી કેશરા લીંબાણીના નિવાસ્થાને કચ્છના ગામેગામના આગેવાનોની સભા મળેલ. જેમાં નખત્રાણા બોર્ડીંગ, ભુજ અને માંડવી ખાતે સમાજવાડીઓ બનાવવા માટે સૌ પ્રથમ એડહોક કમિટીની રચના કરવામાં આવેલ. જે મુજબ (૧) પ્રમુખ :- શ્રી પરબત લખુભાઈ (૨) ઉપપ્રમુખ : શ્રી શીવદાસ કાનજી (૩) મંત્રી : શ્રી કરસન શીવદાસ (૪) સહમંત્રી : શ્રી વિશ્રામ કાનજી (૫) ખજાનચી : શ્રી ભીમજી કેશરાની હોદ્દેદારોની બનેલી એડહોક કમિટિએ પોતાનું કાર્ય આરંભી દીધેલ.

ભુજમાં શ્રી તુલશીદાસ શેઠનો બંગલો ખરીધ્યા બાદ જરૂરી સુધારા વધારાના રૂમો બનાવ્યા બાદ સમાજવાડીનો વિધિવત આરંભ થયો. તેમજ તેની બાજુની ખુલ્લી જમીન પણ ખરીદવામાં આવેલ. ભુજ સમાજવાડીમાં યાત્રીકોની સાથે ભુજમાં કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ તેનો લાભ લેવા લાગ્યા. આપણે જોઈએ છીએ કે એજ વાડીમાં વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલ ચાલુ કરવામાં આવી જેને પાછળથી સમાજવાડી થી થોડે દુર જમીન ખરીદીને વિશાળ સ્ટુડન્ટ હૉસ્ટેલ બનાવવામાં આવેલ છે. જ્યારે સમાજવાડીના રૂમો ઉપર વધારાનો માળ ઉભો કરીને કન્યા છાત્રાલય ચાલુ કરવામાં આવેલ છે. આમ ભુજ સમાજવાડી સતત ગુંજતી રહે છે.

ભુજમાં સમાજવાડીની જગ્યાની ખરીદીના સમયે જ ૧૯૫૭માં સમાજવાડી માટેની જમીનનો સોદો કરવામાં આવેલ. પરંતુ એ જગ્યા અનુકુળ નહીં જણાતાં અત્યારની સમાજવાડી વાળી જમીનની ખરીદી કરવામાં આવેલ. માંડવી બંદરી શહેરની જાહોજલાલી પૂર્ણ કળાએ ખીલેલ હોવાથી કચ્છભરમાંથી હટાણાં માટે દરેક માંડવી આવતાં ત્યારે જ્ઞાતિજનો માટે માંડવી વાડી ખુબ જ ઉપયોગી સાબિત થયેલ.

ભુજની જેમ જ માંડવી સમાજવાડીમાં પણ વિદ્યાર્થીઓ માટે વિશાળ વિદ્યાર્થી છાત્રાલય બનાવવામાં આવેલ છે. માંડવી સમાજવાડીમાં જ હોસ્ટેલ હોવાથી અને માંડવી વિસ્તારના ભાઈઓની અત્યારની સક્રિયતાના કારણે સમાજવાડી સતત પ્રવૃત્તિઓથી ધમધમતી રહે છે.

ગાંધીધામથી ભારતભરમાં જવા આવવા માટેનાં બ્રોડગ્રેજ રેલ્વે સ્ટેશનનાં કારણે સમાજવાડીની અનિવાર્યતા જણાવયેલ. જેમાં છેલ્લે ભારતનાં આધુનીક અને પાંચમો ક્રમ ધરાવતાં કંડલા બંદર ઉપર લાકડાંની આયાતના કારણે સમાજવાડીની માંગ વધી જવા પામેલ. સ્થાનિક ગાંધીધામ સમાજના વડીલો અને યુવાનોની ધગશના કારણે અત્યારની આધુનિક સમાજવાડીનું નિર્માણ થઈ શકેલ છે. અત્યારની સમાજવાડીમાં ગાંધીધામ શહેરના કારણે મોટો હોલ અને અન્ય રૂમોના બાંધકામની દરખાસ્ત પણ વિચારણા હેઠળ છે.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

સમાજના વિકાસની ગૌરવ ગાથા : સ્થાપનાથી આજ સુધી

આજે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ જેની શીળી છાયા તળે પાંગરી છે, વિકસી અને વિસ્તરી છે, અને જેની વડવાઈઓ સમગ્ર ભારતમાં ફેલાયેલી છે. એવા વિશાળ વટવૃક્ષ સમા અ.ભા.ક. ક. પા. સમાજનું બીજારોપણ આજથી સાડાત્રણ દાયકા પહેલાં જ થયું છે. આટલા અલ્પ સમયમાં આ સંસ્થાએ વિકાસના જે સોપાનો સર કર્યાં છે. તે કોઈ પણ સમાજ માટે ગૌરવ અને આનંદની બાબત ગણાય. સમગ્ર કચ્છમાં અને ભારતભરમાં ફેલાયેલ જ્ઞાતિજનોને એક જ તાંતણે બાંધવાની અને જ્ઞાતિના ધારા ધોરણમાં એક વાક્યતા જળવાય અને સમગ્ર જ્ઞાતિ,ના શૈક્ષણિક અને સામાજિક ઉત્કર્ષનાં કાર્યો હાથ ધરી શકાય આવા બહુવિધ ઉદ્દેશ્યો માટે જ્ઞાતિના દૂરંદેશી વડીલોને એક બંધારણીય સંસ્થાની આવશ્યકતા જણાઈ અને તેની રચના પણ કરવામાં આવી ત્યારથી માંડીને આજ લગી અ.ભા.ક.ક.પા. સમાજે જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે જે કાર્યો હાથ ધર્યાં છે. તેમાં આપણો સમાજ કેટલે અંશે સફળ થયો છે. તેના પરિણામોથી જ્ઞાતિજનો કેટલા લાભાન્વિત થયા છે તેનાં લેખાં જોખાં કરવાં અને સમાજની વિકાસ યાત્રાનો આછો ચિતાર જ્ઞાતિજનો સમક્ષ મૂકવો આ આ લેખનો હેતુ છે. પરંતુ અ.ભા.ક.ક.પા. સમાજનો વિકાસ આલેખ જોઈએ તે પહેલાં આપણી કેન્દ્રીયસંસ્થાની સ્થાપના કેવા સંજોગોમાં કરવામાં આવી અને તે સમય અને તે પહેલા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિ કેવી હતી તેના પર દ્રષ્ટિપાત કરવો જરૂરી છે. તો જ આપણી માતાની ગોદ જેવી કેન્દ્રીય સંસ્થાનું મૂલ્ય આપણે સમજી શકીશું.

કચ્છ કડવા પાટીદાર સમાજની વિધિસર સ્થાપના થઈ તે પહેલાંનો પચાસ વર્ષનો ગાળો આપણી માટે સંક્રાંતિનો સમય હતો એમ કહીએ તો ખોટું નહિ ગણાય કારણ કે એ સમય દરમિયાન જૂનવાણી ધાર્મિક ખ્યાલો અને જૂનવાણી સામાજિક રીવાજો છોડી નવી સુધારાવાદી કેડી પર પ્રસ્થાન કરવાનો જ્ઞાતિ દ્વારા પ્રારંભ થઈ ચૂક્યો હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પૂ. નારણજી રામજી લીંબાણીએ શરૂ કરેલા ધાર્મિક જનજાગરણની જેહાદને લોકોએ સારો પ્રતિસાદ આપ્યો ધીરેધીરે ધાર્મિક પરિવર્તન તરફ આગળ વધવાનો દોર રહ્યો હતો. એજ રીતે વ્યવસાય અર્થે કચ્છ બહાર જતાં અને જ્ઞાતિઓના સંપર્કમાં આવતાં નવા સામાજિક ખ્યાલોનો ધીરે ધીરે આવિર્ભાવ થવા લાગ્યો હતો. આ અરસામાં લોકો પરંપરાગત ખેતીના વ્યવસાય ઉપરાંત કચ્છ બહાર જઈ અન્ય વ્યવસાય અપનાવવા લાગ્યા હતા. શિક્ષણના અભાવે કચ્છબહાર પણ પાટીદારોને હાથવેરણ કે મકાન બાંધકામમાં મજૂરીકામ જેવા શ્રમ આધારિત વ્યવસાયો જ સ્વીકારવાની ફરજ પડી હતી. પણ ધીરેધીરે સૉ મીલો અને બિલ્ડિંગ કોન્ટ્રેક્ટર જેવા વ્યવસાયોમાં પગપેસારો કરી સારો એવો વિકાસ સાધ્યો. આમ આજે આપણી જ્ઞાતિની જે હરણફાળ પ્રગતિ આપણે જોઈ શકીએ છીએ તેના પગરણ આ સદીના પૂર્વાર્ધમાં જ મંડાઈ ચૂક્યાં હતાં. તેમ છતાં આ સમયગાળા દરમિયાન જ્ઞાતિમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું હતું. અર્થોપાર્જન માટે કચ્છ છોડીને બહાર જતાં - આવતાં જ્ઞાતિજનો અને મુંબઈ, રાયપુર, નાગપુર, કલકત્તા જેવાં નગરો અને મહાનગરોમાં સ્થાયી થયેલા વડીલોને શિક્ષણનું કેટલું મહત્ત્વ છે એ સમજાયું. કેટલાક જાગૃત આગેવાનોને શિક્ષણની ખોટ સાલવા લાગી. સૉ મીલ, કન્સ્ટ્રકશન જેવા વ્યવસાયોમાં જંપલાવતાં શિક્ષણને અભાવે પડતી મુશ્કેલીનો અહેસાસ થતાં પચાસથી સાઈઠના દશકામાં શિક્ષણનો વ્યાપ વધારવાના પ્રયત્નોમાં વેગ આવ્યો. જે લોકો કચ્છ બહાર જઈ મોટા શહેરોમાં ગયા તેમનાં બાળકો તો શિક્ષણ મેળવતાં થયાં અને તેના લાભો તેમના વ્યવસાયમાં મળવા પણ લાગ્યા પણ જે લોકો કચ્છના ગામડાઓમાં રહેતાં હતાં અને જ્યાં નજીકમાં માધ્યમિક શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ નહોતી તેવા બાળકોનું શું ? આ પ્રશ્નનો ઉકેલ એક જ હતો કે જ્યાં માધ્યમિક શાળાઓ હોય ત્યાં જો છાત્રાવાસો શરૂ કરવામાં આવે તો તેમાં રહી ગામડાના બાળકો માધ્યમિક શિક્ષણ મેળવી શકે.

નખત્રાણા તાલુકામાં કડવા પાટીદારોની વસ્તી વિશેષ એટલે નખત્રાણા ખાતે જો વિદ્યાર્થી હોસ્ટેલ ઊભી કરવામાં આવે તો સમગ્ર વિસ્તારના પાટીદારોનાં બાળકો શિક્ષણનો લાભ મેળવી શકે એવો સમાજનાં તે સમયના કેટલાક જાગૃત આગેવાનોને વિચાર આવ્યો અને આ વિચારને મૂર્તસ્વરૂપ આપવા કોટડા જડોદર ખાતે ભીમજીકેશરાના નિવાસ સ્થાને એક મિટિંગ મળી અને નખત્રાણા પાટીદાર વિદ્યાર્થીભવનના બી રોપાયાં અને સાથે સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ જેવી વિશાળ સંસ્થાની ભૂમિકા તૈયાર થઈ એમ કહેવું વધુ પડતું નહીં ગણાય, કોટડા (જ) ખાતેની આગેવાનોની મિટિંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર શેઠ કે. વી. હાઈસ્કૂલની બિલકુલ બાજુમાં વિશાળ જમીનનો પ્લોટ ખરીદવામાં આવ્યો અને તેના પર દૂરદર્શી વડીલોએ ભવિષ્યને નજર સમક્ષ રાખીને વિદ્યાર્થીભવનની વિશાળ ઈમારતનું બાંધકામ શરૂ કરાવ્યું. તેના ખર્ચને પહોંચી વળવા વડીલોએ અને આગેવાનોએ ભારતભરમાં ફરીને ફંડ એકત્ર કર્યું. નખત્રાણામાં પાટીદાર વિદ્યાર્થીભવન આકાર લઈ રહ્યું હતું. તે દરમિયાન થોડા વિદ્યાર્થીઓને જૂના લક્ષ્મીનારાયણના મંદિરના મેડા પર રહેવાની કામચલાઉ સુવિધા ઊભી કરવામાં આવી હતી. આ અરસામાં ધનસુરા અને નાગપુર ખાતે વિદ્યાર્થીભવનો શરૂ થયાં હતાં અને તેમાંથી પણ સમાજના આગેવાનો ને નખત્રાણા ખાતે વિદ્યાર્થીભવન ઊભુ કરવાની પ્રેરણા મળી હતી.

કચ્છમાં એ સમયે આટલું વિશાળ બાંધકામ ધરાવતું વિદ્યાર્થી ભવન ભાગ્યે જ હશે. આવા ભવ્ય ભવનનો ઉદ્દઘાટન સમારંભ પણ ભવ્ય જ હોવો જોઈએ એવી સૌની ઈચ્છા હતી. અગિયારમી મે ૧૯૬૦ના શુભદિને પાટીદાર જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ખૂબજ ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં આ વિદ્યાર્થીભવનને ખુલ્લું મૂકવામાં આવ્યું. અને સાથે સાથે જ્ઞાતિનું પ્રથમ અધિવેશન પણ યોજવામાં આવ્યું જેમાં સંસ્થાના બંધારણને પારીત કરાયું અને જ્ઞાતિનાં ધારાધોરણોને લગતા ઠરાવો પણ રજૂ થયાં આ અંગેનો અહેવાલ એક દળદાર પુસ્તકના સ્વરૂપે પાછળથી પ્રકાશિત કરવામાં આવ્યો છે જેના પરથી તે સમયના સમાજના આગેવાનો અને વડીલોની કેટલી ઊંડી સૂઝ અને સમજ હશે તેનો અહેસાસ આપણને થાય છે.

આમ કચ્છ કડવા પાટીદાર સમાજને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું તે પૂર્વેનો ૧૯૫૧ થી ૧૯૬૦નો તબક્કો સમાજ માટે સામાજિક અને શૈક્ષણિક વિકાસની નક્કર ભૂમિકા પૂરી પાડનારો બની રહ્યો. જેના પર ત્યાર પછીના વર્ષોમાં વિકાસની ઇમારત ઊભી કરી શકાઇ ૧૯૬૦ થી ૧૯૭૦ના દશ વર્ષના ગાળામાં શિક્ષણની ભૂખ ઉઘડતાં આ વિસ્તારના ઘણા વિદ્યાર્થીઓએ નવા બંધાયેલા વિદ્યાર્થી ભવનનો લાભ લીધો અને પોતાના વ્યક્તિગત જીવનમાં અને સામાજિક જીવનમાં મહત્ત્વનું પ્રદાન કર્યું. ૧૯૬૫માં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરનારા આ વિસ્તારમાં માત્ર ૫૦ જણા હતા જે ૧૯૭૦માં વધીને ૧૦૦ જેટલા થયાં એ દર્શાવે છે કે જ્ઞાતિએ શિક્ષણક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધી હતી.

દિનપ્રતિદિન જ્ઞાતિનું સમગ્રતયા આર્થિક સ્તર ઊંચું આવતું જતું હતું. અને સાથે સાથે ખેતી છોડીને વેપાર ઉદ્યોગમાં જંપલાવનારા કુટુંબોની સંખ્યા પણ વધવા લાગી હતી. કચ્છ બહાર વ્યવસાય કરનાર ભાઇઓને સરકારી કામો તેમજ કોર્ટ કચેરીનાં કામો માટે પરાવલંબી રહેવું ન પડે એ માટે પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવાની આવશ્યકતા જણાઇ અને માધ્યમિક શિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા ઇચ્છુક હતા હવે બન્યું એવું કે ભારતના વિભિન્ન પ્રાંતોમાં સ્થાઇ થયેલાં કુટુંબોએ તો પોતાનાં સંતાનોને ત્યાંજ ઉચ્ચ શિક્ષણ અપાવવાનું શરૂ કર્યું પણ જે ભાઇઓ વ્યવસાય અર્થે બહાર હતા અને જેના કુટુંબો કચ્છમાં હતા અથવા જેઓ હજુ ખેતી કરતા હોવા છતાં પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવી તેમનું ભાવિ ઉજવળ જોવા ઇચ્છતા હતા તેમના માટે ક્યાં રહીને શિક્ષણ મેળવે તે વખતે મુંઝવતો પ્રશ્ન હતો. કોલેજોની સુવિધા કચ્છમાં માત્ર ભુજ, માંડવી અને આદિપુરમાં હતી અને ત્યાં રહેવા જમવા માટે જ્ઞાતિ માટે હોસ્ટેલની કોઇ સુવિધા જ નહોતી. એટલે ૧૯૫૭માં મુસાફરો તેમજ મેડિકલ સારવાર માટે આવનાર જ્ઞાતિજનોને ઉતરવા માટે બનાવવામાં આવેલ કચ્છ કડવા પાટીદાર સમાજવાડી ના થોડારૂમો વધારી તેમાં કોલેજનું શિક્ષણ મેળવવા આવનાર વિદ્યાર્થીઓને હોસ્ટેલ સુવિધા આપવામાં આવી અને આ રીતે સમાજે સમાજનાં બાળકો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ પ્રશસ્ત કરી આપ્યો.

શિક્ષણનો વ્યાપ વધતાં સમાજમાં ધીરે ધીરે જાગૃતિ વધવા લાગી સમાજની યુવાશક્તિમાં ચેતનાનો સંચાર થવા લાગ્યો. કલકત્તામાં સ્થાયી થયેલ યુવકોએ ભારતભરમાં સ્થપાયેલ કેટલાંક યુવક મંડળો અને જાગૃત યુવકોનો સંપર્ક કર્યો અને ફક્ત વિચારોની આપ-લે પત્રો યા રૂબરૂ સંપર્કથી કરવામાં આવી, અને સૌના વિચારો એક થતાં સમાજ રચનાની જેમ જ સમગ્ર ભારતના યુવકમંડળોને અખિલ ભારતીય ધોરણે એકસૂત્રે બાંધી યુવાશક્તિને સામાજિક કાર્યો તરફ વળાંક અપાયો. સમગ્ર ભારતના યુવકોનું સ્નેહમિલન કલકત્તા ખાતે મળ્યું અને અખિલ ભારતીય સ્તરે યુવકસંઘની સ્થાપના કરવાનો સૌએ નિર્ણય લીધો અને એડહોક સમિતિની રચના કરવામાં આવી. આ યુવકોએ સામાજિક જાગૃતિ સાથે ધાર્મિક જાગૃતિ લાવવાના પ્રયાસો હાથ ધરી સમાજના એક અંગ બની સેવાઓ આપી. યુવકસંઘ પોતાની પ્રવૃત્તિઓનાં વ્યાપ વધારતું રહ્યું અને જીવન ધોરણ, આધુનિકતા વગેરેની સમાજના રીતરિવાજો અને બંધારણ ઉપર અસર થતી હોય તેવું જણાયું. તેથી સમયને અનુરૂપ ધારાધોરણ બનાવવાનું નક્કી કર્યું અને સમાજનાં ખુલ્લા અધિવેશનનો સૌએ આગ્રહ રાખ્યો અને જેને સૌએ વધાવી લીધો.

ઇ.સ. ૧૯૭૭માં સમાજનુ દ્વિતીય ખૂલ્લું અધિવેશન, યુવક સંઘનું પ્રથમ અધિવેશન યોજાયું અને મહિલાઓનુ વિશાળ સ્નેહમિલન યોજાયું. સમય પ્રમાણે રીતરિવાજોના ધારા-ધોરણો ઘડી તેને જરૂરી સુધારા વધારા સાથે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા અને યુવકસંઘને બંધારણીય સ્વરૂપ આપી તેના હોદ્દેદારોની વરણી ભારત સ્તરે, વસ્તીની સંખ્યાના આધારે બેઠકો નક્કી કરી, કારોબારી સમિતિની રચના પણ કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રથમ અધિવેશન વખતે સ્ટેજ સંચાલન અને વક્તા આંગળીને વેઢે ગણી શકાય તેટલા હતાં જ્યારે દ્વિતીય અધિવેશન સમયે વડિલો અને સાથે યુવક-યુવતીઓની મોટી સંખ્યા તૈયાર હતી. ત્યારે સૌએ આ પ્રગતિ શિક્ષણને આભારી ગણાવી હતી. આ અધિવેશનમાં ભુજ ખાતે હોસ્ટેલ ઊભી કરવાનો નિર્ણય કરવાને બદલે નખત્રાણા ખાતે હોસ્પિટલ ઊભી કરવાનો ઝડપથી ભૂલભરેલ નિર્ણય લેવાયો તે માટે ફંડ અને જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી. સમય જતાં બધાને સમજાયું અને હોસ્પિટલ ન બનાવવાનું નક્કી કર્યું. આ અધિવેશનમાં સમાજના વસ્તીપત્રકનું પ્રકાશન કરવાનો નિર્ધાર થયો હતો તે માટે તેની સમિતિએ વ્યક્તિ દીઠ રૂ. ૧, એકત્ર કરેલ પરંતુ કેટલાક ભાઇઓને આ સામાજિક પ્રવૃત્તિમાં ધાર્મિક પ્રવૃત્તિની ગંધ આવતા કુટુંબની વિગતો અને રકમ ન આપી અસહકાર જેવું વલણ પ્રદર્શિત કરતાં સમાજના વડીલો અને યુવાનો એ આ કામ પડતું મૂક્યું. વસ્તી ગણત્રીના રૂપિયા ભુજની સમાજવાડીના આધુનીકરણ અને વિદ્યાર્થીઓની સવલતો વધારવામાં વાપરવામાં આવ્યા. સમાજનું સ્થાયી ભંડોળ વધારવા આજીવન સભ્યોની નોંધણી ઝુંબેશ ચલાવવામાં આવી અને આજીવન સભ્યોની સંખ્યા ૭૫૦ પરથી ૨૫૦૦ પર પહોંચાડી શકાઇ પરંતુ ભુજ ખાતે બોયજ હોસ્ટેલ માટે ખરીદી રખાયેલ (૧૯૭૨ માં) જમીનના પ્લોટ પર અલાયદા હોસ્ટેલ બિલ્ડિંગ માટે આર્થિક ભંડોળ અપૂરતું હતું. પરંતુ સમાજના આગેવાનોને સંપૂર્ણ શ્રદ્ધા હતી કે શૈક્ષણિક ઉત્કર્ષના આ ઉમદા કાર્ય માટે સમાજના સભ્યો પાસે જોળી ફેલાવવામાં આવશે તો તે જરૂરથી છલકાઇ જશે. સમાજના આગેવનો ભંડોળ એકત્ર કરવા ભારતના ખૂણે ખૂણે અને કચ્છના ગામડે ગામડે ઘૂમી વળ્યા અને ભુજમાં ૨૨ લાખના ખર્ચે હોસ્ટેલનું અદ્યતન મકાન ૧૯૮૬માં ખુલ્લું મુકવામાં આવ્યું.

સમાજના સર્વાંગીણ વિકાસ માટે સમાજના અર્ધા અંગ સમી સ્ત્રી શક્તિ કેળવાયેલી હોય એ આવશ્યક જ નહિ પણ અનિવાર્ય પણ છે. એક તબક્કે પાટીદાર સમાજમાં છોકરા-છોકરીઓનાં શિક્ષણની અસમાનતાને પરિણામે કન્યાવિક્રય જેવી બદી ઘુસવાનો આરંભ થયો હતો પરંતુ યુવકસંઘની અગમચેતી અને અથાગ પ્રયત્નના પરિણામે તે દૂષણને ઊગતું જ ડામી દેવામાં આવ્યું. અને તે પરથી સૌને મહેસુસ થયું કે કન્યાઓને શિક્ષણ આપવું એ આજના સમયની માંગ છે. યુવકસંઘે અને સમાજના જાગૃત સભ્યોના પ્રયત્નોના પરિણામે કન્યા કેળવણીને ઘણો વેગ મળ્યો અને પ્રાથમિક શિક્ષણથી જ ઇતિશ્રી કરતા વાલીઓ પોતાની કન્યાઓને માધ્યમિક શિક્ષણ અપાવવા તત્પર બન્યા ભુજમાં ૧૯૮૧માં સમાજવાડીનાં રૂમોમાં જ પ્રાયોગિક ધોરણે કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી અને વિનામુલ્યે ભોજન સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી. શરૂઆતના ત્રણ વર્ષોમાં કન્યાઓની સંખ્યા થોડી ઓછી રહી પણ ત્યાર પછીનાં વર્ષોમાં તે સંખ્યા તેની સમાવેશની ક્ષમતાને પણ પાર કરી ગઇ ત્યારે સમાજના કર્ણધારોને લાગ્યું કે કન્યાકેળવણીની ભૂખ ઉદ્દીપ્ત થઇ છે અને જો તેને વેગ આપવો હશે તો પાટીદારોની વધુ વસ્તી ધરાવતા નખત્રાણા તાલુકાના મુખ્ય મથક નખત્રાણા ખાતે કન્યા છાત્રાલય ઊભું કરવું જોઇશે. આ વિચારને બળ મળ્યું.

૧૯૮૫માં સમાજનુ તૃતીય અધિવેશન, (યુવક સંઘ અને

[illegible] અને સાથે સાથે પાટીદાર વિદ્યાર્થીભવનની રજતજયંતી મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાયા. આ ભવનમાં રહી નખત્રાણા ખાતે અભ્યાસ કરેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું અનેરું મિલન યોજાયું. આ અધિવેશનોમાં સમાજના રીતરિવાજોમાં સમય પ્રાણે જરૂરી ફેરફારો કરવામાં આવ્યા.

આ અરસામાં કચ્છની જેમ સાબરકાંઠા વિસ્તારમાં વસતા કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યોએ જ્ઞાતિના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયો તેમજ વિદ્યાલયો ઊભાં કર્યાં અને આજે પણ તેનું સફળ સંચાલન સમાજના શિક્ષિત અને જાગૃત સભ્યો દ્વારા થઇ રહ્યું છે.

સમાજમાં સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક વિચારોનો ફેલાવો કરનાર કલકત્તાના નવચેતન યુવકમંડળનો સુવર્ણ જયંતી મહોત્સવ ૧૯૮૬માં ઉજવાયો તેમાં સમાજના અગ્રણીઓએ, આમંત્રણને માન આપી, હાજરી આપી જ્યાં વિચારોની આપ-લે કરવામાં આવી અને નખત્રાણા ખાતે સિધ્ધાંતમાં સ્વીકારાયેલ કન્યા છાત્રાલયનો ફાળો નોંધવાનો પ્રારંભ કર્યો જેમાં ફક્ત બંગાળના ભાઇઓએ ૧૨ લાખથી વધુ યોગદાન નોંધાવી વડીલોનો ઉત્સાહ વધાર્યો જેની જમીનનો પ્રશ્ન હલ થઇ જતાં નખત્રાણા ખાતે બસસ્ટેન્ડ પાસે, હાઈસ્કુલ બાજુમાં, કન્યાછાત્રાલયનું અદ્યતન મકાનનું નિર્માણ કરવામાં આવ્યું અને ૨૮ એપ્રિલ ૧૯૯૩ના ખુલ્લું મૂકવામાં આવ્યું. આ કાર્ય માટે સમગ્ર ભારતમાં વસતાં કચ્છ કડવા પાટીદાર સભ્યો એ ઉદાર હાથે દાન આપ્યું એજ રીતે એ સમયે માંડવી ખાતે આકાર લઇ રહેલ વિદ્યાર્થીભવનનાં અદ્યતન મકાનના બાંધકામના ખર્ચને પહોંચી વળવા જરૂરીભંડોળ એકત્ર કરવામાં આવ્યું. આ ભવનનાં બાંધકામની જવાબદારી માંડવી વિસ્તારના ભાઇઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વ સંભાળી અને નિભાવી ભુજની જેમ જ સમાજવાડીના થોડા રૂમોમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે અદ્યતન સુવિધાઓથી સુસજ્જ વિદ્યાર્થીભવન ૧૭-૪-૧૯૯૪નાં ખુલ્લું મૂકવામાં આવ્યું અને સાથે સાથે ભવિષ્યમાં કન્યા છાત્રાલયના મકાન માટે રૂ. ૮ લાખના ખર્ચે જમીનનો પ્લોટ પણ માંડવી ખાતે ખરીદવામાં આવ્યો છે.

આજ સમય ગાળામાં ગાંધીધામમાં જ્ઞાતિજનોને ઊતરવા સમાજવાડીની આવશ્યકતા ઊભી થતાં સ્થાનિક સમાજના ભાઇઓને આ બાંધકામની જવાબદારી સોંપવામાં આવી અને હાલની જરૂરીયાત જેટલું સમાજવાડીનું બાંધકામ કરી જ્ઞાતિજનો માટે ખુલ્લી મુકવામાં આવી.

એપ્રિલ ૧૯૯૩માં યોજાયેલ ચતુર્થી અધિવેશન અને કન્યાછાત્રાલય ઉદ્ઘાટન પ્રસંગનોવિસ્તૃત અહેવાલ આ સ્મરણિકામાં અલગ વિભાગમાં આપેલ હોવાથી અહીં તેનો પ્રસ્તાર કરેલ નથી. કચ્છ કડવા પાટીદાર સમાજે પોતાની આજસુધીની વિકાસયાત્રામાં શરૂ કરેલા શૈક્ષણિક છાત્રાલયો અને સમાજવાડીની અલગ નોંધ પણ સ્મરણિકામાં અન્યત્ર છે પણ અત્રે સમાજના અભિન્ન અંગ સમા યુવકસંઘ તરફથી વિદ્યાનગર ખાતે ચલાવવામાં આવતા વિદ્યાર્થીછાત્રાલયનો ઉલ્લેખ કરવો જરૂરી છે કારણ કે વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વિદ્યાનગર ખાતેનું આ છાત્રાલય આશીર્વાદરૂપ છે અ.ભા.ક.ક.પા. યુવક સંઘ તરફતી પ્રતિવર્ષ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા માટેનો સરસ્વતી સન્માન સમારંભ પણ વિદ્યાર્થીઓ માટે પ્રેરક અને પ્રોત્સાહક કાર્ય છે. એજ રીતે યુવકસંઘના કેટલાક સંપન્ન સભ્યો દ્વારા વિદ્યાર્થીઓને દત્તક લઇ તમારા શૈક્ષણિક ખર્ચ આપવાની ઓફર પણ આવકારદાયક બાબત છે.

સમાજમાં જાગૃતિ આણવામાં અને સમાજ ઉપયોગી વિચારોના પ્રચાર અને પ્રસાર માટે ૧૯૭૦ થી ૮૦ વચ્ચે ચલાવતાં બે સામયિકો ''જાગૃતિ'' અને ''આઝાદ કલમે''નોંધપાત્ર ફાળો આપ્યો છે અને એજ રીતે હાલમાં 'પાટીદાર સંદેશ' અને 'પાટીદાર સૌરભ' નામના બે સામયિકો (માસિક) ભારતના ખૂણે ખણે સમાચારો પહોંચાડવાની સાથે સાથે સમાજને ઉપયુક્ત વિચારોનો પ્રસાર કરે છે અને સંસ્કાર ઘડતરનું બહુમૂલ્ય કાર્ય પણ કરી રહ્યાં છે.

અ. ભા. ક. ક. પા. સમાજે હાથ ધરેલા બહુલક્ષી વિકાસકાર્યોને પરિણામે સમગ્ર જ્ઞાતિનું જીવન સ્તર તમામ રીતેઊંચુ લાવી શકાયું છે તેમાં સંદેહ નથી. સમાજના વિવિધ શૈક્ષણિક છાત્રાલયોમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરી સફળતાને વરનાર વિવિધ વિદ્યાશાખાના સ્નાતકો, તબીબો, ઇજનેરો, ચાર્ટર એકાઉન્ટન્ટ તેમજ સરકારી ઓફિસરોનીસંખ્યા નોંધપાત્ર છે એજ રીતે માત્ર શ્રમ આધારિત વ્યવસાય કરનારા જ્ઞાતિજનોએ આજે વિવિધ વ્યાપારક્ષેત્રો, કન્સ્ટ્રકશન, ઔદ્યોગિક એકમો, ઇમ્પોર્ટ - એક્ષ્પોર્ટ, જમીન લે-વેચ, જેવા વિવિધ વ્યવસાયોમાં ઝંપલાવી આર્થિકક્ષેત્રે પણ ઉલ્લેખનીય પ્રગતિ કરી છે. સામાજિક સુધારાની વાત કરીએ તો સમૂહ લગ્ન એ સમય, શક્તિ અને સંપત્તિનો દુર્વ્યય થતો અટકાવનાર આપણી જ્ઞાતિએ ભરેલું એક ક્રાંતિકારી પગલું છે આજે કચ્છ અને કચ્છબહાર ભારતનાં વિવિધ શહેરોમાં પાટીદાર જ્ઞાતિ દ્વારા સમૂહલગ્નોનું આયોજન થાય છે જેમાં તમામ આર્થિક સ્તરના લોકો સાથે મળીને લગ્નો ઉજવે છે આ ઉપરાંત ઘૂંઘટ પ્રથા જેવા સામાજિક કુરિવાજોને તિલાંજલિ આપવા જેવા સુધારાવાદી ખ્યાલો પણ જાહેરમાં વ્યક્ત થાય છે અને કેટલેક અંશે તેનું પાલન પણ થાય છે તે પણ સમાજે હાથ ધરેલા લોક-જાગૃતિના પ્રયાસોને આભારી છે. ધાર્મિકક્ષેત્રે પણ સુધારાવાદી અભિગમ અપનાવાતો જોવા મળે છે. જ્ઞાતિની સંઘભાવનાના પ્રતીક સમી સમાજવાડી ભારતના લગભગ તમામ મોટા નગરોમાં સ્થાનિક પાટીદાર સમાજ દ્વારા બાંધવામાં આવી છે તેમાં વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરાય છે આવી પ્રવૃત્તિઓને પણ પ્રેરણા અને પ્રોત્સાહન આપણી કેન્દ્રીય સંસ્થા અ.ભા.ક.ક.પા. સમાજ દ્વારા પૂરા પાડવામાં આવે છે અને પ્રસંગોપાત સમાજના આગેવાનો આવી સામાજિક સભાઓમાં હાજરી પણ આપે છે. રાજકીય ક્ષેત્રમાં આપણી જ્ઞાતિના પ્રદાન વિશે વિચારીએ તો આપણે ઠીક ઠીક ગજું કાઢયું છે. ગામડાંઓના સરપંચથી માંડીને તાલુકા પંચાયતના સભ્ય-પ્રમુખ જિલ્લાપંચાયતના પ્રમુખ, ધારાસભ્યો અને વિવિધ રાષ્ટ્રીય સ્તરના હોદ્દા પર પાટીદારભાઈઓ જોવા મળે છે. માત્ર કચ્છમાં જ નહિ પણ કચ્છબહાર મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ જેવાં રાજ્યોમાં પણ પાટીદાર ભાઇઓ ચૂંટાયા હોવાના દાખલા છે.

આમ જોઈએ તો તમામ ક્ષેત્રો ટૂંકા સમયગાળામાં પાટીદાર જ્ઞાતિએ ઉલ્લેખનીય પ્રગતિ કરી છે પરંતુ એટલા માત્રથી સંતોષ માનીને બેસી રહેવાય નહિં હજુ આ દિશામાં ઘણું કરવાનું બાકી રહે છે ગતિશીલતા અને પરિવર્તનશીલતા એ કોઈપણ સમાજની પ્રગતિ માટેની પાયાની શરતો છે જે સમાજ સમયના વહેણ સાથે કદમ મિલાવે છે અને સતત વહેતી નદીની જેમ ગતીશીલ છે અને સમય અનુસાર જરૂરી પરિવર્તન કરતો રહે છે. તે સમાજની પ્રગતિ ક્યારેય રૂંધાતી નથી.

- ■ -

સમાજ સુધારક કેશરા મુખી સાંખલા

જીવન અને કાર્ય

એકકાળ એવો હતો કે આપણા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સનાતન ધર્મની રાહથી વિચલિત થઇ ગઇ હતી. એવે વખતે ભટકી ગયેલા સમાજને પથદર્શનની જરૂર હતી. આવા સમયે અજ્ઞાનના અંધારા ઉલેચવા આપણી જ્ઞાતિમાં બે જ્યોતિર્ધરો આવ્યા. એક પૂ. શ્રી નારણજી રામજી લીંબાણી (વીરાણીવાળા) અને બીજા પૂ. શ્રી કેશરા મુખી સાંખલા (નેત્રાવાળા) જેઓ આપણી જ્ઞાતિના સાચા રાહબર બન્યા. પૂ. શ્રી નારણજી બાપાના જીવન અને કાર્યવિષે સ્મરણિકાના અલગ પાના પર લખાયું છે. અહિં કેશરા મુખીની જીવન ઝરમર આપવા નમ્ર પ્રયત્ન કર્યો છે.

ઇ.સ. ૧૭૬૮ ના વર્ષમાં ગુજરાતી અષાઢી વર્ષ પ્રમાણે સંવત ૧૮૨૪ના ચૈત્ર સુદ ૧૫ ને દિને પ્રાતઃકાળે શ્રી હનુમાન જયન્તીના શુભ દિને ગામ શ્રી નેત્રા મધ્યે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સાંખલા કુટુંબના મુખી પટેલ શ્રી તેજા હરજી સાંખલાનાં ધર્મપત્ની શ્રી અખંડ સૌભાગ્યવતી શ્રીમતી પદમાબાઇની પવિત્ર કૂખે તેજસ્વી તારા સમાન રત્નનો (પ્રાદુર્ભાવ) જન્મ થયો.

કેશરા મુખી બાળપણથી જ તેજસ્વી હતા. તેમણે નેત્રાની ગામઠી શાળામાં જ પાંચ ધોરણ સુધીનો અભ્યાસ ખૂબ જ હોંશિયાર અને ખંતિલા વિદ્યાર્થી તરીકે પૂરો કર્યો અને પિતા તેજા મુખીના ખેડીવાડીના ધંધામાં લાગી ગયા. તેજા મુખીનું ખોરડું ખાનદાન, પ્રતિષ્ઠિત અને ખાધે પીધે સુખી ગણાતું. સંવત ૧૮૬૧ના ફાગણ વદ ૧૧ ના દિવસે બપોર પછી નેત્રા ગામે એક સુથારને ઘેર સ્વામિનારાયણના બે સંતો મુક્તાનંદજી અને સ્વરૂપાનંદજી પધાર્યા કેશરામુખી અને તેમના નાનાભાઇ નાથા મુખી તેમના સંપર્કમાં આવ્યા આ સંતો પાસે બેસીને કેશરા મુખીએ સત્સંગ કર્યો, જ્ઞાન ગોષ્ઠી કરી અને તેમના મનમાં ઉદભવેલા સંશયના સમાધાન માટે સંતો સાથે પ્રશ્નોત્તરી કરી અને જેમ સમુદ્રમાં ગુમરાહ બનેલા નાવિકને દીવાદાંડી દેખાય અને દિશા મળી જાય તેમ કેશરા મુખીને સનાતન ધર્મનો સાચો રાહ એ સંતો પાસેથી સાંપડયો અને કેશરામુખી એ સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો ને જૂના ધર્મને તિલાંજલિ આપી.

કેશરા મુખી એટલાથી સંતોષ માનીને બેસી ના રહ્યા. તેમને જે સત્ય સમજાયું તે પોતાના સગાં સંબંધી, મિત્રો અને આસપાસના ગામના લોકોને સમજાવવા અને જાગૃતિ લાવવા પ્રયત્નો શરૂ કર્યા. પ્રારંભમાં તો તેમને ઘણી મુશ્કેલી પડી, જૂના ધર્મના લોકોએ વિરોધ કર્યો. અને અડચણો ઊભી કરી અને સગપણ સાંતરા તોડી નાખવા સુધીના શસ્ત્રો અપનાવવાની કોશિશ કરી પણ કેશરા મુખી પોતાના સંકલ્પમાં દ્રઢ રહ્યા અને લોકજાગૃતિની મસાલ જલતી રાખી એમાં તેમને કચ્છના મહારાવ શ્રી તરફથી ઘણોસાથ અને સહકાર મળ્યો તેમને આ ધર્મજાગૃતિના કામમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપનાર નાથા મુખી, વસ્તાલખુ વાસાણી, ઘડાણી, વાળા નાઇયા કરશન ગોગારી અને અંગીયાવાળા અબજી કરશન ભગત જેવા નીડર સાથીઓ પણ મળ્યા હતા.

વિક્રમ સંવત ૧૮૬૫ ના ફાગણ સુદ બીજની રાત્રે કેશરામુખી તેમનાભાઇ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યક્ષ દર્શન કરવા અમદાવાદ જવા પ્રયાણ કર્યો ઘણી મુશ્કેલીઓ વેઠી તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરી શક્યા અને તેમની પાસેથી ગુરુમંત્ર અને આશીવર્ચન લઇ કચ્છમાં પાછા ફર્યા પછી તેમણે પોતાની બધી જ શક્તિ પાટીદાર જ્ઞાતિમાં ધર્મજાગૃતિ લાવવામાં ખર્ચી નાખી. ગામડેગામડું ઘૂમી વળ્યા. અને કેટલાય રૂઢિચૂસ્ત લોકોના વિરોધ છતાં તેમને તેમનું આ કાર્ય વણથંભ્યું ચાલુ રાખ્યું.

વિક્રમ સંવત ૧૯૦૯ ના વૈશાખ સુદ ૫ ના શુભ દિને કેશરા મુખીએ અને તેમના સાથીદારો સાથે મળીને શ્રી નેત્રા ખાતે ભગવાનશ્રી સ્વામિનારાયણના નવનિર્મિત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરી તેમાં પણ તે સમયના સ્થાનિકના જૂના ધર્મના લોકોના વિરોધવંટોળનો તેમને સામનો કરવો પડયો પરંતુ તેઓ પોતાના નિશ્ચયમાંથી લેશમાત્ર ડગ્યા નહિ. આ કાર્યમાં પણ તેમને તે સમયના કચ્છના રાજવીની મદદ મળી. જોકે પાછળથી આ શુભ કાર્યમાં જૂના ધર્મની લોકોએ અને આસપાસના સૌ જ્ઞાતિજનોએ સહયોગ આપ્યો. અને આ ભવ્ય પ્રસંગમાં ખૂબજ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો.

તે વખતે કચ્છનાં ૮૦ જેટલાં ગામડાંમાં કડવાં પાટીદારોની એકાદ લાખ જેટલી સંખ્યા હતી. આવડી મોટી જ્ઞાતિમાં મુખીએ લગભગ એકલા હાથે જ ૯૦ તી ૯૨ વર્ષના લાંબા સમય દરમિયાન સ્વામિનારાયણ ધર્મનો ધ્વજ ફરકતો રાખ્યો અને જ્ઞાતિનાં માર્ગ ભૂલેલાં ભાઇ-બહેનોને શુદ્ધ સનાતન ધર્મના સાચા રાહ ઉપર લાવવાના પ્રયાસો કર્યા મુખીના અવિરત પ્રયાસો અને સ્વામિનારાયણ ભગવાનના આશીર્વાદથી બે એક હજાર જેટલી નાની સંખ્યામાં જ્ઞાતિના ભાઇઓ મુખીના સાથીદાર બન્યા. પણ અલ્પ સંખ્યા જોઇને ડરી જાય એવો એ આદમી ન હતો. એ તો સાચો નરબંકો હતો. શિરને માટે સત્ય વહેંચવા નીકળેલો નરવીર હતો.

સંવંત ૧૯૩૪ના આસો વદ ૧૪ ને શુક્રવારના રોજ શ્રી કેશરામુખીએ ૧૧૦ વર્ષનું આયુષ્ય ભોગવીને તેમની જીવન લીલા સંકેલી લીધી. એમની જીવન જ્યોત પરમજ્યોતિમાં વિલીન થઇ ગઇ પરંતુ તેને જીવન પર્યંત કરેલા સમાજ જાગૃતિના પ્રયાસો અને તેનું અમુલ્ય પ્રદાન ચિરંજીવ બની ગયાં. મૃત્યુ શય્યા પર સૂતેલા કેશરા મુખીના તેમના સાથીદારોને ભલામણના છેલ્લા શબ્દો હતાં. સાગર જેવી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી તમે કદાપિ છૂટા પડશો નહિ.''

સંદર્ભ પુસ્તક : -

કેશરા (પરમેશ્વરા) મુખી સાંખલાના સંક્ષિપ્ત
જીવન અને કાર્યના આધારે

- ■ -

જ્ઞાતિ રત્ન પરમપૂજ્ય શ્રી નારાયણ રામજી લીંબાણી

જીવન અને કાર્ય

તા. ૨૮ થી ૩૦ એપ્રિલ ૧૯૯૩ના યોજાયેલ અ.ભા.ક.ક.પા. સમાજ ના ચતુર્થ અધિવેશનનો મંગલ પ્રારંભ સમાજના આદ્ય સુધારક એવા જ્ઞાતિ રત્ન પરમપૂજ્ય શ્રી નારણજી રામજી લીંબાણીની પ્રતિમાના અનાવરણ વિધિના શુભ પ્રસંગથી કરાયો એ ખરેખર સમાજનું સ્તુત્ય કાર્ય હતું. એટલું જ નહિં પણ ગુમરાહ બનેલ સમાજને સાચો રાહ ચીંધવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર નરવીર શ્રી નારણજી બાપાને અપાયેલ સાચી શ્રધ્ધાંજલિ પણ હતી. પૂ. શ્રી નારણજી બાપાએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માટે જે અનુપમ અને અદ્વિતીય કાર્ય કર્યું છે, તેની જાણકારી આવનાર ભાવિ પેઢીને પણ મળી રહે એ શુભ આશયથી અમે તેમના જીવન અને કાર્યનો સંક્ષિપ્ત પરિચય આ સ્મરણીકાના પાના પર આલેખવાનો નમ્ર યત્ન કર્યો છે.

પૂજ્ય શ્રી નારણજી રામજી લીંબાણીનો જન્મ સં. ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમાના દિવસે વિરાણી મોટી મધ્યે મુરબ્બી શ્રી રામજીભાઇ ભોજાભાઇ લીંબાણીના ઘરે થયો. શ્રી રામજીબાપા અને તેમનાં ધર્મપત્ની શ્રી રાજબાઇ બન્ને જણાં અંગત રીતે વૈદિક સનાતન ધર્મના ઉપાસક હતાં. તે વખતના પીરાણા સંપ્રદાયમાં તેમને બિલકુલ શ્રદ્ધા નહતી. એટલે પૂ. નારણજી બાપાને પિતાની આ આંતરિક વૃત્તિના ઉચ્ચ સંસ્કારોનો વારસો બાલ્યઅવસ્થામાં જ મળ્યો. અને આજથી એકસો વર્ષ અગાઉ પૂ. નારણજી બાપાએ ગુજરાતી પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કરેલો જે તે સમયે. કડવા પાટીદાર જ્ઞાતિ માટે અહોભાગ્ય (ગૌરવ) ગણાતું. પિતાશ્રી રામજીભાઇના માર્ગદર્શન હેઠળ શિલ્પકલાનું જ્ઞાન મેળવી તેઓશ્રી મુંબઇ આવ્યા અને બિલ્ડિંગ કોન્ટ્રેક્ટના ધંધામાં ઝંપલાવ્યું. આગવી સૂઝ અને કાર્યકુશળતાનાં બળે વ્યવસાયમાં સારી એવી પ્રગતિ કરી. પરંતુ પોતાની જ્ઞાતિની અવદશા જોયા પછી ખિન્ન થયેલું મન કેમેય કરીને ધંધામાં ચોંટતું ન હતું કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની તે સમયની સ્થિતિમાંથી જ્ઞાતિને બહાર લાવવા નારણજી બાપાએ ભેખ લીધો ને જીવનભર ઝઝૂમ્યા એ સ્થિતિ કેવી હશે તેના પર થોડોક પ્રકાશ પાડવો જરૂરી છે.

''કડવા પાટીદારોનો ઇતિહાસ'' નામના ગોકળદાસ પટેલના પુસ્તકમાં અને અન્ય ઐતિહાસિક પુસ્તકોમાં પણ ઉલ્લેખ છે તેમ ઇસુની પંદરમી સદીમાં ગુજરાતમાં મુસ્લિમગુરુ ઇમામશાહના પ્રભાવમાં આવીને કેટલાક કડવાપાટીદાર કુટુંબોએ પીરનો પંથ કે પીરાણાપંથ સ્વીકાર્યો જે પાછળથી જ્યોતિષધામ અને સતપંથને નામે ઓળખાયો. આ અલગ પંથને કારણે કુટુંબમાં અને નાતમાં કલહ ન થાય એ હેતુથી એ પંથમાં માનનારા કડવા પાટીદારોનાં કેટલાંક કુટુંબો ક્રમે ક્રમે કચ્છમાં આવ્યાં અને કચ્છના જુદા જુદા વિસ્તારનાં ગામડાઓમાં સ્થાયી થયાં. તે સમયના ક. ક. પા. સમાજ પર અને સમાજના ગેઢેરાઓ પર પીરાણાના ગાદીપતિ જે 'કાકા'ના નામે ઓળખાતા તેમનો અને પીરાણાનાં સૈયદોનો ઊંડો પ્રભાવ હતો. અને પીરાણા તરફથી કમાણીના ભાગરૂપે દશોંદ - વિશોંદ વગેરે પણ ઉઘરાવવામાં આવતી. આ પંથમાં શરૂઆતના તબક્કામાં હિન્દુ ધર્મને ઇસ્લામ ધર્મના તત્ત્વોનું મિશ્રણ થયેલું હતું એવું કેટલાક ઇતિહાસકારો માને છે. પાછળથી આ પંથમાં આવનારા લોકો સંપૂર્ણ પણે તેમાં જકડાય રહે અને ક્રમે ક્રમે હિન્દુ ધર્મનું તત્ત્વ અને કર્મકાંડ ઓછાં થતાં જાય એવા કીમિયાઓ અને યુક્તિપ્રયુક્તિઓ પણ પિરાણાના ગાદીપતિઓ તરફથી યોજવામાં આવી. તેનું જવલંત ઉદાહરણ છે સં. ૧૮૩૨માં નખત્રાણા ખાતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિએ પસાર કરેલ ઐતિહાસિક ઠરાવ. પીરાણાના તે સમયના ગાદીપતિ કાકા પ્રાગજી અને સૈયદ વલીમિયાંએ સાથે મળીને જ્ઞાતિના અજ્ઞાન અને ભોળાબલા આગેવાનોને સમજાવીને તે ઠરાવ પસાર કરાવ્યો એટલું જ નહિ પણ તેનું ચુસ્ત પાલન પણ કરાવ્યું. આ ઠરાવમાં જ્ઞાતિજનોને ભાટ-બારોટ પાસે વહીવંચો લખાવવાનું અને બ્રાહ્મણ પાસે લગ્ન કે મરણનું સૂતક કર્મકરાવવાની મનાઇ ફરમાવવામાં આવી અને ભાટ તેમજ બ્રાહ્મણને રજા આપવામાં આવી પરિણામે જ્ઞાતિમાંથી રહ્યું સહ્યું હિંદુ કર્મ પણ બંધ થવા લાગ્યું. આ ઠરાવ પછી બ્રાહ્મણને હાથે ચોરીની વિધિથી લગ્ન કરવાને બદલે પીરાણા દ્વારા નિયુક્ત થયેલ મુખી દુઆ પઢીને સામૂહિક લગ્નો કરાવતા અને મૃત્યુ પછીની અંતિમવિધિ અગ્નિસંસ્કાર કરવાને બદલે દફનવિધિ કરવાનો આરંભ થયો. આ બધી પરિસ્થિતિ પૂ. નારણજી બાપાએ નિહાળી અને તેનો અંતરાત્માં કકળી ઊઠયો વૈદિક ધર્મથી વિમુખ થતી જ્ઞાતિને જોઇ તેનું હૃદય દુઃખથી ભરાઇ આવ્યું તેમણે જ્ઞાતિને આ સ્થિતિમાંથી બહાર લાવવા મનોમન સંકલ્પ કર્યો જો કે આ કામ ધારીએ છીએ એટલું સરળ નહોતું જે આખી જ્ઞાતિ કે સમાજે પોતાનો ધર્મ ગણી જે પંથ સ્વીકાર્યો હોય તેનો એકલા હાથે વિરોધ કરવો તે લોઢાનાં ચણા ચાવવા બરાબર હતું. પૂ. નારણજી બાપાનું મનોબળ દ્રઢ હતું. આત્મવિશ્વાસ અડગ હતો. જ્ઞાતિ માટેકંઇક કરી છૂટવાની તમન્ના પણ હતી તેમણે સમાજ સુધારકોનાં જીવન ચરિત્રોમાથી પ્રેરણા લીધી અને વૈદિક ધર્મશાસ્ત્રના પુસ્તકોનો યથામતિ અભ્યાસ પણ કર્યો. તેમને આ ભગીરથ કાર્યના આરંભ માટે પૂજ્ય સંતશ્રી રામેશ્વરદાસજી તથા બિલખા નિવાસી મહાત્માશ્રી નથુરામ શર્મા દ્વારા યોગ્ય માર્ગદર્શન સાંપડયું. વૈદિક ધર્મશાસ્ત્રોનો આધાર લઇને તે સંતોએ કોઇ પવિત્ર તીર્થસ્થાનમાં જઇ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કર્મ કરાવ્યાં બાદ યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરી શુદ્ધ વૈદિક ધર્મમાં પાછા ફરી શકાય એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. પરંતુ પ્રવર્તમાન પીરાણા પંથનો કે તેમના વિધિવિધાનનો વિરોધ કરવો એ ગુનો ગણાતો હોય અને નાતનાં આગેવાનો તરફથી આવો વિરોધ કરનારને, તેના કુટુંબીજનોને દંડ ને બીજી સજાઓ થતી હોય એવા કાળમાં યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરવા આગળ આવવાની હિંમતકોણ કરે ? એટલે પૂ. નારણજી બાપાને લાગ્યું કે ઘણા લોકો સત્ય સમજતાં હોવા છતાં સમાજના ગેઢેરાઓની બીકે આ અભિયાનમાં એકદમથી મોટી સંખ્યામાં જોડાશે નહિ એટલે આ કાર્યનો શુભ આરંભ તો નાના પાયા પર જ કરવો પડશે. તેમણે સમાજનો વિરોધ ખમી શકે અને જીવી શકે તેવા કાઠી છાતીના સાથીદારો શોધી કાઢયા અને સંવત ૧૯૬૪ના જેઠ સુદ-૫ ને ગુરુવારના ગોદાવરી ના તટે ત્રંબકેશ્વર તીર્થક્ષેત્રમાં કેટલાક પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા પૂજયશ્રી રામેશ્વરજી મહારાજની આગેવાની હેઠળ વૈદિક-વિધીથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી યજ્ઞોપવિત (જનોઇ) ધારણ કરી વૈદિક ધર્મના અધિકારી થયા હતા. પૂ. નારણજી બાપાના શુભ સંકલ્પના શ્રી ગણેશ કરવામાં તેની સાથે જોડાનાર વિરલાઓ હતા. (૧) પટેલ નારણજી રામજી લીંબાણી (વિરાણી મોટી) (૨) પટેલ રતનસી કરશન છાભૈયા (રાજપર) (૩) પટેલ રામજીભાઇ જેઠાભાઇ રંગાણી (ગઢશીશા) (૪) પટેલ વિશ્રામ દેવજી નાકરાણી (વિરાણી) (૫) કરશન ભાણજી નાકરાણી (વિરાણી મોટી) (૬) હરજી લધાભાઇ રામાણી (લુડવા) (૭) અરજણ ભીમજી ભગત (અંગીયા) આ સાત ભાઇઓએ પીરાણા પંથને તિલાંજલિ આપી. વિધિસર રીતે વૈદિક સનાતન ધર્મનો સ્વીકાર કર્યો એ સમાચાર મુંબઇ વસતા જ્ઞાતિજનો દ્વારા કચ્છસુધી પહોંચ્યા અને જ્ઞાતિના ધર્મચુસ્ત આગેવાનોનો રોષ ભભૂકી ઊઠયો. તેમણે આ સાતેયના કુટુંબીજનોને જો પંથનો ત્યાગ કરી ગયેલ સાતેય જણા જનોઇ ઊતારી પાછા ન ફરે તો નાત બહાર મૂકવાની કડક ધમકી આપી પરિણામે આ સાત પૈકી બે જણ હરજી લધા લુડવા અને અરજણ ભીમજી અંગિયાવાળા આગેવાનોની આ ધમકી આગળ ઝૂકી પડયા અને તેમણે જનોઇ ઊતારી દીધી પણ બરાબર તેજ સમયે એક નીડર ભાઇ શ્રી નાથાભાઇ શિવજી વિરાણીમોટી વાળા આગળ આવ્યા અને મુંબઇ જઇ સમાજસુધારાના આ યજ્ઞિયકાર્યમાં પૂ. શ્રી નારણજીબાપા સાથે જોડાયા. આમ આ છ ભાઇઓએ સુધારાની ખુલ્લી જેહાદનો

પ્રારંભ કર્યો તેમની આ પ્રવૃત્તિથી ગાઇને જ્ઞાતિ ના આગેવાનોએ તે છએ જણાને નાત બહાર કર્યા. હવે તેમને કોઇ ભય રહ્યો નહોતો તેમને નિર્ભય બનીને બમણા વેગથી લોકજાગૃતિની ઝૂંબેશ ચલાવી પીરાણા પંથમાં પ્રવર્તતી કલ્પિત અને ચમત્કારિક ઘટનાઓને ખુલ્લી પાડતાં અને તે સમયનાં કહેવાતા આગેવાનોનાં કતૃત્વને ઉઘાડા પાડતાં પુસ્તકો છપાવી લોકો સુદી પહોંચતાં કરી જનજાગરણનો શંખ ફૂંક્યો. પૂ. નારણજી બાપાએ ઉત્તર ગુજરાતના કડવા પાટીદારો તેમજ કચ્છ કડવા પાટીદારના વહીવંચાની શોધ કરી તેની પાસેથી પણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઇતિહાસની નક્કર હકીકતો મેળવી પ્રકાશિત કરી. આ માહિતી ''સતપંથ પીરાણા પોલ'' નામના પુસ્તકમાં સંગ્રહિત કરેલ છે.

કોઇપણ કાર્યને વ્યવસ્થિત વેગ આપવા માટે બંધારણ પૂર્વકનું કોઇ મંડળ હોવું જરૂરી છે. એવું પૂજ્ય નારણજી બાપાને લાગવાથી મુંબઇમાં બંધારણ પૂર્વકનું ''શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ''ની સ્થાપના કરી તેના દ્વારા સુધારાનું કાર્ય આગળ ચલાવ્યું. આવી રીતેનીડર યુવકોનું સંગઠ્ઠન થતું ગયું, પૂ. નારણજી બાપાના કાર્યને વેગ મળતો ગયો. યુવક મંડળના સેક્રેટરી તરીકે શ્રી રતનશી ખીમજી વિરાણીવાળાએ ઉત્સાહથી આ કાર્યને આગળ ધપાવવામાં શરૂઆતમાં સારો એવો સહયોગ આપ્યો. આ કાર્યને વેગવાન બનાવવા માટે તેની અવારનવાર મિટિંગો ભરાતી ગઇ તે માટે યોગ્ય સાહિત્ય છપાવીને પ્રચાર કાર્ય તેજ કરવામાં આવેલ.

કચ્છમાં વિરાણીમોટી મધ્યે સં. ૧૯૭૬ના ચૈત્ર સુદ-૯ ના યુવક મંડળની સ્થાપના કરીને વિરાણી મોટીમાં જાહેર સભા ભરવામાં આવી અઅને ત્યારબાદ કરાંચીમાં પણ યુવકમંડળની સ્થાપના કરાઇ. ત્યાંના યુવાનોનો ઉત્સાહ જોઇને પૂ. નારણજીબાપાએ જ્ઞાતિની પ્રથમ પરિષદ કરાંચી ખાતે બોલાવવાનું ઠરાવ્યું. ખૂબજ ઉત્સાહના વાતાવરણમાં પ્રથમ પરિષદ યોજાઇ પણ ખરી પરંતુ રૂઢિચૂસ્ત આગેવાનોનાં વિરોધને કારમે પૂ. નારણજી બાપાના ધાર્મિક અને સામાજિક રિવાજોના સુધારણાના મનોરથને યોગ્ય પ્રતિસાદ સાંપડયો નહિ.

આમ પ્રથમ પરિષદની નોધપાત્ર ઉપલબ્ધી ન હોવા છતાં બીજી પરિષદ માટેની ભૂમિકા તૈયાર કરવામાં તે મહત્ત્વની પૂરવાર થઇ અને બીજી પરિષદ પણ કરાંચીમાં જ યોજાઇ જેમાં ઠરાવો અને નીતિ-નિયમો તૈયાર કરવા ૭૨ જણાની એક સબ્જેક્ટ કમિટીની રચના કરવામાં આવી આ પરિષદમાં પીરાણા પંથને (સતપંથ) જ્ઞાતિમાંથી તિલાંજલિ આપવાની ઘોષણા કરવામાં આવી. આ પરિષદના અધ્યક્ષ સ્થાને ગામશ્રી નખત્રાણાવાળા જબુઆણી માવજી પુંજા રહ્યા હતા. આ પરિષદમાં કચ્છના કેટલાક રૂઢિચૂસ્ત અને જૂનવાણી આગેવાનોની કનડગતની ફરિયાદ કરતો ઠરાવ કરીને કચ્છના મહારાવશ્રીને પણ મોકલવામાં આવ્યો. આ સફળ પરિષદના સારા પ્રત્યાઘાતો કચ્છ અને મુંબઇમાં પણ પડયા. આ પરિષદમાં હાજર રહેલાં અને પૂ. નારણજીબાપાના વિચારોથી પ્રભાવિત થયેલ દયાપરના ભાઇઓએ આ બાબતમાં કચ્છમાં પહેલ કરવાનું શ્રેય મેળવ્યું. પૂ. નારણજી બાપા અને તેના સુધારક સાથીને દયાપર બોલાવી તેમની હાજરીમાં ગઢશીશા નિવાસી પંડિત પારાશર શર્માના શુભ હસ્તે સંવંત ૧૯૭૯ જેઠ સુદ-૫ ના દિને ૧૬૩ જેટલા ભાઇ-બહેનોએ દેહશુદ્ધિ કર્મ કરી વૈદિક સનાતન ધર્મનો સ્વીકાર કર્યો તેના પગલે પગલે પડોશના પાનેલી ગામના ૧૬ કુટુંબો પણ પીરાણાપંથને છોડી સનાતન ધર્મમાં પાછા ફર્યા એજ વર્ષે કારતક માસમાં રવાપર ગામે પણ દેહશુદ્ધિનો કાર્યક્રમ યોજાયો કચ્છના પશ્ચિમ ખૂણામાં થયેલ ધાર્મિક નવજાગૃતિનો પડઘો મુંબઇમાં પણ પડયો અને તે વર્ષે મુંબઇ અને માટુંગામાં દેહશુધ્ધિના કાર્યક્રમો યોજાયા.

મુંબઇમાં જ્ઞાતિની ત્રીજી પરિષદ વીરમગામ વાળા જ્ઞાતિ હિતચિંતક કચ્છી પાટીદારોના ગાઢ પરિચયમાં આવેલા એવા જ્ઞાતિ સુધારક વીરબંધુ દેસાઇ ચંદુલાલ મણીલાલભાઇનું નામ પસંદ કરવામાં આવ્યું. મુંબઇના આ અધિવેશનમાં ઉત્સાહ કંઇક ઓર જ હતો. પ્રમુખ તરીકે એક વિદ્વાન વ્યક્તિ હતી. સુધારકોની સંખ્યાવધી હતી. પ્રમુખશ્રીનું ભાષણ બહુ જ સચોટ અને દરેક જણને મનમા આરપાર ઊતરી જાય એવું હતું. તેની ખૂબજ અસર થઇ સતપંથ પીરાણાને સદંતર તિલાંજલિ આપવા માટે દફનક્રિયાની જગ્યાએ અગ્નિસસ્કાર કરવા બાબતે બીજી અનેક ધાર્મિક-સામાજિક પરિવર્તન લાવવા બાબતેના ઠરાવો રજૂ થયા. અમુક નિયમો નક્કી કરવામાં આવેલા આ બધું તૈયાર કરવા માટે ૩૫ જણાની સબજેક્ટ કમિટી નિમવામાં આવેલી હતી. ત્રીજી પરિષદમાં દેહ શુદ્ધિના કાર્યક્રમમાં ઓર વેગ આવ્યો. કચ્છમાં અને કચ્છબહાર તેવા કાર્યક્રમો થવા લાગ્યા. દેહશુદ્ધિ કાર્યક્રમનો એવો ખાસ નિયમ રાખેલો કે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરી જનોઇ ધારણ કર્યા બાદ સતપંથ પીરાણા સાથેનો સંપૂર્ણ પણે વહેવાર બંધ કરી દેવો.

પૂ. નારણજી બાપાએ સતપંથ-પીરાણાને લગતું હસ્ત લિખિત સાહિત્ય મહામહેનતને એકત્ર કરી ગાંઠના રૂપિયા ખર્ચી પીરાણાના ગાદીપતિ તેમજ આગેવાનોનાં વિરોધ વચ્ચે ''સતપંથ પીરાણાની પોલ''ના નામથી દળદાર પુસ્તકના રૂપે પ્રગટ કર્યું અને તે સમયનાં એ પંથના રહસ્યોને હકીકતોને લોકો સમક્ષ રજૂ કર્યાં તેમની નીડરતા અને હિંમતને દાદ દેવી પડે એવું જબરદસ્ત આ પુસ્તક પ્રકાશનનું કાર્ય હતું. તેના પરિણામે લોકોમાં ઘણી ધાર્મિક જાગૃતિ લાવી શકાઇ. આ અભિયાનમાં તેમને ઘણી મુશીબતો ઊઠાવવી પડી અને ઘણા પડકારો જીલવા પડયા એમાંનો એક પડકાર એ હતો કે તેમની સાથે સતત કાર્ય કરતા સાથીદારોમાં પણ એક સમર્થ સતપંથ-પીરાણાને માનનારા લોકો સાથે ખાણી-પીણીનો વ્યવહાર બંધ કરવાની બાબતે મત-મતાંતરો થયા તેને પરિણામે પાછળથી દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના કાર્યમાં થોડી ઓટ આવી પણ ત્યાં સુધીમાં જ્ઞાતિજનોમાં જાગૃતિની એક જબ્બર લહેર ફરીવળી હતી. પૂ. નારણજી બાપાનો ધર્મસાસ્ત્રોનો અભ્યાસ ઘણો ઊંડો હતો તેમણે આપણી જ્ઞાતિ માટે જે કંઇ વિચાર્યું હતું તે પણ હિતકર હતું. પરંતુ તે સમયના લોકો તેમને સમજવામાં ઊણા ઊતર્યાં જોકે દેહશુદ્ધિ કર્મમાના જોડાનાર લોકો પણ આપણો મૂળ ધર્મ શું છે અને સમસ્ત સમાજનું હિત શામાં છે તે સમજી ચૂક્યા હતાં. અને તેઓ ધીરે ધીરે સતપંથ સમાજને ત્યાગી લક્ષ્મીનારાયણ ભગવાનને માનતા થયા હતા.

પૂ. નારણજી બાપા અંત સમયે લકવાગ્રસ્ત બન્યા અને ૧૯૯૭ના આસો વદ-૧૪ ને સોમવારના તેમની જીવન જ્યોતિ પરમજ્યોતિમાં વિલીન થઇ ગઇ. જેમ કોઇ પુષ્પ ખરી ગયા પછી પણ પાછળ પોતાની સુગંધ મૂકતું જાય છે તેમ પૂ. નારણજી બાપાએ કરેલા ધર્મસુધારણાના મહાન કાર્યની સૌરભ એમના ગયા પછી પણ આપણને પ્રેરણા આપતી રહી છે.

પૂ. નારણજી બાપાની આપણી સમસ્ત જ્ઞાતિને વૈદિક સનાતન ધર્મના એક તાંતણે બાંધવાની તેમના કાર્યકાલ દરમિયાન સંપૂર્ણપણે બર ન આવી. પણ તેમના અવસાન બાદ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં તેમણે આપેલા વિચારોને કારણે એટલા મોટા પ્રમાણમાં જાગૃતિનો જુવાળ આવ્યો કે જેને પરિણામે જ્ઞાતિનો બહોળો સમુદાય જૂનો સતપંથ છોડી સનાતન ધર્મમાં પાછો ફર્યો એટલું જ નહિ પણ ચે અને ચોરી જેવા હિન્દુ ધર્મના કર્મકાંડો પુનઃ સ્થાપિત થયા. ૧૯૭૭ના અધિવેશન વખતે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં જન્મથી મરણ સુધીના ક્રિયાકાંડના બાહ્ય આચરણો એક જ પ્રકારના થાય તે માટે ધારાધોરણનો ૧૮ મો ઠરાવ પસાર કરવામાં આવેલ અને તે મુજબ જ્ઞાતિજનોને વર્તવા અધિવેશનમાં આદેશ આપવામાં આવેલ. ગામડે ગામડે ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો નિર્માણ થયા. આજે ધર્મની બાબતે જે કંઇ જાગૃતિ જોવા મળે છે તેનો સંપૂર્ણ યશ પૂ. નારણજી બાપાને તેમજ તેમના અનુગામી રતનશી ખીમજી (વિરાણી) અને નથુભાઈ નાનજી (નખત્રાણા)ને ફાળે જાય છે. આ મહાન ભગીરથ કાર્યની પાછળ પ.પૂ. ઓધવરામ મહારાજની પ્રેરણા અને આશીર્વાદ પ્રેરક રહેલા હતા.

કચ્છ કડવા પાટીદાર સમાજમાં કોઇપણ સભ્ય માટે કોઇપણ સંપ્રદાયને માનવા માટે બાધ નથી અને કોઇપણ સંપ્રદાય માટે ભેદભાવ પણ રખાતો નથી પરંતુ એ ઇચ્છનીય છે કે આપણી ભારતીય પરંપરા અને ભારતીય સંસ્કૃતિ અનુસાર આપણા સામાજિક અને ધાર્મિક કાર્યો થાય અને સમાજમાં એકસૂત્રતા અને એકવાક્યતા જળવાય. આપણે સૌ કોઇપણ સંપ્રદાયમાં માનતા હોઇએ પણ આપણે હિન્દુ છીએ અને હિન્દુધર્મની ગરીમા જળવાય રહે એવુ આપણું સૌનું વર્તન હોવું ઘટે. અને એજ આપણી સૌની જ્ઞાતિના આદ્યસુધારક શ્રી પૂ. નારણજીબાપાને અપાયેલ સાચી ભાવાંજલી ગણાશે. - ■ -

કચ્છ કડવા પાટીદારોના ઈતિહાસનું વિહંગાવલોકન

કચ્છ કડવા પાટીદારોનો ઇતિહાસ વિસ્તારથી આપવાની ઇચ્છા હોવા છતાં સ્મરણિકાના પાનાની મર્યાદા એવું કરતાં રોકે છે. અહિં અમે કેટલાંક પ્રાપ્ય પુસ્તકોનો આધાર લઇ કચ્છ કડવા પાટીદારોના ઇતિહાસનું વિહંગાવલોકન કરવાનો યત્ન કર્યો છે.

ઐતિહાસિક સંશોધનો દર્શાવે છે કે ભારતભરના તમામ પાટીદારો (કણબી) આર્યોના વંશજ કુર્મિ-ક્ષત્રિય છે. એ તમામનું મૂળ વતન પંજાબ પ્રદેશ હતો. પરંતુ વિદેશી જાતિઓના વારંવારના આક્રમણથી ત્રાસીને કુર્મિઓને સ્થળાંતર કરવાની ફરજ પડી અને ઇ.સ. પૂર્વે ૬૦૦ થી ઇ.સ. ૨૦૦ના સમયગાળા દરમિયાન પંજાબમાંથી નીકળી કુર્મિઓની જુદી જુદી ટોળીઓ ભારતના જુદા જુદા વિસ્તારમાં ગઇ તેમાના કેટલાંક જૂથો ગુજરાતમાં પણ આવ્યાં. કુર્મિઓનો એક પ્રવાહ કોટા - મંદેસરને રસ્તેથી ગુજરાતમાં આવી સિધ્ધપુર વિસ્તારમાં વસ્યો. અને બીજો પ્રવાહ જયપુર અને ભિનમાલને રસ્તે થઇ ગુજરાતમાં પ્રવેશ્યો અને પાટણવાડો અને અડાલજની આસપાસ ઠલવાયો. કુર્મિ-ક્ષત્રિયોનો મુખ્ય વ્યવસાય કૃષિ હતો. જે તેમણે ગુજરાતમાં આવ્યા પછી પણ ચાલુ રાખ્યાં.

ઇતિહાસકારોનું માનવું છે કે ગુજરાતમાં આવ્યા તે પહેલા કુર્મિ-ક્ષત્રિયોમાં લેવા કે કડવા એવા કોઇ ભેદ નહોતા બધા માટે કુર્મિ શબ્દ પ્રયોજાતો જે આગળ જતાં અપભ્રંશ થઇ કુર્મિમાંથી કુણબી અને કણબી શબ્દ પ્રયોજાવા લાગ્યો અને છેક ઇ.સ. ૧૭૦૩માં વીર વસનદાસે કણબીઓનું ''પાટીદાર'' એવું નામાભિધાન કર્યું. ત્યારબાદ ધીરે ધીરે પાટીદાર નામ પ્રચલિત બન્યું. પાટીદાર શબ્દનો અર્થ થાય છે 'પાટી' એટલે જમીન અને 'દાર' એટલે ધારણકરનાર પાટીદાર એટલે જમીન ધારણકરનાર એવાં થાય. કડવા અને લેવા પાટીદારોને લવ અને કુશ સાથે સંબંધ છે એ માત્ર દંતકથા છે જ્યારે ઇતિહાસમાન્ય હકીકત એ છે કે પંજાબના કરડ પ્રદેશમાંથી આવેલા કડવા પાટીદારો તરીકે ઓળખાયા જ્યારે પંજાબના લેય પ્રદેશમાંથી આવેલા લેવા પાટીદારો તરીકે ઓળખાયા કડવા પાટીદારોના વિદ્યમાન બાવન શાખાઓનાં નામ પણ તે શાખાના પાટીદારો જે વિસ્તારમાંથી ઊતરી આવ્યા છે તે વિસ્તારનાં નામ પરથી રાખવામાં આવ્યાં છે. દા.ત. અમૃતસરથી આવનાર અમૃતિયા તેજ રીતે ધોળ ના મૂળ વતની ધોળુ કહેવાયા આ હકીકત પણ પાટીદારો પંજાબના જુદા જુદા વિસ્તારોમાંથી ઊતરી આવ્યાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે.

પંજાબમાંથી આવીને ઉત્તર ગુજરાતને પોતાનું વતન બનાવનાર કુર્મિઓ સમયાન્તરે મધ્યગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વિસ્તર્યા. એક મત એવો છે કે ઇ.સ. ૩૦૦ માં કુર્મિ-ક્ષત્રિયોનું એક જૂથ પંજાબમાંથી સીધું કચ્છમાં આવ્યું હતું. પરંતુ પ્રવર્તમાન કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને એ જૂના જૂથ સાથે લાગતું વળગતું હોય એવું કોઇ સમર્થન સાંપડયું નથી. હાલે કચ્છમાં જે કડવા પાટીદાર જ્ઞાતિ વિદ્યમાન છે. તે ઇ.સ.ના પંદરમાં સૈકામાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાંથી કચ્છમાં આવીને વસેલી જ્ઞાતિ છે એવું ઇતિહાસનું પ્રમાણ છે. જુદાજુદા પુસ્તકમાં એકસરખો ઉલ્લેખ છે કે ઇસુની પંદરમી સદીમાં ગુજરાતમાં મુસ્લિમ ગુરુ ઇમામશાહના પ્રભાવમાં આવીને કેટલાક કડવા પાટીદાર કુટુંબોએ પીરનો પંથ કે પીરાણા પંથ સ્વીકાર્યો જે પાછળથી જ્યોતિષધામ અને સતપંથને નામે ઓળખાયો આ અલગ પંથને કારણે કુટુંબમાં અને નાતમાં કલહ ન થાય એ હેતુથી એ પંથમાં માનનારા કડવા પાટીદારોના કેટલાક કુટુંબો ક્રમે ક્રમે કચ્છમાં આવ્યાં અને સૌ પ્રથમ ભચાઉ તાલુકાનું સિક્રા ગામ વસાવ્યું અને પોતાના સહધર્મી ભાઇઓ સાથે શાન્તિથી ખેતી કરવા લાગ્યા.

સમય જતાં ગુજરાતમાંથી સ્થળાંતર કરીને આવનાર કુટુંબોની સંખ્યા વધતાં સિક્રામાંથી કચ્છના વીસ જેટલા જુદા જુદા ગામોમાં જઇને વસ્યા અને ત્યાર પછી વખત જતાં ત્યાંથી એ વિભિન્ન વિસ્તારના ગામડાઓમાં ફેલાયા કચ્છ રાજવીઓએ આવા કાબેલ અને અનુભવી ખેડૂતોને પ્રોત્સાહન આપ્યું સિક્રાથી છૂટા પડેલા જુદી જુદી સાખના કડવા પાટીદાર કુટુંબો કયા વીસ ગામોમાં વસ્યાં અને ગુજરાતમાંથી કયા મૂળ સ્થળેથી આવ્યાં છે તેની યાદી અહિં આપવામાં આવી છે.

(૧) માનકૂવા - (શાખે વેલાણી) - તેમના પૂર્વજો અડાલજથી ૨ ચાંપાનેર ગયા. ત્યાંથી વિરમગામ પાસેના છનિયાર ગામે આવ્યા. ત્યાંથી ગિરમથા યાત્રાએ ગયા અને પીરાણાપંથ સ્વીકાર્યો. ઇ.સ. ૧૫૨૪માં વેલા પટેલ તથા નાગર પટેલે કચ્છના વાગડ પ્રદેશમાં આવી શિકરા ગામ વસાવ્યું તેમના કેટલાક વંશજો ઇ.સ. ૧૬૪૬ માં માનકવા ગયા.

(૨) માનકૂવા - (શાખે - ગોગારી) - એમના પૂર્વજો અસલ અડાલજમાં રહેતા હતા, ત્યાંથી મહુધા ગયા, ત્યાંથી સાત ભાઇ જુદા પડી નડિયાદ, ઉમરેઠ, બોરસદ, ડાકોર, ખોલસર, વસો, ઇટોલા વગેરે ગામે ગયા. તેમના વંશના કેટલાક કણબીઓ ગોધામાં આવીને વસ્યા, ગોધામાં અજા પટેલે પીરાણા પંથ સ્વીકાર્યો અને તેઓ શિકરા ગયા. ત્યાંથી તેમના વંશજો માનકૂવા ગયા.

(૩) માનકૂવા - (શાખે - હલપાણી) - એમના વંશજો અડાલજથી અમદાવાદ ગયા. ત્યાંથી બારેજા ગયા. અને પીરાણાનો પંથ સ્વીકાર્યો. ત્યાંથી શિકરા થઇ માનકૂવે ગયા.

(૪) માનકૂવા - (શાખે - લીંબાણી) - એમના વડવાઓ અડાલજ તા. અમદાવાદમાં રહેતા ત્યાંથી નડીઆદ ગયા. તેમના બે પુત્રો એ પીરાણા પંથ સ્વીકાર્યો અને ત્યાંથી સંવત ૧૭૬૫માં શિકરે આવ્યા. અને ત્યાંથી માનકૂવા ગયા.

(૫) માનકૂવા - (શાખે - ચવાણ) - આ શાખના વડવાઓ ધોળકા તાલુકામાં સાબરમતી નદીના કિનારે, રાયસંગ બરોડા ગામમાં ગિરાશ હતો ત્યાં રહેતા હતાં. તેમાંના સારંગજીએ પીરાણાનો પંથ સ્વીકાર્યો અને શીકરે આવી વેલા તથા નાકર પટેલના પ્રથમ આવી વસેલા વંશજો ભેગા રહ્યા અને આબાદ થયા.

(૬) ભડલી (શાખે - ઠાકરાણી) એમના પૂર્વજો અડાલજથી અમદાવાદ ગયા. ત્યાંથી બારેજા ગયા. છેવટે પીરાણાનો પંથ સ્વીકારીને શિકરા ગયા. ત્યાંથી તેમના વંશજ રાજો પટેલ તથા પુત્ર દેવસિંહ પટેલ ખેડાઇ ગયા અને ત્યાંથી સં. ૧૬૮૨માં

[illegible] ગયા.

(૭) વિરાણી (શાખે - નાકરાણી) આ શાખના નાકર પટેલના પૂર્વજ સોમા પટેલ મૂળ ઊંઝામાં રહેતા હતા. ત્યાંથી લાલી (તા. મહેમદાવાદ) ગયા પીરાણાનો ધર્મ સ્વીકારી શિકરા થઇ વિરાણી આવ્યા.

(૮) વિરાણી (શાખે - દિવાણી) એમના પૂર્વજ અડાલજમાં રહેતા હતા. ત્યાંથી ચાર ભાઇ મામાને ત્યાં ગીરમથા આવ્યા. ત્યાંથી દુધઇ થઇ ઇ.સ. ૧૭૪૯માં આણંદજી પટેલ વિરાણી આવીને વસ્યા.

(૯) વિરાણી (શાખે - ઘોઘારી) એમના પૂર્વજ ભાલેજ, જિ. ખેડા માં રહેતા હતા તેઓમાં એક જેસિંહ દેસાઇ હતા. તેમણે ત્રણદીકરા હતા. તેમાંથી એક ઉમરેઠ અને બીજા કંબોઇ ગયા. ત્રીજા દીકરા પીરાણા પંથ સ્વીકારી શિકરા થઇ. સં. ૧૮૧૩માં વિરાણી આવ્યા.

(૧૦) અંગિયા (શાખે - ચોપડા) મૂળ પુરુષ દેવજી પટેલ ઊંઝામાં રહેતા હતા ત્યાંથી પીરાણા પંથ સ્વીકારી શિકરા આવ્યા. તેમના પુત્ર જશોજી સં. ૧૭૬૮માં અંગીએ આવી વસ્યા.

(૧૧) કોટડા - (શાખે - છાભૈયા) આ ગામમાં વસવા કણબીઓ અસલ અમદાવાદના વાસી હતા, પરંતુ ગીરમથે ગયા અને પીરાણાનો પંથ સ્વીકારી ગામ શીકરે સં. ૧૭૬૫માં આવ્યા અને ત્યાંથી કેટલાંક વર્ષો પછી દુધઇ આવ્યા ત્યાંથી પણ સં. ૧૮૨૩ માં માધો પટેલ તથા જીવો પટેલ આવી કોટડે વસ્યા તેઓની અસલ સાખ પારેખની હતી, પરંતુ છ ભાઇનો વંશ એક એક પુત્રથી જ છ પેઢી સુધી ચાલ્યો તેથી છ ભઇઓ - છાભૈયા કહેવાયા છે.

(૧૨) નખત્રાણા (શાખે - પોકાર) અસલ મહેસામાં રહેતા હતા. ત્યાંવાં કાનમમાં ગયા. ત્યાં પીરાણા પંથ સ્વીકાર્યો. તેમના વંશજ પૂંજા પટેલ શિકારા આવ્યા. ત્યાંથી દુધઇ ગયા. દુધઇથી અબજી, જશો અને હરજી ઇ.સ. ૧૭૭૨માં નખત્રાણા આવ્યા.

(૧૩) નખત્રાણા - (શાખે - રામાણી) તેમના પૂર્વજો ભાલેજ તા. આણંદથી સંવત ૧૫૯૩ના કારતક સુદ બીજને રોજ પીરાણા પંથી બન્યા. ત્યાંથી શિકરા આવ્યા. તેમના વંશજો નખત્રાણા આવ્યા.

(૧૪) નેત્રા (શાખે - સાંખલા) તેઓ અસલ ઊંઝામાં રહેતા હતા. ત્યાંથી આણંદ ગયા. તેમાંથી એક ભાઇ માળવા, એક નારદીપુર અને એક શિકરા ગયા. તેમના વંશના અબાજીના પુત્ર ધનજી, રતનો અને લાલજી શિકરાથી નેત્રા આવ્યા.

(૧૫) વિથોણ (સુરાણી) - એમના વંશજો સુણાવ, જિ. ખેડામાં રહેતા હતા. ત્યાથી પીરાણાપંથ સ્વીકારી શિકરા આવ્યા. એમના વંશના ગોપાલના પુત્ર મનજી તતા વિશ્રામ ઇ.સ. ૧૭૪૬ માં વિથોણ આવ્યા.

(૧૬) કરબોઇ - (શાખે - ભાવાણી) વસોથી ભાવા પટેલ શીકરે આવ્યા. ત્યાંથી કાળે કરી તેમના વંશજો માણેકવાડા અને ધમડકા થઇ કરબોઇ આવ્યા.

(૧૭) મથલ (શાખે - પોકાર) તેમના વડવાઓ નડીઆદમાં રહેતા ત્યાંથી મગન પટેલ કાનમમાં વસ્યા ને ત્યાંથી તેના પુત્ર હંસરાજ અને મોહન ગીરમથે આવ્યા સં. ૧૭૧૦માં પીરાણાનો ધર્મ લીધો તેથી શીકરે આવી રહ્યા. ત્યાંથી હંસરાજના પુત્ર દેવસિંહ તથા મેઘજી સં. ૧૭૪૨ જેઠ વદ ૧૨ ના દિવસે મથલ આવ્યા.

(૧૮) ઘડાણી (શાખે - લીંબાણી) મૂળ ગામ ઊંઝા રહેતા, ત્યાંથી બાવળે વસ્યા, ત્યાંથી ગોવિંદ પટેલનો વંશ આણંદ આવ્યો, ત્યાંથી તેના વંશજ અરજણના પુત્રો છગન, હરગોવિંદ અને ગોવિંદ ગામ લાલી (તા. મહેમદાવાદ) આવ્યા ને ત્યાંથી અમદાવાદ આવ્યા. પીરાણાનો પંથ કબૂલ કર્યો તેથી સં. ૧૭૮૨માં કાનજી તથા નારણ બંને ભાઇ માણેકવાડે આવ્યા ને ત્યાંથી ભડલી ગયા ને ત્યાંથી સં. ૧૮૧૩ માં કાનજીનો વંશ ખેતો ને અબજી બે ભાઇઓ તથા બહેન જશુ ને ભાણેજ નથુ ઘડાણી આવી વસ્યા.

(૧૯) ખોંભડી (શાખ - પોકાર) અસલ ઘરડાઓ ધોળકા રહેતા હતા. ત્યાંથી પચાણ પટેલ સં. ૧૬૮૩માં ગીરમથે આવ્યા ને પીરનો ધર્મ પાળ્યો તેથી તે શીકરે આવ્યા. ત્યાંથી વેલાણીમાં વસ્યા પચાણ પટેલના વાલજી, રતનો અને મેઘજી ત્રણ પુત્રો હતા. તેમનો પરિવાર સં. ૧૭૦૪માં ખોંભડીમાં આવી રહ્યો.

(૨૦) મંગવાણા (શાખે - ચોપડા) અસલમાં તેમના પૂર્વજ નાગજીપટેલ ઊંઝાથી નીકળી સાણંદ આવી વસ્યા. ત્યાંથી અમદાવાદ આવી પીરનો ધર્મ માન્યો અને સં. ૧૬૭૧માં શીકરે આવ્યા. ત્યાંથી તેમના વંશજ જશો અને જીવરાજ અંગીએ આવ્યા ને ત્યાંથી સં. ૧૮૧૮માં જીવરાજના પુત્ર ધનજી તથા પૌત્ર ગોરો અને કચરો ગામ મંગવાણા આવ્યા.

(૨૧) દરશડી (શાખે - પોકાર - હાલ - બાથાણી) મૂળગામ ધોળકાથી હાબાપટેલે સારંગ ચૌહાણ સાથે ગીરમથે આવી પીરનો ધર્મ સ્વીકાર્યો તેથી સં. ૧૫૯૮માં નાકર તથા વેલા પટેલના કુટુંબમાં શીકરે આવી રહ્યા. સં. ૧૬૬૪માં હાલાના પુત્ર રામજી તથા જેસિંહ ખેડોઇ આવ્યા. એક ભાઇ નિર્વંશ ગયો, જેસિંહના અરજણ અને દેવસિંહ થયા. દેવસિંહનો પુત્ર મનજી સં. ૧૭૦૪માં માનકવે વસ્યા. મનજીને રતનો અને લખુ બે પુત્ર થયા. લખુનો પુત્ર અબજી સં. ૧૭૮૪માં દરશડી આવી વસ્યા.

(૨૨) નખત્રાણા (શાખે - લીંબાણી) એમના ઘરડા અડાલજમાં રહેતા ત્યાંથી નડીઆદ ગયા. તેમના વંશજ ગોવા પટેલને જેરાજ, વાસણ અને જીવો નામે ત્રણ પુત્રો હતા. તેમાંથી એક કંબોઇ બીજો માળવે અને ત્રીજો ગીરમથે ગયો. પેલા અને ત્રીજાએ પીરાણા સતપંથનો ધર્મ અંગીકાર કર્યો જેથી સં. ૧૭૬૫માં શીકરે આવ્યા. જીવાનો પરિવાર રામજી, ધઝનજી અને ગોરો એ ત્રણ ભાઇ સંવંત ૧૭૯૮માં નખત્રાણામાં આવ્યા.

- સંદર્ભ પુસ્તક કડવાપાટીદારોનો ઇતિહાસના આધારે -

- ■ -

જ્ઞાતિ પરિષદનો ઈતિહાસ : કરાંચીથી કચ્છ સુધી !

આપણી જ્ઞાતિમાં જ્યારે આજના જેટલા શિક્ષણનો પ્રસાર નહોતો, અને ગુલામીની મનોદશામાંથી બહાર આવેલી જ્ઞાતિ ખેતી અને ધંધા-રોજગાર ક્ષેત્રે બેઠી થઇ રહી હતી ત્યારે ૧૯૬૦માં કેળવણીને વેગ આપવા માટે નખત્રાણામાં બનાવવામાં આવેલ વિદ્યાર્થીભવનના ઉદ્ઘાટન પ્રસંગે મળી ગયેલ સમાજનું અધિવેશન આપણી જ્ઞાતિનું સૌ પ્રથમ અખિલ ભારતીય કક્ષાનું પૂર્ણ સમયનું અધિવેશન હતું.

સમાજનું સંગઠન જળવાઇ રહે અને ભારતભરમાં પથરાયેલ આપણી જ્ઞાતિના સભ્યો એક સરખા રીતરિવાજો પાળે તે માટે સમાજના ધારા-ધોરણો ઘડી કાઢવા માટે સૌ પ્રથમ આ અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જો કે અધિવેશનોના ઇતિહાસને લાગે વળગે છે ત્યાં સુધી ૧૯૬૦ના અધિવેશન અગાઉ પણ જ્ઞાતિના આદ્ય સુધારક જ્ઞાતિરત્ન પૂ. નારાયણજી રામજી લીંબાણીની આગેવાની હેઠળ જ્ઞાતિના હિતચિંતક વડિલો તેમજ કેટલાક ક્રાંતિકારી અને તરવરિયા યુવાનો દ્વારા સમાજમાં પેસી ગયેલાં કેટલાંક અનિષ્ટ તત્ત્વોને દૂર કરવા અને જનજાગૃતિ માટે મુંબઇ અને કરાંચીમાં પણ અધિવેશન જેવું આયોજન કરવામાં આવેલ હતું.

૧૯૨૫ના અરસામાં મુંબઇમાં આવી અધિવેશન યોજાઇ હતી. તે અગાઉ કરાંચીમાં પણ આ પ્રકારની અધિવેશન મળી હતી. ૧૯૬૦ પહેલાંની ત્રીજી અધિવેશન પણ કરાંચીમાં જ યોજાઇ હતી તે ઉપરથી ખ્યાલ આવે છે કે તે વખતે કરાંચીમાં આપણા ભાઇઓની કેટલી બધી મોટી વસ્તી હતી ! મુંબઇ અને કરાંચીની અધિવેશનોમાં હાજરી આપી હોય તેવા ઘણા વડીલો હજુ આજે પણ હયાત છે.

સમાજના આગેવાનો ૧૯૫૯-૬૦ના અરસામાં છાત્રાલય અને સમાજવાડીઓના ફાળા માટે જ્યારે ભારતભરમાં ઘૂમી રહ્યા હતા ત્યારે આપણી જ્ઞાતિના ધારા-ધોરણોને જમાનાને અનુરૂપ બનાવવાનો સમય આવી પહોંચ્યો છે એવી જોરદાર માંગણી લોકોમાંથી ઊભી થઇ હતી. એ તો દેખીતું જ છે કે જ્ઞાતિના ગમે ત્યાં વસતા કોઇ પણ ભાઇને બંધનકર્તા હોય એવું જ્ઞાતિના ધારા-ધોરણોનું બંધારણ જ્ઞાતિના અધિકૃત પ્રતિનિધિઓ જ બનાવી શકે. આ બાબતને ધ્યાનમાં રાખી ઠેર-ઠેરથી એક જ્ઞાતિ અધિવેશન યોજવાની માગણી થવા લાગી.

સને ૧૯૬૦ના ફેબ્રુઆરીમાં જ્યારે નાગપુર ખાતે પાટીદાર ભવનનું ઉદ્ઘાટન થયું તે સમયે દેશના જુદા જુદા ભાગોમાંથી પધારેલા આગેવાનોએ સમસ્ત કચ્છ કડવા પાટીદાર સમાજની અધિવેશન પાટીદાર વિદ્યાર્થી ભવનના ઉદ્ઘાટન પ્રસંગે નખત્રાણા ખાતે બોલાવવી એવું નક્કી કર્યું. આ નિર્ણય લેવા પાછળના બે ઉદ્દેશ હતા. એક તો ઉદ્ઘાટન પ્રસંગે દેશભરમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેવાનાં હતાં એટલે અધિવેશનના ઉદ્દેશ માટે કોઇ વિશેષ ખર્ચ કરવો પડે તેમ નહોતો, અને બીજુ, જ્ઞાતિનું બંધારણ ઘડવાનું હોઇ, તેમાં દેશભરના તમામ પ્રાંતના પ્રતિનિધિઓની ઉપસ્થિતી જરૂરી હતી જે ઉદ્ઘાટન પ્રસંગે જ મોટી સંખ્યામાં હાજર રહે તેમ હતી.

તા. ૧૦-૫-૬૦ના જ્ઞાતિની અધિવેશન ભરવી અને બીજા દિવસે તા. ૧૧-૫-૬૦ ના છાત્રાલયનું ઉદ્ઘાટન કરવું એવો નિર્ણય પણ નાગપુર પાટીદાર ભવનના ઉદ્ઘાટન પ્રસંગે જ લેવાયો અને સભામાં તેની જાહેરાત થતાં જ જ્ઞાતિજનોમાં અપૂર્વ ઉત્સાહનું મોજું ફરી વળ્યું. અધિવેશન માટે થનગનતા યુવાનો અને કાર્યકરોની ટીમો ભારતભરમાં ઘૂમી વળી અને સર્વત્ર 'ચલો નખત્રાણા'નો નાદ ગૂંજી ઊઠયો !

અધિવેશન આડે ફક્ત બે મહિનાનો ટૂંકો ગાળો જ રહ્યો હતો. કામગીરી ઘણી વિરાટ હતી અને સમાજના કાર્યકરોની કુશળતાની અને કુનેહની ખરેખરી કસોટી થવાની હતી. પણ કાર્યકરોના અપાર ઉત્સાહ અને તરવરાટ જોયા પછી અધિવેશનની સફળતા માટે સમાજના આગેવાનોને પણ જબરો વિશ્વાસ ઊભો થયો.

અત્યાર સુધી ભરાયેલ જ્ઞાતિની અધિવેશનોમાં ૧૯૬૦માં ભરાયેલ સૌ પ્રથમ અખિલ ભારતીય અધિવેશન આયોજન અને કાર્યવાહીની દ્રષ્ટિએ અદભૂત હતું અને કચ્છમાં પ્રથમ વખત જ ભરાઇ રહ્યું હોઇ લોકોનો ઉત્સાહ પણ અપૂર્વ હતો. દેશભરમાંથી જ્ઞાતિના યુવાનો અને આગેવાનો મોટરકાર લઇ દિવસો પહેલાં અધિવેશનની સફળતા માટે કચ્છમાં ઊમટી પડયા હતા. કાર્યકરો અને સમગ્ર જ્ઞાતિજનોમાં એક અભૂતપૂર્વ ઉમંગનું મોજૂં તે વખતે ફરી વળ્યું હતું.

નખત્રાણા વિદ્યાર્થીભવનના વિશાળ મકાનને વીજળીના દીવાઓથી ઝગમગતું કરી જાણે કોઇ પરીઓના પ્રદેશનો આભાસ ખડો કરવામાં આવ્યો હતો. નખત્રાણા અને આજુબાજુના ગામોમાંથી અન્ય જ્ઞાતિના માણસો પણ એ રોશની જોવા મોટી સંખ્યામાં ઊમટી પડયાં હતાં !

૬૪ કેપ્ટનોના હાથ નીચે ૧૨૦૦ સ્વયંસેવકોની મોટી ફોજ અધિવેશનની વ્યવસ્થા જાળવવા માટે તૈનાત કરવામાં આવી હતી. મંડપ, લાઇટ, રસોડા સમિતિની સેવા સર્વોત્તમ અને વખાણવા લાયક હતી. બધી સમિતિઓએ પોતાનું કાર્ય જે ધગશથી પાર પાડયું હતું તેનું વર્ણન થઇ શકે તેમ નથી.

આ અધિવેશનનું ખુલ્લું અધિવેશન

અધિવેશનની તવારીખ

પ્રથમ અધિવેશન ૧૯૬૦ - શ્રી શીવદાસ કાનજી પટેલના પ્રમુખસ્થાને

દ્વિતીય અધિવેશન ૧૯૭૭ - શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખસ્થાને

તૃતીય અધિવેશન ૧૯૮૫ - શ્રી ખીમજી નાગજી પટેલના પ્રમુખસ્થાને

તા. [illegible] બપોરના ૩ કલાકે ખાસ તૈયાર કરેલા મંડપમાં ભરાવાનું હતું પણ અધિવેશનની કાર્યવાહી જાણવાની તાલાવેલી અને ઉત્સુકતાને લીધે વહેલી સવારથી ઊમટી પડેલ ૨૦ થી ૨૫ હજારની મેદનીના ભોજનનો પ્રબંધ આયોજકોને કરવો પડતાં ખુલ્લા અધિવેશનનો સમય બપોરના ૩ ને બદલે રાત્રે ૮ વાગ્યે કરવો પડયો હતો !

ખુલ્લા અધિવેશનમાં એટલો મોટા માનવ મહેરામણ હતો કે બોર્ડિંગના કંપાઉન્ડની બહાર બેસીને પણ લોકો રસપૂર્વક કાર્યવાહી સાંભળતા હતા. સભામંડપમાં અર્ધા કરતાં વધુ હાજરી બહેનોની હતી. કચ્છના ગામે-ગામ અને દેશના તમામ પ્રાંતના પ્રતિનિધિઓની હાજરીથી સભા મંડપ ભરચક થઇ ગયો હતો.

આ અધિવેશનમાં સમાજનું બંધારણ અને ધારા-ધોરણ ઘડી કાઢવાનું હોઇ વિષય વિચારણી સમિતિનું કામ કુનેહ માંગી લે તેવું હતું. ૨૨૪ સભ્યોની વિષય વિચારણી સમિતિએ આ કામ સફળતાપૂર્વક પાર પાડયું હતું દરેક ઠરાવ પર જે રીતે ગંભીર પણે ચર્ચાઓ કરવામાં આવી તે પણ દાદ માંગી લે તેવી કામગીરી હતી. સમાજના વિવિધ ક્ષેત્રના નિષ્ણાત કાર્યકરોએ તન-મન-ધનથી તેમની સેવાઓ આ અધિવેશનને આપી હતી.

આ પ્રથમ અધિવેશનમાં ચર્ચવામાં આવેલ વિષયો અને ઠરાવો ઉપર પ્રતિનિધિઓએ અને જ્ઞાતિજનોએ ખેલદિલીથી અને કોઇ પણ જાતના શરમ-સંકોચ તથા પૂર્વગ્રહરહિત મંતવ્યો રજૂ કર્યાં હતાં.

૧૯૬૦ના પ્રથમ અધિવેશન પછી સમાજની બીજી અધિવેશન ૧૭ વર્ષ પછી છેક ૧૯૭૭માં મળી. આ બીજી અધિવેશનમાં સમાજના અધિવેશન સાથે યુવકસંઘ જેવી સંસ્થાનું સૌ પ્રથમ અધિવેશન પણ આ વખતે જ યોજાયું. કન્યા કેળવણી, સંગઠન જેવી બાબતો પર આ અધિવેશનમાં વિશેષ ભાર મૂકાયો હતો. યુવક સંઘના આ અધિવેશનમાં યુવક સંગઠન, કન્યા કેળવણી અને સનાતન ધર્મના પ્રચાર પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

૧૯૬૦ના અધિવેશનમાં સાબરકાંઠા - ગુજરાત તરફના ભાઇઓએ ભાગ લીધો નહોતો પણ યુવકસંઘના અથાક પ્રયત્નોને કારણે ૧૯૭૭ના અધિવેશનમાં સાબરકાંઠાના કંપા વિસ્તારના ભાઇઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. યુવકસંઘના જોશીલા કાર્યકરો અધિવેશનની સફળતા માટે ભારતભરમાં ઘૂમી વળ્યા હતા. યુવકસંઘના આ કાર્યની નોંધ ખુલ્લા અધિવેશનમાં સમાજે લીધી હતી. સૌ પ્રથમ જ્ઞાતિના રીતરિવાજો અંગેના ૧૭ ઠરાવો, આ અધિવેશનમાં પસાર કરવામાં આવ્યા હતા.

૧૯૭૭નું દ્વિતીય અધિવેશન ૨૨-૫-૭૭ અને ૨૩-૫-૭૭ એમ બે દિવસનું યોજાયું હતું. ખુલ્લું અધિવેશન ૨૨ મીની રાત્રે ૯ કલાકે યોજાયું હતું. બીજા દિવસે બપોર પછી યુવક સંઘનું અધિવેશન મળ્યું હતું. યુવકસંઘના પ્રમુખ શ્રી ખીમજી લખમશી લીંબાણી (કલકત્તા) અને મહામંત્રી અખેરાજ પ્રેમજીની આગેવાની નીચે યુવકોનું મળેલું આ પ્રથમ અધિવેશન ધારણા કરતાં વિશેષ સફળ રહ્યું હતું. આ પ્રસંગે મહિલાઓનું અધિવેશન પણ પ્રથમ વખત જ યોજાયું હતું.

બીજા અધિવેશન દરમ્યાન સમાજના મહાનુભાવોનાં તૈલચિત્રોનું અનાવરણ કરવાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. ૧૯૬૦ના અધિવેશનમાં થયેલા ઠરાવો અને સમાજ સુધારણાની અસર બીજા અધિવેશનમાં સ્પષ્ટ જણાઇ આવી હતી.

૧૯૭૭ પછી જ્ઞાતિની ત્રીજી અધિવેશન આઠ વર્ષના સમયગાળા પછી ૧૯૮૫માં વિદ્યાર્થીભવન ખાતે જ યોજાઇ હતી. યોગાનુયોગ પાટીદાર વિદ્યાર્થીભવનને પણ આ વર્ષે ૨૫ વર્ષ પૂરાં થતાં હોઇ તેનો રજતજયંતી મહોત્સવ પણ સાથે જ યોજાયો હતો.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન, યુવકસંઘનું દ્વિતીય અધિવેશન ઉપરાંત મહિલા અધિવેશનનું પણ ગઠન થયું હતું. ઘૂંઘટ પ્રથા, કન્યા કેળવણી અને સમૂહલગ્ન જેવા વિષયો આ મહિલા અધિવેશનનો મુખ્ય સૂર રહ્યો હતો.

૧૯૮૫ની આ તૃતીય અધિવેશન તા. ૧૮-૫-૮૫ અને ૧૯-૫-૮૫ એમ બે દિવસ માટે યોજાઇ હતી. આ ત્રીજી અધિવેશનમાં પણ યુવકસંઘના કાર્યકરો જ છવાયેલા રહ્યા હતા. યુવક અને મહિલા અધિવેશનો તેમજ ખુલ્લા અધિવેશનમાં યુવાન ભાઇ-બહેનોને પ્રથમ વખત જ મોટી સંખ્યામાં પોતાના વિચારો રજૂ કરવાનો મોકો આ અધિવેશને પૂરો પાડયો હતો.

સમાજના ધારા-ધોરણો પાળવામાં કયાં-ક્યાં વાસ્તવિક રીતે મુશ્કેલીઓ ઊભી થાય છે તે જાણવા અને આવાં ધારા-ધોરણોનો અમલ કેવો થઇ રહ્યો છે તેની સમીક્ષા કરવા માટે આવા અધિવેશનોની અતિ આવશ્યકતા છે. ભારતભરમાં પથરાયેલા જ્ઞાતિબંધુઓમાં પરસ્પર પ્રેમ, સહકાર અને સંગઠન જળવાઇ રહે તે પણ એક મુખ્ય ઉદેશ છે.

સમાજ દ્વારા યોજાતી આવી અધિવેશનોની સ્મૃતિ લોકોમાં લાંબા સમય સુધી જળવાઇ રહે તે જરૂરી છે. ૧૯૬૦માં શ્રી વીરેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રચાયેલ અહેવાલ સમિતિએ આ અધિવેશનનો અહેવાલ બહાર પાડવાની ભગીરથ કામગીરી સફવતાપૂર્વક પાર પાડી હતી અને જે સુંદર અહેવાલ બહાર પાડયો હતો તેના માટે તેમને અભિનંદન આપવા ઘટે. સંજોગવસાત ૧૯૭૭ અને ૧૯૮૫ ના અધિવેશનનો અહેવાલ બહાર પાડવાની કામગીરી થઇ શકી નહોતી, જેના કારણે આ બંને અધિવેશનોની કાર્યવાહી અંગે બહુ જૂજ માહિતી જ મળે છે.

અત્યાર સુધીની આપણી અધિવેશનો ઉનાળામાં એપ્રિલ-મે મહિના દરમિયાન જ યોજાઇ છે. સમાજના માજી પ્રમુખ શ્રી ખીમજી નાગજી લીંબાણીને ૧૯૭૭ અને ૧૯૮૫ એમ બબ્બે અધિવેશનમાં પ્રમુખસ્થાન શોભાવવાનો અવસર મળ્યો છે. આ ત્રણે અધિવેશનોનો કાર્યક્રમ બે દિવસનો રહ્યો છે.

૧૯૬૦, ૧૯૭૭ અને ૧૯૮૫ના અધિવેશનનો તમામ રીતે સફળ થયાં હતાં પણ જાણકારોના મત મુજબ ૧૯૬૦ની અધિવેશનના ખુલ્લા અધિવેશનની સભા ખરેખર અપૂર્વ અને બેનમૂન હતી !

- ■ -

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ

ઉદ્દેશ અને પ્રવૃત્તિઓ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના ડિસેમ્બર ૧૯૭૨માં શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાના આહ્‌વાન અને સંયોજનથી આવેલા જુદા જુદા પ્રાંતોના પ્રતિનિધિઓની કલકત્તા સભામાં થયેલ.

ફેબ્રુઆરી ૧૯૭૩માં પૂના મધ્યે મળેલ પ્રતિનિધિઓની સભામાં સંસ્થાનું વ્યવસ્થિત રૂપ આપવામાં આવેલ અને વહીવટ ચલાવવા માટે તદર્થ સમિતિ અને માર્ગદર્શન આપવા માટે સલાહ-કાર સમિતિની રચના કરવામાં આવેલ. આ સભામાં સંસ્થાના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, કાર્યક્ષેત્ર, સભ્યપદ વગેરે બાબતો પર ચર્ચા વિચારણા બાદ નિર્ણયો લેવાયેલ અને તે મુજબ બંધારણ તૈયાર કરવા નીચે મુજબના પાંચ સભ્યોની 'બંધારણ રચના સમિતિ'ની નિયુક્ત કરવામાં આવેલ.

૧. શ્રી પચાણ શીવજી પટેલ - નાગપુર
૨. શ્રી માવજી પેથા પોકાર - મુંબઈ
૩. શ્રી અખેરાજ પ્રેમજી પટેલ - કલકત્તા
૪. શ્રી રતિલાલ એલ. પટેલ - તલોદ
૫. શ્રી નાનાલાલ વિ. ઉકાણી - ભુજ

ઉપરોક્ત સમિતિએ વિશદ્ ચર્ચા - વિચારણાના અંતે આ બંધારણનો સંપૂર્ણ મુસદ્દો તૈયાર કરેલ જે ઑક્ટોબર ૧૯૭૩માં તખતગઢમાં મળેલ તદર્થ સમિતિની બીજી સભામાં રજૂ કરવામાં આવેલ અને દરેક કલમો પર ચર્ચા વિચારણાને અંતે થોડા ફેરફાર સાથે આ બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

ભારતના ખૂણે ખૂણે યુવક સંઘની રચનાનો હેતુ, તેના આદર્શો, પ્રવૃત્તિઓ અને ભાવિ કાર્યક્રમોને વ્યવસ્થિતપણે રજૂ કરવા તદર્થ સમિતિની વધુ ચાર સભાઓ અનુક્રમે સપ્ટેમ્બર ૧૯૭૪માં જબલપુર, સપ્ટેમ્બર ૧૯૭૫માં હૈદ્રાબાદ - સિકન્દ્રાબાદ, ઓક્ટોબર ૧૯૭૬માં ઇન્દોર અને એપ્રિલ ૧૯૭૭માં નખત્રાણામાં યોજવામાં આવી હતી.

તદર્થ સમિતિએ પસાર કરેલ બંધારણ યુવક સંઘના અધિવેશન દરમ્યાન તા. ૨૨-૫-૭૭ ના નખત્રાણા મધ્યે કચ્છ, ગુજરાત અને અન્ય પ્રાંતોના કુલ ૨૮૦ પ્રતિનિધિઓની વિષય વિચારણી સમિતિની સભામાં રજૂ કરવામાં આવેલ. દરેક કલમો, પેટા કલમો ઇત્યાદી પર ઝીણવટભરી ચર્ચા-વિચારણા બાદ જરૂરી ફેરફાર સાથે જાહેર અધિવેશનમાં બહાલી માટે તૈયાર કરવામાં આવેલ.

તા. ૨૩-૫-૧૯૭૭ના બપોર પછી પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણાના પ્રાંગણમાં વિશાળ સમિયાણામાં દેશભરમાંથી પધારેલ હજ્જારો ભાઈ-બહેનોની વિશાળ ઉપસ્થિતિમાં સમાજના આગેવાન કાર્યકર્તાઓના આશીર્વાદ સાથે યુવક સંઘના પ્રથમ અધિવેશનમાં યુવક કાર્યકર્તા શ્રી ખીમજી લખમશી લીંબાણીના પ્રમુખપણા હેઠળ આ બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ અને શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘને બંધારણીય સંસ્થા તરીકે તાળીઓના ગડગડાટ સાથે હર્ષોલ્લાસ ભરેલા વાતાવરણ વચ્ચે જાહેર કરવામાં આવેલ. તે સાથે જ તદર્થ સમિતિના સ્થાને વિગતવાર પ્રતિનિધિઓની બનેલી પ્રથમ કાર્યવાહક સમિતિની જાહેરાત થયેલ.

સંઘની સ્થાપનાથી ૧૯૮૪ સુધી સંઘનું મુખ્ય કાર્યાલય કલકત્તા રાખવામાં આવેલ. ૧૯૮૪ માં ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય મધ્યે મળેલ સામાન્ય સભામાં મુખ્ય કાર્યાલયને પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા ખાતે રાખવાનું નક્કી કરવામાં આવતાં ત્યારથી યુવક સંઘનું કાર્યાલય નખત્રાણા ખાતે જ કાર્યરત છે.

સંઘના મુખ્ય ઉદ્દેશો

૧. કચ્છ કડવા પાટીદાર સમાજના યુવક-યુવતીઓને એક સૂત્રે બાંધી પરસ્પર પ્રેમ, સહકાર, સેવા, સંગઠન તેમજ સામાજિક અને રાષ્ટ્રીય ભાવના કેળવવી.
૨. સમાજમાં કેળવણીનો ફેલાવો થાય તેવા પ્રયત્નો કરવા અને કન્યા કેળવણીને વેગ આપવો.
૩. સમાજના આર્થિક રીતે નબળા ભાઈ-બહેનોને શિક્ષણ ક્ષેત્રે તેમજ અન્ય ક્ષેત્રે જરૂરી દરેક પ્રકારની સહાયતા કરવી અને સહાયતા અપાવવા પ્રયત્નો કરવા.
૪. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે-સમયે પસાર કરેલા જ્ઞાતિ નિયમોનું પાલન કરાવવું તેમજ સમાજમાં પ્રવર્તતી ધાર્મિક અંધશ્રદ્ધા તેમજ કુરિવાજોને નાબુદ કરવા પ્રયત્નો કરવા અને તે માટે અસરકારક પગલાં લેવાં.

સંઘના ઉપર મુજબના ઉદ્દેશો પાર પાડવા માટે સંઘ દ્વારા અત્યાર સુધી નીચે મુજબના પ્રયત્નો અને પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.

૧. ભારતભરમાં ફેલાયેલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના યુવક મંડળોના ભાઈ-બહેનોને પરસ્પર પ્રેમ, સહકાર, સેવા અને સંગઠનના સૂત્રે બાંધવા અવારનવાર જુદા જુદા સ્થળે અને સમયે યુવક સંઘની સભાઓ યોજવામાં આવેલ છે.
૨. યુવક સંઘની સ્થાપના પછી વિવિધ સ્થળોએ સંઘની પ્રેરણાથી યુવક મંડળોની સ્થાપના કરવામાં આવેલ છે અને તેવા મંડળો ખૂબ જ સક્રિય રીતે સમાજોપયોગી કાર્યો કરી રહ્યા છે.
૩. સમાજમાં કેળવણીનો ફેલાવો થાય અને તેજસ્વી

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે યુવક સંઘ દ્વારા ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા હોલ્ડર અને પ્રોફેશનલ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓનું જાહેર સન્માન કરવા કચ્છ કડવા પાટીદાર સમાજ સાથે સંયુક્ત રીતે 'સરસ્વતિ સન્માન સમારોહ' યોજવામાં આવે છે.

૪. કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા હોલ્ડર વગેરે પરીક્ષાઓ પાસ કરનાર વિદ્યાર્થીનીઓને સરસ્વતિ સન્માન સમારંભમાં સન્માનવામાં આવે છે. બહેનો માટે મીનીમમ ટકાવારીનું ધોરણ રાખવામાં આવેલ નથી.

૫. ઉચ્ચ કેળવણીને પ્રોત્સાહન આપવા માટે યુવક સંઘ દ્વારા વલ્લભ વિદ્યાનગર ખાતે ૧૯૮૮ થી ભાડાના મકાનમાં પ્રાયોગિક ધોરણે હોસ્ટેલ શરૂ કરવામાં આવેલ. જે પાછળથી સમાજ દ્વારા ખરીદવામાં આવેલ છે. (વલ્લભ વિદ્યાનગર છાત્રાલયનો વિગતવાર અહેવાલ આ અંકમાં અન્યત્ર આપેલ છે.) વિદ્યાનગર હોસ્ટેલ બાદ ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદ ખાતે વિદ્યાર્થીઓની હોસ્ટેલની વરસો જૂની માંગણી સંતોષવા પણ યુવક સંઘ કટીબદ્ધ છે.

૬. રમતગમતને પ્રોત્સાહન આપવા માટે યુવક સંઘ દ્વારા પૂના ખાતે ૧૯૯૫માં અખિલ ભારતીય કક્ષાએ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ રમતોમાં ભાગ લેવા માટે દેશભરમાંથી જુદી જુદી સમાજના ખેલાડી ભાઈ-બહેનો ઉમટી પડયા હતા. આ રમતોત્સવે સમાજનાં રહેલા પ્રતિભાશાળી ખેલાડીઓને બહાર લાવવાનો પણ મોકો આપ્યો હતો. આ રમતોત્સવને સફળ બનાવવા માટે પૂના સહિત મહારાષ્ટ્ર અને અન્ય વિસ્તારના યુવાનોએ જે જહેમત ઉઠાવી હતી તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

૭. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે-સમયે પસાર કરેલ ઠરાવોને અમલી બનાવવા સંઘના કાર્યકર્તાઓ પ્રયત્નશીલ છે અને સમાજોપયોગી સક્રિય રહી પ્રયત્નશીલ રહે છે.

- વર્ષો પહેલાં આપણા સમાજની દિકરીઓને કોઈ પણ તપાસ કર્યા વિના અમુક હિતેચ્છુઓના કહેવાથી ઉંઝા બાજુ (ઉત્તર ગુજરાત) આડેધડ પરણાવવામાં આવતી તેને બ્રેક મારવામાં યુવક સંઘના કાર્યકર્તાઓએ ભગીરથ કાર્યો કરી સમાજમાં જાગૃતિ લાવવામાં ખૂબ જ ઉપયોગી ભાગ ભજવેલ તે ઐતિહાસિક કાર્યવાહીને સમાજના લોકો આજે પણ બીરદાવે છે.
- સમાજના ધારાધોરણમાં કલમ ૧૮નો સમાવેશ પણ યુવક સંઘના ભગીરથ પ્રયત્નોનું જ પરિણામ છે.
- સમાજ અને યુવક સંઘના ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩માં નખત્રાણામાં યોજાયેલ અધિવેશનોને સફળ બનાવવામાં પણ યુવક સંઘનું યોગદાન નોંધપાત્ર છે.
- સમાજમાં ધાર્મિક એકતા માટે પણ યુવક સંઘે યથોચિત પ્રયત્નો કરેલા છે અને કરી રહયું છે.
- યુવકોમાં પરસ્પર સંપર્ક અને સંગઠનની ભાવના કેળવાય તે માટે વિભાગીય સભાઓ પણ યોજવામાં આવે છે.

યુવક સંઘનું સામાન્ય સભ્યપદ

સંઘના બંધારણ મુજબ ભારતભરમાં સ્થપાયેલ કચ્છ કડવા પાટીદાર સમાજના યુવક મંડળો આ સંઘના સામાન્ય સભ્યો ગણાશે. આવા સામાન્ય સભ્યોએ તેમની સભ્ય સંખ્યા મુજબ પ્રત્યેક સભ્યદીઠ રૂ. ૧-૦૦ ના હિસાબે સંઘને વાર્ષિક ફી આપવાની રહેશે. અથવા આ યુવક મંડળો નીચેના ધોરણે આજીવન સભ્ય ફી ભરી સભ્યપદ મેળવી શકશે.

મંડળની સભ્ય સંખ્યા	આજીવનફી
૧ થી ૫૦	રૂ. ૧૫૧
૫૧ થી ૧૦૦	રૂ. ૨૫૧
૧૦૧ અને તેથી વધારે	રૂ. ૫૦૧

કારોબારી મંડળ

સંઘના દૈનાદિક કાર્યો માટે પ્રત્યેક ત્રીજા વર્ષે મળનાર સામાન્ય સભા ઓછામાં ઓછા પાંચ મહિલા પ્રતિનિધિઓ સહિત ૫૦ સભ્યોની કારોબારી સમિતિ ચૂંટી કાઢશે. કારોબારી સમિતિને જરૂર જણાય તો અન્ય ૧૦ કો -ઓપ્ટ સભ્યો લઈ શકશે. કો.-ઓપ્ટ સભ્યો પણ કારોબારી સમિતિના સભ્યો ગણાશે.

કારોબારી મંડળ પોતાનામાંથી નીચે મુજબ સંઘના ૧૨ પદાધિકારીઓની ચૂંટણી બહુમતીથી કરશે.

પ્રમુખ	૧
ઉપપ્રમુખ	૨
મહામંત્રી	૧
મંત્રીઓ	૪
ખજાનચી	૧
સહખજાનચી	૧
ઓડીટરો	૨

કારોબારી મંડળમાં ચૂંટાનારા સભ્યની વયમર્યાદા ૪૫ વર્ષ સુધીની રહેશે.

આ સંસ્થાનું સ્વરૂપ અને તેના ઉદ્દેશો જોતાં સંઘનું કાર્યક્ષેત્ર અતિ વિશાળ ગણાય અને તેનો વહીવટ સંભાળવો પહેલી નજરે દુષ્કર લાગશે પરંતુ યુવાશક્તિ પરસ્પર સંપર્કમાં રહી સંગઠીત રીતે સમાજોપયોગી કાર્યો કરી સમાજના ઉત્થાન માટે યોગ્ય યોગદાન આપતું રહેશે અને સંઘના ઉદ્દેશોને પાર પાડી શકશે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત છાત્રાલયો

કોઇપણ રાષ્ટ્રની સમૃદ્ધિ કે વિકાસનો આધાર તેની વસ્તીની આર્થિક સમૃદ્ધિ ઉપરાંત શિક્ષણના પ્રમાણ ઉપર રહે છે. આર્થિક સમૃદ્ધિ એક અગત્યનું અને મહત્ત્વનું પરિબળ જરૂર છે પરંતુ તે પૂરતું નથી. આર્થિક સમૃદ્ધિની સાથે સાથે અન્ય માનવીય ગુણો અને શિક્ષણનું પ્રસાર-પ્રમાણ પણ એક આવશ્યક પરિબળ છે. રાષ્ટ્ર તેની અંદર આવેલ વિવિધ જ્ઞાતિઓ અને મંડળોનો સમૂહ છે એટલે રાષ્ટ્રની પ્રગતિની આધાર તેમાં રહેતી જ્ઞાતિઓ અને વિવિધ મંડળોના વિકાસમાં રહેલો છે. જેવી રીતે કોઇ દેશના ઔદ્યોગિક વિકાસ માટે પાયાની સુવિધાઓ જરૂરી છે તેમ માનવીના વિકાસ માટે શિક્ષણની અત્યંત આવશ્યકતા રહેલી છે. જે સમાજમાં શિક્ષણનું ઉચ્ચ પ્રમાણ હોય તે સમાજના સભ્યોનું બૌદ્ધિક સ્તર પણ ઊંચું હોય એમ કહી શકાય.

આપણા પાટીદાર સમાજમાં આર્થિક સમૃદ્ધિ ઠીક ઠીક પ્રમાણમાં આવેલી હતી. કારણ કે મૂળભૂત રીતે આપણી જ્ઞાતિ મહેનતુ અને ખડતલ છે અને સાથે સાથે સ્વમાની પણ ખરી. એટલે ઇશ્વરની કૃપાથી આર્થિક પ્રગતિ સારા એવા પ્રમાણમાં સાધી હતી જ. સમગ્ર દેશના વિવિધ પ્રાંતોમાં ધંધાર્થે ફેલાયેલા આપણા સમાજના સભ્યોને શિક્ષણના અભાવે પડતી મુશ્કેલીઓનો અહેશાશ થવા લાગ્યો અને અન્ય પ્રગતિશીલ સમાજોની સરખામણીમાં આપણામાં કાંઇક ખૂટતું હોય એવું લાગ્યું. આ ખૂટતી કડી એટલે શિક્ષણનો અભાવ અથવા તો તેનું અલ્પ પ્રમાણ. શિક્ષણના અલ્પ પ્રમાણને લીધે સહેવી પડતી મુશ્કેલીઓનો અહેશાશ થતાં આપણા વડીલોએ શિક્ષણને ઉચ્ચ પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું. અને તેના પરિણામરૂપે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત સૌપ્રથમ વિદ્યાર્થી ભવન નખત્રાણા મધ્યે સાકાર થયું, આપણા વડીલોના અથાક પ્રયત્નો અને પુરુષાર્થથી વિવિધ જગ્યાઓએ આવાં વિદ્યાર્થીભવનો - છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવેલ છે. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ સંચાલિત આવાં છાત્રાલયો વિદ્યાર્થી ભવનોનો થોડો પરિચય મેળવીએ.

વિદ્યાર્થીભવન - નખત્રાણા

૧૯૫૬ના અરસામાં નખત્રાણા મધ્યે સરકારશ્રી દ્વારા હાઇસ્કૂલ શરૂ કરવામાં આવી એટલે આપણી જ્ઞાતિના કેળવણીમાં રસ ધરાવતા આગેવાનોએ આ દિશામાં કાંઇક કરવાના મનસૂબા સેવવા લાગ્યા. આ સ્થળે પ. પૂ. સદગત શ્રી ઓધવરામજી મહારાજની યાદ તાજી થાય છે. તેમણે આપણી જ્ઞાતિની કેળવણી માટે અનેક મનોરથો સેવ્યા હતા અને તેમના સ્વર્ગવાસ પછી જે ઓચ્છવ વાંઢાય ખાતે થયો તેમાં ઉપસ્થિત રહેલ આપણા સમાજના આગેવાનોએ મહારાજશ્રીના આ સ્વપ્નને મૂર્તસ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો. અને તેને વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે કોટડા મધ્યે તા. ૨૨-૫-૫૭ની મિટિંગમાં સ્વ. શ્રી પરબત લખુભાઇના પ્રમુખપદે એડહોક કમિટીની રચના કરવામાં આવી. આ સમિતિમાં પરબત લખુ ઉપરાંત શિવદાસ કાનજી (વિરાણી); કરશન શિવદાસ (વિરાણી), વિશ્રામ કાનજી (દેશલપર-ગુંતલી), ભીમજી કેશરા (કોટડા-જ) પણ હોદ્દેદારો હતા.

વિદ્યાર્થી ભવનના નિર્માણ માટે હાઇસ્કૂલની બાજુમાં ૧૫૬૦૯ ચો.વારનો વિશાળ પ્લોટ લેવામાં આવેલ અને તા. ૧૫-૧-૧૯૫૮ના રોજ સ્વ. શ્રી ભીમજીભાઇ કેશરાભાઇ (કોટડાવાળા)ના શુભ હસ્તે શિલાન્યાસ કરવામાં આવેલ.

સમાજદ્વારા નિર્મિત પ્રથમ છાત્રાલયનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન તા. ૧૧-૫-૧૯૬૦ના રોજ કરવામાં આવેલ હતું, પરંતુ વિદ્યાંર્થીઓની સગવડતા સચવાઇ રહે એ દ્રષ્ટિએ હંગામી ધોરણે બોર્ડિંગની વ્યવસ્થા નખત્રાણા મધ્યે, પશ્ચિમ વિભાગના લક્ષ્મીનારાયણ મંદિરના મેડા ઉપર કરવામાં આવેલ હતી અને આ અંગેનો ઠરાવ પણ તા. ૩૧-૫-૧૯૫૯ના રોજ નખત્રાણા પાટીદાર બોર્ડિંગના મકાનમાં મળેલ મિટિંગમાં કરવામાં આવેલ હતો. ઉપરાંત બોર્ડિંગની દેખરેખ રાખવા માટે સ્થાનિક ભાઇઓમાંથી પાંચ સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું ઉપયુક્ત પ્રથમ છાત્રાલય નખત્રાણા ગામથી ઉત્તર દિશામાં, નખત્રાણા - નારાયણ સરોવર રોડ ઉપર લગભગ એક કિ.મી.ના અંતરે આવેલ છે. આ છાત્રાલયની અંદર કુલ્લ ૪૮ ઓરડા અને ચાર સભાખંડ ઉપરાંત એક ઓફિસ રૂમ આવેલ છે, અને એકી સાથે ૨૦૦ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી શકે એવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. સાથે સાથે વિદ્યાર્થીઓને જમવા માટે એક સાથે ૨૫૦ વ્યક્તિઓ જમી શકે એવો, સંપૂર્ણ સગવડતા વાળો વિશાળ ભોજન ખંડ, તે સાથે રસોઇઘર ઉપરાંત રાશન રાખવા માટે કોઠારરૂમ પણ બનાવવામાં આવેલ છે.

સમાજના ઉપરોક્ત પ્રથમ છાત્રાલયમાં રહીને કેટલાય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયેલ છે અને તેમના જીવનમાં, અભ્યાસને કારણે, સરળતાથી વ્યવસ્થિત રીતે પોતાના ધંધા રોજગાર વગેરેમાં ગોઠવાઇ ગયેલ છે. અન્યથા શિક્ષણના અભાવે કેટલીયે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હોત.

આ વિદ્યાર્થીભવન ઊભું કરવામાં આવેલ ત્યારે આજની જેમ તે સમયે ગ્રામ્ય વિસ્તારોમાં હાઇસ્કૂલોની સંખ્યા ખૂબજ અલ્પ પ્રમાણમાં હતી, એટલું જ નહીં પરંતુ કેટલાંક એવાં ગામડાંઓ પણ આવેલ હતાં જ્યાં પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે પણ ત્રણ થી ચાર કિ.મી. જેટલું અંતર પગપાળા કાપીને જવું પડતું. હાઇસ્કૂલનું શિક્ષણ મેળવવા માટે આપણી જ્ઞાતિનાં બાળકોને ભૂજ, માંડવી, અથવા તો નખત્રાણા તરફ મીટ માંડવી પડતી. અન્યથા શિક્ષણ અટકાવી દેવું પડતું.

ઉપયુક્ત પરિસ્થિતિમાં નખત્રાણા મધ્યે પાટીદાર વિદ્યાર્થી ભવનનું નિર્માણ કરવામાં આવતાં આપણી જ્ઞાતિના શિક્ષણ ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આર્શીવાદરૂપ પુરવાર થયું. શરૂઆતના વરસોથી જ ૨૦૦ છાત્રોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતું આ છાત્રાલય લગભગ હાઉસફુલ રહેવા લાગ્યું હતુ. એટલું જ નહીં પરંતુ ૧૯૬૬ ના વર્ષની આસપાસ તો પૂર્ણ ક્ષમતા કરતાંપણ વધારે વિદ્યાર્થીઓને સમાવવાની વ્યવસ્થા કરવી પડેલ હતી.

શરૂઆતના તબક્કે S.S.C. સુધીનો નખત્રાણા વિદ્યાર્થી ભવનમાં રહીને અભ્યાસ કર્યા બાદ કોલેજમા ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓની સંખ્યા અલ્પ રહેતી. માંડ ૩ થી ૪% વિદ્યાર્થીઓ કોલેજ શિક્ષણ માટે ઇચ્છા ધરાવતા. આટલા અલ્પ પ્રમાણ માટે એક પરિબળ એ પણ હોઇશકે કે જ્યાં કોલેજો આવેલ હતી એવા સ્થળે નખત્રાણા જેવી બોર્ડિંગ કે વ્યવસ્થિત માળખાગત સગવડનો અભાવ; તેમછતાં ભુજ કે માંડવી મધ્યે સમાજ પાસે માંગણી કરવાથી સમાજવાડીની અંદર રહેવાની વ્યવસ્થા (વિનામૂલ્યે) સમાજ દ્વારા કરી આપવામાં આવતી હતી. આપણા સમાજમાં આર્થિક સમૃદ્ધિ સારા એવા પ્રમાણમાં આવેલ હતી તેમ છતાં દરેક બાળકોના વાલીની આર્થિક સ્થિતિ સમાન ન જ હોઇ શકે. આવી પરિસ્થિતિમાં નબળી આર્થિક સ્થિતિ ધરાવતા છાત્રો તેમજ સમાજની નબળી સ્થિતિ ધરાવતી વિધવાઓના બાળકોને છાત્રાલયમાં ભોજન ફી માફીની સગવડ પણ ઉપલબ્ધ હતી.

આમ સમગ્ર રીતે જોતાં નખત્રાણા સ્થિત પાટીદાર વિદ્યાર્થી ભવન સમાજના બાળકોમાં હાઇસ્કૂલ સુધીના શિક્ષણના ફેલાવા માટે ખૂબજ ઉપયોગી સાબિત થયું છે. આપણા વડીલોએ શિક્ષણના ફેલાવા માટે સેવેલું સ્વપ્નું સાર્થક થયું છે એમ કહી શકાય. આ સંસ્થાની અંદર રહીને હાઇસ્કૂલના શિક્ષણ બાદ કોલેજ શિક્ષણ મેળવીને કેટલાય યુવકોએ વિવિધ ક્ષેત્રે વ્યવસાયમાં પદાર્પણ કરીને સમાજને ગૌરવ અપાવેલ છે. આમ જ્ઞાતિના બાળકોને આ વિદ્યાર્થીભવન હાઇસ્કૂલ સુધીના અને હાલમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મેળવવા માટે ઉપકારક સાબિત થયું છે.

આ ભવનનું મકાન એટલી ઉચ્ચ ગુણવત્તા વાળું છે કે આજે પણ તે અડીખમ ઊભું છે એટલું જ નહીં પરંતુ સામાન્ય રિપેરીંગ સિવાય ખાસ કોઇ ફેરફાર કરવામાં આવેલ નથી. પરંતુ આજે ચોંત્રીસ વરસ બાદ દરેક રૂમની અંદર આજના સમયને અનુરૂપ સગવડો વધારવા માટે એટેચ્ડ બાથરૂમ-સંડાસનું બાંધકામ કરવામાં આવેલ છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે શ્રી શિવગણભાઇ નાગજી લીંબાણી જેઓ બોર્ડિંગની હંગામી ધોરણે વ્યવસ્થા કરવામાં આવેલ ત્યારથી આજ દિવસ સુધી તેમની સેવાઓ આપતા રહ્યા છે. બોર્ડિંગની અંદર સમાજનો કોઇ નાના સરખો પ્રસંગ કે મિટિંગ હોય તો પણ તેઓ અચૂક હાજર હોય જ અને રસોડાની સંપૂર્ણ વ્યવસ્થા જાત દેખરેખ હેઠળ સંભાળતા રહે છે. તેમની આ અવિરત સેવાઓની સમાજ નોંધ લે છે.

પાટીદાર સ્ટુડન્ટ હોસ્ટેલ - ભુજ

અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ પહેલાંની જૂની એસ.એસ.સી. અને હાલમાં ઉચ્ચતર માધ્યમિક સુધીના અભ્યાસની શૈક્ષણિક સવલત નખત્રાણા બોર્ડિંગમાં ઉપલબ્ધ છે પરંતુ કોલેજના શિક્ષણ માટે તો ભુજ અથવા તો માંડવી તરફ જ નજર દોડાવવી રહી. કચ્છમાં કોલેજ શિક્ષણ ભુજ, માંડવી તથા આદિપુર સિવાય ઉપલબ્ધ નથી. આપણા સમાજના શિક્ષણ પ્રેમી વડીલોને આ હકીકતનો ખ્યાલ હતો પરંતુ શરૂઆતના તબક્કામાં કોલેજના ઉચ્ચ શિક્ષણ માટે નખત્રાણા જેવી બોર્ડિંગની સુવિધા ઉપલબ્ધ ન હતી તેમ છતાં સમાજ આગળ માંગણી કરવાથી ભુજ તેમજ માંડવીની સમાજવાડીની અંદર વિદ્યાર્થીને રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવતી આજના જેવી ભુજ તથા માંડવી મધ્યે હોસ્ટેલ બિલ્ડીંગ અગાઉ ન હતી પરંતુ વડીલોના મનમાં આ હકીકતનો ખ્યાલ હતો જ.

ભુજમાં શરૂઆતમાં વિદ્યાર્થીઓને રહેવા માટે મર્યાદિત સુવિધાઓથી ચલાવી લેવું પડતું કારણ કે માત્ર વિદ્યાર્થીઓને રહેવા માટે રૂમ ફાળવવામાં આવેલ પરંતુ ધીમેધીમે કોલેજના ઉચ્ચ શિક્ષણ માટે ઉત્સુક વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો તેમ તેમ રૂમોની પણ ફાળવણી વધારતા જવી પડી. ૧૯૬૭-૬૮ની અંદર સમાજવાડીમાં આવેલ પૂર્વ તરફના સાત રૂમમાંથી ચાર રૂમ ફાળવવામાં આવેલ જેમાંથી ત્રણ રૂમ રહેવા માટે અને એક રૂમ વિદ્યાર્થીઓ રસોડા તરીકે ઉપયોગ કરતા. પરંતુ દિવસો જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતાં પૂર્વ તરફના બધા રૂમો વિદ્યાર્થીઓને રહેવા માટે આપવામાં આવ્યા અને રસોડા માટે દક્ષિણના ભાગમાં અલગથી વ્યવસ્થા કરવામાં આવી. સમયજતાં કોલેજ શિક્ષણ મેળવવા ઉત્સુક વિદ્યાર્થીઓનો ધસારો વધતાં રૂમની સંખ્યા ઓછી પડવાથી પૂર્વ તરફના મકાન ઉપર એક માળ ઉપર લેવાની જરૂરત ઊભી થઇ. અને આ બાબત વડિલોના ગળે ઉતારવામાં નાનાલાલ વી. ઉકાણીનો વિશેષ ફાળો રહ્યો હતો.

વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલનું અલાયદું મકાન બનાવવા માટેના પ્રયાસો ચાલુ જ હતા અને સમાજવાડીથી થોડેક જ દૂર એક વિશાળ પ્લોટ રૂ. ૫૫,૦૦૦/- ની કિંમતે લેવામાં આવેલ અને વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બિલ્ડીંગ બનાવવાનું નક્કી કરવામાં આવેલ. આજે વિદ્યાર્થીઓ માટેનું હોસ્ટેલ બિલ્ડિગ આવેલ છે તે આ પ્લોટ ઉપર ઊભેલ છે. આ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને રહેવા માટેની શરૂઆત વર્ષ ૧૯૮૭-૮૮ ના સત્રથી કરવામાં આવેલ હતી.

આ બોયઝ હોસ્ટેલ બિલ્ડિગ ગ્રાઉન્ડ ફલોર ઉપર બે માળ લેવામાં આવેલ છે અને રોડ ઉપર આગળના ભાગમાં સમાજને થોડી આવક ઊભી થાય તે દ્રષ્ટિએ દુકાન માટેના ગાળા બનાવીને ભાડે આપવામાં આવેલ છે. આ હોસ્ટેલ બિલ્ડિગ કુલ્લ ૫૬ રૂમનું બનેલું છે અને વિદ્યાર્થીઓને જમવા માટે એક ભોજન ખંડ તથા એક પ્રાર્થના હોલ આવેલ છે. ૫૬ રૂમમાંથી પાંચ રૂમો લાયબ્રેરી ઓફિસરૂમ તથા ગૃહપતિ અને રસોયા માટે ફાળવવામાં આવતાં બાકીના ૫૧ રૂમો વિદ્યાર્થીઓના રહેવાના ઉપયોગમાં લેવામાં આવે છે. આમાંથી ૪૯ રૂમોમાં દરેક રૂમમાં ત્રણ વિદ્યાર્થીઓ બે રૂમની અંદર બે વિદ્યાર્થીઓને સમાવી શકાતાં કુલ્લે ૧૫૧ વિદ્યાર્થીઓ એકી સાથે રહી શકે એવી વ્યવસ્થા છે.

હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને જમવા માટે એક ભોજન ખંડ બનાવવામાં આવેલ છે તેની જોડે રસોડાની વ્યવસ્થા પણ સામેલ છે. અહીં રસોડાની વ્યવસ્થા સમાજ કે વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવતી નથી, પરંતુ વિદ્યાર્થીઓએ જાતેજ તેમની રીતે રસોડું ચલાવવાનું રહે છે અને ભોજનની વ્યવસ્થા વિદ્યાર્થીઓએ પોતાની રીતે જ કરવાની રહે છે. હા, એ ખરૂં કે વ્યવસ્થાપક સમિતિ તથા ગૃહપતિ તરફથી જોઇતું માર્ગદર્શન અને અન્ય જરૂરી મદદ પૂરી પાડવામાં આવે છે.

હોસ્ટેલની અંદર સમાજ તરફથી ગૃહપતિની નિમણૂંક કરવામાં આવતી હોય છે. જેમના અંડરમાં રહીને સમાજ દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમાનુસાર હોસ્ટેલમાં રહી વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે છે. અહીં સમાજ દ્વારા એક ૧૧ સભ્યોની - જેમાં સ્થાનિક સભ્યોને લેવામાં આવે છે - વ્યવસ્થાપક સમિતિની નિમણૂંક કરવામાં આવેલ છે. જે સમિતિ આ હોસ્ટેલની સઘળી વ્યવસ્થા સંભાળે છે અને હોસ્ટેલનું સંચાલન કરે છે.

કન્યા છાત્રાલય - ભુજ

આપણા સમાજમાં કુમાર કેળવણીની સરખામણીમાં કન્યા કેળવણી ક્ષેત્રે થોડી મોડી જાગૃતિ આવેલ હોય એવું જોવા મળે છે. જોકે કન્યા કેળવણીનો ખ્યાલ આપણા વડિલોના ધ્યાન બહાર ન જ હતો પરંતુ કન્યાઓને કેળવણી આપવા બાબતે તેમનાં માતાપિતા શરૂઆતના

તબક્કામાં જાગૃત ન હતાં એવું અનુભવે જોવા મળેલ છે. કેમકે આપણા સમાજ દ્વારા વિદ્યાર્થીઓ માટે જેમ જેમ સગવડો ઉભી કરવામાં આવતી ગઈ તેમ તેમ તેનો લાભ વધુમાં વધુ સંખ્યામાં લેવાતો ગયો પરંતુ વિદ્યાર્થીનીઓની બાબતમાં તેમના વાલીઓ દ્વારા કન્યા કેળવણી પ્રત્યેની સભાનતાનો અભાવ જોવા મળેલ પરંતુ આજે આ ચિત્ર પણ બદલાઈ ગયું છે અને વધુમાં વધુ કન્યાઓ સમાજની આવી સવલતોનો લાભ લઈ રહેલ છે.

ભુજ ખાતે આપણા સમાજ દ્વારા સૌપ્રથમ ૧૯૮૧ કન્યા કેળવણી માટેની સવલતોની શરૂઆત સમાજવાડીની અંદરજ કરવામાં આવેલ અને ખૂબજ પ્રયાસો છતાં પણ ઉપર જણાવ્યું તેમ કન્યા કેળવણી પ્રત્યેની તેમના માવિત્રોની જાગૃતિના અભાવે માંડ ૭ જેટલી કન્યાઓને તૈયાર કરવામાં આવેલ અને તે પણ કન્યઓના વાલીઓનો વ્યક્તિગત સંપર્ક અને સમજાવટ પછી આવા પ્રયાસો છતાં પણ શરૂઆતના ત્રણ વરસ સુધી સંખ્યા ૭ થી વધીને ૧૫ થઈ અને ત્યાર બાદ ઉત્તરોત્તર સંખ્યામાં વધારો થતો ગયો છે. અહીં સમાજ દ્વારા કન્યા કેળવણી માટે હૃદયપૂર્વકના પ્રયાસો કરવામાં આવેલ હતા જેનો ઉલ્લેખ કરવો અસ્થાને નથી. કારણકે શરૂઆતના વરસોમાં કન્યાઓને સમાજ દ્વરા ભોજન તથા રહેવાની નિઃશૂલ્ક વ્યવસ્થા કરી આપવામાં આવતી અને એ રીતે કન્યા કેળવણીને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવેલ હતું. ૧૯૮૧ થી ૧૯૮૭ સુધી કોઈપણ જાતની ફી લેવામાં આવતી ન હતી અને ત્યાર બાદનાં બે વરસો સુધી પણ માત્ર રૂ. ૨૫/- જેવી મામૂલી પ્રવેશ ફી લેવાની શરૂઆત કરેલ.

૧૯૮૮ ના અંતમાં કન્યાઓના વાલિઓ પાસેથી ફી લેવી એવો સૈદ્ધાંતિક સ્વિકાર કરવામાં આવેલ અને આ બાબતે વિચારણા કરવા એક ૧૦ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ જે સમિતિ દ્વારા તેમનો અહેવાલ ૧૯૮૯ના સ્ત્ર પહેલાં રજુ કરવામાં આવેલ જે મુજબ દરેક કન્યા પાસેથી વાર્ષિક રૂ ૬૦૦/- ભોજન ફી તથા અન્ય સઘળો ખર્ચ પેટે વસુલ કરવાનું નક્કી કરવામાં આવેલ જોકે અહીં પણ જે કન્યાના વાલિઓની આર્થિક પરિસ્થિતિ નબળી હતી તેવી કન્યાઓને નિઃશુલ્ક સવલત કરી આપવાની વ્યવસ્થા પણ ચાલુ હતી જ.

ભુજની અંદર કન્યા છાત્રાલય માટેના અલાયદા મકાનની હજી સુધી વ્યવસ્થા કરવામાં આવેલ નથી. પરંતુ સમાજવાડીની અંદર જ આવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૧૯૮૭માં વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલના મકાનની અલાયદી વ્યવસ્થા થતાં તેઓ નવા મકાનમાં શીફ્ટ થતાં ભુજ સમાજવાડીની અંદર પૂર્વ ભાગમાં એક માળનું જે મકાન આવેલ છે તેની અંદર કન્યાઓને વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી. જતે દહાડે આ વ્યવસ્થા અપૂર્તી જણાતાં સમાજ દ્વારા પશ્ચિમ ભાગમાં આવેલ રૂમો ઉપર એક માળ ઉપર આવેલ છે તેમાં કન્યાઓ માટે રહેવાની સગવડ કરવામાં આવેલ હતી. આજે પણ કન્યાઓને રહેવાની આજ સ્થળે થયેલ વ્યવસ્થા ચાલુ છે.

કન્યાઓ માટેની કેળવણીનો પ્રચાર થતાં અને વાલીઓને પણ કન્યા કેળવણીની અગત્યતા સમજાતાં ઉત્તરોત્તર સંખ્યામાં વધારો થતો જતો હતો અને ભુજની અંદર મર્યાદિત રૂમો ઉપલબ્ધ હતા. તેમ છતાં વધુમાં વધુ સંખ્યામાં કન્યાઓને પ્રવેશ આપવાનો પ્રયાસ સંચાલક સમિતિ દ્વારા કરવામાં આવતો અને શક્ય હોય ત્યાં સુધી કેળવણી માટે ઈચ્છુક બાળાના વાલિઓને નિરાશ કરવામાં આવતા નહીં. અત્યારે એક વરસ અગાઉ નખત્રાણા મધ્યે કન્યા છાત્રાલય શરૂ થઈ જતાં ભુજ કન્યા છાત્રાલય ઉપરનું ભારણ હલકું થયું છે. તેમ છતાં પણ ૧૦૦ થી ઉપર કન્યાઓ ભુજ કન્યા છાત્રાલયમાં રહી અભ્યાસ કરે છે.

છાત્રાલયની અંદર કુલ્લે ૨૨ રૂમ આવેલ છે. તેમાંથી કન્યાઓને રહેવા માટે ૧૮ રૂમ ફાળવવામાં આવેલ છે બાકીના ૪ રૂમ ઓફિસ, ગૃહમાતા પ્રાર્થના રૂમ અને અન્ય ઉપયોગ માટે રાખવામાં આવેલ છે. હાલમાં એક રૂમમાં પાંચ કન્યાઓનો સમાવેશ કરવામાં આવે છે, પરંતુ અગાઉ જ્યારે સંખ્યા વધારે હતી ત્યારે એક રૂમમાં ૬ થી ૭ કન્યાઓને સમાવવાની વ્યવસ્થા કરવામાં આવતી. કન્યાઓને જમવા માટે અગાઉ આપણી સમાજ દ્વારા અંગ્રેજી સ્કૂલ માટે ભાડે આપેલ મકાન ખાલી થતાં રસોડાની તથા અન્ય જરૂરી વ્યવસ્થા આ મકાનમાં કરવામાં આવેલ છે. આ રસોડું સમાજ દ્વારા ચલાવવામાં આવે છે. અત્રે એક બાબતનો ઉલ્લેખ કરીએ કે આપણા સમાજમાં કન્યા કેળવણીના વિકાસ માટે શરૂઆતમાં કન્યાઓને તમામ સુવિધાઓ વિના મૂલ્યે આપવામાં આવતી હતી જેથી કન્યાઓમાં કેળવણીનો ફેલાવો થઈ શકે અને એટલેજ સમાજ દ્વારા રસોડાની વ્યવસ્થા સામેલ કરવામાં આવેલ.

કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓની સંભાળ તથા દેખરેખ માટે એક ગૃહમાતાની નિમણૂંક કરવામાં આવેલ છે. જે સમાજના નીતિ નિયમોનુંસાર કન્યાઓનું ધ્યાન રાખે છે. ઉપરાંત એક સ્થાનિક ૧૧ સભ્યોની સંચાલન સમિતિ બનાવવામાં આવેલ છે અને સફળતા પૂર્વક, કન્યા છાત્રાલયનું સંચાલન કરે છે.

માંડવી - વિદ્યાર્થી છાત્રાલય

માંડવી ખાતે ઉચ્ચ શિક્ષણની સારી સુવિધના કારણે આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ સમાજવાડીના જ કેટલાક રૂમોનો ઉપયોગ કરતા હતા. અનેકવિધ તકલીફો ભોગવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવાની વિચારણા ચાલેલ.

હોસ્ટેલના નિર્માણ માટે નક્કર કામગીરી કરવા સક્ષમ એવી હોસ્ટેલ નિર્માણ સમતિની રચના કરવામાં આવેલ. (જેના નામો અન્યત્ર આપેલ છે.) નિર્માણ સમિતિએ ખુબ જ ઝડપથી પોતાની કામગીરી આરંભી દીધેલ. માંડવી અને મુંબઈ ખાતે મિટીંગનો દોર ચાલ્યો અને બાંધકામ સમિતિએ પોતાનું કાર્ય ટુંકા સમયમાં પૂર્ણ કર્યું. ૩૬ રૂમો, પ્રાર્થના હોલ, કોમ્પ્યુટર રૂમ, ગેસ્ટ રૂમ, ભોજનશાળા જેવી સગવડો સાથેનું સરસ્વતી દેવીની મૂર્તિ સાથેનું મકાન ભવ્ય મકાન નિર્માણ કરવામાં આવ્યું છે.

ગત તા. ૧૭-૪-૯૪ રવિવારે છાત્રાલયના મકાનની નામકરણ વિધિ અને ઉદઘાટન કરવામાં આવેલ. જે મુજબ છાત્રાલયને "શ્રી નાનજીભાઈ વીરજી ધોળુ વિદ્યાર્થી છાત્રાલય"નું નામકરણ શ્રી દેવજીભાઈ નાનજી ધોળુ (દુર્ગાપુર નિવાસી)ના હસ્તે કરવામાં આવેલ. જ્યારે સરસ્વતી દેવીની પ્રતિમાની અનાવરણ વિધિ પ.પુ.સંત શ્રી હરિદાસજી ગુરૂ વાલદાસજીના હસ્તે કરવામાં આવેલ. જે શ્રી કાન્તાબેન કેશરાભાઈ કરસન રામજીયાણી પરિવારના સૌજન્યથી તૈયાર કરવામાં આવેલ. ભવ્ય ઈમારતથી શોભતું આ છાત્રાલય સરસ્વતી માતાની પ્રતિમાના સાનિધ્યમાં ખરા અર્થમાં વિદ્યાધામ બન્યું છે. સ્વચ્છતા અને પવિત્રતાના સુભગ સમન્વયથી અભ્યાસને પ્રેરક વાતાવરણમાં વિદ્યાર્થીઓ અભ્યાસમાં સુંદર પરિણામ મેળવે છે. તેમજ જીવનઘડતરના અતિ ઉપયોગી પાઠ અહીં શીખી રહ્યા છે.

૩૬ રૂમો તેમજ પ્રાર્થના હોલ, કોમ્પ્યુટર રૂમ, ગેસ્ટ રૂમ, ભોજનશાળા ઈત્યાદિ સગવડો ઉપલબ્ધ છે.

વલ્લભ વિદ્યાનગર વિદ્યાર્થી છાત્રાલય

વલ્લભ વિદ્યાનગર ગુજરાતમાં આણંદ શહેરથી ૪ કિ.મી. ના અંતરે આવેલું એક વિદ્યાનું ધામ છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી જેમ પ્રાચીન સમયમાં તક્ષશીલા - નાલંદા જેવા વિદ્યાના ધામો હતાં તેવું અત્યારના સમયને અનુરૂપ એક વિદ્યાધામ છે.

ભારતની અંદર અભ્યાસની દરેક ફેકલ્ટીની સુવિધા ધરાવતાં ઘણાં શહેરો હશે પરંતુ ત્રણેક કિ.મિ.ના વ્યાસમાં જ અભ્યાસની દરેક ફેકલ્ટીની સુવિધા સાથે સાથે વિદ્યાર્થી ભાઈ-બહેનોને રહેવા માટે હોસ્ટેલોની સુવિધાઓ ધરાવતું આવું સ્થળ ભારતમાં બીજા ખાસ હશે નહીં.

વિદ્યાનગરમાં બહારથી સારી એવી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો અભ્યાસ અર્થે આવે છે જેથી ઘણી બધી નાની મોટી સમાજોની હોસ્ટેલો વિદ્યાનગરમાં ઘણા વર્ષોથી બનેલી છે.

આપણી સમાજના કચ્છ-સાબરકાંઠા-ગુજરાતમાંથી વિદ્યાર્થી ભાઈ-બહેનો સારી એવી સંખ્યામાં ઉચ્ચ અભ્યાસ અર્થે છેલ્લા ઘણા વર્ષોથી વલ્લભ વિદ્યાનગર આવે છે. અને જુદી જુદી હોસ્ટેલોમાં કે પ્રાઈવેટ બીજી વ્યવસ્થા કરીને વિદ્યા અર્થે રહે છે.

ઘણા સમયથી વિદ્યાનગરમાં આપણા સમાજની એક હોસ્ટેલ હોવી જોઈએ એવું ખાસ કરીને વિદ્યાનગરમાં રહીને અભ્યાસ કરી ગયેલ જે તે સમયના વિદ્યાર્થીઓએ મહેસુસ કરેલ.

છેવટે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના તે સમયના (ઇ.સ. ૧૯૮૭) મહામંત્રી શ્રી અબજીભાઈ વિશ્રામ કાનાણી અને યુવક સંઘના મંત્રી શ્રી રતિલાલ લધારામ ઘોળુ બીજા અન્ય કામસર વિદ્યાનગર આવેલ અને વિદ્યાનગરનું વિદ્યા સંકુલ જોયું અને વિદ્યાર્થીઓ તેમજ પ્રો. ભરતભાઈ પાસેથી વિદ્યા સંકુલની માહિતી મેળવી - સમાજની હોસ્ટેલ ઊભી કરવાનો સંકલ્પ કરેલ અને યુવક સંઘના બીજા મંત્રી શ્રી દેવશંકર સોમજી ધનાણી પોતાના ધંધાના કામ સર વિદ્યાનગર આવવાનું થતું રહેતું. એટલે એવું મહેસુસ કરેલ કે - વિદ્યાનગર ખાતે આપણી સમાજની હોસ્ટેલ હોવી જોઈએ. કારણ કે અહીં બીજી ઘણી નાની નાની સમાજોની હોસ્ટેલો છે.

જેથી યુવક સંઘ દ્વારા હોસ્ટેલ ઊભી કરવાનો વિચાર આવેલ અને મહામંત્રી અબજીભાઈ અને મંત્રી રતિલાલ ભાઈએ વિદ્યાનગર રૂબરૂ જઈને હોસ્ટેલ ઊભી કરવા માટેની માહિતી એકત્ર કરેલ - તે દરમ્યાન તેમનો સંપર્ક વિદ્યાનગર ઇન્જીનીયરીંગ કોલેજમાં પ્રોફેસર તરીકે સેવા આપતા આપણી સમાજના ધાવડાના વતની એવા પ્રો. ભરતભાઈ શીવજી પોકાર સાથે થયો એમની સાથે વધારે ચર્ચા કરતાં એમને યુવક સંઘ વિદ્યાનગર ખાતે આપણી સમાજના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ શરૂ કરે તો તેના સંચાલનની જવાબદારી સ્વીકારવાની તૈયારી બતાવી.

તે બાદ તરત યુવક સંઘની કારોબારી બોલાવીને આ બાબતે નિર્ણય લીધેલ કે તાત્કાલિક ધોરણે વિદ્યાનગર ખાતે ભાડાનું મકાન મેળવીને પણ હોસ્ટેલ તરત ચાલુ કરી દેવી જેથી હોસ્ટેલ ચલાવવા બાબતેનો અનુભવ થાય અને કાયમી હોસ્ટેલ ઊભી કરવા માટેનો સમય મળી રહે.

અને જે મકાન ભાડું થાય તેમાં અંદાજે અર્ધી રકમ યુવક સંઘ ભોગવે અને અર્ધી રકમ વિદ્યાર્થીઓ પાસેથી લેવી એવું નક્કી કરવામાં આવેલ અને તે મુજબ ઇ.સ. ૧૯૮૮માં એક પ્રો. ભરતભાઈનું મકાન ભાડે રાખીને યુવક સંઘે વિદ્યાનગર ખાતે પ્રાયોગિક ધોરણે હોસ્ટેલ ચાલુ કરી દીધેલ. તે બાદ તરત નાગપુર ખાતે ત્યાંના યુવક મંડળના આમંત્રણને માન આપીને યુવક સંઘની કારોબારી સભા અને સામાન્ય સભા રાખવામાં આવેલ.

નાગપુર મુકામે આવેલ યુવક મંડળોના પ્રતિનિધિઓએ વિદ્યાનગર ખાતે હોસ્ટેલ કાયમી ધોરણે ચાલુ કરવા માટેના મંતવ્યો રજૂ કરેલ.

નાગપુરની સામાન્ય સભામાં કચ્છના યુવક સંઘના પ્રતિનિધિઓએ પ્રાયોગિક ધોરણે ચાલુ થયેલ હોસ્ટેલમાં જે ખોટ આવે તેની પ્રથમ પાંચ વર્ષની જવાબદારી લીધેલ અને તે દરમ્યાન વિદ્યાનગર ખાતે જમીન પ્લોટ ખરીદી લેવો અને તે અંગેની ફંડની જવાબદારી કચ્છ સિવાયના વિભાગોએ ઉપાડી લેવી એવું નક્કી કરવામાં આવેલ.

તે બાદ યુવક સંઘની કારોબારી સભાઓ મળતી રહી તેમાં સામાન્ય સુર એવો નીકળતો રહ્યો કે વિદ્યાનગર ખાતે જે અભ્યાસ કરી ગયેલ છે તેવા ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું લીસ્ટ બનાવવું અને એમના સરનામા મેળવી હોસ્ટેલ માટેનો સહયોગ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી માંગવો એવું નક્કી કરેલ.

આવા દરેક વિદ્યાર્થીઓને પત્રો લખેલ અને પ્રત્યુત્તર મંગાવેલ પરંતુ ખાસ કોઈ પત્રોના જવાબ આવેલ નહીં અને વિદ્યાર્થીઓનું લીસ્ટ જોતાં સંખ્યા સાબરકાંઠા વિભાગની જ વધારે હતી એટલે એક યુવક સંઘની સામાન્ય સભા સાબરકાંઠા વિસ્તારમાં રાખવી એવું નક્કી કરવામાં આવેલ તે માટે તખતગઢ યુવક મંડળે તૈયારી બતાવી.

એટલે ઇ.સ. ૧૯૯૦ના ઓગસ્ટ મહીનામાં તખતગઢ મુકામે યુવક સંઘની સામાન્ય સભા મળી તેની અંદર સાબરકાંઠા વિભાગના સમાજના અગ્રણીઓને પણ બોલાવેલ તેમાં હોસ્ટેલ બાબતે સારી એવી ચર્ચાઓ થઈ ત્યાં આવેલ દરેક અગ્રણીઓએ હોસ્ટેલ માટે સહયોગ આપવાની તૈયારી બતાવેલ - પરંતુ વ્યક્તિગત રીતે કોઈ દાનની ઓફર આવેલ નહીં.

આ સભામાં આવેલ વિજાપુર વિભાગના મણીભાઈએ ૫૦ હજાર એકઠા કરીને મોકલી આપવાની તૈયારી બતાવેલ જે એ લોકોએ ૪૫ હજાર જેવી રકમ તાત્કાલીક એકઠી કરીને યુવક સંઘને મોકલી આપેલ અને યુવક સંઘના કાર્યકર્તાને પ્રોત્સાહીત કરેલ - આ રકમ પાછળથી હોસ્ટેલ માટે મકાન ખરીદ કરેલ તેના સાટા કરાર કરવામાં બહુ ઉપયોગી થયેલ.

તખતગઢ મુકામે મળેલ સભામાં એવું નક્કી કરવામાં આવેલ કે હોસ્ટેલની અનુકૂળતા મુજબનો પ્લોટ ૫૦૦ ચો.વાર અથવા ૧૦૦૦ ચો.વારનો લઈ લેવો. તે સમયે ૫૦૦ ચો.વાર પ્લોટના અઢીથી ૩ લાખ આસપાસનો ભાવ ચાલતો હતો. પ્લોટ ખરીદ કરવા માટેની રકમ બાબતે સાબરકાંઠા વિભાગમાંથી સહયોગ આપવાની તૈયારી તે વખતે હાજર રહેલ સમાજના અગ્રણીઓએ બતાવેલ.

છેવટે વિદ્યાનગરના મોટા બજાર વિસ્તારમાં એક તૈયાર મકાન જે હોસ્ટેલના ઉપયોગમાં જ વપરાતું હતું. તેવું ૧૩ રૂમો વાળું મકાનનો ૮,૧૧,૧૧૧ માં સોદો નક્કી કરેલ અને ૧,૦૫,૧૧૧ આપીને સાટા કરાર કરેલ અને તેની બાકીની રકમ છ મહિનામાં આપીને તેનો કબજો લઈ લેવો. તેવું નકકી કરેલ.

તે વખતે યુવકસંઘ પાસે હાથ ઉપર કંઈ પણ રકમ હતી નહીં. સાટા કરાર કરવા માટે વિજાપુર વિભાગમાંથી આવેલ ફંડ તેમજ યુવક સંઘના ભાઈઓએ ૩૫ હજારની લોન આપવી પડી હતી.

આ માટે તે પછી યુવક સંઘની કારોબારી સભા મળેલ તેમાં એવું નક્કી કરવામાં આવેલ કે વિદ્યાનગર ખાતે સાબરકાંઠા વિસ્તારમાંથી વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોવાથી વિદ્યાનગરની મહત્તા એ વિસ્તારના ભાઈઓને વધારે સમજાય એટલે પ્રથમ સાબરકાંઠામાં ફંડ માટે પ્રવાસ કરવો.

જે મકાન હોસ્ટેલ માટે ખરીદ કરેલ તેની બાજુમાં જ એવું જ બીજું મકાન પણ મળી શકે તેમ હતું અને બે મકાનની વચ્ચે ૫૦૦ ચો.વારનો પ્લોટ ખાલી

છે તે પણ મળી જશે એવી ગણતરી હતી. આ બે મકાનો અને ખાલી પ્લોટ મળીને ૨૫ લાખનું બજેટ થાય તેમ હતું.

તે માટે પ્રથમ જે મકાન ખરીદ કરેલ તેની રકમ ૮ થી ૯ લાખ સાબરકાંઠા માંથીએકઠા કરીને મકાનનો કબજો લઈ લેવો અને તે બાદ બીજો વધારાનો ફંડ સાબરકાંઠા સિવાયના વિસ્તારમાંથી કરવો એ રીતની યુવક સંઘના હોદ્દેદારોની ગણતરી હતી.

એ રીતે સાબરકાંઠાના પ્રવાસ માટે યુવક સંઘના હોદ્દેદારોમાંથી અમુક ભાઈઓના નામો નક્કી કરવામાં આવેલ અને પ્રવાસ માટે તારીખો નક્કી કરવામાં આવેલ.

આ માટે સાબરકાંઠાના પાંચ વિભાગ પાડી દરેક વિભાગના મુખ્ય સ્થળે નક્કી કરેલ તારીખોએ સંમેલન જેવું આયોજન ગોઠવવામાં આવેલ જેથી આની અંદર ફંડ પણ એકઠું થાય અને કચ્છ તથા સાબરકાંઠાનો સંપર્ક ઓછો થતો જાય છે તે સંપર્ક જીવંત બને એવી ગણતરીએ આ રીતે પાંચ વિભાગમાં અલગ-અલગ સંમેલનો રાખેલ.

ફંડ માટે ૩૩૩૩૩ રૂમ દાતા તરીકે ૧૧૧૧૧ પલંગ દાતા તરીકે તેમ જ ૫૦૦૦ થી ઉપરનું દાન આપનાર માટે જનરલ તકતીમાં નામ લખવા એ રીતે નક્કી કરેલ હતું. તે મુજબ મોડાસા આખા વિભાગ તરફથી ૩૩૩૩૩ ના એક રૂમનું દાન મળેલ એ જ રીતે હિંમતનગર આખા વિભાગ તરફથી ૩૩૩૩૩ ના એક રૂમનું દાન મળેલ અને વડાલી ખેડબ્રહ્મા વિભાગમાંથી ૫૦ હજાર જેવું ફંડ મળેલ - તે સિવાય બીજું પરચૂરણ ફંડ મળીને સાબરકાંઠા વિભાગમાંથી ટોટલ ૧,૩૫,૦૦૦/- જેવું ફંડ મળેલ.

યુવક સંઘના ભાઈઓને જે સાબરકાંઠા વિભાગમાંથી ફંડ મળવાની અપેક્ષા હતી તેના પ્રમાણમાં ઘણું ઓછું ફંડ મળેલ.

આ તરફ મકાન ખરીદ કરેલ તેની બાકીની રકમ ચુકવવાનો સમય નજીક આવતો ગયો તે માટે શું કરવું તે બાબતે ચર્ચા કરવા માટે તાત્કાલીક યુવક સંઘની કારોબારી બોલાવી તેમાં યુવક સંઘના કચ્છના હોદ્દેદારોને વિગતવાર નીચે મુજબની રકમ ભેગી કરવાની ફરજીયાત જવાબદારી સોંપવામાં આવેલ - ફંડ એકઠું ન થાય તો અમુક તારીખે - આટલી રકમ - ગમે તે રીતે હાજર કરવી એ રીતે નક્કી કરવામાં આવેલ.

નખત્રાણા વિભાગ - ૨ લાખ - દેવશંકર સોમજી તથા રતિલાલ અબજીએ જવાબદારી આપેલ.

ભુજ વિભાગ - દોઢ લાખ અબજી વિશ્રામ તેમજ ગોવિંદભાઈ પાટીદાર, છગનભાઈ વેલાણીને જવાબદારી સોંપેલ

માંડવી વિભાગ - ૧ લાખ સુરેશ મનજી તથા જયેશભાઈ તથા મણીલાલભાઈ

ગાંધીધામ વિભાગ - ૭૫ હજાર ડો. પ્રેમજી રામજીને જવાબદારી સોંપેલ.

પાલનપુર પાવરપટી ૨૫ હજાર દેવજીભાઈ માવજીભાઈને જવાબદારી સોંપેલ.

તે સિવાય કારોબારી સભ્ય પ્રેમજી ભાણજી કેસરાણીને ૧ લાખ ભેગા કરી દેવાની જવાબદારી સોંપેલ.

આ રીતે ફરજીયાત જવાબદારી સોંપેલ. તે સિવાય બીજા કારોબારી સભ્યો પોતાનાથી બનતી કોશિષ કરીને ફંડ એકઠું કરે.

ઉપરોક્ત નક્કી કરેલ રકમ આવે એથી અગાઉ મકાનનું બાકી રહેલ પેમેન્ટ કરવાનું હતું એટલે આ માટે તાત્કાલીક રકમની જરૂરિયાત હતી. તેથી સમાજના અમુક ભાઈઓને વિનંતી કરી અને લોન તરીકે રકમ મેળવી ને મકાનનો દસ્તાવેજ કરી લીધો.

મકાનનો દસ્તાવેજ અગાઉ યુવક સંઘમાં નક્કી થયેલ તે મુજબ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના નામે કરેલ.

દસ્તાવેજ થઈ ગયા બાદ જે રકમોની જવાબદારી આપવામાં આવેલ તે મુજબ સભ્યોએ જહેમત ઉઠાવી ફંડ એકઠું કરતાં તેમાંથી લીધેલી લોનો પરત કરી દીધેલ.

તે સિવાય જ્યારે જ્યારે સમાજની કારોબારી સભા મળતી ત્યારે સમાજના અગ્રણીઓ પાસે રજૂઆત કરતા રહેલ તેમાંથી પણ રૂમ દાતા - પલંગ દાતા મળતા રહેલ.

હોસ્ટેલનું મકાન ખરીદી કરેલ તે અગાઉ છ વર્ષ સુધી મકાન ભાડેથી રાખીને યુવક સંઘે પ્રાયોગિક ધોરણે હોસ્ટેલ ચલાવેલ - તેનું ખર્ચ પણ પ્રથમ - બે વર્ષને બાદ કરતાં યુવક સંઘના કચ્છના ભાઈઓએ જ આપેલ.

પ્રથમ - બે વર્ષ માટે - સવિતાબેન ખીમજી મુળજી સેંઘાણી દરસડી (મુંબઈ)

ત્રીજા વર્ષ માટે દેવશંકર સોમજી ધનાણી નખત્રાણા

ચોથા વર્ષ માટે - ડો. પ્રેમજી રામજી ગોગારી ગાંધીધામ

પાંચમા વર્ષ માટે - અબજી વિશ્રામ કાનાણી - ભુજ

છઠ્ઠા વર્ષ માટે પ્રેમજી ભાણજી કેસરાણી - અંગીયાનાના

જે મકાન ખરીદ કરેલ તેની ઉદઘાટન વિધિનો સમારોહ ગોઠવવો એવું સમાજ અને યુવક સંઘ સંયુક્ત રીતે નક્કી કરેલ અને કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાય એ માટે આણંદ સમાજનો સહયોગ લેવો.

એ માટે વિદ્યાનગર મુકામે આણંદ ચિખોદરા વિદ્યાનગર સમાજ અને યુવક મંડળના ભાઈઓની મીટીંગ યુવક સંઘ અને સમાજના હોદ્દેદારોની સાથે રાખેલ કાર્યક્રમની તારીખ ૨૮-૧-૯૫ અને ૨૯-૧-૯૫ નક્કી કરી - આખો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ અને આખા કાર્યક્રમની પુરી જવાબદારી આણઁદ - ચિખોદરા - વિદ્યાનગરના ભાઈઓએ ઉપાડી લીધેલ.

અને કાર્યક્રમનું અતિ સુંદર આયોજન ગોઠવીને બહારથી આવેલ ભાઈ-બહેનોને ખુશ કરી દીધેલ અને ઉદઘાટન સમારોહમાં આવેલ દરેક જણ માટે આ એક યાદગાર પ્રસંગ બની રહેલ.

વિદ્યાનગર ખાતે અભ્યાસ કરતા આપણા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રાત્રિના ભવ્ય કાર્યક્રમ ગોઠવીને આવેલ મહેમાનોને મંત્ર મુગ્ધ કરી દીધેલ.

તે વખતે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની મહેનત પણ ખરેખર દાદ માંગી લે તેવી હતી. એમનામાં એક અનેરો ઉત્સાહ હતો - હોસ્ટેલનું ઘણું બધું કામ જાતે કરતા હતા. વિદ્યાર્થીઓને પ્રો. મોહનભાઈ અને પ્રો. ભરતભાઈનું સારું માર્ગદર્શન મળતું રહે છે અને હોસ્ટેલનું સંચાલન પ્રો. મોહનભાઈ અને પ્રો. ભરતભાઈ ત્યાં સ્થાનિકે રહેતા હોવાથી અને ધગશ હોવાથી સારી રીતે થઈ શક્યું છે.

ઉદઘાટન સમારોહ વખતે સારો ઉત્સાહ હોવાથી ફંડ પણ સારું નોંધાઈ ગયેલ. આણંદ સમાજે વ્યવસ્થા સંભાળ્યા ઉપરાંત ૬૬ હજાર જનરલ ફંડમાં દાન નોંધાવ્યું હતું. નવાવાસ દુર્ગાપુર (કચ્છ)ના લખુ વીરજી ધોળુ પરિવારના ગોવિંદભાઈના ૧ લાખ ૭૫ હજારના ઉદઘાટન ચઢાવા સહિત પાંચેક લાખનું ફંડ નોંધાઈ ગયેલ.

રૂમ દાતા અને પલંગના દાતા પુરા નોંધાઈ ગયેલ. બહારથી આવેલ સમાજના ભાઈઓને એવું લાગેલ કે વિદ્યાનગર ખાતે આપણી સમાજની હોસ્ટેલ જરૂરી હતી અને અત્યારે જે હોસ્ટેલ છે - તે ખરેખર નાની પડશે. એવું દરેકે મહેસુસ કરેલ - એટલા માટે - મગોડીલાટના ધનજી વાલજી વેલાણી તરફથી હોસ્ટેલ માટે નવો પ્લોટ ખરીદ કરવા માટે ૫૧ હજારના ફંડની જાહેરાત કરવામાં આવેલ. હોસ્ટેલનું વિસ્તરણ કરવા માટે વિદ્યાનગરમાં હોસ્ટેલને અનુકૂળ જગ્યાએ બીજો મોટો પ્લોટ લેવો પડે અને હોસ્ટેલ મોટી બાંધવી પડે એ માટે વિદ્યાનગર ખાતે મિલ્કતોના જે ભાવો છે એ રીતે મોટું ફંડ એકઠું કરવું પડશે.

આપણી અ.ભા.ક.ક. પાટીદાર સમાજના સહયોગથી આ કાર્ય પાર પાડીએ એવી અભ્યર્થના

સંસ્થા પરિચય

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

ભૌગોલિક દ્રષ્ટિએ કચ્છના કેન્દ્ર સ્થાને, ભુજથી નખત્રાણા તરફ ૨૫ કિ.મી.ના અંતરે પવિત્ર તીર્થધામ વાંઢાય (ઇશ્વરનગર) આવેલ ચે જ્યાં વિવિધ ધાર્મિક સંસ્થાઓ તેમની પ્રવૃત્તિઓમાં મશગૂલ છે જ્યાં ધર્મ સાથે જ્ઞાનનું પણ સિંચન થઇ રહ્યું છે. આ ઋષિઓની તપોભૂમિ મધ્યે કડવા પાટીદારોનાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર ૫૫ વરસ અગાઉ સ્થાપવામાં આવેલ છે. આજે આ સંસ્થાન સોળે કળાએ ખીલી ઊઠયું છે અને તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. દરરોજ સેંકડો યાત્રાળુઓ માતાજીના આશીર્વાદ લેવા આવે છે.

આ સંસ્થાને છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષ દરમિયાન એકધારી પ્રગતિ કરી છે. નિર્જન અને એકાંત સ્થળે કોઇની દ્રષ્ટિ પણ નહોતી પહોંચી ત્યારે આ સંસ્થાન કડવા પાટીદાર સમાજના અગ્રણીઓ સર્વશ્રી સ્વ. કરસનભાઇ ઉકેડા, શિવગણ રાજાભાઇ, પૂંજાભાઇ માધવજી, મનજી વાલજી સાંખલા, શામજી જીવરાજ લીંબાણી, લાલજી ભાણજી પોકાર, ખીમજી નાગજી લીંબાણી, પ્રેમજી પૂંજાભાઇ વાસાણી, મણીભાઈ વાલજી રામાણી, પ્રેમજી રામજી રંગાણી, વગેરે એ તન, મન અને ધનના ભોગ સાથે દાતાશ્રીઓના સહયોગથી આજે સોળે કળાએ ખીલી ઊઠયું છે.

કેટલાંક વરસો સુધી આ સંસ્થાનનું વ્યવસ્થિત બંધારણ નહોતું છતાં તેનો વહીવટ ખૂબ જ સરસ રીતે ચાલતો હતો. સમાજમાં શિક્ષણ નું મહત્વ સમજાતાં આ બધું વ્યવસ્થિત કરવાનું જરૂરી જણાતાં તેનું બંધારણ બનાવી ચેરીટી કમિશનરની કચેરીમાં રજીસ્ટર કરાવવામાં આવ્યું. આ સંસ્થાનમાં બે ટ્રસ્ટો અસ્તિત્વ ધરાવે છે. (૧) શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ જે મંદિરનો વહીવટ અને પ્રોપર્ટીનો વહીવટ સંભાળે છે. (૨) શ્રી ઉમિયા દેવી અને ઇશ્વર રામજી ચેરીટેબલ અને અન્નક્ષેત્ર ટ્રસ્ટ જે અન્નક્ષેત્રનો વહીવટ સંભાળે છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ખાતે ૧૮મો શતાબ્દી મહોત્સવ ઉજવાયા પછી જ્ઞાતિજનોની કુળદેવી શ્રી ઉમિયા માતાજી પ્રત્યેની ભાવના વિકસી ત્યાં સુધી જ્ઞાતિજનો ધાર્મિક ક્રિયા માટે ઊંઝા જતા કારણ કે અહીં કચ્છમાં ઉમિયા માતાજીનું મંદિર નહોતું. તેથી વાંઢાય ખાતે સ્થપાયેલ મંદિરનો વિકાસ કરવામાં આવ્યો અને યાત્રાળુઓ માટે જરૂરી સગવડો વધારવામાં આવી જેથી માતાજીના દર્શનાર્થે આવનાર ભાઇ-બહેનોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો. આ મંદિરની સ્થાપના રામનવમીના પવિત્ર દિવસે થયેલ હોઇ, દર વરસે રામનવમીના રોજ વાર્ષિકોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. વહીવટી કાર્યો પૂર્ણ કરવા માટે તેથી આગળના દિવસે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન થાય છે જેથી કાર્યકરો પણ હાજર રહે અને સમાજના ભાઇ-બહેનો પણ હવનનાં દર્શનાર્થે, પગપાળા, ગામડે ગામડેથી આવે. હજારોની મેદની ઊમટે ત્યારે મેળા જેવાં દર્શન થાય છે.

આ સંસ્થાના વિકાસમાં.... સ્થાપનામાં પૂ. ઓધવરામજી મહારાજ અને વિકાસની આગેકૂચમાં પૂ. વાલદાસજી મહારાજનાં માર્ગદર્શન અને આશીર્વચન મળેલ છે જે ફળદાયી નીવડયાં છે. સંસ્થામાં જરૂરી સુધારા વધારાનો પ્રોજેક્ટ હાથ ધરાયો ત્યારે પૂ. વાલદાસજી મહારાજે પોતાનું યોગદાન નોંધાવી ઇ.સ. ૧૯૭૮ થી કાયમી અન્નક્ષેત્ર શરૂ કરાવેલ અને તેને સ્પર્શતી સગવડો - પાણી, ઇલેક્ટ્રીક, ભોજન શાળા, સ્ટોરરૂમ, ફર્નિચર, વાસણો વગેરે વસાવવામાં આવેલ. જે તમામ તથા રોજિંદા ખર્ચને પહોંચી વળવા માટે સમાજના અગ્રણીઓએ યોજના ઘડી કાઢી જેમાં ભાવિકજનોની કાયમી સ્મૃતિ રહે તે માટે દરરોજની તિથિઓ નક્કી કરી તેની રકમ મેળવી, તેના વ્યાજમાંથી આ પ્રવૃત્તિ સતત ચાલતી રહે તેવી સુંદર યોજના ઘડી કાઢી - જે મુજબ દાતાશ્રીઓને ઉપસ્થિત રહેવા ૧૫ દિવસ પહેલાં સંસ્થા તરફથી આમંત્રણ મોકલાય અને દરરોજના દાતાશ્રીનું નામ બોર્ડ પર આવતું જાય. જેની આજે સૌ મુક્ત કંઠે પ્રશંસા કરી રહ્યા છે. ધીમે ધીમે રસોડા, મકાન, ભોજનશાળા વગેરેનું આધુનીકરણ કરવામાં આવ્યું અને ટેબલ-ખુરશી ઉપર સાત્ત્વક ભોજન પીરસવાનું નક્કી થયું. ત્યારબાદ ગેસ્ટ હાઉસ ઊભું કર્યું પરંતુ નાનું થતાં બીજું ગેસ્ટ હાઉસ શરૂ કર્યું. અને તમામ આધુનિક સગવડો ધરાવતું એક પથિકાશ્રમ દાતાશ્રીઓના સહયોગથી ઊભું કરવામાં આવ્યું. મંદિરનો જીર્ણોદ્ધાર, પ્રવેશ દ્વાર, બાગ-બગીચો, પાર્કિંગ, સ્ટાફ ક્વાટર્સ, ગૌશાળા, ઉમિયા બાગ વગેરેનો સુધારા-વધારા સાથે આધુનીકરણ કરવામાં આવ્યું હાલે આ સંસ્થાના બન્ને ટ્રસ્ટોની સંયુક્ત સભાઓ યોજી તેના હિસાબો અલાયદા રાખવામાં આવે છે અને બન્નેનો વિકાસ થાય તે માટે અલાયદા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. લાખોનું ફંડ બેંકોમાં થાપણ તરીકે મૂકવામાં આવેલ છે જેના વ્યાજમાંથી તેમજ દૈનિક આવતી ભેટ સોગાદોમાંથી વહીવટ ચાલે છે. આ સંસ્થા પાસેની

મિલ્કતોમાં ૪૦-૫૦ લાખનું બાંધકામ થયેલ છે અને ૪૦૦૦ જેટલા સભ્યો છે. તેનું સભ્યપદ મેળવવા રૂ. ૧૦૧, ની આજીવન સભ્ય ફી રાખેલ છે.

કાયમી ફંડ સંસ્થાના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. અન્નક્ષેત્ર ટ્રસ્ટની યોજનાનો નિર્ણય લેવાતાં તરત જ તમામ તિથિઓ જોતજોતામાં નોંધાઇ ગઇ તેવી જ રીતે સવાર-સાંજની માતાજીની આરતી ની તિથિઓ નોંધવામાં આવી રહી છે જે પણ પૂર્ણ થવાની તૈયારીમાં છે.

આ સંસ્થામાં કડવા પાટીદાર જ્ઞાતિના મુખ્ય અભિયાન ''સમૂહ લગ્ન'' તે સાકાર કરવા માતાજીના સાન્નિધ્યમાં લગ્નો યોજવામાં આવે છે તે અન્વયે સંસ્થા દ્વારા તમામને અનુકૂળ રહે તેવી તિથિઓ સમૂહલગ્ન માટે નક્કી કરવામાં આવે છે તે દિવસે સમૂહલગ્નો ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. સંસ્થાના કાર્યકરો પોતાને ઘેર લગ્નોત્સવ હોય તેવી રીતે આયોજનમાં તન-મન-ધનથી સહયોગ આપે છે. આ યોજના અન્વયે દરેક પક્ષકારે રૂ. ૧૦૦૧/- આપવાના હોય છે તેને પ્રોત્સાહન પૂરું પાડવા કન્યાને વસ્તુઓની ભેટ સાથે સમાજના અગ્રણીઓએ આપેલ ભેટને કન્યાદાન સ્વરૂપે રોકડમાં આપવામાં આવે છે અને આ યોજનાને પ્રોત્સાહિત કરવા કેટલાક દાતાશ્રીએ અલગ ભેટ સોગાદો પણ આપતા રહે છે. આ યોજનામાં શરૂઆતમાં ગરીબ અને મધ્યમ વર્ગના ભાઇઓ જ જોડાતા પરંતુ હાલે તવંગર અને શિક્ષિત કુટુમ્બો પણ તેનો લાભ લઇ સમાજનાં બિન જરૂરી વેડફાતા ધનનો વ્યય અટકાવી સોનેરી સમયનું મૂલ્ય કરે છે તે આ યોજનાની સફળતા છે. આજ સુધી ૮૦૦ થી પણ વધુ નવદંપતીઓએ કુળદેવી શ્રી ઉમિયા માતાજીના સાન્નિધ્યમાં પ્રભુતામાં પગલાં માંડયા છે.

સંસ્થાના વિકાસમાં પાયાની જરૂરિયાત પાણી પુરવઠો છે. મીઠાં પાણીનો સ્ત્રોત ૩ કિ.મી. દૂરથી પાઇપ લાઇન દ્વારા મેળવવા અલાયદી યોજના છે અને રોજિંદી જરૂરિયાત - દૂધ - છાશ માટે ગૌ શાળા ચલાવવામાં આવે છે અને શાકભાજી માટે ઉમિયાબાગને વિકસાવવામાં આવ્યો છે. બાગને ફરતી પાકી દીવાલ તેની રમણીયતામાં વધારો કરે છે. સભા માટે વિશાળ સભાખંડ છે અને ત્રણ આધુનિક પથિકાશ્રમ છે. ૨૦ વરસ અગાઉ પૂ. વાલદાસજી મહારાજને રહેવા માટે ખાસ રૂમની સગવડ આ સંસ્થાનમાં કરવામાં આવી હતી. ત્યારપછી તેમની સાધના કુટીરનો વિકાસ કરવામાં આવ્યો ત્યાં સુધી આ સંસ્થાનમાં રહી તેઓશ્રી દરરોજ સત્સંગ - ભજનનો લાભ આપતા હતા.

આ સંસ્થામાં આવનાર યાત્રાળુઓને રાત્રિ રોકાણ યા દિવસના આરામ માટે કાળાનુક્રમે ૩ પથિકાશ્રમ બનાવવામાં છે. અત્યારે કાર્યાલયવાળું બિલ્ડિંગ, જે મંદિરની સામે છે તે, સ્વ. કેશરા કરસન રામજીયાણીના નામે મુંબઇના દાતા શ્રી રવિલાલ કેશરા કરસનના મુખ્ય સહયોગથી અન્ય દાતાઓના અલગ રૂમ નોંધી ઊભું કરેલ છે. બીજું ગેસ્ટ હાઉસ સંસ્થાનના મુખ્ય પ્રવેશ દ્વાર પછી પ્રાંગણમાં આવેલ છે જે ''માતૃશ્રી રતનબેન વિશ્રામ પોકાર ઉમા પથિકાશ્રમ''ના નામે મુંબઇના શ્રી એલ. વી. પોકાર (લુડવાવાળા) ના મુખ્ય સહયોગથી બનેલ છે. જેના ૧૬ રૂમો, તેમાં ફર્નિચર વગેરે અલાયદા દાતાશ્રીઓના સહકારથી ઊભાં કરવામાં આવ્યાં છે. ગ્રાઉન્ડ ફલોરમાં ઉત્સવો દરમિયાન યાત્રાળુઓના ઘસારાને પહોંચી વળવા નાના સ્ટીલ લોકર્સની સુવિધાઓ તથા જનરલ હોલ પણ દાતાઓના સહયોગથી તાજેતરમાં જ બનાવવામાં આવેલ છે જેને ૨૬-૩-૮૮ ના રોજ ઉપયોગ માટે ખૂલ્લો મૂકવામાં આવેલ. આ આધુનિક વિશાળ બિલ્ડિંગ ફક્ત સંસ્થાનની શોભામાં અભિવૃદ્ધિ નહિ - પરંતુ હાઇ-વે પરથી પસાર થતા વાંઢાય તરફ દ્રષ્ટિપાત કરીએ તો સમગ્ર ગામની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું છે. ત્રીજું પથિકાશ્રમ 'અન્નપૂર્ણા ભવન'ના નામે તા. ૧૩-૪-૮૯ના રોજ ખૂલ્લું મૂકવામાં આવેલ છે. પ્રવર્તમાન સમયે ભોજનાલય સગવડોથી ભરપૂર હોવા છતાં તેનું આધુનીકરણ અતિ મહત્ત્વનું છે જેના આયોજન માટે ચર્ચાઓ વહેતી મૂકવામાં આવી છે. તીર્થધામ વાંઢાયમાં પ્રવેશ કરતી વખતે તીર્થધામના મોભાને છાજે તેવાં ત્રણ પ્રવેશ દ્વારો (૧) દેશલપર ગામ (૨) સદનવાડી પાસે (૩) લુડવાથી વાંઢાય જતા રોડ પર તાજેતરમાં દાતાશ્રીઓના સહયોગથી ખૂલ્લાં મૂકાયેલ છે.

આ સંસ્થા દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા કન્યા છાત્રાલયમાં જરૂરિયાત પૂરતા ઘઉંની ભેટ દર વરસે આપવામાં આવે છે તેમજ આર્થિક નબળાં કુટુમ્બોને આર્થિક સહાય અને તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ પણ આપવામાં આવે છે અને તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવાનું વિચારી રહેલ છે જે ખૂબ જ આનંદની વાત છે. ધાર્મિક પ્રચાર માટે દરેક ગામ આ સંસ્થાનના નેતૃત્વ હેઠળ સંતો સાથે દરેક ગામનો પ્રવાસ કરી ત્યાં ઉપદેશ - ભજન - કીર્તન વગેરે થાય અને દરેક ગામમાં આ પ્રવૃત્તિ ગુંજતી રહે તે માટેના પ્રયાસો હાથ ધરવાનું આયોજન થઇ રહ્યું છે.

- ■ -

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

જ્ઞાતિ રીતરિવાજોને લગતા નિયમો

(તા. ૩૦-૪-૯૩ ના ખુલ્લા અધિવેશનમાં પસાર થયેલ ઠરાવો મુજબ)

ઠરાવ નં. ૧

જ્ઞાતિના રીતરિવાજોના ઠરાવો અંગે :

તાં. ૧૯-૫-૧૯૮૫ નાં મળેલ જ્ઞાતિના તૃતિય અધિવેશનમાં રીતરીવાજોના ઠરાવો પસાર કરેલ. જેમાં આઠ વર્ષ બાદ આજ તા. ૩૦-૪-૧૯૯૩ ના રોજ બપોરના ૨-૦૦ કલાકે મળેલ ચતુર્થ પરિષદમાં સમયોચિત જરૂરી સુધારા-વધારા તેમજ નવા ઠરાવો કરવાની આથી જ્ઞાતિજનો મંજૂરી આપે છે.

ઠરાવ નં. ૨

બોલામણા સંબંધે :

બાળકના જન્મ પછી બોલાવવાના પ્રસંગે બાળકની માતાનાં સગા ભાઈ-બહેનો તથા કાકાઈ ભાઈઓએ જ માત્ર જવાનું રહેશે. અન્ય કોઈએ જવાનું નહીં અને આવા પ્રસંગે એક ટાંણાંથી વધુ રોકાવું નહી.

ઠરાવ નં. ૩

પછેડો આપવા સંબંધે :

દીકરીને પહેલું બાળક જન્મે ત્યારે, તે નિમિત્તે પછેડો બન્ને પક્ષોની અનુકૂળતા પ્રમાણે આપવો.

ઠરાવ નં. ૪

સગપણ કરવા સંબધે :

(અ) બાળકોનાં તદ્દન નાની વયે સગપણ કરવા નહીં. સગપણ કરવા માટે વય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) છોકરાની વય ઓછામાં ઓછી ૧૮ વર્ષ.

(૨) છોકરીની વય ઓછામાં ઓછી ૧૫ વર્ષ.

(બ) સગપણ કરતી વખતે દિકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી.

(૧) સોપારી નંગ-૧

(૨) ટોપરા અથવા નાળિયેર નંગ-૨

(૩) ગોળ અથવા સાકર કિલો ૧। (સવા)

(૪) રૂપિયો એક રોકડો

ઉપર જણાવ્યા સિવાય પૈસાની કે બીજી કોઈપણ વસ્તુઓની લેતી દેતી કરવી નહીં.

(ક) સામસામે સગપણ કરવા નહીં.

(ડ) સોપારી સગપણ થયા બાદ કોઈપણ સંજોગોમાં થયેલ સગપણ ફોક કરવું જોઈએ નહીં.

ઠરાવ નં. ૫

સગાઈ (ટીલા) સંબંધે :

સગાઇ (ટીલા) સંબધે દિકરાના માવિત્રોએ નીચે મુજબની વસ્તુઓ આપવી

(૧) ઓઢણી - બ્લાઉઝ - ચણિયો.

(૨) ગોળ અથવા સાકર કિલો ૧ (સવા)

(૩) શુભ શુકનનો રૂપિયો ૧-૨૫ (સવા) રોકડો

(૪) પગનાં સાંકળાં જોડી - ૧

(૫) નાકની સળી નંગ - ૧

આ પ્રસંગે વધારેમાં વધારે પચ્ચીસ ૨૫ માણસોએ જવું, અને એક ટાણઆંથી વધારે રોકાવું નહીં.

છોકરાને ટીલાની વિધિ કરવી નહીં.

ઠરાવ નં. ૬

તહેવારોના લાગા સંબંધે :

સગપણ થયા પછીના આવતા પહેલા તહેવારે દિકરાના માવિત્રે રૂ. ૨૫/- (પચ્ચીસ) તથા ત્યાર પછીના તહેવારોએ રૂ. ૧૦/- (દશ) દિકરાની વહુને મોકલવા.

નોધ : ઉપર જણાવ્યા મુજવના લાગા (સપેતરૂં) દિવાળી-હોળી અને જન્માષ્ટમીના તહેવારોએ જ મોકલવા.

ઠરાવ નં. ૭

લગ્ન લખવા તથા વધાવવા સંબંધે :

(૧) લગ્ન લખતી વખતે કન્યાપક્ષે લગ્નપત્રિકાના પુડામાં શુભ શુકન તરીકે રૂ. ૧-૨૫ (સવા) મૂકવો.

(૨) લગ્ન વધાવતી વખતે વરપક્ષે શુભ શુકન તરીકે રૂ. ૧- ૨૫ (સવા) આપીને લગ્ન વધાવવું.

(૩) લગ્ન પત્રિકા વધાવવા લઈ જવા માટે કન્યાપક્ષ તરફથી બે માણસોએ વરપક્ષના ઘેર જવું અને તેઓએ એક ટાંણું રોકાવું.

ઠરાવ નં. ૮

લગ્ન (વિવાહ) સંબંધે :

(૧) વર અને અણવર સિવાય જાનમાં વધારેમાં વધારે ૧૦૦ (એકસો) માણસો જઇ શકશે અને કન્યાપક્ષે જાનને એકટાંણું જમાડવી.

નોંધ : બહુ દૂરથી આવનાર જાનને અનિવાર્ય સંજોગોમાં બે ટાંણાં જમાડી શકાશે.

(૨) લગ્ન પ્રસંગે વરપક્ષે લાગા તરીકે નીચે મુજબ આપવાનું રહેશે.

(૧) પોંખવાના રૂ. ૫ (પાંચ)

(૨) પડલું ભરવું નહી.

વરપક્ષ જાન લઇને કન્યાપક્ષને ત્યાં એક ચુંદડી (ગરચોળુ) બ્લાઉઝ, ચણીયો કન્યાને આપવાના રહેશે, જે પહેરીને કન્યા લગ્ન મંડપમાં આવશે.

(૩) દાંતની ખરખરી નંગ -૧

(૪) વીંટી નંગ-૧

નોંધ : વરપક્ષે વાંયણુ તેમજ હેલવાડાનો લાગો આપવાનો રહેશે નહીં.

(૩) કન્યાપક્ષ તરફથી વરપક્ષને નીચે મુજબના લાગા આપવાના રહેશે.

(૧) જમાઇને રોકડા રૂ. ૧૦૧/- અથવા કપડાંની જોડ.

(૨) વરના પિતાને રૂ. ૫૧/- અથવા કપડાં

(૩) વરની માતાને રૂ. ૫૧/- અથવા કપડાં

(૪) વરના દાદાને રૂ. ૨૫

(૫) વરની દાદીને રૂ. ૨૫

(૬) બાકીના કુટુંબીજનો (કાકા-કાકી, જેઠ-જેઠાણી, વગેરે) દરેકને પહેરામણીના રૂ. ૧૦/- (દશ-દશ) આપવા.

(૭) હેલને બદલે રૂ. ૧૫૧ (એકસો એકાવન) રોકડા આપવા.

(૮) થાળી નંગ - ૧ અને વાટકો નંગ -૧

(૪) કન્યાદાનમાં પોતાની શક્તિ મુજબ રોકડું આપવું અને તેની જાહેરાત કરવી નહિ.

(૫) લગ્નવિધિ પૂરી થયા બાદ કન્યા વરના ઉતારે જાય ત્યારે નવવધૂનો ખોળો ભરવામાં વરપક્ષ તરફથી પતાસા અથવા સાકર કિલો ૧ (સવા) આપવાના રહેશે.

ફક્ત નવવધૂને જ જાનૈયાઓએ માથે હાથ ફેરવવાનો (આશીર્વાદ આપવાના) રહેશે.

નોંધ : આ પ્રસંગે કોઇપણ જાતનો પ્રસાદ વહેંચવાનો નહીં અને અનિચ્છનીય નવી પ્રથાઓને પ્રોત્સાહન આપવું નહીં.

(૬) લગ્ન પ્રસંગે કન્યાપક્ષે ઇતર લાગા તરીકે નીચે મુજબ આપવાના રહેશે.

(૧) ઉમિયા માતાજીને ભેટના રૂ. ૨૫/- (પચ્ચીસ).

(૨) શ્રી મંદિરના ધર્માદાના રૂ. ૨૫/- (પચ્ચીસ).

(૩) વરપક્ષ તેમજ કન્યાપક્ષે આ શુભ-પ્રસંગે નિમિત્તે શિક્ષણ ભેટ સમાજને મોકલવી અને ગોળ કરવી નહીં.

ઠરાવ નં. ૯

સમૂહ લગ્ન સંબંધે :

(૧) આપણી જ્ઞાતિમાં લગ્નો દર વર્ષે અનુકૂળતાએ થઇ શકશે.

(૨) કોઇપણ ગામ કે કુટુંબ સમૂહ લગ્ન (એક સાથે એકજ દિવસે લગ્ન) કરવા માંગતા હોય તો કોઇપણ ગામમાં બન્ને પક્ષ વાળાએ વાંધો લેવી નહીં. આ સમૂહ લગ્નપ્રથાને જો કોઈ પણ તોડવા પ્રયત્ન કરે તો તેને કુટુંબ તથા ગામ સમજાવે અને જો ન સમજે તો તેને સહકાર આપવો નહીં.

(૩) સમૂહ લગ્નમાં જોડાનાર પક્ષોએ સત્કાર સમારંભ યોજવા નહીં.

ઠરાવ નં. ૧૦

આણાં સંબંધે :

આણાંની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૧

મામેરાં સંબંધે :

(૧) મામેરાંમાં ભાણેજાને વાઘાના કપડાં વિગેરે તેમજ બહેનને તથા બનેવીને કપડાંની જોડ આપવી, તે સિવાય બાકીનાઓને પહેરામણી બદલ રૂ. ૧૫/- (પંદર) રોકડા આપવા અને જમણ તેમજ દાગીના વગેરે બદલ મર્યાદિત રોકડ રકમ ગુપ્તપણે આપવી.

(૨) મામેરાંની વળતરમાં ભાઇને સાલ અને ભાભીને બ્લાઉઝ આપી શકાશે અને મામેરું બેહું ભરવું અને તેની જાહેરાત કરવી નહીં. મામેરાંમાં મર્યાદિત સંખ્યામાં જવું.

નોંધ : મામાએ કન્યાને વાઘાનાં કપડામાં માત્ર પાનેતર, બ્લાઉઝ અને ચણીયો જ આપવાનો રહેશે.

ઠરાવ નં. ૧૨

પુન : લગ્ન સંબંધે :

(૧) કન્યા વિધવા બને અથવા જ્ઞાતિ રીત મુજબ છૂટા-છેડા મેળવે તેનું પુનઃ લગ્ન થઇ શકશે.

(૨) આવા પુનઃ લગ્નનું સગપણ કરતી વખતે વરપક્ષ તરફથી રૂ. ૧૧/- (અગિયાર) ફેરવવાના રહેશે અને સગપણ નક્કી થયા બાદ તે રૂપિયા અગિયાર પ્રસાદી માટે આપવાના રહેશે.

(૩) આવા પુનઃ લગ્નમાં વર અને અણવર સિવાય વધારેમાં વધારે ૨૫ (પચ્ચીસ) માણસોએ જવું અને એક ટાણું જમવાનું રહેશે.

(૪) તદુપરાંત વરપક્ષે નીચે મુજબ કરડાં તથા દાગીના આપવાના રહેશે.

(૧) કપડાંની જોડી-૧ કન્યા માટે.

(૨) નાકની સળી હેમની નંગ -૧.

(૩) મઢેલું કંકણ નંગ -૧.

(૪) પગના સાંકળાં જોડ -૧.

આ ઉપરાંત દાગીના કે રોકડ રકમ આપવી નહીં.

(૫) પાછા પગના આણાં સદંતર બંધ કરવામાં આવે છે.

ઠરાવ નં. ૧૩

છૂટા-છેડા સંબંધે :

(૧) એક વખત સમજી વિચારીને લગ્નગ્રંથિથી જોડાયા બાદ છૂટા-છેડા લઈ શકાશે નહીં. પરંતુ પતિ-પત્નીમાથી કોઈપણ એક હિન્દુ કાયદા મુજબ ખોડ-ખાંપણવાળું હોય ત્યારે જ્ઞાતિની સંમતિથી છૂટાછેડા લઈ શકાશે.

(૨) સમાજના કોઈપણ ભાઈએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહીં. કાનૂનના ઓથે રહી "રખાત" નામનું કલંકિત દૂષણ અપનાવી શકશે નહીં. એવું નિંદીત કાર્ય કરશે અથવા જે કોઈ સાથ સહકાર આપશે તેઓ પણ સામાજિક ગુન્હાને પાત્ર ગણાશે. આ કાર્ય કરનાર અને કરાવનાર પાસેથી સમાજ જરુરી ખુલાસાઓ મેળવશે અને તે અંગે સમાજના નિયમની અવગણના કરનાર સાથે કોઈપણ પ્રકારનો સામાજિક વ્યવહાર રાખવો નહીં. સહકાર આપવો નહીં. અને જ્ઞાતિના કોઈપણ સંગઠન કે સંસ્થાઓના સભ્યપદેથી દૂર કરવા જોઈએ. આવાં દૂષણો ન થાય તે માટે કુટુંબ પાંખડી કે ગામની તકેદારી સમિતિના સભ્યો અને કાર્યકર્તાઓએ તકેદારી રાખવાની રહેશે.

નોંધ : છૂટા-છેડા લીધેલ કે મેળવેલને કુંવારી કન્યા આપવી નહીં.

ઠરાવ નં. ૧૪

મરણ પછીના ખર્ચ (દાડા) સંબંધે :

(૧) મરનાર વ્યક્તિ પાછળ કોઈએ (દાડો) ખર્ચ કરવો નહીં.

(૨) બારમાની વિધિ પૂરી કરી બ્રાહ્મણો, નિયાંણીઓ કે ગરીબોને પોતાની શક્તિ અનુસાર જમાડવા અને તેરમું કરવું નહીં.

(૩) મરનાર વ્યક્તિ પાછળ તેના સ્મરણાર્થે કોઈ રકમ આપવા માંગતા હોય તો તેઓને સમાજના કેળવણી ફંડ, હોસ્પિટલમાં ફંડના અથવા એવા સામાજિક ઉન્નતિના કાર્યોમાં તે રકમ આપવા આ પરિષદ ખાસ ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૫

કુદરતી ઘરભંગ થાય તે સંબંધે :

(૧) દીકરીને સાસરાનાં ઘેર મોકલ્યા પછી મૃત્યુ પામે તો દીકરીને જીવીત સમય દરમિયાન આપેલ દાનની કોઈપણ વસ્તુ પાછી લેવી નહીં.

(૨) જમાઈનું મૃત્યુ થાય તેવા પ્રસંગે દીકરીના માવિત્રો તે દીકરીને ત્યાંથી લઈ જવા માગતા હોય તો દીકરીના માવિત્રોએ આપેલ દાગીના સિવાય બીજું કાંઈ પાછું લઈ જઈ શકશે નહીં. પરંતુ તે દીકરીને બાળકો હોય અને તે દીકરીની સાથે ન લાવતાં ત્યાં છોડી આવવાના હોય તો તેવા પ્રસંગે દીકરીના માવિત્રોએ દીકરીને આપેલ દાગીના તથા અન્ય કોઈપણ વસ્તુ પાછી લઈ જઈ શકશે નહીં.

ઠરાવ નં. ૧૬

શિક્ષિણ સંબંધે :

આ પરીષદ જ્ઞાતિજનોને ખાસ ભલામણ કરે છે કે... આ પ્રગતિશીલ યુગને અનુસરીને સૌ પોતાનાં બાળકો (પુત્ર-પુત્રીઓ) ને ઉચ્ચ શિક્ષણ ફરજિયાત અપાવે. પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની ઘગશ ઘરાવનારને સમાજ અત્યંત ઉત્સાહ આપે છે. અને તેની કદર કરે છે. દેશ-પરદેશમા વસતાં સમાજના ભાઈ-બ્હેનોએ પોતાના ઘરમાં માતૃભાષા (ગુજરાતી) નો ઉપયોગ કરવો જોઈએ તેવી આ સમાજ (પરીષદ) ભલામણ કરે છે.

ઠરાવ નં. ૧૭

લગ્ન વિધિ બાબત :

દરેક ગામ, કંપાઓ તેમજ અન્ય સ્થળોએ લગ્નવિધિ અંગેની બ્રાહ્મણોની પધ્ધતી અલગ હોય છે. તેમાં અલગ-અલગ પધ્ધતિનાં કારણે મનદુઃખ ન થાય તે માટે સમાજે લગ્નવિધિની પુસ્તિકા પ્રકાશિત કરેલ છે. તે મુજબ જ દરેક જગ્યાએ લગ્નવિધિ કરવી જોઈએ તેવો સમાજ આગ્રહ રાખે છે.

ઠરાવ નં. ૧૮

બાહ્ય આચરણો અંગે :

જ્ઞાતિમાં સંપૂર્ણ એકવાકયતા જળવાઈ તે માટે કચ્છ-ગુજરા ત અને ભારત તેમજ વિદેશોમાં વસતા આપણા સમાજમાં જ્ઞાતિજનોએ જન્મથી મરણોત્તર સુધીના સંસ્કારો હિન્દુ રીતરિવાજો મુજબ પાળવા (આચરવા) ના રહેશે.

ઠરાવ નં. ૧૯

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગે :

સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નોએ સમાજમાં મતભેદ થાય તેવા સંજોગોમાં તેનો નિકાલ સામાજિક ધોરણે થવો જોઈએ, અને કોર્ટનો આશરો લેવો જોઈએ નહીં. એવું આ સમાજ અત્રેથી ઠરાવે છે.

નોંધ : જ્ઞાતિજનોએ આ ઉપરોકત દરેક ઠરાલોનું પાલન કરવાનું રહેશે અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરે તો કોઈએ તેને સહકાર આપવો નહીં.

-■-

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

બંધારણ અને ધારાધોરણો

૧. નામ :-

આ સમાજનું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રહેશે.

૨. મુખ્ય કાર્યાલય :-

આ સમાજનું મુખ્ય કાર્યાલય નખત્રાણા - કચ્છ ખાતે ના શ્રી પાટીદાર વિદ્યાર્થીભવનમાં રહેશે. સમાજ દ્વારા સંચાલિત પેટા સંસ્થાઓના રોજબરોજની વહીવટી સુગમતા માટે બીજાં કોઈ પણ સ્થળોએ પેટા કાર્યાલયો ખોલી શકાશે.

૩. હિસાબી વર્ષ :-

આ સમાજનું હિસાબી વર્ષ ૧લી એપ્રીલથી ૩૧માર્ચ સુધીનું રહેશે.

૪. ઉદ્દેશો અને હેતુઓ :-

આ સમાજ નીચે મુજબના ઉદ્દેશો તેમજ હેતુઓ પાર પાડવા માટે સ્થાપવામાં આવેલ છે.

(૧) સમાજના મુખ્ય ઉદ્દેશ કચ્છ તેમજ કચ્છ બહાર કોઈ પણ જગ્યાએ રહેતા કચ્છ કડવા પાટીદાર ભાઈબહેનો વચ્ચે પરસ્પર સ્નેહ, સંગઠન, સહકાર અને ઐકયની ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

(૨) સમયોચિત સામાજિક રીત રિવાજોમાં સુધારાવધારા કરી એક બીજાને વધોરમાં વધારે ઉપયોગી થઈ શકાય તેમજ સમાજના રીત રિવાજોમાં એકરૂપતા સ્થાપાય તેવા પ્રયત્નો કરવા.

(૩) સમાજમાં કેળવણીનો વધારેમાં વધારે પ્રચાર અને પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.

(૪) સમાજના આર્થિક દ્રષ્ટિએ નબળાં ભાઈબહેનોને મદદરૂપ થવું.

(૫) સામાજિક ન્યાય ઝડપી અપાવવા પ્રયત્નો કરવા.

(૬) સમાજમાં નૈતિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીય ભાવના વધે તેવા પ્રયત્નો કરવા.

(૭) જ્ઞાતિ-હિતના દરેક પ્રકારનાં કાર્યો કરવાં.

૫. પ્રવૃત્તિઓ :-

ઉપયુક્ત ઉદ્દેશો અને હેતુઓ પાર પાડવા સમાજ વખતો વખત, સમયોચિત નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરશે.

(૧) જ્ઞાતિ ભાઈબહેનોના હિતાર્થે પરસ્પર પ્રેમ, સહકાર, સંગઠન અને ઐકય વધે તે માટે સ્નેહ સંમેલનો, ચર્ચા સભાઓ, જ્ઞાતિ અધિવેશનો (પરિષદો) તેમજ વિદ્વાન અને આગેવાન વ્યક્તિઓનાં સામાજિક વ્યાખ્યાનો યોજવાં અને તેવી અન્ય પ્રવૃત્તિઓમાં સાથ અને સહકાર આપવો.

(૨) જ્ઞાતિના સામાજિક રીત રિવાજોમાં એકરૂપતા જળવાય તેવા પ્રયત્નો કરવા અને સમયોચિત સુધારા વધારા કરી સમાજે પસાર કરેલ નિયમોનું પાલન કરાવવા પ્રયત્નો કરવા.

(૩) જ્ઞાતિનાં બાળકોને કેળવણી માટે સગવડતા અને પ્રોત્સાહન મળે તે માટે વિદ્યાર્થી છાત્રાલયો તેમજ કન્યા છાત્રાલયો, સ્કૂલો, કોલેજો સ્થાપવી તેમજ સંચાલન કરવું અને ચાલુ સંસ્થાઓનો યોગ્ય વહીવટ કરી વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ ને દરેક પ્રકારની સહાયતા કરવી.

(૪) જ્ઞાતિની અન્ય સંસ્થાઓ પાસેથી સહાય મેળવી શકશે, સંચાલન અંગે જરૂરી મદદ મેળવી શકશે અને સંજોગોવસાત જરૂર જણાશે તો સંસ્થાનો વહીવટ પણ જ્ઞાતિ સંસ્થાને સોંપી શકશે.

(૫) સમાજની આર્થિક તેમજ સામાજિક પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરવા અને આર્થિક દ્રષ્ટિએ નબળાં ભાઈબહેનોને યોગ્ય સહાયતા કરવી.

(૬) સમાજની કોઈપણ વ્યક્તિએ વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ હોય તેઓનાં સન્માન કરવાં તેમજ યોગ્ય પારિતોષિક આપવાં.

(૭) સમાજની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો વહીવટ કરવો અને સમાજની આવી મિલકતો વધે તેવા પ્રયત્નો કરવા આ માટે યોગ્ય દાન અને ભેટો સ્વીકારવાં.

(૮) સમાજના ઉદ્દેશો પાર પાડવા સમાજની અનુકૂળ શરતોએ કોઈપણ પ્રકારનાં દાનની રકમો, બક્ષીસો અને મિલકતો સ્વીકારવી.

(૯) સામાજિક ન્યાય અપાવવા ન્યાય સમિતિ જેવી સમિતિઓની સ્થાપના કરી ઝડપી ન્યાય મળે તેવા પ્રયત્નો કરવા.

(૧૦) જ્ઞાતિજનોને આરોગ્ય તેમજ તબીબી ક્ષેત્રે મદદરૂપ થવા જરૂરી પ્રયત્નો કરવા.

(૧૧) સમાજમાં નૈતિકતા ધાર્મિકતા અને રાષ્ટ્રીયતા વધે તે માટે સાંસ્કૃતિક ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન કરવું તેમજ વિદ્વાનો નાં પ્રવચનો અને ચર્ચા સભાઓનુ આયોજન કરવું

(૧૨) સમાજનાં ભાઈબહેનોમા સામાજિક આધ્યાત્મિક તેમજ રાષ્ટ્રીય ભાવના કેળવવા જરૂરી પ્રયત્નો કરવા.

(૧૩) સમાજના ભાઈબહેનોનો સર્વાંગી વિકાસ થાય તેવાં જ્ઞાતિ હિતનાં જરૂરી એવાં દરેક પ્રકારનાં કાર્યો કરવાં.

૬. વ્યાખ્યા :-

આ બધારણમાં વાપરવામાં આવેલ શબ્દ/શબ્દોનો અર્થ પૂર્વાપર સબંધની વિરૂદ્ધ ન હોય તો નીચે મુજબ રહેશે.

(૧) સમાજ :- સમાજ એટલે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.

(૨) જ્ઞાતિ :- જ્ઞાતિ એટલે કચ્છ કડવા પાટીદાર અને તેમનાં વંશજો.

(૩) સભ્ય :- સભ્ય એટલે કચ્છ કડવા પાટીદાર સમાજની પુખ્તવયની વ્યક્તિ.

(૪) એક વચનના શબ્દો વપરાયા હોય ત્યાં બહુવચનનો પણ વપરાશ થયેલો ગણાશે.

૭. સભ્યપદ મેળવવાની યોગ્યતાઓ અને શરતો :-

સમાજની ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની કોઈપણ વ્યક્તિ, ગમે ત્યાં રહેતી હોય તે આ સમાજની સભ્ય બની શકશે.

૮. સભ્યપદના પ્રકાર :-

સમાજનું સભ્યપદ નીચે મુજબનું રહેશે.

(૧) **સામાન્ય સભ્ય** :- વાર્ષિક રૂ. ૫૧ (એકાવન) આપી ૧૮ વર્ષથી ઉપરની ઉંમરની સમાજની કોઈપણ વ્યક્તિ સામાન્ય સભ્ય બની શકશે.

(૨) **આજીવનસભ્ય** :- એક સાથે અને એક સમયે રૂ. ૫૦૧ (પાંચસો એક) આપી સમાજના આજીવન સભ્ય બની શકશે.

(૩) પ્રતિનિધિ આજીવન સભ્ય :- કચ્છ તેમજ કચ્છ બહાર સ્થપાયેલ જ્ઞાતિના સમાજો રૂ. ૧,૧૧૧ (એક હજાર એકસો અગીયાર) આપી સમાજના પ્રતિનિધિ આજીવન સભ્ય બની શકશે. આવા સભ્ય બનેલ સમાજ ઠરાવેલ પ્રતિનિધિ મોકલાવી સમાજનું પ્રતિનિધિત્વ કરી શકશે.

(૪) **મુરબ્બી સભ્ય** :- એક સાથે અને એકી સમયે રૂ. ૫૧,૧૧૧ (એકાવન હજાર એક સો અગિયાર) કે તેથીવધુ રકમ આપનાર વ્યક્તિ આ

સમાજના [illegible] સભ્ય ગણાશે.

(૫) **માનનીય સભ્ય** :- એક સાથે અને એકી સમયે રૂ. ૨૫,૧૧૧ (પચીસ હજાર એકસો અગિયાર) કે તેથી વધુ રકમ આપનાર વ્યક્તિ આ સમાજનાં માનનીય સભ્ય ગણાશે.

(૬) **શુભેચ્છક સભ્ય** :- એક સાથે અને એકી સમયે રૂ. ૧૧,૧૧૧ (અગીયાર હજાર એકસો અગિયાર) કે તેથી વધુ રકમ આપનાર વ્યક્તિ આ સમાજનાં શુભેચ્છક સભ્ય ગણાશે.

૯. સભ્યપદની સમાપ્તિ :-

(૧) સભ્યના મૃત્યુથી તેમજ લેખિત રાજીનામું આપ્યાથી સભ્યપદ સમાપ્ત થયેલું ગણાશે.

(૨) સમાજની કારોબારી સમિતિને કોઈપણ પ્રકારના સભ્યનું વર્તન સમાજના ઉદ્દેશો વિરૂદ્ધનું લાગે તો કારોબારી સમિતિ તેવા સભ્યને તે વર્ષ કે વર્ષો પૂરતા સભ્યપદના હક્કોથી વંચિત રાખી શકશે. આવા અહિતકારી વર્તણૂંક માટે તેવા સભ્યને ખુલાસો આપવાની તક આપવામાં આવસે પરન્તુ કારોબારી સમિતિએ આ બાબતે લીધેલ નિર્ણય આખરી ગણાશે અને તેવી વ્યક્તિને તે બાબતે કોઈપણ જાતનો દાવો કરવાનો હક્ક રહેશે નહીં. કારોબારી સમિતિને આમ સભ્યપદેથી વંચિત થયેલ સભ્યનું વર્તન સુધર્યું જણાય તો તેની વ્યક્તિનું સભ્યપદ ચાલુ કરી સભ્યપદના હક્કો આપી શકશે.

નોંધ :- સભ્ય તરીકે બંધ થયેલ કોઈપણ પ્રકારના સભ્યને કોઈપણ રકમ કે લવાજમ પાછું આપવામાં આવશે નહીં.

૧૦. મતાધિકાર :-

(૧) સમાજના દરેક પ્રકારના સભ્યને મતાધિકારનો હક્ક સમાન રહેશે.

(૨) સભ્ય જાતે સભામાં હાજર રહી એક વખતે એક જ મત આપી શકશે.

(૩) જે સામાન્ય સભ્યનું વાર્ષિક લવાજમ ચાલુ સાલના પ્રથમ છ માસ સુધીમાં આવેલ નહીં હોય તેવા સભ્યને સભામાં મત આપવાનો અધિકાર રહેશે નહીં, પરન્તુ પ્રમુખશ્રીની પરવાનગીથી બાકી રહેલું લવાજમ તે સભામાં ભરી આપી પોતાનો મત આપી શકશે.

૧૧. સભાઓ :-

સમાજની નીચે મુજબની ત્રણ પ્રકારની સભાઓ બોલાવી શકાશે.

(૧) **સામાન્ય સભા** :- સમાજનું હિસાબી વર્ષ પૂરું થતાં પ્રથમ છ માસની અંદર એક સામાન્ય સભા બોલાવવામાં આવશે. પરન્તુ જરૂરત જણાય તો વર્ષ દરમિયાન પણ સામાન્ય સભા બોલાવી શકાશે.

(૨) **ખાસ સામાન્ય સભા** :- સમાજની કારોબારી સમિતિને ખાસ કારણસર જરૂર જણાય અથવા સમાજના ૧૦૦ (એકસો) સભ્યોની લેખિત માગણીથી સભા બોલાવવામાં આવે તેને સમાજની ખાસ સામાન્ય સભા કહેવામાં આવશે.

(૩) **અસાધારણ સામાન્ય સભા** :- સમાજના બંધારણ અને ધારાધોરણોમાં સુધારા વધારા કરવા માટે બોલાવવામાં આવેલ સભાને અસાધારણ સામાન્ય સભા કહેવામાં આવશે.

૧૨. સામાન્ય સભાની ફરજો અને અધિકારો :-

(૧) સામાન્ય સભા આ સમાજની સ્થાવર તેમજ જંગમ મિલકતોનો વહીવટ કરવા માટે ૧૧ (અગીયાર) ટ્રસ્ટીઓની ચૂંટણી કરશે. આમ ચૂંટાયેલ ટ્રસ્ટી મંડળનો કાર્યક્રમ છ વર્ષનો રહેશે. પરન્તુ છ વર્ષની મુદત પૂરી થવા છતાં જ્યાં સુધી નવા ટ્રસ્ટીમંડળની ચૂંટણી ન થાય ત્યાં સુધી અગાઉ ચૂંટાયેલા ટ્રસ્ટીઓ ટ્રસ્ટીપદે ચાલુ રહેશે.

(૨) સમાજનું રોજબરોજનું કાર્ય તેમજ વહીવટ ચલાવવા માટે સમાન્ય સભા સમાજના સભ્યોમાંથી એક પ્રમુખ અને કારોબારી સમિતિના ૪૦ (ચાલીશ) સભ્યો એમ કુલ ૪૧ સભ્યોની કારોબારી સભ્યોની ચૂંટણી કરશે. આમ ચૂંટાયેલ કારોબારી સમિતિનો કાર્યક્રમ ત્રણ વર્ષના રહેશે. જ્યાં સુધી નવી કારોબારીની ચૂંટણી ન થાય ત્યાં સુધી ચાલુ કારોબારી સમિતિ પોતાના હોદ્દા પર ચાલુ રહેશે.

(૩) કચ્છ તેમજ કચ્છ બહાર સ્થાપાયેલ સમાજો દ્વારા મોકલાયેલ પ્રતિનિધિને માન્યતા આપી એક ઉચ્ચ અધિકાર પ્રાપ્ત સમિતિની રચના કરશે જેને સમાજની રાષ્ટ્રીય મહાસમિતિ તરીકે ઓળખવામાં આવશે.

૧૩. સભાઓની કાર્યવાહી તેમજ કાર્યપદ્ધતિ :-

સમાજદ્વારા બોલાવવામાં આવેલ સભાઓમાં નીચે મુજબનાં કાર્યો કરવામાં આવશે.

(૧) **સામાન્ય સભા** :- સમાજની સામાન્ય સભામાં નીચે મુજબનાં કાર્યો કરવામાં આવશે.

(ક) ગત સામાન્ય સભાની મિનિટસનું વાંચન અને બહાલી.

(ખ) સમાજનો વાર્ષિક અહેવાલ તથા આવકજાવકનો ઓડીટ થયેલ હિસાબની રજૂઆત તેમજ બહાલી.

(ગ) નવા સત્ર માટે પ્રમુખ અને કારોબારી સમિતિના સભ્યોની ચૂંટણી કરવી.

(ઘ) જુદા જુદા સમાજો દ્વારા મોકલાવેલા પ્રતિનિધિઓને માન્યતા આપવી.

(ચ) સમાજનો આવકજાવકનો હિસાબ ઓડિટ કરવા માટે ત્રણ ઓડીટર્સની નિમણૂંક કરવી.

(છ) આગામી વર્ષ માટે સમાજનું આવક જાવકનું અંદાજપત્ર (બજેટ) મંજૂર કરવું.

(૨) **ખાસ સામાન્ય સભા** :- અનિવાર્ય સંજોગોમાં ખાસ કારણસર સમાજની ખાસ સામાન્ય સભા બોલાવવાનો અધિકાર સમાજના પ્રમુખ અને મહામંત્રીને રહેશે. સમાજના ૧૦૦ (એક સો) સભ્યોની કારણ દર્શાવતી લેખિત માગણી આવવાથી મહામંત્રી સમાજની ખાસ સામાન્ય સભા આવી અરજી મળવાથી એક માસની અંદર બોલાવશે અને અરજી બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવસે. મહામંત્રી આવી લેખિત અરજી આવ્યા પછી એક માસની અંદર સમાજની ખાસ સામાન્ય સભા ન બોલાવે તો આવી અરજી કરનાર સભ્યો પોતાની સહીઓથી બંધારણને આધીન રહીને આવી સભા બોલાવી શકશે. પરન્તુ આવી રીતે બોલાવેલ સભામાં સભા બોલાવનાર સભ્યો પૈકીના ૯૦% સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

(૩) **અસાધારણ સામાન્ય સભા** :- સમાજના બંધારણ અને ધારાધોરણોમાં ફેરફાર કરવા માટે બોલાવવામાં આવેલ સભામાં બંધારણને આધીન રહીને ફેરફાર કરી શકાશે.

નોંધ :- સામાન્ય સભા, ખાસ સામાન્ય સભા તેમજ અસાધારણ સામાન્ય સભા બોલાવવા માટે ૩૦ દિવસની નોટિસની જરૂરત રહેશે.

૧૪. આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) :-

સમાજની સભાઓનું કાર્ય પ્રારંભ કરવા માટે નીચે મુજબ આવશ્યક ઉપસ્થિતિ (કોરમ)ની જરૂરત રહેશે.

(૧) **સામાન્ય સભા** :- સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) સમાજના નોંધાયેલ ૨૦૦ (બે સો) સભ્યો અથવા નોંધાયેલ સભ્ય સંખ્યાનો ૧/૧૦ (એક દશાંશ) ભાગ આ બન્નેમાંથી જે ઓછી સંખ્યા હોય તે રહેશે. સભાના ઠરાવાયેલ સમયથી અડધા કલાક બાદમાં પણ જરૂરી આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) ન થાય તો સભા મુલત્વી રહેશે. આવી મુલત્વી રહેલ સભા સભાના ઠરાવેલ સમયથી અડધા કલાક બાદ ફરીથી મળી શકશે અને તેમાં આવશ્યક ઉપસ્થિતિની જરૂરત રહેશે નહીં. આવી સભામાં મૂળ સભા બોલાવવાના કાર્યક્રમ (એજન્ડા) શિવાય બીજા કોઈ પણ કાર્યક્રમની ચર્ચાવિચારણા થઈ શકશે નહીં

(૨) **ખાસ સામાન્ય સભા** :- આવી સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) સામાન્ય સભા મુજબની જ રહે

(૩) [illegible] સામાન્ય સભા :- આવી સભાનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) સામાન્ય સભા મુજબની જ રહેશે. પરન્તુ બંધારણમાં સુધારો સૂચવતો ઠરાવ પસાર કરવા માટે સભામાં ઉપસ્થિત ૨/૩ (બે તૃતિયાંશ) સભ્યોની સહમતી જરૂરી રહેશે.

નોંધ :- આવશ્યક ઉપસ્થિતિ (કોરમ)ના અભાવે મુલત્વી રહેલ સભા અસલ સભાના ઠરાવેલ સમયથી અડધા કલાક પછી ફરીથી બોલાવવાની હોય તો તેની જાણ અસલ સભા બોલાવવાના પરિપત્રમાં હોવી જરૂરી રહેશે.

૧૫. સભ્યોના હક્કો તેમજ ફરજો :-

સમાજના દરેક પ્રકારના સભ્યો નીચે જણાવ્યા મુજબના હક્કો ભોગવી શકશે તેમજ ફરજોનું પાલન કરશે.

(૧) સમાજના દરેક દરેક પ્રકારના સભ્યોને સમાન હક્ક રહેશે.

(૨) સમાજની દરેક પ્રકારની સભાઓમાં મત આપવાનો અધિકાર રહેશે પરન્તુ સભ્યો જાતે સભામાં હાજર રહી પોતાનો મત આપી શકશે.

(૩) પ્રમુખ, કારોબારી સમિતિ તેમજ ટ્રસ્ટીમંડળના સભ્ય માટે ઉમેદવારી નોંધાવી શકશે.

(૪) સમાજના બંધારણને આધિન રહીને સમાજની મિલકતો તેમજ અન્ય સગવડોનો વપરાશ કરવાનો તેમજ સમાજના દરેક સમારંભમાં ભાગ લેવાનો અધિકાર રહેશે.

(૫) સમાજનો આવક જાવક નો હિસાબ તપાસવાનો અધિકાર રહેશે પરન્તુ હિસાબ જોવા માગતા સભ્યે તે બાબતની લેખિત અરજી સમાજના મહામંત્રીને ૨૧ દિવસ અગાઉ આપવાની રહેશે.

(૬) સમાજની સભાઓમાં બંધારણને આધિન રહીને સમાજથી સંબંધિત કોઈપણ વિષય બાબત પોતાનો ઠરાવ રજૂ કરી શકશે. આવા ઠરાવની લેખિત પૂર્વ સૂચના સમાજના મહામંત્રીને સભાના ઠરાવેલ દિવસથી એક દિવસ આગળ આપવાની રહેશે. પરન્તુ પ્રમુખશ્રીની મંજુરીથી તેવો ઠરાવ ચાલુ સભામાં પણ રજૂ કરી શકશે.

(૭) સમાજના કોઈપણ ઓછામાં ઓછા ૧૦૦ (એકસો) સભ્યો સમાજની સભા બોલાવવા માટે લેખિત કારણો જણાવી સમાજના મહામંત્રી મારફતે પ્રમુખશ્રીને અરજી કરી શકશે. આવી લેખિત અરજી મળ્યા બાદ એક માસની અંદર મહામંત્રી સમાજની સભા ન બોલાવે તો ત્યારબાદ અરજદારોને પોતાની સહીઓથી સમાજની સભા બોલાવવાનો અધિકાર રહેશે. પરન્તુ આવી રીતે બોલાવાયેલ સભામાં સભા બોલાવનાર સભ્યો પૈકીના ૯૦% ટકા સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

(૮) સમાજે વખતોવખત પસાર કરેલ બધા નિયમો તેમજ ઠરાવોનું પાલન કરશે તેમજ સમાજના ઉદ્દેશો પાર પાડવા જરૂરી સહાયતા કરવાની પોતાની ફરજ સમજશે.

૧૬. કારોબારી સમિતિ :-

સમાજનું રોજબરોજનું કાર્ય ચલાવવા માટે પ્રત્યેક ત્રીજા વર્ષે મળનાર સમાજની સામાન્ય સભા એક પ્રમુખ અને ૪૦ (ચાલીશ) સભ્યો, એમ કુલ ૪૧ (એકતાલીશ) સભ્યોની એક કારોબારી સમિતિની ચૂંટણી કરશે. સામાન્ય સભામાં ચૂંટાયેલા પ્રમુખ તેમજ કારોબારી સમિતિના સભ્યો પોતાની પ્રથમ સભામાં કારોબારી સભ્યોમાંથી ત્રણ ઉપપ્રમુખો, એક મહામંત્રી, ત્રણ મંત્રીઓ, એક ખજાનચી તેમજ એક સહ ખજાનચીની ચૂંટણી કરશે. આમ ચૂંટાયેલા સમાજના હોદ્દેદારો નવા હોદ્દેદારો ન ચૂંટાય ત્યાં સુધી સમાજનું કાર્ય સંભાળશે.

આવી ચૂંટાયેલ કારોબારી સમિતિ જરૂરી જણાતાં વધુમાં વધુ ૧૦ (દસ) સભ્યોને કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે લઈ શકશે અને જરૂર જણાયતો આમંત્રિત સભ્યો, તેમજ પેટ-સમિતિઓના કન્વીનર્સ અને સહકન્વીનર્સને પણ બોલાવી શકશે. આમ કો-ઓપ્ટ લેવાયેલ સભ્યો, પેટા સમિતિઓના કન્વીનર્સ અને સહકન્વીનર્સ તેમજ આમંત્રિત સભ્યો પણ કારોબારી સમિતિના સભ્યો ગણાશે.

૧૭. કારોબારી સમિતિની ફરજો અને અધિકારો :-

(૧) સામાન્ય સભામાં ચૂંટાયેલ કારોબારી સમિતિનાં સભ્યો પોતાની પ્રથમ સભામાં પોતાનામાંથી કોલમ ૧૬ અનુસાર સમાજના પદાધિકારીઓની ચૂંટણી કરશે.

(૨) પ્રમુખ સિવાય કોઈપણ કારોબારીના સભ્યની અથવા હોદ્દેદારની જગ્યા મરણથી, રાજીનામાથી અથવા અન્ય કોઈ કારણસર ખાલી પડે તો તે જગ્યા પૂરવાનો કારોબારી સમિતિને અધિકાર રહેશે.

(૩) વર્ષમાં કારોબારી સમિતિની ઓછામાં ઓછી ત્રણ સભા મહામંત્રી બોલાવશે અને આવી સભાની જાણ કરતા પરિપત્રો સમિતિના સભ્યોને નિર્ધારિત સભાના દિવસથી ૩૦ દિવસ અગાઉ આપવાના રહેશે. પરન્તુ કોઈ અગત્યના કારણસર તાકીદની સભા મહામંત્રી ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉ ખબર આપી બોલાવી શકશે.

(૪) કારોબારી સમિતિની એક સભા મળી ગયા પછી જો છ મહિના સુદીમાં બીજી સભા મહામંત્રી તરફથી બોલાવવામાં ન આવે તો કારોબારી સમિતિના કોઈપણ આઠ સભ્યો મહામંત્રી અથવા પ્રમુખશ્રીને કારોબારી સમિતિની સભા બોલાવવાની વિનંતિ કરી શકશે. આવી વિનંતિ કર્યા છતાં પણ જો. તેવી સભા બોલાવતી નોટિસ એક અઠવાડિયામાં ન મોકલાય તો કારોબારી સમિતિના કોઈ પણ આઠ સભ્યો બંધારણને આધીન રહીને કારોબારી સમિતિની સભા બોલાવી શકશે. પરન્તુ આવી રીતે બોલાવાયેલ સભામાં સભા બોલાવનાર સભ્યો પૈકીના ૯૦% ટકા સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.

(૫) કારોબારી સમિતિની સભાઓનું કાર્ય પ્રારંભ કરવા માટે આવશ્યક ઉપસ્થિતિ (કોરમ) સમિતિના કુલ સભ્યોના ૧/૩ (એક તૃતીયાંશ) સભ્યોની રહેશે. આવશ્યક ઉપસ્થિતિના અભાવે મુલત્વી રહેલ સભા અસલ સભાના ઠરાવાયેલ સમયબાદ અડધા કલાક પછી મળી શકશે, જેમાં આવશ્યક ઉપસ્થિતિ જરૂરી રહેશે નહીં. અને આવી સભામાં અસલ સભાના પરિપત્રમાં જણાવાયેલ કાર્યક્રમ સિવાય અન્ય કાર્યક્રમની ચર્ચા વિચારણા થઈ શકશે નહીં.

